વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-
વર્ષ : ૪૮મું
ઓક્ટોબર- ૨૦૨૩
અંક : ૫૪૫
મંગલ મંદિર ● ઓક્ટોબર-૨૦૨૩ ● ૧
(કુલ પાના : ૯૨)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર




: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005
Email : kjssmangalmandir@gmail.com • website : www.kutchijainahd.org

● શુભેચ્છા સહ ●



**પ્રભુલાલ એમ. સંઘવી**

ઘાટકોપર, મુંબઈ.
મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬

**Chandrakant K. Gada**
+91-9825069290

BLUE STAR INDUSTRIES

**Stainless Steel Re-Rollers**

Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com

***Bharat B. Gala***
**M. : 93270 05460**

SHREE
**Raju** ENTERPRISE

RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI

323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in



**SKYBLUE**
**STATIONERY MART**
EVERY THING THAT YOU THINK

**South Bopal :** 35, Gala Magnus,
Opp. Safal Parisar-1, Ahmedabad
**Krutika Haria : 9099047163**

**Surdhara :** GF Shop No. 26,
Maple Trade Centre, SAL Hospital
Road, Thaltej, Ahmedabad.
**Piyush Salva : 9879568027**



**ફ્યુઝન કિડની કેર પ્રા. લી.**
FUSION KIDNEY INSTITUTE
*Full UroNephro Solutions*



**ડો.હિમાંશુ શાહ** [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦ ,
સોમવાર થી શુક્વાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦

Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

● શુભેચ્છા સહ ●



**અનિલ પાસુભાઈ શાહનંદ**

૮૯, યોગેશ્વરનગર સોસાયટી,
અંજલી ચાર રસ્તા, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મો. ૯૪૨૬૦ ૫૫૪૪૮, ૯૩૨૭૦ ૬૩૩૫૫

સાચા સંબંધને તોડવાની ભૂલ ના કરતા,
ઝાડ પરથી તૂટેલા પાંદડા ફરીથી
લીલા નહીં થાય.



સૌંદર્યનું આયુષ્ય માત્ર જુવાની સુધી
અને ગુણોનું આયુષ્ય આજીવન
સુધી સાથે રહે છે.



# સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

## હાર્દિક શુભેચ્છાઓ


એવો વિચાર ના કરો કે,
મોટા માણસ, મારા મિત્ર થાય,
એવો વિચાર કરો કે ...,
મારા મિત્રો મોટા માણસ થાય..!!!

કુંડળી મળતી ન હોય છતાં
આજીવન ચાલવાવાળો સંબંધ
એટલે ભાઈબંધી

## સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

# આ પુસ્તક વિશે




ખોરાકનો દરેક કોળિયો મહત્ત્વ ધરાવે છે અને આપણું શરીર આપણે લીધેલા ખોરાકના પ્રત્યેક સૂક્ષ્મ ઘટકનું પાચન કરે છે. બધાં પોષક તત્ત્વો રાસાયણિક ઘટકદ્રવ્યો છે તેમને યોગ્ય પ્રમાણમાં લેવામાં આવે તો અદ્ભુત પરિણામ લાવી શકે છે.

યોગ્ય પ્રમાણમાં સૂર્યપ્રકાશ, પાણી અને જમીન બીજને જીવન આપી શકે છે અને સતત રીતે સૂર્યપ્રકાશ, ભેજ અને સારી જમીનનું યોગ્ય સંયોજન નાના અંકુરને પૂર્ણ વિકસિત કરી મોટું દળદાર વૃક્ષ બનાવી શકે છે. તે એટલું મજબૂત હોય છે કે વિપરીત પરિબળો સામે ટકી રહે છે તેમજ સૌને ફૂલ, ફળ અને છાયાના રૂપે પોતાનું સર્વસ્વ પૂરું પાડે છે.

પ્રકૃતિએ આપણને વિકસવા અને સશક્ત બનવા ઘણી તક આપી છે. આપણે એટલા સશક્ત બનીએ કે પોતાની રીતે રોગપ્રતિકારક શક્તિ કેળવીને સ્વસ્થ જીવન જીવીએ અને વિવિધ કાર્યો કરીએ, જેથી આપણે આપણાં બાળકો અને સમાજના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણમાં ભાગીદાર બનીએ. પરંતુ આપણે જીવનની યાત્રા દરમિયાન કેટલીક અયોગ્ય પસંદગી કરીએ છીએ, જે આપણને અસ્વસ્થ શરીર અને રોગયુક્ત સ્થિતિ તરફ દોરી જાય છે.

વૃક્ષથી ભિન્ન આપણી પાસે ખોરાકની ઘણીબધી પસંદગીઓ છે. આપણે રેસ્ટોરન્ટમાં આપણા ભોજન માટેની 3 કે 4 ડિશો પસંદ કરવા માટે લગભગ 20 જેટલી ડિશો તપાસીએ છીએ. એ જ રીતે આપણે કાચા કે અંશતઃ બનાવેલા ખાદ્યપદાર્થો ખરીદતી વખતે પણ પસંદગી કરીએ છીએ. યોગ્ય પ્રમાણની અને પોષક તત્ત્વોની ગુણવત્તા ધરાવતા યોગ્ય આહારની પસંદગી આપણું સ્વાસ્થ્ય નિર્ધારિત કરે છે. આપણામાંથી મોટા ભાગના લોકો યોગ્ય પસંદગી કરવા સમર્થ હોતા નથી, કારણ કે આપણે નાની અને સરળ હકીકતોથી માહિતગાર હોતા નથી. જેઓ ક્યારે, કેવી રીતે, શું ખાવું એ માટેની યોગ્ય પસંદગી કરવા ઇચ્છતા હોય તે સહુ માટે આ પુસ્તક ઉપયોગી નીવડશે તેવી શ્રદ્ધા છે.

NAVNEET®

નવનીત એજ્યુકેશન લિમિટેડ

Like us on /navneet.india | www.navneet.com

દરેક બુકસેલરને ત્યાં મળે છે.

છેલ્લા ૪૭ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું

મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫

ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com

વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી**
  **મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦**
- **ફાલ્ગુની હિરેન – સભ્ય**
  **મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭**
- **ચૌલા કુરૂવા – સભ્ય**
  **મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮**
- **રસિક ખીમજી મહેતા – સભ્ય**
  **મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯**

**કવર પેઇજ ડિઝાઈન**

**પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

**– *મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- પ્રગતિની મશાલ ........ **અશોક મહેતા**....... ૭
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રગતિનો ગ્રાફ ........ **અશોક મહેતા**....... ૯

**નવરાત્રી**

- 'ગરબો' કે 'ગરબા' એ સંસ્કૃત શબ્દ 'ગરબદીપ' પરથી આવ્યો છે ...... **ડૉ. મિહિર એમ. વોરા**..... ૧૦

**રક્ષાબંધન**

- બહાદુર કચ્છી બહેનોનું પરાક્રમ ........ **વસંત મારૂ**..... ૧૨

**મુંબઇના વિકાસમાં યોગદાન**

- મુંબઈના વિકાસમાં કચ્છી-ગુજરાતી-પારસીઓનું યોગદાન ............ **હીરાલાલ વી. ઉનડોઠવાલા**..... ૧૩

**અહિંસા દિવસ**

- મહાત્મા ગાંધીજી અને અહિંસા દિવસ ........ **ડૉ. મિહિર એમ. વોરા**..... ૧૪

**પૂર્વોત્તર રાજ્યોમાં અશાંતિ**

- મણિપુરમાં જાતીય હિંસા ........ **પ્રવીણ ક. લહેરી**..... ૧૫

**વિકાસ**

- પ્રગતિ અને દુર્ગતિ સાથે સાથે ચાલે છે ........ **ડૉ. કાંતિ ગોર 'કારણ'**..... ૧૭

**કલા સંસ્કૃતિ**

- કલા સાંસ્કૃતિક વારસાના એક અંગનું મહત્ત્વનું દસ્તાવેજીકરણ ........ **સંજય પી. ઠાકર**..... ૧૮

**ગામ ગાથા**

- 'હું દયાપર છું' ........ **જગદીશચંદ્ર છાયા**..... ૨૦

**યોગદર્શન**

- જૈન દર્શન શાસ્ત્રમાં યોગ ........ **યોગસાધક કિરણ ચાંપાનેરી**..... ૨૧

**વિશિષ્ટ વ્યક્તિ**

- દુલેરાય કારાણી ........ **નરેશ અંતાણી**..... ૨૨
- ગૌરક્ષક સ્વ. ગીતાબેન રાંભિયા ........ **શ્રીમતી ફાલ્ગુની હિરેન**..... ૨૬
- પૂજ્ય મોટા : સાચા સંસારી સાધુ ........ **ભરત'કુમાર' પ્રા. ઠાકર**..... ૩૦
- વિચારો દ્વારા સમાજને ઢંઢોળનાર : યોગેશ ભટ્ટ ........ **ચંદ્રકાંત પટેલ 'સરલ'**..... ૩૩

**વિવિધા**

- સકારાત્મક વિચારસરણી ........ ૩૫
- સામાજિક સમસ્યાઓ ........ **વસંત 'કચ્છ કેસરી'**..... ૩૬
- શ્રદ્ધાથી કરેલું સ્મરણ – શ્રાદ્ધ ........ **જાગૃતિ આર. વકીલ**..... ૩૭

**તંદુરસ્તી**

- ઓબ્સેસીવ કમ્પલસીવ ડીસઓર્ડર (ઓ.સી.ડી.) ..... **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક**..... ૩૮
  ભાગ-૭ ........ **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**
- પિત્તાશય પણ બોલે છે... તેને સમજો તો...! ........ **ડૉ. તપન શાહ**..... ૪૦
- પપૈયાના પાંદડા ........ **ડૉ. ધનેશ**..... ૪૧

**તીર્થ દર્શન**

- દર્શન-૩૮ : શ્રી ભોયણી તીર્થ
- દર્શન-૩૯ : શ્રી સેરીસા તીર્થ ........ **પ્રેષક : કે.ડી. શાહ**..... ૪૩

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**સહ ખજાનચી**
શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી
મો. ૯૯૨૪૬ ૩૩૯૪૫

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## હાસ્ય


● પત્ની ચાલી પિયર! ..... **ચિત્રસેન શાહ** ..... ૪૪


## અન્ય સંસ્થાઓના સમાચાર


● અન્ય સંસ્થાઓના સમાચાર ..... ૪૫


## નિયમિત વિભાગો


● સવાલ અમારો... જવાબ તમારો.. : મણકો-૬ ..... **સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી** ..... ૪૭
● *Nano Nine* શબ્દ રમત-૧૯૯ ..... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૪૯
● આંજો કાગર ..... ૫૦
● *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૫૭) ..... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૫૧
● દેશ - વિદેશ ..... **ચૌલા કુરૂવા** ..... ૫૩
● જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી ..... **સંકલન : રસીક ખીમજી મહેતા** ..... ૫૮
● ઉડતી નજરે ..... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૬૦
● અતીતના ઓવારેથી... : મણકો-૬. ..... **અશોક મહેતા** ..... ૬૧
● આપણા ડૉક્ટર્સને પહેચાનો : મણકો-૫ : ડૉ. કૌશલ શાહ ..... **અશોક મહેતા** ..... ૬૨


## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સંસ્થા સમાચાર


● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ..... **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૬૪
● ટ્રસ્ટ મંડળની મીટિંગનો અહેવાલ ..... ૬૬
● કારોબારી સમિતિની મીટિંગનો અહેવાલ ..... ૬૬
● શ્રીમતી પુષ્પાબેન કે. આર. શાહને બેસ્ટ આર્ટીસ્ટનો ઍવોર્ડ ..... ૬૭
● દવા વિતરણ સમિતિ ● ગૃહ ઉદ્યોગ સમિતિ ..... ૬૮
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ : જાહેર આમંત્રણ – નૂતન વર્ષ મિલન સમારંભ ..... ૬૯
● વયસ્ક સમિતિના યોજાયેલ કાર્યક્રમની તસવીરી ઝલક ..... ૬૯
● શ્રી બિપીનચંદ્ર કાનજી જૈન કૌશલ્ય વિકાસ કેન્દ્ર - ગીતા મંદિર ..... ૭૧
● પુરસ્કાર સમિતિ : વર્ષ ૨૦૨૨-૨૩માં ઉત્તીર્ણ થયેલ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ ..... ૭૩
● વયસ્ક સમિતિ ● શ્રી કે.ડી. શાહની સેવાઓ રાબેતા મુજબ ચાલુ રહે છે ..... ૭૫
● અંગદાન સમિતિ ● યુવા વિકાસ સમિતિ ..... ૭૬
● સમાજ દર્પણ : સરનામા ફેરફાર ★ અવસાન નોંધ ● સાભાર સ્વીકાર ..... ૭૭
● ટ્રસ્ટ મંડળ હેઠળની સમિતિઓ : વર્ષ ૨૦૨૩-૨૪ ..... ૭૮
● કારોબારી હેઠળની સમિતિઓ : વર્ષ ૨૦૨૩-૨૪ ..... ૮૦
● 'મંગલ મંદિર'ના પ્રાપ્ત થયેલ લવાજમો (તા. ૧૮-૮-૨૦૨૩થી તા. ૧૮-૯-૨૦૨૩ સુધી) ..... ૮૭
● 'મંગલ મંદિર'ના લવાજમ પૂરા થતા હોય તેવા સભ્યોની નામાવલી ..... ૮૮


## આ અંકમાં સમાવિષ્ટ કરેલ કાવ્યો


● સૂનકાર છે ..... **ઉમેશ જોશી** ..... ૩૭
● ગઝલ : ભૂલી ગયા ..... **અંકિતા મારૂ 'જીનલ'** ..... ૪૨
● મહેફિલ ..... **મણિલાલ ડી. રૂઘાણી** ..... ૫૦
● કૃષ્ણએ મને પૂછ્યું ..... **કમલેશ મનુભાઈ શાહ** ..... ૫૨
● ડેવતા ..... **અરવિંદ સોમૈયા** ..... ૫૬
● ફળી જાય ..... **નેહા શાહ 'નેહ'** ..... ૫૯
● લઘુ કાવ્યો ..... **કિશોર આર. ટંડેલ** ..... ૬૩


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

# પ્રગતિની મશાલ



અશોક મહેતા

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેના ઉદ્ગમ કાળથી જ પ્રગતિ તરફ નજર રાખીને આગળ વધતું રહેલ છે. જે-તે સમયના કાર્યકરોએ પણ તેની પ્રગતિ તરફની દિશા અચૂકપણે જાળવી રાખેલ છે.*

*વર્ષ ૧૯૬૩થી વર્ષ ૧૯૮૬ સુધી તેનો સમય સ્થિર થવામાં ગયો. દ્વિભાષી રાજ્યની ૧૯૬૦ની રચના થયા બાદ જ મોટાભાગના કચ્છી પરિવારોએ અમદાવાદમાં આવીને સ્થિર થવાની શરૂઆત કરેલ. એક તરફ દરેક પરિવાર પોતાના પરિવારને અમદાવાદમાં સ્થિર થવા પ્રયાસ કરવા લાગ્યું. બીજી તરફ કચ્છી જૈનોની સંસ્થાની રચના કરી, બધાએ હળીમળીને સાથે રહી પ્રગતિ કરવી એવું નક્કી કરેલ હોવા છતાં એ સમયે એ અતિ દુષ્કર હતું અને તેથી કચ્છી જૈનોની સંસ્થા પણ આર્થિક રીતે તકલીફમાં રહેતી હતી. વર્ષ ૧૯૮૬થી વર્ષ ૧૯૯૭ સુધી જેની નોંધ લઈ શકાય એ રીતે આ સંસ્થા સ્થિર થઈ શકી અને વર્ષ ૧૯૯૭ બાદ તેણે પ્રગતિની હરણફાળ ભરવાની શરૂઆત કરી.*

*આજે આ સંસ્થા સંપૂર્ણપણે કાર્યરત રહેવા પામેલ છે. તેના વિવિધ વિભાગના સંચાલન માટે લગભગ ૪૦ જેટલી સમિતિઓ બનાવવામાં આવેલ છે અને આ સમિતિઓ થકી ૧૨૫થી પણ વધુ કાર્યકરો આ સંસ્થાને પોતાના ક્ષેત્રમાં આગળ ધપાવવા સારી એવી મહેનત કરી રહ્યા છે. નોંધવાલાયક હકીકત તો એ છે કે આ ૧૨૫ કાર્યકરોનું જુથ આ સંસ્થાને પોતાના ઘરની સંસ્થા સમજી તેની પ્રગતિમાં પોતાનો સારો એવો સૂર પુરાવી રહ્યા છે. આ કાર્યકરોના સહિયારા પ્રયાસ સ્વરૂપે આ સંસ્થા આજે અમદાવાદમાં ૩ મેડિકલ સેન્ટર, ૩ ડાયાલિસીસ સેન્ટર, ૩ અતિથિ ભવન, ૨ કૌશલ્યવર્ધક કેન્દ્ર, ૧ સાંસ્કૃતિક કેન્દ્ર, ૧ કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ અને ૩૮ પરિવારો રહી શકે તેવું ૧ ભવન કાર્યરત રાખી શકેલ છે. તદુપરાંત તે જલારામ અન્નક્ષેત્ર, પુસ્તકાલય અને માસિક મુખપત્ર ચલાવી રહેલ છે. આ લેખ પછીના પાના પર આપવામાં આવેલ તેની પ્રગતિના ગ્રાફનો અભ્યાસ કરશો તો આપ સારી રીતે આ સંસ્થાની અત્યાર સુધીની આગેકૂચના દર્શન કરી શકશો.*

*હાલે આ સંસ્થાના અગ્રેસરો મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ, વધુ સંખ્યામાં અને અન્ય દિશામાં નવા મેડિકલ સેન્ટરો, વધુ કૌશલ્યવર્ધક કેન્દ્રો વગેરેની સ્થાપના અંગે ચર્ચા વિચારણા કરી રહેલ છે. આ સંસ્થાનું એ સદ્ભાગ્ય રહેવા પામેલ છે કે સેવાકીય કાર્યક્ષેત્રે તેનું પ્રદાન જોઈ અનેક દાનવીરો અને તેમાં પણ ખાસ કરીને નવનીત ફાઉન્ડેશન્સ – આ સંસ્થાના કાર્યોમાં સહભાગી થવા આનંદથી જોડાઈ રહેલ છે. આ તબક્કે નવનીત ફાઉન્ડેશન્સનો ખાસ ઉલ્લેખ કરવો એટલા માટે જરૂરી છે કે તેના થકી આ સંસ્થા પોતાની પ્રગતિની મિશાલ સારી એવી પ્રજ્વલિત રાખી શકેલ છે.*

*હાલે આ સંસ્થાનું વાર્ષિક ટર્નઓવર રૂા. ૧૦થી ૧૨ કરોડ રહેવા પામેલ છે અને દર મહિને ૩૦,૦૦૦થી પણ વધુ સંખ્યાના લોકો તેની સેવાનો લાભ લે છે. અગર આ સંસ્થાના કાર્યકરો ભાતૃભાવનાનો માહોલ જાળવી રાખી એક જ દિશાના પોતાના સહિયારા પ્રયાસોને વેગ આપી શકશે તો તે પ્રગતિ તરફ હજુ વધુ હરણફાળ ભરી શકશે અને આવતા દસકામાં તેનું ટર્નઓવર રૂપિયા ૫૦ કરોડને આંબી શકશે કે જેની સાથે સાથે દર મહિને એક લાખથી પણ વધુ લોકો આ સંસ્થાની સેવાનો લાભ લઈ શકશે.*

*આપણે ઈચ્છીએ કે આ સંસ્થા જનસામાન્ય માટે પોતાની સેવાનું કાર્યક્ષેત્ર નિરંતર વિસ્તૃત બનાવતી રહે અને પોતાની પ્રગતિની મશાલ પ્રજ્વલિત રાખતી રહે.*

***૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,***
***બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રગતિનો ગ્રાફ

- તા. ૧૪-૪-૧૯૬૩ના રોજ **શ્રી ક.વી.ઓ. જૈન મિત્ર મંડળ**ની સ્થાપના કરવામાં આવી.
- તા. ૧૧-૧૦-૧૯૭૦ના રોજ આ સંસ્થાનું નામ **શ્રી કચ્છી જૈન સમાજ - અમદાવાદ** રાખવામાં આવ્યું.
- ઓગસ્ટ-૧૯૭૫થી **"પ્રેરણા"** નામનું માસિક મુખપત્ર શરૂ કરવામાં આવ્યું કે જેનું નામ પોસ્ટલ ડિપાર્ટમેન્ટે મંજૂર ન રાખતાં, જાન્યુઆરી-૧૯૭૭થી તેનું નામ બદલીને **"મંગલ મંદિર"** રાખવામાં આવ્યું.
- તા. ૧૪-૯-૧૯૮૬ના રોજ ગીતામંદિર ખાતે **'માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન'**નો શુભારંભ કરવામાં આવ્યો.
- તા. ૮-૩-૧૯૮૭ના રોજથી સેવા ભવન - ગીતા મંદિર ખાતે પુસ્તકાલય શરૂ કરવામાં આવ્યું કે જે હાલે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી કાર્યરત રહેવા પામેલ છે.
- **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**ની રચના કરાયા બાદ ઓક્ટોબર-૧૯૮૭માં સરકારી નિયમો અનુસાર આ સંસ્થાને રજિસ્ટર્ડ કરાવવામાં આવી.
- તા. ૨૬-૧-૧૯૯૭ના રોજ પાલડી ખાતે શ્રી માવજી ધારશી ફુરિયા (મેરાઉવાલા) પ્રેરીત **'માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન'** કાર્યરત કરવામાં આવ્યું.
- તેની સાથે સાથે પાલડી ખાતે **'નવનીત મેડિકલ સેન્ટર'** તથા **'શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર'** શરૂ કરવામાં આવ્યા.
- તદુપરાંત આ જ ભવનમાં **'શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાલા) સાંસ્કૃતિક કેન્દ્ર'** અને **'માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન'** પણ શરૂ કરવામાં આવ્યા.
- તા. ૨૬-૧-૨૦૦૨ના રોજ શાહીબાગ - અમદાવાદ ખાતે જી.એમ.ડી.સી. પ્રાયોજિત **'શ્રી કચ્છી વિશ્રામ ગૃહ'** નું લોકાર્પણ કરવામાં આવ્યું.
- તા. ૫-૯-૨૦૦૪ના રોજ મુંબઈ ખાતે એક સેમિનારમાં **'કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ'** ની રચના કરવામાં આવી.
- તા. ૨૬-૧-૨૦૧૦ના રોજ બહેરામપુરા - અમદાવાદ ખાતે **'નવનીત આવાસ યોજના'** નું લોકાર્પણ કરવામાં આવ્યું.
- તા. ૧-૧૨-૨૦૧૦ના રોજથી શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ ખાતે **'જલારામ અન્નક્ષેત્ર'** ની શરૂઆત કરવામાં આવી.
- સમાજની સ્થાપનાના ૫૦ વર્ષ નિમિત્તે તા. ૧૪-૪-૨૦૧૨થી તા. ૧૩-૪-૨૦૧૩ દરમિયાન **'સુવર્ણ જયંતી વર્ષ'** ની ઉજવણી કરવામાં આવી કે જેમાં વર્ષભર ૭૦થી પણ વધુ કાર્યક્રમોનું આયોજન ગોઠવવામાં આવ્યું.
- તા. ૧૪-૪-૨૦૧૨ના રોજ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે **'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ'** ખૂલ્લું મૂકવામાં આવ્યું.
- તા. ૪-૧-૨૦૧૩ના રોજ ભુજ ખાતેના એક સેમિનારમાં કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ દ્વારા **'કચ્છનો સર્વાંગી ઇતિહાસ'** નામના દળદાર ગ્રંથના ભાગ-૧ અને ભાગ-૨ નું વિમોચન કરવામાં આવ્યું.
- તા. ૧૩-૪-૨૦૧૩ના રોજ **'શ્રી કચ્છી જૈન સેવા સમાજ ક્રેડિટ સોસાયટી'** ની રચના કરી તેને કાર્યરત કરવામાં આવી.
- તા. ૨૦-૪-૨૦૧૪ના રોજ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે **'શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસીસ સેન્ટર'** શરૂ કરવામાં આવ્યું.

- તા. ૨૨-૪-૨૦૧૪ના રોજ અમદાવાદ સ્થિત કચ્છી પરિવારોને સાંકળતી **'કચ્છી બિઝનેસ ડિરેક્ટરી'** નું વિમોચન કરવામાં આવ્યું.
- તા. ૧૨-૧-૨૦૨૦ના રોજ બોપલ - અમદાવાદ ખાતે **'નવનીત મેડિકલ સેન્ટર', 'કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર'** તથા **'દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર'** નું લોકાર્પણ કરી તેને કાર્યરત કરવામાં આવ્યા.
- તા. ૧૪-૧૧-૨૦૨૧ના રોજ બોપલ ખાતે **'નવનીત ડાયાલિસીસ સેન્ટર'** શરૂ કરવામાં આવ્યું.
- તા. ૨૬-૧-૨૦૨૨ના રોજ સેવા ભવન - ગીતા મંદિર ખાતે **'ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા ડાયાલિસીસ સેન્ટર'** શરૂ કરવામાં આવ્યું.
- તા. ૮-૧૧-૨૦૨૨ના રોજ સેવા ભવન - ગીતા મંદિર ખાતે **'શ્રી બિપીનચંદ્ર કાનજી જૈન કૌશલ્ય વિકાસ કેન્દ્ર'** શરૂ કરવામાં આવ્યું.
- તા. ૭-૪-૨૦૨૩ના રોજ ચાંગોદર ખાતે **'પરમકૃપા મેડિકલ સેન્ટર'** નું લોકાર્પણ કરી તેને કાર્યરત કરવામાં આવ્યું.
- તા. ૨૭-૭-૨૦૨૩ના રોજ બોપલ ખાતે **'નવનીત સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર'** નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.

## સમરી શીટ

*આ સંસ્થા દ્વારા હાલ નીચેની સેવાઓ કાર્યરત રહેલ છે*

| | | | |
|---|---|---|---|
| (૧) | મેડિકલ સેન્ટર | : ૩ | (પાલડી, બોપલ, ચાંગોદર) |
| (૨) | ડાયાલિસીસ સેન્ટર | : ૩ | (શાહીબાગ, ગીતા મંદિર, બોપલ) |
| (૩) | કૌશલ્ય વિકાસ કેન્દ્ર | : ૨ | (ગીતા મંદિર, બોપલ) |
| (૪) | અતિથિ ભવન | : ૩ | (ગીતા મંદિર, પાલડી, શાહીબાગ) |
| (૫) | સાંસ્કૃતિક કેન્દ્ર | : ૧ | (પાલડી) |
| (૬) | કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ | : ૧ | (શાહીબાગ) |
| (૭) | પુસ્તકાલય | : ૧ | (પાલડી) |
| (૮) | માસિક મુખપત્ર | : ૧ | (મંગલ મંદિર) |
| (૯) | જલારામ અન્નક્ષેત્ર | : ૧ | (શાહીબાગ) |
| (૧૦) | આવાસ યોજના | : ૧ | (બહેરામપુરા) |

## ભારતીય રેલવે વિશે જાણવા જેવું

- ★ સૌ પ્રથમ ૮મે, ૧૮૫૭માં મુંબઈથી થાણા વચ્ચે ટ્રેન શરૂ થઈ હતી.
- ★ ભારતીય રેલવે વિશ્વનું ચોથા નંબરનું સૌથી મોટું રેલવે નેટવર્ક છે.
- ★ ભારતીય રેલવે કુલ ૧,૧૯,૬૩૦ કિ.મી.નો રેલવે ટ્રેક ધરાવે છે.
- ★ ભારતીય રેલવે દરરોજ ૬૬,૬૮૭ કિ.મી. જેટલું અંતર કાપે છે.
- ★ ભારતીય રેલવે વિશ્વનું ૮મા નંબરનું સૌથી વધુ કર્મચારી ધરાવતું ડિપાર્ટમેન્ટ છે.
- ★ ભારતીય રેલવેમાં લગભગ ૧૪,૦૦,૧૪૩ જેટલા કર્મચારીઓ કામ કરે છે.
- ★ દુનિયાનું સૌથી લાંબુ રેલવે પ્લેટફોર્મ પશ્ચિમ બંગાળનું ખડગપુર રેલવે સ્ટેશન છે. જેની લંબાઈ ૩૫૧૯ ફૂટ છે.
- ★ આખા ભારતમાં ભાવનગર રેલવે સ્ટેશન જ એક એવું છે, જ્યાં કુલી તરીકે મહિલાઓ કામ કરે છે.
- ★ દુનિયામાં સૌથી લાંબું નામ ધરાવતું રેલવે સ્ટેશન આંધ્ર પ્રદેશનું છે. તેનું નામ 'શ્રી વેન્કટનરસિંહરાજુવારીપેટા' છે.

# 'ગરબો' કે 'ગરબા' શબ્દ એ સંસ્કૃત શબ્દ 'ગરબદીપ' પરથી આવ્યો છે



ડૉ. મિહિર એમ. વોરા

'ગરબો' કે 'ગરબા' શબ્દ સંસ્કૃત શબ્દ 'ગરબદીપ' પરથી આવ્યો. જેનો અર્થ ગોળાકાર માટલું. જે માનવીય શરીરમાં રહેલ આત્માના પ્રતીક છિદ્રોવાળું રૂપ છે. માં આશાપુરા માતાનો મઢ કચ્છના કુળદેવીની પદયાત્રામાં દેશ વિદેશના લોકો પગપાળા પોતાની માનતાઓ પૂરી કરવા આવે છે અને આમાં તેમની સેવામાં નવે નવ દિવસ તમામ કોમના લોકો કોઈ નાતજાતના ભેદ વગર પોતાનો યથાયોગ્ય ફાળો આપે છે. ગુજરાત 'નવરાત્રી જ્યાં જીવન તહેવારોના રૂપે જીવાય છે' ઉજવે છે.

આ નવ દિવસ દરમિયાન નૃત્ય અને સંગીતની ધૂમ ચાલે છે. નવરાત્રી ગુજરાતના ધાર્મિક મૂલ્ય, સમૃદ્ધ ઈતિહાસ, સંસ્કૃતિ, પરંપરાની ઝાંખી કરાવે છે. નવરાત્રી દરમિયાન પ્રવાસીઓ એક ઉજળા, સુંદર, ધાર્મિક અને પવિત્ર ગુજરાતની છાપ લઈને જાય છે. નવરાત્રી મા અંબાના માનમાં ઉજવવામાં આવે છે. જેના ઘણા રૂપો છે. દેવી એ શક્તિનું રૂપ છે, જે બુરાઈનો નાશ કરે છે. શિવની પત્ની પાર્વતીના પણ ઘણા રૂપો છે. નવરાત્રીના નવ દિવસ દેવોને પ્રસન્ન કરવા માટે પૂજા પાઠ અને ચંડીપાઠ કરવામાં આવે છે. નવરાત્રી એ એકતા અને અસત્ય પર સત્યના વિજયનો પ્રતીકરૂપ તહેવાર છે. નવરાત્રી ઉત્સવ માનવીને પોતાની ભૂલો સમજીને તેને સુધારવાની તક આપે છે.

માનવીય સ્વભાવમાં ત્રણ પ્રકારના ગુણો આવેલા છે, જે ડર, લાગણી અને તણાવ દર્શાવે છે, જે દયા દર્શાવે છે. જે સત્ય, સ્વચ્છતા, શાંતિ સ્વભાવ દર્શાવે છે. આ ત્રણેય ગુણો પર વિજય મેળવવા માટે ત્રણ ત્રણ દિવસ મા શક્તિની આરાધના કરવામાં આવે છે. નવરાત્રી દરમિયાન શ્રદ્ધાળુઓ માતાને રાજી કરવા માટે અને દુનિયામાં શાંતિ સદ્ભાવનું વાતાવરણ બનતું રહે તે માટે પ્રાર્થના કરે છે. દસમા દિવસે અસત્ય પર સત્યની જીતના પ્રતીકરૂપે વિજ્યા દશમી તહેવાર ઉજવવામાં આવે છે.

તહેવાર જીવનમાં આવતા સંઘર્ષનો હિંમતથી સામનો કરવાનો સંદેશ આપે છે. દુર્ગાની સત્યના અસત્ય પરના વિજય અપાવે છે. સરસ્વતી જ્ઞાન દ્વારા અજ્ઞાનતા દૂર કરે છે અને મા લક્ષ્મી સુખ અને સમૃદ્ધિ આપે છે. પુરાણો અનુસાર કૃષ્ણ ભગવાન વાંસળી વગાડતા અને ગોપીઓ તેમની ચારે તરફ ગોળાકાર માર્ગમાં રાસ રમતી હતી.

આ રાસ ગુજરાતમાં નવરાત્રી દરમિયાન ખૂબ જ પ્રખ્યાત છે. નવરાત્રીમાં ગરબા રમવા માટેના ઘણા પ્રકાર છે.

કેટલાક પ્રાચીન તો કેટલાક અર્વાચીન દાંડિયા દ્વારા રાસ રમવામાં આવે છે. ગરબા – દોઢિયું, સાદી પાંચ, સાદી સાત, પોપટીયું, ત્રિકોણીયું, લહેરી, ત્રણ તાળી, હુડો, પતંગિયું જેવી શૈલીમાં રમવામાં આવે છે. દર વર્ષે ઉજવાની નવરાત્રીના સંગીત, નૃત્ય, પોશાકમાં નવીનતા જોવા મળે છે. આ નવીનતાની સાથે નવરાત્રીની પરંપરા અને સંસ્કૃતિ પણ અકબંધ રહે છે.

નવરાત્રી એક એવો તહેવાર છે જેમાં માતાના નવ રૂપનું પૂજન કરવામાં આવે છે. આમ તો હિંદુ ધર્મમાં મુખ્યત્વે ગણપતિ, મહાદેવ, ભગવાન વિષ્ણુ, સૂર્ય, આદ્યશક્તિ મા દુર્ગા વગેરેનું સ્થાન ઉપર છે. દરેક જીવાત્માના જીવનમાં પિતા કરતાં માતાનું સ્થાન ઊંચું હોય છે. પિતા કરતા માતાનું મહત્ત્વ પણ વધુ હોય છે. માતા એ જનની છે. બાળકનું પાલન પોષણ કરે છે.

માતા જ બાળકને સંસ્કાર પણ આપે છે. તેવી જ રીતે હિંદુ ધર્મમાં પણ માતાની ઉપાસનાનું વિશેષ મહત્ત્વ છે. યોગાનુયોગ આ બંને નવરાત્રી દરમિયાન મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામનો ઉલ્લેખ થાય છે. ચૈત્ર નવરાત્રીની સમાપ્તિ ચૈત્ર સુદ ૯ એટલે ભગવાન શ્રી રામનો પ્રાર્દુભાવનો દિવસ અને દેવી ભાગવત અનુસાર આસો સુદ ૧ થી આસો સુદ ૯ના દિવસોમાં ભગવાન શ્રી રામે આદ્યશક્તિ માતાની ઉપાસના કરીને વિજ્યા દશમીના દિવસે રાવણ સાથે યુધ્ધ કરવા લંકા જવા સમુદ્ર તટથી પ્રયાણ કર્યું હતું.

ગરબો એટલે ગુજરાતનું ગૌરવ, ગુજરાતની ગરિમા, અસ્મિતા અને સમગ્ર વિશ્વમાં ગુજરાતીઓની ઓળખ. ગરબો એ ગુજરાતી પ્રજાની સંસ્કૃતિનું અભિન્ન અંગ છે. કહેવાય છે કે 'દીપગર્ભો ઘટઃ'. 'દીપગર્ભો'માંથી દીપ શબ્દનો લોપ થઈને 'ગર્ભો' અને એમાંથી અપભ્રંશ થઈને એ 'ગરબો' શબ્દથી ઓળખાતો થયો. ગર્ભમાં એટલે કે મધ્યમાં દીવાવાળા ઘડાને ચારેબાજુ છિદ્રો પડાવીએ એટલે તેને ગરબો કોરાવ્યો છે એમ કહેવાય. નવરાત્રીના પર્વમાં એ શક્તિ સ્વરૂપાના આહ્વાન અને સ્થાપન રૂપે ભક્તિનું કેન્દ્ર થઈ પૂજવા યોગ્ય બની જાય છે.

ગરબામાં સ્ત્રીઓ વર્તુળાકારે તાલમાં તાળી દઈને રમે, કોઈ કોઈ વળી માથે દીવડાઓની માંડવડી મૂકીને ઘૂમે... કહેવાય છે

કે આવી જ રીતે પ્રાચીનકાળમાં તેનો પ્રારંભ થયો હતો. આમ, નાના નાના છિદ્રોવાળા માટીના ઘડામાં દીવડો પ્રગટાવીને માતાજીના સ્વરૂપે સ્થાપવામાં આવતી એક પરંપરા એટલે ગરબો. જાણે શરીર રૂપી ઘટમાં આતમ રૂપી પ્રકાશથી ઝગમગતું ચૈતન્ય.

ગરબાનું મૂળ ભગવાન શ્રીકૃષ્ણની રાસલીલામાં છે એમ માનવામાં આવે છે. ભગવાન શ્રીકૃષ્ણનું એક નામ 'રાસેશ્વર' છે. પૌરાણિક કથાઓ મુજબ શરદ ઋતુમાં ગોપીઓ શ્રીકૃષ્ણને રાસ રમવાની વિનંતી કરે છે ત્યારે રચાય છે તે ''હમચી''... 'હીંચ' અને 'હમચી' એ બંને નૃત્યના પ્રકાર છે. 'હમચી ખૂંદવી' અને 'હીંચ લેવી' એટલે જેમાં પુરૂષો અને સ્ત્રીઓ હાથની તાળીઓ અને પગના ઠેકા સાથે વર્તુળાકારે ઘૂમે છે. રાસના ત્રણ ભેદ પણ છે. 'લતા રાસક' બે-બે ના યુગલમાં લતા અને વૃક્ષની જેમ વીંટળાઈને રચાતો રાસ... 'દંડ રાસક' કે જેને દાંડિયા રાસ કહે છે તે અને 'મંડલ રાસક'... જેને 'તાલી રાસક', 'તાલ રાસક' કહે છે... તે ગરબા રૂપે અવતરીત થયો હોવાનું અનુમાન છે. આમ, કૃષ્ણભક્તિ અને આદ્યશક્તિની આરાધનામાં ઘણું બધું સામ્ય છે. ધર્મ બંનેના કેન્દ્રમાં છે.

વર્તુળાકારે સામૂહિક નૃત્ય પણ સમાન તત્ત્વરૂપે છે. બંને પરફોર્મિંગ આર્ટસ છે... લય, તાલ, સૂર, સંગીત અને નર્તનથી જીવનને ઉત્સવમય બનાવનારા છે. ગરબામાં ભાર વિનાનું ચિંતન.... મોરના પીંછા જેવી હળવાશ છે, તો રાસમાં ગાયનમાં ઉછળતા થનગનાટ અને ચાપલ્યની વિશેષતા જોવા મળે છે. રાસ અને ગરબા બંનેની સાથે સામાન્ય રીતે ઉલ્લાસ અને આનંદનું તત્ત્વ સંકળાયેલું હોય છે.

એક કલા સ્વરૂપે ગરબો 'વાળ્યો વળી શકે' એવો કલા પ્રકાર છે. જો ગરબો હીંચ કે ખેમટો રાગમાં હોય તો છ માત્રામાં, કેરવો હોય તો આઠ માત્રામાં ને દીપચંદી હોય તો ચૌદ માત્રામાં લેવામાં આવે છે. પહેલા સારંગ, ભૈરવ કે મ્હાડ રાગ પર આધારીત ગરબાઓ વધારે ગવાતા હતા... હવે તો બધા જ રાગોમાં ગરબાનું સંગીત - નિયોજન થતું જોવા મળે છે. ગરબાના બે પ્રકાર છે : પ્રાચીન અને અર્વાચીન. ગરબા ગાવાની પદ્ધતિમાં હવે દિવસ દિવસ ફેર થતા ગયા છે. હવે સનેડો ગવાય છે.

હવે ગરબા એટલે ફિલ્મી ગીતોની માતાજીની સ્તુતિને પણ ગરબાઓ કહેવામાં આવે છે. ગરબા જુદા જુદા લય અને પગલાં લેવાતા ગુજરાતનો સાચો ગરબો ખોવાઈ ગયો છે. નવી પેઢી માટે આ ઉત્સવ ધાર્મિક નહીં મનોરંજનનો બની ગયો છે. બોલીવુડના ગીતો ઉપર દાંડિયા અને ગરબાના સ્ટેપો લઈને નવરાત્રીનું મહત્ત્વ ઘટાડી દીધું છે. નવરાત્રી ઉપર ભારતમાંથી જાણીતા ગાયક કલાકારો પોતાના ગ્રુપ સાથે દેશ વિદેશમાં ગરબાઓ વડે સારું એવું આખા વર્ષનું વિદેશી હુંડિયામણ પણ ભેગું કરી લે છે.

*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. • મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫*

## મહાત્મા ગાંધીજી અને અહિંસા દિવસ

**(અનુસંધાન : પાના નં. – ૧૪ ઉપરથી ચાલુ)**

ચીજવસ્તુઓના ઉપયોગનો આગ્રહ એટલે 'સ્વદેશી.' આ સંદર્ભમાં આપણા નજીકના ખેતરમાં પાકતી સ્થાનિક શેરડીમાંથી બનતો દેશી ગોળ એ 'સ્વદેશી'ની સંકલ્પનાની વધુ નજીક છે. એ જ રીતે ગુજરાત ૧૭ ચોખા એ દહેરાદૂની બાસમતી ચોખાને મુકાબલે સ્વદેશીની વધુ નજીક છે, એ થયો ગાંધીજીનો 'સ્વદેશી' વિચાર. ગાંધીજીને જ્યારે પૂછવામાં આવ્યું કે સ્વરાજની આપની સંકલ્પનાને આપ કઈ રીતે વર્ણવશો? પ્રત્યુત્તરમાં ગાંધીજીએ તત્કાળ જણાવ્યું, 'મારે મન સ્વરાજ એટલે રામરાજ્ય.' રામરાજ્ય એટલે ન્યાયી સમાજ, શાસનકર્તા અને જનતા વચ્ચેનો સ્નેહસેતુ... શાસનકર્તાનો એકમાત્ર ધર્મ - રાજધર્મ. એ રાજધર્મને નિભાવવા નિજી જીવનમાં શાસકને ગમે તેટલું વેઠવું પડે તો પણ કર્તવ્યભાવથી સર્વોચ્ચ આદર્શ માટે સમર્પિતભાવથી વર્તવું, જીવવું એને 'રાજધર્મ' તરીકે ગાંધીજીએ સુપ્રતિષ્ઠ કર્યો છે.

આજે વિશ્વની શાંતિ પર સમગ્ર માનવજાતનો વિનાશ કરવાની ક્ષમતા ધરાવતાં અણુશસ્ત્રોનો ખતરો તોળાઈ રહ્યો છે ત્યારે મહાત્મા ગાંધીનો પ્રેમ, સત્ય અને સામેની વ્યક્તિના અધિકારો માટેનું સન્માનનો ઉપદેશ બીજા કોઈપણ સમય કરતાં વધુ સાર્થક બની ગયો છે.

આલ્બર્ટ આઈન્સ્ટાઈન અને ગાંધીજી પરસ્પર બહુ મોટા સમર્થક હતા અને વારંવાર પત્રોની આપ-લે કરતા હતા. આઈનસ્ટાઈને ગાંધીજીને ભાવિ પેઢીઓ માટે આદર્શ રોલ મોડલ સમાન ગણાવ્યા છે. આજે વિશ્વ જ્યારે મહાત્મા ગાંધીની ૧૫૨મી જન્મજયંતી ઉજવી રહ્યું છે ત્યારે આઈનસ્ટાઈનના એ શબ્દોને ફરી યાદ કરવા યોગ્ય ગણાશે કે વિશ્વમાં મહાત્મા ગાંધી માટે સન્માન નૈતિક અધઃપતનના સમયમાં ખૂબ જરૂરી છે કારણકે તેઓ એકમાત્ર એવા રાજપુરૂષ હતા જે રાજકીય પરિસ્થિતિમાં પણ ઉચ્ચ સ્તરના માનવીય સંબંધોની હિમાયત કરતા હતા.

અહિંસા દિવસ નિમિત્તે આપણે આપણા જીવનમાં અહિંસાના મૂલ્યો ઉત્પન્ન કરીએ અને મનમાં પ્રેમનો સંદેશ ફેલાવીને શાંતિ અને શાંતિથી જીવતા મૂલ્યોને અનુરૂપ બની શકીએ છીએ અને તેના આધારે માનવતાની સેવા કરીએ અને પરમાણુ યુધ્ધો દ્વારા વિક્ષેપો અને આર્થિક પ્રગતિને બનાવવાની કોઈપણ આશંકાને રોકીએ.

*સંદર્ભ : વિકિપીડિયા, વિવિધ અખબારી અહેવાલો અને વિવિધ લેખકોના બ્લોગ અને લેખ આધારિત માહિતી*

***"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ,***
***વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

# બહાદુર કચ્છી બહેનોનું પરાક્રમ!



વસંત ઉમરશી મારૂ

હરામી નાલા, એ ગુજરાતના કચ્છ વિસ્તારમાં ભારત અને પાકિસ્તાનને વિભાજીત કરતી ૨૨ કિ.મી. લાંબી દરિયાઈ ચેનલ છે. તે બંને દેશો વચ્ચે સરક્રીક વિસ્તારની ૯૬ કિ.મી.ની લાંબી વિવાદિત સરહદનો એક ભાગ છે. ૨૨ કિ.મી.નો હરામી નાળા ઘૂસણખોરો અને દાણચોરો માટે સ્વર્ગ મનાય છે. આ કારણોસર તે 'હરામી નાલા' ચોકી તરીકે ઓળખાય છે.

એવું કહેવામાં આવે છે કે ૨૦૦૮માં પાકિસ્તાની આતંકવાદીઓ (અજમલ કસાબ)એ સરક્રીક કાંઠે ભારતીય ફિશિંગ બોટ 'કુબેર' કબજે કરી હતી અને ત્યાંથી તેઓએ ગુજરાત આવીને મુંબઈ પર હુમલો કર્યો હતો. આ વિસ્તારમાં ઘણીવાર પાકિસ્તાનની ખાલી પડેલી બોટો કબજે કરવામાં આવે છે.

વિઘાકોટ ચોકી વિસ્તાર જે પાકિસ્તાનના લદીન જિલ્લાના નજીકનો વિસ્તાર છે, તેની લાંબી રણ સરહદ જે હાલમાં પાણીવાળી બની છે તેનું રક્ષણ કરતા જવાનોને કાદવનો ભય સતાવી રહ્યો છે. જોકે, કચ્છની પશ્ચિમ સરહદ ખડીર બાજુ પાણી ભરાતાં પેટ્રોલીંગમાં સૈનિકોને મુશ્કેલી અનુભવાઈ રહી છે. પીલ્લર નં. ૧૧૧૧ થી ૧૧૧૫ સુધી વરસાદના પાણી ભરાયા છે.

આવા અત્યંત વિકટ વિસ્તારમાં પાકિસ્તાની સૈન્ય અને આતંકવાદીઓના ખોફની વચ્ચે કચ્છ બહેનો જવાનો પાસે ઓવારણા લેવા જાય એ પરાક્રમથી ઓછું તો નથી જ.

બંને દેશની વચ્ચે સિત્તેરેક કિ.મી. જેટલા વિસ્તારમાં નો મેન્સ લેન્ડ છે. ત્યાં સિવિલિયન જઈ શકતા નથી. ચોવીસ કલાક મોતના ભય વચ્ચે જીવતા આપણા સૈનિકો ચામડી દઝાડી દેતી ગરમી અને હાડ ધ્રુજાવી દેતી ઠંડીમાં પોતાના કુટુંબથી હજારો માઈલ દૂર એકાંતમાં હોય. નો મેન્સ લેન્ડ હોવાથી સામાન્ય નાગરિકો ત્યાં જઈ શકે નહીં એટલે સૈનિકોને માણસોનો અવાજ સાંભળવા કે મોં જોવા તરસતા હોય એનું વર્ણન શક્ય નથી.

આશરે તેરેક વર્ષ પહેલાં મુંબઈની એક સંસ્થાને સરહદના સૈનિકોની હોમ સિકનેસ ધ્યાનમાં આવી. એ સંસ્થાએ પાકિસ્તાનથી દાણચોરી દ્વારા આવતા જીવલેણ હથિયારો સામે લડાઈ ચલાવી હતી. એ સંસ્થા એટલે "કચ્છ યુવક સંઘ."

દર વર્ષે રક્ષાબંધન ઉજવવા સંસ્થાની બહેનો સરહદ પર જાય. સામે દુશ્મન પાકિસ્તાન દેશ અને આતંકવાદીઓનો ભય તો હોય જ પણ સરહદની અંદર નો મેન્સ લેન્ડની સિત્તેર કિ.મી. અંદર જવું એટલે કુદરતી પરિબળો – જેમાં તેજ હવાથી ઊડતી રણની રેતી, વંટોળિયા, કિલોમીટરના કિલોમીટર કાદવના રણમાં ગરક થઈ જવાનો ડર પણ હોય...

સરહદ પર કોફીન ઓઢીને ઉભેલા સૈનિકોના ચહેરા પર એક નાનકડું સ્મિત લાવવા આ બહાદુર બહેનો ત્યાં જાય. લાગણીસભર દશ્યો સર્જાય. આંખોમાંથી આંસુની ધારાઓ વહે. કોઈ સગપણ નહીં, કોઈ ઓળખાણ નહીં છતાં ઈશ્વરે આપેલી લાગણીનો ઋણાનુબંધ કેવો હોય એનો અનુભવ કરવા જેવો છે.

તેર વર્ષથી આ માનવીય ઉત્સવની ઉજવણીમાંથી પ્રેરણા લઈ મુંબઈની વિવિધ વિસ્તારની કચ્છ યુવક સંઘની શાખાઓએ અઢાર અઢાર કલાક કામ કરતાં પોલીસ, ઘુંટણ દુઃખી આવે એટલું રોજ ચાલી પોસ્ટ પહોંચાડતા પોસ્ટમેન, કે માનવતાના મશાલચી બનેલ હોસ્પિટલોના કર્મચારીઓ વચ્ચે રક્ષાબંધન કાર્યક્રમ કરી એક નવી પગદંડી કંડારી છે.

સરહદ પર રક્ષાબંધનના કાર્યક્રમના નાયક કોમલભાઈ છેડા ૭૧ વર્ષની ઉંમરે પણ ઉત્સાહપૂર્વક સરકારી પરવાનગીથી લઈ પ્રવાસનું આયોજન સુધીનું કાર્ય કર્યું છે. કોમલભાઈ મારા માટે પરીકથા જેવા છે કારણકે એમની નિષ્ઠા, કમિટમેન્ટ બેજોડ છે. ૧૩ વર્ષથી અવારનવાર આ કાર્યમાં જોડાયેલા ડૉ. પંકજભાઈ શાહથી લઈ ઋષભ મારૂ અને ચિરાગ સંગોઈથી લઈ મનીષ સાવલા સુધીના અનેક કાર્યકરોનું સ્મરણ થાય છે.

કમનસીબે સરહદ પરની આવી સામાજિક ઘટનાઓની નોંધ બહુ લેવાતી નથી. એટલે આ આલેખન દ્વારા નીલમબેન પોલડિયા અને શીતલ ગાલાના આયોજનમાં ૨૧ બહેનોએ કરેલી પરાક્રમી ઘટનાની નોંધ લઉં છું.

નો મેન્સ લેન્ડમાં ૨૧-૨૧ સિવિલિયન બહેનોને જોઈ દુશ્મન દેશની જાસૂસી સંસ્થા આઈ.એસ.આઈ.ના એજન્ટ્સ ચોક્કસ છૂપી રીતે સક્રિય થાય જ થાય અને આ બહેનોના જીવ પર જોખમ ઊભું થાય એ નક્કી! છતાં દેશપ્રેમનો આવો પરિચય આપે એટલે આ બહાદુર બહેનોને શાબાસી તો આવી જ રહી.

*મો. ૯૭૫૭૪ ૦૫૮૭૨*

# મુંબઈના વિકાસમાં કચ્છી-ગુજરાતીઓનું યોગદાન

હીરાલાલ વી. ઊનડોઠવાલા

મુંબઈના વિકાસ માટે કચ્છી - ગુજરાતીઓનું મોટું યોગદાન છે. ૧૬૯૨માં સૌપ્રથમ રૂપજી ધનજી દીવથી મુંબઈ આવેલ હતા. ૧૬૭૭માં નીમા પારેખ આવેલ હતા ને ધોબી તળાવ પર વસ્યા હતા. અહીં આવીને વસવાટ કરનારાઓમાં જૈન, લોહાણા, ભાટીયા, પટેલ, મેમણ, વોહરા, પારસી, કપોળ, ભાનુશાળી, ખોજા મુખ્ય હતા. તેમાં પણ ભાટીયા અને કપોળ પહેલા હતા. દીવ, ઘોઘા, સુરત, કચ્છથી લોકો ૧૮૦૩માં દુષ્કાળને કારણે આવેલ હતા.

૧. પ્રેમચંદ રાયચંદે પોતાની માતા રાજબાઈ સામાઈક કરી શકે તે ટાઈમ જોવા માટે ૧૮૬૯થી ૧૮૭૬ સુધી રૂપિયા બે લાખના ખર્ચે ૨૮૦ ફુટ ઊંચાઈનો રાજાબાઈ ટાવર બંધાવેલ. જે આજે પણ જોવા મળે છે.

૨. જમશેદજી જીજીભાઈએ જે. જે. હોસ્પિટલ માટે રૂા. ૨.૫૦ લાખ રૂપિયા આપેલ અને જે.જે. સ્કુલ ઓફ આર્ટસ બંધાવેલ.

૩. અબ્દુલ હુસેન આદમજી પીરભાઈએ રૂા. ૧૦ લાખના ખર્ચે ૧૯૦૪માં નેરળ - માથેરાન રેલવે લાઈન બાંધી આપી.

૪. સર કાવસજી જહાંગીરે યુનિવર્સિટી હોલ અને એલ્ફિન્સ્ટન કોલેજ બંધાવી આપેલ.

૫. ઠાકરશી પરિવારે ૧૮૯૩માં દામોદર ઠાકરશીના અવસાન બાદ તેમનાં પત્ની નાથીબાઈને મહિલા કેળવણીમાં રસ હોવાથી શ્રીમતી નાથીબાઈ ઠાકરશી દામોદર એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી બંધાવેલ.

૬. એશિયાની સૌથી મોટી કાપડ માર્કેટ મુળજી જેઠાએ બંધાવી આપેલ.

૭. ગોકુલદાસ તેજપાલે ૧૮૬૭માં હોસ્પિટલ માટે રૂા. ૧.૫૦ લાખ આપેલ. આ જી.ટી. હોસ્પિટલના નામે ઓળખાય છે.

૮. સર હરકિશનદાસ નરોત્તમદાસે હરકિશન હોસ્પિટલ બાંધી આપેલ અને ભારતની સૌપ્રથમ કોમર્સ કૉલેજ સિડનહામ કૉલેજ માટે રૂા. ૨.૨૫ લાખ આપેલ છે.

૯. ભાટીયા વેપારી ગોરધનદાસ સુંદરદાસે જી.એસ. મેડિકલ કૉલેજ બાંધેલ.

૧૦. બમનશા દિનશા પેટીટે પારસી હોસ્પિટલ બંધાવી આપેલ છે.

૧૧. શેઠ કાવસજી પટેલે એક તળાવ બંધાવ્યું. આ તળાવ આજે સી.પી. ટેંક (તળાવ)ના નામે ઓળખાય છે.

૧૨. વિલેપાર્લે કેળવણી મંડળની વિવિધલક્ષી પ્રવૃત્તિઓએ મુંબઈને આર્ટસ, સાયન્સ, કોમર્સ, લૉ, એન્જિનિયરીંગ અને મેનેજમેન્ટનાં શિક્ષણ માટે કૉલેજો આપી.

૧૩. 'મુંબઈ સમાચાર' એશિયાની ૧૯મી સદીની શરૂઆતથી કરી આજે પણ ૨૦૦ વર્ષ ઉપરના સમયથી પ્રજાને વાંચન પીરસી રહ્યું છે.

૧૪. ૧૮૬૪માં પ્રેમચંદ રાયચંદે 'બોમ્બે રેક્લેમેશન કાં.'ની શરૂઆત કરી હતી. કોલાબાથી વાલકેશ્વર સુધીના દરિયાની ભરણી કરેલ, જે બોમ્બે રેક્લેમેશન તરીકે ઓળખાય છે.

૧૫. રૂપારેલ કૉલેજ, કીર્તિ કૉલેજ અને દાદરની છબીલદાસ સ્કુલની શરૂઆત ગુજરાતીઓએ કરેલ.

૧૬. લીલાવતી હોસ્પિટલ - બાંદ્રા, જે પાલનપુરના હીરાના વેપારી કિરીટલાલ મહેતાએ આ હોસ્પિટલ બંધાવી છે.

૧૭. મારૂ હોસ્પિટલ - પરેલ, હીરામોંઘી નવનીત - મુલુંડ, મહાવીર હોસ્પિટલ - ડોંબીવલી, જીતો હોસ્પિટલ - થાણા – એ કચ્છી દાતાઓની મદદથી ઊભી થયેલ છે અને અનેક હોસ્પિટલોમાં સારવાર માટે જગ્યા (પલંગ)ની વ્યવસ્થા ગોઠવેલી છે.

૧૮. પહેલી ટ્રામ ૧૯૦૫માં શરૂ કરનાર વિઠ્ઠલદાસ હતા.

૧૯. કેશવજી નાયકે રૂા. ૨૩ હજારમાં ભાત બજારમાં ફુવારો બંધાવેલ, જે હયાત છે. ગીરગામમાં સોળ ચાલીઓ રહેવા બાંધેલ હતી. આજે કેશવજી નાયક રોડ અને નરશી નાથા સ્ટ્રીટ મસ્જિદબંદરને સેન્ડહર્સ્ટની વચ્ચે આવેલી છે.

૨૦. મુંબઈમાં પહેલી કાર ચલાવનાર જે.આર.ડી. તાતાના માતાજી હતા.

૨૧. તાજમહાલ હોટેલ બંધાવનાર જે.આર.ડી. તાતા છે.

૨૨. કેશવજી નાયક તાજમહેલ હોટલમાં કાયમી સ્યુટ (રૂમ) રાખતા હતા.

૨૩. ડુમરાના શેઠ રતનશી મુરજી ગાલા ભાતબજાર દેરાસર બાંધવા તેમજ ટ્રસ્ટીપદ સંભાળતા. જે તક્તિ આજે લાગેલી છે તેમજ વેલજી માલુની પણ છે.

૨૪. નારાણજી શામજીએ માટુંગામાં દેરાસરમાં ૧૯૪૪ના ધડાકા વખતે બેઘર કે નાસીપાસ થયેલ લોકોને ખાવાપીવા અને રહેવા માટે સારી સગવડ કરેલ હતી.

***આ વિગતોનો મતલબ એ થાય છે કે મુંબઈના વિકાસમાં કચ્છી - ગુજરાતી - પારસીઓએ પાછી પાની કરેલ નથી.***

*ચેમ્બુર, મુંબઈ.• મો. ૯૮૬૯૬ ૭૭૭૮૯*

# અહિંસા દિવસ નિમિત્તે આપણે આપણા જીવનમાં અહિંસાના મૂલ્યો ઉત્પન્ન કરીએ



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, અહિંસા અને શાંતિ માટે વિશ્વમાં ખૂબ જ આદરપૂર્વક નામ લેવાય છે તે મોહનદાસ કરમચંદ ગાંધી. તેઓને ભારતમાં 'રાષ્ટ્રપિતા' તરીકેનું સન્માન મળ્યું છે. જ્યારે વિશ્વ તેમને મહાત્મા ગાંધીજી તરીકે ઓળખે છે. વિશ્વમાં અહિંસા અને શાંતિના સંદેશનો પ્રસાર કરવાના હેતુથી રાષ્ટ્રસંઘ બીજી ઓક્ટોબરના રોજ ગાંધીજીની જન્મ જયંતીને અનુલક્ષીને 'આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ' તરીકે ઉજવે છે. ગાંધીજીએ ભારતની આઝાદીની લડત સત્ય અને અહિંસાના સિદ્ધાંતો ઉપર લડી હતી. ગાંધીજીએ કહ્યું હતું કે, સમગ્ર માનવજાત માટે અહિંસા એ મોટું બળ છે. સંયુક્ત રાષ્ટ્રસભાએ ૧૫ જૂન, ૨૦૦૭ના દિવસે જાહેરાત કરી હતી કે દર વર્ષે ૨ ઓક્ટોબરના રોજ 'આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ' મનાવવામાં આવશે.

મહાત્મા ગાંધીથી વિશ્વના ઘણા નેતાઓ, દેશો અને સમુદાયો પ્રભાવિત થયા છે. ગાંધીજીની લોકોને પ્રેરીત કરવાની પદ્ધતિનો અમલ વિશ્વમાં ઘણા સમુદાયો સફળતાપૂર્વક કરી રહ્યા છે. અમેરિકાના માર્ટીન લ્યુથર કિંગ, વિયેતનામના ક્રાંતિકારી નેતા હો ચી મિન્હ અને મ્યાનમારના ઔર શાન શુ કી એ મહાત્મા ગાંધીમાંથી પ્રેરણા લીધી છે. પોલેન્ડમાં સામ્યવાદ સામે લડત આપનાર પોલીશ ગાંધીયન લેક વાલેસાની લડતનો પાયો અહિંસાનો સિદ્ધાંત હતો. સરમુખત્યાર પ્રેસિડેન્ટ માર્કોસને પદભ્રષ્ટ કરવામાં ચાવીરૂપ ભાગ ભજવનાર કાર્ડીનલ જેમ સીમ એ ફિલીપીની આગેવાની હેઠળ પીપલ્સ પાવર મુવમેન્ટ લડાઈ હતી. ઝેકોસ્લોવાકિયામાં રશિયાના શાસનને હટાવવામાં અહિંસાની લડતે ભાગ ભજવ્યો હતો.

૧૯૯૦ની શરૂઆતમાં દક્ષિણ આફ્રિકામાં નેલ્સન મંડેલાની આગેવાની હેઠળ અહિંસા દ્વારા દેખાવકારોએ રંગભેદની નીતિ સામે લડત આપી હતી. બાદમાં તેઓને જેલમાંથી મુક્ત કરી રાષ્ટ્રના પ્રેસિડેન્ટ તરીકે લોકોએ ચૂંટ્યા હતા. મંડેલાને ગાંધીજીના અહિંસાના સિદ્ધાંત ઉપર અખૂટ વિશ્વાસ હતો અને તેમણે દક્ષિણ આફ્રિકામાં સફળતા મેળવી હતી. મેક્સિકન અમેરિકનની કામદાર ચળવળમાં ગાંધીજીની ભારે અસર રહી હતી. લેટીનો ફાર્મ કામદારો માટેના હક્કોના લડવૈયા શેસર ચાવેજ ઉપર પણ ગાંધીજીનો પ્રભાવ હતો. હમણા તાજેતરમાં બે હજાર અગીયાર આરબ સ્પ્રિંગ તરીકે ઓળખાતા લોકશાહી અને માનવ હક્કોના શાંતિપૂર્ણ અભિયાનમાં અહિંસા પ્રમુખપણે દેખાઈ આવી હતી. આફ્રિકા અને મધ્ય પૂર્વમાં દાયકાઓ જૂની નિરંકુશ અને દમનકારી શાસનનો અંત લાવવા અને વેસ્ટ એશિયા અને ગલ્ફ પ્રદેશમાં સુધારા અને પરિવર્તન લાવવા શાંતિપૂર્વક દેખાવકારો ભેગા થયા હતા. દેખાવકારોએ સાબિત કર્યું છે કે શાંતિ અને અહિંસા ઘર્ષણ ટાળવા અસરકારક શસ્ત્ર છે. દલાઈ લામાએ કહ્યું હતું કે આજે વિશ્વ શાંતિ અને વિશ્વયુધ્ધ વચ્ચે ભૌતિકવાદ અને વિચારધારા વચ્ચે લોકશાહી અને એકપક્ષીય શાસન પદ્ધતિ વચ્ચે મોટી લડાઈ ચાલી રહી છે. આ લડાઈને લડવા માટે વર્તમાનકાળમાં ગાંધી વિચારધારાની આવશ્યક્તા છે.

માર્ટીન લ્યુથર કિંગ જુનિયરે તો ત્યાં સુધી કહ્યું છે કે માનવજાતે જો પ્રગતિ કરવી હશે તો ગાંધી વિના ચાલે તેમ નથી. તેઓ જીવ્યા, વિચાર્યું અને અમલમાં મૂક્યું અને એ રીતે માનવજાતને નવી દૃષ્ટિથી પ્રેરણા આપી. એવી પ્રેરણા, જે વિશ્વને શાંતિ અને સંવાદિતા તરફ લઈ જાય.

મહાત્મા ગાંધીને નોબેલ શાંતિ પુરસ્કાર, અનેકવાર તેમનું નામ સૂચવાયા છતાં આપવામાં આવ્યો ન હતો. પરંતુ તેમના પગલે ચાલનારા માર્ટીન લ્યુથર કિંગ જુનિયર, નેલ્સન મંડેલા, દલાઈ લામા, ઓમ સાન સુ ક્યી, બરાક ઓબામા, આર્જેન્ટીનાના એડોલ્ફો પેરેઝ, ઈક્વિવેલ અને ડેસમન ટુ ટુ ને નોબેલ શાંતિ પારિતોષિક અપાયા હતા. તેથી સ્વાભાવિકપણે કહી શકાય કે મહાત્મા ગાંધી નોબેલ શાંતિ પારિતોષિકથી પણ ઉપર છે.

અહિંસા એ માત્ર હિંસાના અભાવ કે શાંતિની સ્થિતિના શાબ્દિક અર્થથી ઘણી ઉપર છે. મહાત્મા ગાંધી માનતા હતા કે આચાર વિચારથી તમામ રીતે માત્ર ને માત્ર પ્રેમ કરવો તે અહિંસા છે. મહાત્મા ગાંધીની અહિંસા એ માનવજાત અને પ્રકૃતિ માતા વચ્ચે ગાઢ સંબંધ વ્યક્ત કરતું જીવનનું એક સર્વગ્રાહી પરિવર્તન છે. આજે જ્યારે આપણે એફ.ડી.આઈ.ના માહોલમાં છીએ, ત્યારે ગાંધીજીની સ્વદેશીની વિભાવનાને જોતાં ગાંધીજી 'વિદેશી'ના વિરોધી નહોતા, પરંતુ એ 'સ્વદેશી'ને ભોગે ન હોઈ શકે તેવું સ્પષ્ટ માનતા. ગાંધીજીની સ્વદેશીની સંકલ્પના એટલે રોજબરોજના જીવનમાં આપણી આસપાસની સહજ ઉપલબ્ધ

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૧ ઉપર)

# મણિપુરમાં જાતીય હિંસા



પી. કે. લહેરી

ભારતનો પૂર્વોત્તર ભાગ સંરક્ષણની દૃષ્ટિએ આગવું મહત્ત્વ ધરાવે છે. ચીન અને મ્યાનમાર સાથેની સરહદો સંવેદનશીલ છે. બાંગ્લાદેશની સરહદો હાલ શાંત છે, પણ ભૂતકાળમાં ભારતમાં ગેરકાયદે ઘૂસણખોરીનું મુખ્ય કેન્દ્ર બાંગ્લાદેશ હતું. પૂર્વોત્તરનો મોટાભાગનો ભૂભાગ પર્વતીય છે. પર્વતોમાં ખેતી અને અન્ય આર્થિક પ્રવૃત્તિઓમાં અવરોધો આવે છે. છેલ્લાં ૫૦ વર્ષોમાં પૂર્વોત્તર ભારતમાં વસ્તીનો વિસ્ફોટ થયો છે. ત્યાં રોજગારી મેળવવાની અને આવક પ્રાપ્ત કરવાની તકો સીમિત છે. પૂર્વોત્તરના આદિજાતિ વિસ્તારોમાં ધર્માંતરણ ખૂબ મોટા પાયે થયું છે. કોઈ અગમ્ય કારણોસર આ વિસ્તારમાં ખ્રિસ્તી પાદરીઓને વિશેષ દરજ્જો અને સુવિધાઓ મળતાં ખ્રિસ્તી ધર્મનો ફેલાવો થયો છે. તે સાથે મોટાભાગના જનજાતિના યુવાનો-યુવતીઓને અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ મળ્યું છે. અખિલ ભારતીય સેવામાં આદિજાતિ માટેની અનામત જગ્યાઓમાં પૂર્વોત્તર ભારતનો હિસ્સો નોંધપાત્ર છે. સામાન્ય લોકો હોટેલ, મસાજ પાર્લર વગેરેમાં નોકરી/ધંધા માટે ભારતનાં મોટાં શહેરોમાં આવ્યા છે.

આઝાદી બાદ પૂર્વોત્તર ભારતની વિવિધ આદિજાતિઓ વચ્ચે અશાંતિનો માહોલ રહ્યો છે. નાગા, મિઝો, કુકી સહિત અનેક જુથોએ બળવાખોર શસ્ત્રસજ્જ લશ્કરો રચીને અનેક વિસ્તારોમાં મનમાની કરી છે. ૧૯૭૨માં ભારત સરકારે આસામ રાજ્યની પુનઃરચના કરી, કેન્દ્રશાસિત પ્રદેશોને અને જુદી જુદી જનજાતિ માટે નાનાં નાનાં રાજ્યોની રચના કરી છે. નાગાલેન્ડ, આસામ, મિઝોરમ, મણિપુર, અરુણાચલ, મેઘાલય અને ત્રિપુરા – આ સાત રાજ્યોને ૭ બહેનો (સેવન સિસ્ટર્સ) તરીકે ઓળખવામાં આવે છે. ૧૯૭૪માં સિક્કીમના વિલીનીકરણ બાદ હાલ આઠ પૂર્વોત્તર રાજ્યો અસ્તિત્વ ધરાવે છે. ૧૯૭૨ના પુનઃગઠન બાદ અને ભારતીય લશ્કરની ધીરજ અને કુનેહભરી કાર્યવાહી બાદ આ વિસ્તારોની કાયદા-વ્યવસ્થાની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો હતો. પર્યટન દ્વારા રોજગારીની તકો વધી હતી. ઉચ્ચ અભ્યાસ માટે ભારતનાં વિવિધ વિશ્વ વિદ્યાલયોમાં પૂર્વોત્તર રાજ્યોનાં યુવક-યુવતીઓ પ્રવેશ મેળવી રહ્યાં છે. બળવાખોરી, આતંક અને હિંસાના લાંબા ઇતિહાસ બાદ પૂર્વોત્તર રાજ્યોનો આર્થિક વિકાસ ગતિ પકડે તે પહેલાં મણિપુર રાજ્યમાં દાવાનળ સળગ્યો છે. આઝાદી બાદની અશાંતિની અનેક ઘટનાઓમાં મણિપુરમાં છેલ્લા ૧૦૦ દિવસમાં જે બનાવો બન્યા છે તેનાથી ભારતીય તરીકે આપણાં માથાં શરમથી ઝુકી જાય તેવી કલંકિત, હિંસક અને અમાનવીય વર્તણુંક આજે વિશ્વમાં ઉગ્ર ચર્ચાનો મુદ્દો બન્યો છે. મણિપુર રાજ્ય આમ તો નાનકડું છે. વસ્તી પણ ઓછી છે. પોતાની આગવી સંસ્કૃતિ માટે ગૌરવ અનુભવી શકે તેવો આ પ્રદેશ આજે આગ, બળાત્કાર, ગોળીબાર, સશસ્ત્ર હુમલાઓ અને ક્રૂરતા માટે વગોવાઈ રહ્યો છે.

મણિપુરનો કુલ વિસ્તાર ૨૨,૩૨૭ ચો.કિ.મી.નો છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે મણિપુર રાજ્યની વસ્તી ૨૮,૫૫,૭૯૪ છે. અત્યારે તે ૩૫ લાખ આસપાસની અંદાજી શકાય. જનજાતિની દૃષ્ટિએ કુલ વસ્તીની ૫૩ ટકા વસ્તી મૈતેઇ લોકોની છે. નાગા જનજાતિની વસ્તી ૨૪ ટકા જેટલી અને કુકી જાતિની વસ્તી ૧૬ ટકા જેટલી છે. મણિપુરની ૯૦ ટકા જમીન ડુંગરાળ છે. સપાટ જમીન જે ૧૦ ટકા છે ત્યાં મૈતેઇ જાતિ વસે છે. અગાઉ ઝૂમ ખેતી પદ્ધતિના કારણે અને વારંવારના જનજાતિ આંતરિક સંઘર્ષોને કારણે પૂર્વોત્તરની મહત્ત્વની જનજાતિઓ અનેક વિસ્તારોમાં ફેલાયેલી છે.

મણિપુરમાં કુકી-નાગા-મિઝો જાતિને જ જનજાતિનો દરજ્જો પ્રાપ્ત હોવાથી તેઓને સરકારી નોકરી, શિક્ષણમાં અનામતનો લાભ મળે છે. તેમની જમીન અન્ય લોકો ખરીદી શકતા નથી. મૈતેઈ લોકોની એ જૂની રજૂઆત હતી કે તેમનો સમાવેશ આદિવાસી જાતિની સૂચિમાં થવો જોઈએ. આ મુદ્દે હાઈકોર્ટમાં થયેલી અરજીના ચુકાદામાં કોર્ટે આદેશ કર્યો કે રાજ્ય સરકારે અને કેન્દ્ર સરકારે આ અંગે ઝડપી નિર્ણય લેવો. આ ચુકાદાને કારણે કુકી અને નાગા જનજાતિના સમૂહોમાં અસંતોષ સાથે હુલ્લડોની શરૂઆત થઈ. મૈતેઇ લોકો શાસક રહી ચૂક્યા છે અને આજે પણ રાજકારણમાં તેઓનું પ્રભુત્વ છે. જનજાતિનો દરજ્જો મૈતેઇ લોકોને આપવો કે નહીં તે મુદ્દો અતિ સંવેદનશીલ બનતાં મણિપુરમાં જે જાતીય હિંસાના બનાવો બનવા લાગ્યા છે તે ૧૦૦ દિવસ બાદ પણ રોકી શકાયા નથી. મણિપુરમાં ભૂતકાળમાં ખાનગી લશ્કરો કાર્યવાહી કરતા હતા. ફરી અનેક જૂથોએ સરકારી શસ્ત્રાગારો લૂંટીને તે શસ્ત્રોનો બેફામ ઉપયોગ કરી પરિસ્થિતિ

એટલી હદે બગાડી છે કે રાજ્ય પોલીસ, કેન્દ્રીય પોલીસ અને લશ્કરની હાજરી છતાં દુર્ઘટનાઓનો સિલસિલો ચાલુ છે. સરકાર માટે પણ સંયમ કે ધીરજ ગુમાવવા પાલવે નહીં તેમ છે. જનજાતિના મુદ્દે લડતાં બે જૂથો – મૈતેઇ અને કુકી-નાગા વચ્ચે મંત્રણા યોજવા માટે જે સુમેળભર્યું વાતાવરણ હોવું જોઈએ તે નથી. ઉન્માદી ટોળાએ મે માસમાં મહિલાઓને નિર્વસ્ત્ર કરી જાહેરમાં પરેડ કરાવી જે દુષ્કર્મો આચર્યા તે કોઈ પણ સભ્ય સમાજ માટે ઘેરા કલંક સમાન છે. આપણી સંસદ હોય કે યુરોપની પાર્લામેન્ટ, મીડિયા હોય કે રાજકારણીઓ, સૌ પોતાની નારાજગી-આક્રોશ વ્યક્ત કરે છે, પણ ક્રૂરતા રોકવા માટે કોની જવાબદારી તે પ્રશ્ને અરસપરસનું દોષારોપણ થાય છે.

આ જાતીય તણાવ હિંસા માટે વસ્તીના ધર્મમાં આવેલ ફેરફારોને પણ કારણભૂત માનવામાં આવે છે. ૧૯૬૧માં હિંદુઓની વસ્તી ૬૨ ટકા હતી તે ઘટીને ૨૦૧૧માં ૪૧ ટકા થઇ છે. ૧૯૬૧માં ખ્રિસ્તીઓની વસ્તી ૧૯ ટકા હતી તે ૨૦૨૧માં વધીને ૪૧ ટકા થઇ છે. કુકી અને નાગા જનજાતિઓની સંખ્યાબંધ પેટા જાતિઓ પણ છે. મણિપુરની હિંસા રોકવા માટે નીચેના મુદ્દાઓ મહત્ત્વના છે :

૧. મૈતેઈને જનજાતિનો દરજ્જો આપવો કે કેમ?

૨. કુકી-નાગાઓની સમકક્ષ લાભો મૈતેઇ જૂથને મળે તો કુકી-નાગાઓને અન્યાય થાય.

૩. તેમની પર્વતીય વસાહતોને અલગ રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવો કે કેમ?

૪. મણિપુરમાં ભારતમાં જોડાવાના (૧૯૯૪થી) મુદ્દે વિવાદો ચાલતા રહ્યા છે તે પણ સામાન્ય લોકોમાં અવિશ્વાસ અને અસંતોષનું કારણ છે.

૫. મૈતેઇ-કુકી-નાગા અને અન્ય જનજાતિ લાંબા ગાળે સુમેળપૂર્વક રહી શકે અને તે વિસ્તારનો વિકાસ થઈ શકે તે માટે નક્કર આયોજન અને ચુસ્ત અમલ કરવો જરૂરી છે.

આ મુદ્દાઓના નિરાકરણ માટે સૌ સંબંધિત જૂથોના અગ્રણીઓ એક વાત સમજે કે ગમે તેટલા ખૂન-ખરાબાથી કોઈ પ્રશ્ન ઉકેલી નહીં શકાય. સૌ કોઈએ અરસપરસની સદ્‌ભાવના કેળવી પ્રશ્નોનો ઉકેલ કરવામાં બાંધછોડની નીતિ અપનાવવી જરૂરી છે. હિંસા કે ક્રૂરતા સમસ્યાઓ ઉકેલી શકે નહીં – હકીકતમાં તેના કારણે ગૂંચવણો વધતી જાય છે.

મણિપુરની જાતીય હિંસા આપણી ૭૭ વર્ષની આઝાદી બાદ આવેલો એક એવો પડકાર છે કે જેમાં આપણી સમક્ષ પ્રશ્નો એ છે કે આપણી લોકશાહી પુખ્ત બની છે? નાગરિકો તરીકે આપણે જવાબદાર બન્યા છીએ? આપસની વેરવૃત્તિ વિનાશકારી બની રહી છે ત્યારે શું કરવું? આ પ્રશ્નોને ઉકેલ એક જ છે. હિંસા છોડીને શાંત અને સ્વસ્થ ચિત્તે મંત્રણા થકી સમાધાનનો માર્ગ અપનાવવો.

આપણે આશા રાખીએ કે દેશના તમામ રાજકીય પક્ષો અને આગેવાનો કોઈ રાજકીય ઇરાદો વચ્ચે લાવ્યા વિના સંયુક્ત રીતે મણિપુરની પ્રજાને સમજાવશે, વિશ્વાસમાં લેશે તો સુખ-શાંતિના દરવાજાઓ અવશ્ય ખૂલશે. દેશના ભાગલા બાદ પૂર્વ ભારતની કોમી હિંસા રોકવા એકલપંડે ૭૭ વર્ષની જૈફ વયે એક લશ્કર ન કરી શકે તેવી શાંતિ સ્થાપનાર મહાત્માની નોઆખલી યાત્રાનું આજે સ્મરણ થાય છે. મહાત્માઓ તો હજારો વર્ષ બાદ જન્મે છે પણ તેના પગલે ચાલીએ તો દેશમાં ન્યાય, સમાનતા, સ્વતંત્રતા અને ભાઈચારાના બંધારણીય આદેશો સાકાર થાય તેમાં શંકાને સ્થાન નથી. મણિપુરની ઘટનાઓ - જાતીય હિંસા અને ક્રૂરતા રોકવા માટે આપણે સંકલ્પબદ્ધ થઈને ઉકેલ માટે કામ કરવા સિવાય અન્ય વિકલ્પ નથી.

*"વિશ્વવિહાર"ના સૌજન્યથી*

*સંબંધ બંધાય એ તમારા પ્રત્યેના વિશ્વાસનું કારણ છે,*
*સંબંધ ટકી રહે એ તમે આપેલ ભોગનું કારણ છે અને*
*સંબંધ વધુ મજબૂત બને એ તમે લીધેલ કાળજીનું પરિણામ છે.*

**Relitrade Stock Broking Pvt. Ltd.**

***SERVICES***

- Equity Trading
- Derivatives
- Commodities
- Mutual Funds
- Depository Services
- IPO
- Online Trading
- Margin Trading Fund
- SLBM

**Relitrade Stock Broking Pvt.**

'O' Block, Mondel Re:a'l ?ark, Nr. Rajpath Club,
S.G. Highway, Ahmedabad - 380 059.
**E-mail : wecare@relitrade.in**
**Contact : (079) 6819 9999**

# પ્રગતિ અને દુર્ગતિ સાથે સાથે ચાલે છે



ડૉ. કાંતિ ગોર 'કારણ'

હાલમાં એવું લાગે છે કે માણસનું જીવન વધુને વધુ મુશ્કેલીઓથી ઘેરાઈ ગયું છે. રોગ બીમારીઓ, યુદ્ધો, કુદરતી આફતો – આ બધું હાલમાં જ આવે છે. હાલમાં એનું પ્રમાણ વધ્યું છે. પણ એવું નથી.

માનવજાતના સર્જનના શરૂઆતના તબક્કે વસ્તી બહુ ઓછી હતી. સંપર્કના આધુનિક સાધનો ખાસ હતા નહીં. ક્યાંક કશુ બને તો તાત્કાલિક માહિતી મળતી ન હતી. કોઈ વિસ્તારમાં દુષ્કાળ પડે તો પણ એના ખબર જલ્દી અન્ય સ્થળે પહોંચતા નહોતા. અનાજ વગેરેની સહાય પહોંચતા વર્ષો લાગી જતા. હવે તો બહુ જ ઝડપથી મદદ પણ મળે છે. દુનિયાભરના લોકો મદદ માટે પહોંચી આવે છે. કચ્છના ભૂકંપ વખતનો આપણો આ અનુભવ છે. પણ હવે એમાં પણ એક નવું ભયસ્થાન ઉમેરાયું છે. હવે તો આવી જ ઝડપથી રોગ પણ ફેલાય છે. વિમાનો વગેરેની સહાયથી પરદેશમાં થયેલો કોઈ રોગ બે કલાકમાં આપણી પાસે પહોંચી આવે છે. આ ગતિ ઘાતક પણ છે અને સહાયરૂપ પણ છે.

માણસે શરૂઆતથી ખૂબ જ ઝડપી પ્રગતિ કરવાની શરૂઆત કરી છે. કોઈ જાતનો અવરોધ સહન કરવાની માણસની તૈયારી નથી. મહાનગરોમાં જઈએ તો કેટલી ઝડપથી બધું બદલાઈ ગયેલું જોવા મળે છે. દસ વર્ષ પર કોઈના ઘરે ગયા હોઈએ તો કદાચ આજુબાજુ મોટા પ્રમાણમાં ખાલી જગ્યા જોવા મળી હોય પણ હાલમાં ફરી જવાનું થાય તો કેટલાય નવા બાંધકામ થઈ ગયા હોય અને આપણે જ્યાં ગયા હોઈએ તે સ્થળ શોધવામાં પણ તકલીફ પડે એવી સ્થિતિ સર્જાય. સાંકડા રસ્તાઓ પરથી પસાર થયા હોઈએ ત્યાં મોટા મોટા પૂલ બની ગયેલા જોવા મળે છે. ઝુંપડપટ્ટી જોઈ હોય ત્યાં ભવ્ય ઇમારતો જોવા મળે છે. આ પરિવર્તનને વિકાસ કહેવામાં આવે છે. પણ આ વિકાસ છે?

આ વિકાસની પાછળ ક્યારેક દર્દ પણ છુપાયેલું હોય છે. કેટલાય બેઘર બની ગયેલા લોકોનું કથાનક પણ એમાં છુપાયેલું હોઈ શકે, તો કેટલાક ઝડપથી બની ગયેલા અમીરોની કહાનીઓ એમાં ડોકિયા કરતી હોય છે. જેમાં અમીરીના ધક્કાથી બરબાદ થયેલા લોકોના આંસુઓ પણ છુપાયેલા હોય છે. વિકાસનું આગમન એકલા આનંદ સાથે થતું નથી. વિકાસ તો પોતાની સાથે અનેક પ્રકારની બીમારીઓ, મુશ્કેલીઓ અને સમસ્યાઓ લઈને આવે છે.

એક સમય એવો હતો કે વરસાદનું પાણી વહી જાય એ માટે બનાવેલ કુદરતી વહેણ વરસાદના પાણીને દૂર સુધી લઈ જતા. હવે તો એ વહેણોને પૂરીને એના પર પણ મકાનો અને અન્ય બાંધકામો કરી દેવાય છે. પરિણામે જ્યારે મુશળધાર વરસાદ વરસે છે ત્યારે એ પાણી પણ બિચારું ગૂંચવાય છે, મૂંઝાય છે અને માર્ગ કાઢવા માટે તે લોકોના ઘરોમાં વગર આમંત્રણે, વણ બોલાવેલા મહેમાનની જેમ ઘૂસી આવે છે. એને બહાર કાઢવામાં બહુ તકલીફ પડે છે. આ ઘટના હવે સ્વાભાવિક બની ગઈ છે. કેટલાય શહેરોના અમુક વિસ્તારોના લોકો વરસાદ વધે એટલે રાતે જાગવાની માનસિક તૈયારી શરૂ કરી દે છે. પણ પાણી પણ શું કરે? બિલાડી જ્યારે કુતરાઓની વચ્ચે ઘેરાઈ જતી હોય છે ત્યારે આક્રમક બની જતી હોય છે, તો નિર્દોષ અને જીવનરક્ષક ગણાતું પાણી, જેને આપણે અમૃત કહીએ છીએ, એ એની ઇચ્છા હોય કે ન હોય, મૃત્યુનો પ્રોગ્રામ લઈને આવી જાય છે.

માણસ ઇચ્છે તો પ્રગતિ છે. એ માટેની એની કોશિશ હોય છે. પણ દરેક માણસને પોતાનો સ્વાર્થ હોય છે અને એ પોતાની સગવડ જુએ છે. એને પોતાનું મકાન બનાવ્યા પછી બીજી પરિસ્થિતિ કેવી સર્જાશે તેની ચિંતા હોતી નથી. વળી હવે તો સરકારી જમીન કે નધણિયાતી જમીન પર પણ વસાહતો બની જતી હોય છે. મત મેળવવા માટે, પોતાની મતિને ખોઈ બેઠેલા સ્વાર્થી રાજકીય આગેવાનો આ બાબતે આડા કાન કરે છે અને આ વસાહતો વધતી જાય છે. છેલ્લે થોડા વર્ષ પછી પરિસ્થિતિ એવી આવે છે કે આવા દબાણ દ્વારા ઊભી થયેલી નવી વસાહતો, જે હકીકતમાં તો શહેરની છાતી પર થયેલા ગુમડા જેવી હોય છે, જેના પર નસ્તર મૂકાવું જોઈએ ત્યાં નવી વ્યવસ્થા ઊભી કરી દેવામાં આવે છે. જરૂરિયાતવાળાને રહેઠાણ મળે તેમાં કંઈ ખોટું નથી, પણ આયોજન અને નીતિમત્તાને અભાવે અન્યાયપૂર્ણ અને અરાજકતાની પરિસ્થિતિ સર્જાય તે ઉચિત છે?

વિકાસ એટલે વિકસવું. ફૂલ વિકસે છે ત્યારે વધુ સુંદર થાય છે, સુગંધી બને છે. વિકસતું ફૂલ તો સત્યમ શિવમ અને સુંદરમ – આ ત્રણેયનું દર્શન કરાવે છે.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૯ ઉપર)

# કલાસંસ્કૃતિ વારસાના એક અંગનું મહત્ત્વનું દસ્તાવેજીકરણ



સંજય પી. ઠાકર

વૈવિધ્યસભર વિરાસતનો વારસો ધરાવતી ભાતીગળ ભોમકા કચ્છ, કલા સાંસ્કૃતિક ક્ષેત્રની અવનવી ધરોહર સાચવીને બેઠું છે. આ કલા સ્થાપત્યની ધરોહરમાં રજવાડી સ્થાપત્ય કિલ્લાઓનો સમાવેશ થાય છે. ગઢ-કોટ-કિલ્લા-દરબારગઢ એ ગત સમયની આન, બાન અને શાન લેખાતા હતા. અતીતના અડિખમ આરક્ષક, શિલ્પ-સ્થાપત્યના સ્મારક અને ગ્રામ ગૌરવગાથાના ગાયક કિલ્લાઓ ગામ કે નગરની મરજાદ હતી અને સંરક્ષણની જરૂરિયાત હતી. એક સમયે ગામ-શહેરને રક્ષા કવચ પૂરું પાડતા અને આજે ઇતિહાસનું અવગાહન કરાવતા ભવ્ય, ભાતીગળ અને રોનકદાર કોટ-કિલ્લા ભ્રમણભૂમિ કચ્છની અસ્ક્યામત છે. એના પુરાતન પાષાણો તવારીખના સાક્ષી છે તો શિલ્પ-સ્થાપત્યનો સમૃદ્ધ નજારો પેશ કરે છે.

ભૂમિદુર્ગ, જળદુર્ગ, ગિરિદુર્ગ અને ગવ્હરદુર્ગ એ ચાર પ્રકાર પૈકી કચ્છના કિલ્લા ભૂમિદુર્ગ, ગિરિદુર્ગ અને જળદુર્ગ એ ત્રણ પ્રકારના છે. બીજી રીતે જોઈએ તો જલ-સ્થલ એમ બંને પ્રકારના છે અને તેમાંય ડુંગરી (ગિરિ) કિલ્લાઓ ધ્યાનાકર્ષક બની રહ્યાં છે. વળી ઘણા નગરો-ગામોમાં, ગામ-ગઢ ઉપરાંત દરબારગઢની અલગ બાંધણી પણ જોવા મળે છે. આ કિલ્લાઓની પ્રાચીનતાનું પગેરું આપણને છેક સિંધુ સંસ્કૃતિના સમયમાં મળે છે! ભવ્ય ભૂતકાળના સાંસ્કૃતિક વારસાને તાદૃશ્ય કરતાં આસ્થાસ્થાનો, પાળિયા, કિલ્લાઓના પુરાતન પાષાણો તવારીખને તાજી કરે છે, તો શિલ્પ-સ્થાપત્યની સંપદાની સમૃદ્ધિની શાખ પૂરે છે.

અહીં નોંધવા જેવી હકીકત એ છે કે, સમગ્ર ગુજરાત રાજ્યમાં સૌથી વધુ કોટ-કિલ્લા ધીંગી ધરા કચ્છમાં જોવા મળે છે. સાંસ્કૃતિક ધરોહર સમા આ કોટ-કિલ્લા અનેક ઐતિહાસિક બનાવોના સાક્ષી છે. કચ્છના કિલ્લાઓની પ્રાચીનતાનું પગેરું છેક સિંધુ સંસ્કૃતિના સમય ઇ.સ. પૂર્વે ૨૦૦૦ સુધી લઈ જાય છે. સિંધુ સંસ્કૃતિના સમયથી જ કચ્છમાં કિલ્લાઓ અસ્તિત્વમાં હતા તેવી નિશાનીઓ, પુરાવશેષો વિશ્વ વિખ્યાત પુરાતન નગરી - આર્કિયોલોજિકલ સાઇટ ધોળાવીરા પાસેના ટીંબામાંથી મળે છે. અર્વાચીન કિલ્લાઓમાં અંજાર નગરનો કિલ્લો સૌથી જૂના કિલ્લા તરીકે સ્થાન ધરાવે છે તે ઇ.સ. ૧૭૧૯માં બંધાયો છે.

શ્રી પ્રમોદભાઈ જગન્નાથ જેઠી કચ્છના ઇતિહાસ લેખક, સંશોધક, કચ્છ ઇતિહાસ પરિષદના મંત્રી, આઇના મહેલ - ભુજના પૂર્વ પ્રબંધક અને ટુરિસ્ટ ગાઈડ તરીકે જાણીતા છે. તેમણે કચ્છ વિષયક અત્યાર સુધી ૧૬ જેટલા અભ્યાસપૂર્ણ પુસ્તકો લખ્યા છે. એ ૧૬ પુસ્તકોમાં ચાર સંશોધનને લગતાં પુસ્તકો તેમણે આપ્યા છે. તેમાં કચ્છના પાળિયા અને શિલાલેખો, ભુજ નગર, કચ્છના ઐતિહાસિક લેખો અને તાજેતરમાં પ્રગટ થયેલ પુસ્તક કચ્છના કિલ્લાઓ વિશે છે. 'કચ્છ, કચ્છી અને કલા' પુસ્તક તો ગુજરાતી ઉપરાંત હિંદી, અંગ્રેજી અને ફ્રેન્ચ ભાષામાં પ્રગટ થયું છે. 'સંસ્કૃતિ દર્શન ભુજ' ગુજરાતી સાથે અંગ્રેજીમાં પણ પ્રકાશિત થયું છે. કચ્છ ગાઈડ પણ એમનું અંગ્રેજી પુસ્તક છે. એમના રસનો વિષય કલાસાંસ્કૃતિક વારસાને લગતો છે. તેઓ સતત ભ્રમણ કરતાં રહે છે અને જાત મુલાકાત પછી લેખનને ઘાટ આપે છે. પ્રસ્તુત પુસ્તક 'કચ્છના કિલ્લાઓ : ભાગ-૧' આપણને અતીતની અટારીએ ઊભા કરી દે છે. એમણે જોયેલા, નોંધેલા અને અભ્યાસમાં લાવેલા કિલ્લાઓની વાતો રોમાંચ જગાવવા સાથે ગત જમાનાની કંઈ કેટલીયે બાબતોને ઉજાગર કરે છે.

પ્રમોદભાઈ સતત કચ્છ પ્રવાસ કરતા રહ્યાં છે અને ઇતિહાસપ્રેમીઓને મળતા રહ્યાં છે. તેમના ધ્યાનમાં આવેલા કચ્છના નાના-મોટા ૩૦૦ કોટ-કિલ્લા પૈકી આ પુસ્તકમાં ૬૫ જેટલા કિલ્લાઓની વાત એમણે કરી છે. બીજા ભાગમાં અન્ય કિલ્લાઓને આવરી લઈ પુસ્તક આપવાના છે. પ્રસ્તુત પહેલા ભાગના છ વિભાગોમાં એમણે મહત્ત્વના કિલ્લાઓની રસપ્રદ માહિતી રજૂ કરી છે. એ છ વિભાગોમાં સિંધુ સંસ્કૃતિના કિલ્લાઓ, ૯મી/૧૦મી સદીના કિલ્લાઓ, સત્તરમી સદીના કિલ્લાઓ, અઢારમી સદીના કિલ્લાઓ, કચ્છના ધાર્મિક સ્થાનોના કિલ્લાઓ અને પૂર્વ કચ્છ (વાગડ)માં આવેલા કિલ્લાઓનો સમાવેશ થાય છે. એમણે આ કિલ્લાઓની હકીકતો સ્થળ પર જઈને મેળવી છે અને નકશા તથા તસવીરો સાથે પેશ કરી છે તેથી તેનું મૂલ્ય અદકેરું છે. પીઢ અભ્યાસુ પ્રમોદભાઈ જે તે ગામના ગઢ-ગઢડીનો પરિચય આપવા સાથે તે ગામની તવારીખી બાબતોની નોંધ પણ રજૂ કરે છે. ગામના

ઠાકોર / ટીલાત અને તેના વંશજોની માહિતીને વણી લે છે અને ગામની અન્ય ઐતિહાસિક ધ્યાનાકર્ષક બાબતો પ્રત્યે ધ્યાન દોરે છે. આમ, કિલ્લાઓની પડછે આપણને જે તે વિસ્તાર અને ગામની ગાથા પણ જાણવા મળે છે.

પૂર્વ કચ્છના કિલ્લાઓની વિગતો રજૂ કરવા સાથે પ્રમોદભાઈ એક હકીકત તરફ આપણું ધ્યાન દોરે છે તે નોંધનીય છે. તેઓ લખે છે : "આ બધા કિલ્લાઓનું દસ્તાવેજીકરણ ઇ.સ. ૧૯૪૮ પછી તરત જ થયું હોત તો લગભગ કિલ્લાઓ અકબંધ જોવા મળત. સારા ફોટોગ્રાફ આવત. પરંતુ ખેર, જાગ્યા ત્યારથી સવાર. આજ મેં જોયું તે દસ વરસ પછી જોવા નહીં મળે. ઘણો જ ઝડપથી જમાનો બદલાય છે, લોકોની સમજ બદલાય છે. જે સમયના વહેણ સાથે ઐતિહાસિક ઇમારતો કાળક્રમે નાશ પામે છે. આજથી દસ વર્ષ બાદ ભારતમાં ઘણા ફેરફાર થઇ જશે. કચ્છમાં પણ બદલાવ આવી જશે. ઇન્ડસ્ટ્રીઝ આવી રહી છે, લોકો પ્રગતિ તરફ વળ્યા છે. ગામડાંઓમાં રસ્તાઓ, લાઈટ, પાણીની સુવિધા, ધંધાનો વિકાસ ઝડપથી થઈ રહ્યો છે. ઐતિહાસિક વિરાસતની સંભાળ ભૂલાતી જાય છે. જો કે હવે ગઢ-કિલ્લાની જરૂરત-ઉપયોગીતા રહી નથી. ઈતિહાસનું જતન કરવાથી આપણા અતીતનું ગૌરવ જળવાઈ રહે એ વાત સમજી જતન કરવા કેટલા જણા તૈયાર થશે? આજે સ્વાર્થનો જમાનો છે. જમીનોના ભાવ વધી રહ્યા છે ત્યારે આ સમયમાં ગઢ-કિલ્લાની દીવાલો સાચવવી ઘણું જ અઘરું કામ છે."

પ્રમોદભાઈની આ વાત સાથે હર કોઈ કલાસંસ્કૃતિપ્રેમી સંમત થાય એ સ્વાભાવિક છે.

આજે ૭૧ વર્ષની ઉંમરે પ્રમોદભાઈ જેઠી ઇતિહાસ આલેખન અને સંશોધનમાં વ્યસ્ત રહે છે. કચ્છના કલા સ્થાપત્ય વારસાના સંરક્ષણ માટે ચિંતા સેવે છે. એમના અભ્યાસ પ્રવાસના પરિપાક સમા આ પુસ્તકને સાનંદ આવકાર આપવા સાથે તેમને અભિનંદન આપીએ. કચ્છના કિલ્લાઓ વિશે તેઓ બીજો ભાગ પણ વહેલી તકે આપણને ઉપલબ્ધ કરાવે એવી અભ્યર્થના છે. કચ્છના કલા સાંસ્કૃતિક વારસાને જીવંત કરી મહત્ત્વનું દસ્તાવેજીકરણ કરવા બદલ પ્રમોદભાઈ ધન્યવાદના અધિકારી બન્યા છે.

જય હિંદ. જય કચ્છ...!!

(*કચ્છના કિલ્લા*, લેખક : પ્રમોદ જેઠી, પ્રકાશક : શ્રીમતી નયનાબેન પી. જેઠી, પ્રથમ આવૃત્તિ : ૧૪ નવેમ્બર, ૨૦૨૨ ● પૃષ્ઠ : ૨૪૦ ● કિંમત : રૂા. ૩૦૦/- ● પ્રાપ્તિ સ્થાન : પ્રવાસી માહિતી કેન્દ્ર, દરબારગઢ, ભુજ (કચ્છ). મો. ૯૩૭૪૨ ૩૫૩૭૯)

*'ખિંકાર', પ્લોટ ૧૮૯-૧૯૦, આઈયા નગર, મુંદ્રા રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ● મો. ૯૪૨૮૮ ૧૯૪૫૩*

## પ્રગતિ અને દુર્ગતિ સાથે સાથે ચાલે છે

**(અનુસંધાન : પાના નં. – ૧૭ ઉપરથી ચાલુ)**

જે ઉન્નતિ સાથે અવનતિ સંકળાયેલી હોય તેને ઉન્નતિ કેમ કહી શકાય? વિકાસ સાથે ગંદકી વધતી હોય, જમણવાર પછી એંઠવાડ એમને એમ રહી જતો હોય તો એ ભોજનને આનંદ અને ઉત્સવ વધારનારું ભોજન ન કહી શકાય. ગંદવાડ આવકાર અને પ્રશંસાને પાત્ર ન હોઈ શકે.

ખૂબ ભણ્યા પછી અને અનેક સફળતા મળ્યા પછી વ્યક્તિને એવું લાગે કે પોતે મહાન છે અને બીજા બધા તો તદ્દન વામમા છે. પોતાની પાસે બધા નગણ્ય છે, તો એ એની પ્રગતિ સાથે એનામાં પ્રવેશેલી અધોગતિ છે.

કોઈ મોટા હોદ્દા પર આવ્યા પછી માણસ એના હાથ નીચે કામ કરતા કર્મચારીને ઉતરતા માનીને વર્તવા લાગે તો એ એની સિદ્ધિઓને લાગેલ એક પ્રકારની ઉધઈ છે, એ એક પ્રકારનો લાગેલો લૂણો છે, જે એને ખતમ કરી નાખે છે અને એના પતનનું કારણ બને છે.

માણસ વિવિધ આદતોથી ઘેરાયેલો હોય છે. દરેક માણસ પોતાની ટેવ કે આદતને ઉત્તમ માને છે. પછી એ આદતની વિરૂધ્ધમાં એ કોઈ દલીલને સ્વીકારવાની એની તૈયારી નહીં હોય. પછી ભલે શરાબનું સેવન કેમ ન હોય! આદતો ઉન્નતિને અટકાવે છે.

માણસ જરૂરિયાતો ઓછી કરીને જીવે, આપણા પછી પણ નવી પેઢી આવવાની છે. એને પણ પાણીથી માંડીને અનેક કુદરતી પદાર્થોની જરૂર પડવાની છે. તેથી સાચો વિકાસ બીજાનો વિચાર કરીને સંયમથી જીવવામાં જ રહેલો છે. કુદરત પણ અનેક પદાર્થોનું પરિવર્તન કરે છે જ્યારે માણસ બિનજરૂરી સંગ્રહખોરી કરે છે અને પ્લાસ્ટીક જેવી અનેક વસ્તુઓ બનાવે છે, જે કુદરતની પરિવર્તનની પ્રક્રિયાને ખોરવી નાખે છે. વિકાસથી માનસિક શાંતિ મળવી જોઈએ અને કોઈને સમસ્યા કે દુઃખ ન થવું જોઈએ.

*યઃ ઈર્ષુઃ પરવિત્તેષુ રૂપે વીર્યે કુલાન્વયે ।*
*સુખસૌભાગ્ય સત્કારે તસ્ય વ્યાધિરન્તકઃ ॥*

*(મહાભારત)*

જે બીજાઓના ધન, રૂપ, પરાક્રમ, કુલીનતા, સુખ, સૌભાગ્ય અને સન્માનની ઈર્ષ્યા કરે છે તેનો આ રોગ અસાધ્ય છે. ■

*માળાની તારીફ તો બધા કરે છે કેમ કે દરેકને મોતી દેખાય છે,*
*પરંતુ ખરેખર તો તારીફ દોરાની થવી જોઈએ કે જેણે બધાને જોડી રાખ્યા છે.*
***સંબંધનું પણ કંઈક આવું જ છે.***

# 'હું દયાપર છું'

જગદીશચંદ્ર છાયા

"હું દયાપર..." – દોઢસો વર્ષ અગાઉ ડાહ્યાબાપાએ વસાવેલું દયાપર બોલ્યું.

તા. ૧થી ૪ સપ્ટેમ્બર દરમિયાન ગામે સાર્ધ શતાબ્દિની શાનદાર ઉજવણી કરેલ હતી. એમાં શોભાયાત્રા, ગામના પ્રવેશદ્વારે તોરણવિધિ, સત્ય નારાયણ મંદિર શતાબ્દિ મહોત્સવમાં પાનમૂર્તિની પુનઃપ્રતિષ્ઠા અને ગામ વિશેની દસ્તાવેજી ફિલ્મ "હું દયાપર છું" દર્શાવવામાં આવેલ હતી. સાથે ઉમા ભવન અને અન્નપૂર્ણા ભવનનું વાસ્તુ પૂજન, સન્માન, લોકડાયરો, નાટક 'જયસિંહ રાઠોડ', ઇનામી ડ્રો સહિતના કાર્યક્રમો યોજાયેલ હતા. જેમાં સ્થાનિક ઉપરાંત કચ્છ બહાર વસતા પાટીદાર સમાજના પાંચેક હજાર લોકોએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.

*ગામ પ્રેમ....*

કોઈપણ વ્યક્તિને અચાનક પૂછવામાં આવે 'વિશ્વનું શ્રેષ્ઠ સ્થળ કયું?' તો ચોક્કસપણે એ એક ક્ષણનો વિલંબ કર્યા વિના એ 'પોતાના ગામનું નામ' બોલી ઉઠશે. જન્મભૂમિ પ્રત્યેની લાગણી દરેકમાં ઠાંસોઠાંસ ભરેલી હોય એ સ્વાભાવિક છે. કામધંધાર્થે કે કોઈપણ કારણસર બીજે રહેતી વ્યક્તિના હૃદયમાં 'વતન ભક્તિ' અખંડ હોય છે. દરેક ગામ પોતાનો આગવો ઈતિહાસ, ભૂગોળ, સમાજ જીવન, ખાસિયતો ધરાવે છે. આ બાબતોના જાણકારો, અભ્યાસુઓ ગામમાં હોય છે. તેઓ કર્ણોપકર્ણ વાતોને પેઢી દર પેઢી વહેતી રાખે છે પણ એને 'શબ્દદેહ' આપતા નથી. તેથી વહેતી વાતોમાં 'સરવાળા-બાદબાકી' થતા રહેતા હોઈ, મૂળ વાત સાચા અર્થમાં સચવાતી નથી. ત્યારે આવું 'ધૂળ ધોયું' ઉમદા કાર્ય આપણા ઘણા મિત્રો નિષ્ઠાથી, નિરપેક્ષ ભાવથી કરી રહ્યા છે. હું એમના આ કાર્યને વંદન સહ એક પ્રકારના ધાર્મિક કાર્યનો દરજ્જો આપું છું.

દયાપર કચ્છના લખપત તાલુકાનું સીમાવર્તી મુખ્ય મથક છે. રસલીયાથી આવેલા કડવા પાટીદાર ડાહ્યાબાપાએ ગામ વસાવ્યું. તેથી દયાપર કહેવાયું. એને દોઢસો વર્ષ થયા.

ગામ નામકરણનો અભ્યાસ કરતાં એક તારણ નીકળ્યું છે કે પર, પુર, નગર, પદર, વદર, મઠ, મુંઆડા, વાંઢ... પદાંત ગામ નામો વ્યક્તિનાં નામ આધારીત છે. એ વ્યક્તિ સામાન્ય હોય, રાજા-મહારાજા હોય કે પછી નેતા. આ મુદ્દો દયાપર નામકરણને સમર્થન આપે છે. દયાપર સ્થિત તા. ૨૦-૫-૧૯૨૩ના નિર્મિત શ્રી સત્યનારાયણ ભગવાનનું મંદિર અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું સૌથી પહેલું સનાતની મંદિર હોવાનું ગૌરવ ધરાવે છે. પ્રારંભે છબીની સેવા પૂજા થતી. પછી ગામના મુખ્ય ચોકમાં મંદિરનું ખાતમુહૂર્ત તા. ૧૩-૧૧-૧૯૨૮, સંવત ૧૯૮૫, કારતક સુદ એકમ નૂતન વર્ષના શુભ દિને થયું. મંદિર નિર્માણને સાડા છ મહિના જેટલો સમય લાગ્યો. ૨૦૦ કોરીના ખર્ચે, ચાર ઢાળ અને દેશી નળિયાવાળું સુંદર મંદિર તૈયાર થઈ ગયું. મંદિર માટે કરાંચીના કારીગરોએ અઢી ફૂટની આરસની મૂર્તિ નિર્મિત કરી. એ મૂર્તિ બંદર માર્ગે લખપત લાવી, ત્યાંથી એ પાટીદાર યુવાનો કાવડની ઝોળી દ્વારા, મૂર્તિને જમીન પર રાખ્યા વિના ખુલ્લા પગે પગપાળા ચાલતાં દયાપર લાવ્યા. પાટીદાર સમાજ દ્વારા મળેલ જાણકારી મુજબ મંદિરના ખાતમુહૂર્તથી બરાબર ૨૦૦મા દિવસે અર્થાત્ તા. ૩-૬-૧૯૨૯, સંવત ૧૯૮૫ વૈશાખ વદ અગિયારસ (અપરા અગિયારસ)ના પવિત્ર દિવસે વડીલ નારાણ રૈયા લીંબાણી અને માતુશ્રી જાનબાઈ નારાણ લીંબાણીના વરદ્ હસ્તે મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા થઇ અને કોઠારાના ભટ્ટ મુળજી વાલજી અને ભુજના પ્રાણજીવન શાસ્ત્રીએ શ્રી સત્યનારાયણ ભગવાનની પ્રાણપ્રતિષ્ઠાની શાસ્ત્રોક્ત વિધિ સંપન્ન કરી. પાટીદાર સમાજમાં સત્યનારાયણ ભગવાનની પ્રથમ પ્રાણ પ્રતિષ્ઠા ઉત્સવમાં સનાતની વડીલો દયાપર હાજર રહેલા.


મોટી વિરાણીના સર્વશ્રી નારાણ રામજી લીંબાણી, રામજી રાજા નાકરાણી, નારાણ શિવજી નાકરાણી, લધા વિશ્રામ અને રતનશી ખીમજી દિવાણી.

નખત્રાણાના સર્વશ્રી લખુ ડોસા પોકાર, પેથા ડોસા પોકાર, મુળજી ડોસા પોકાર અને દાના કરસન પાંચાણી તેમજ લુડવાના હરજી રામાણી.

દયાપર સાથે કમલાપતિ મહાદેવ પાસેના અનોખા કલ્પવૃક્ષને યાદ કર્યા વિના ન ચાલે. એમાં ભીમ અગિયારસ બાદ પહેલા ફૂલ અને પછી પાન આવે છે. આવા કલ્પવૃક્ષ સમગ્ર ભારતમાં બે જગ્યાએ છે. દયાપરમાં ઉપરાંત બીજું હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લાના ઉમાગૌરીના મંદિરમાં આવેલું છે. એમાં વર્ષમાં માંડ એકાદ વખત જ ફુલ આવે છે અને એ વરસે સારો વરસાદ પડે છે એવી લોકમાન્યતા છે.

ઈશ્વરની દયાપર પર સદા દયા વરસતી રહો એવી શુભેચ્છા.

# જૈન દર્શન શાસ્ત્રમાં યોગ



યોગસાધક કિરણ ચાંપાનેરી

ભારતીય સંસ્કૃતિ જીવનના અંતિમ, ચરમ લક્ષ્ય તરીકે મુક્તિ, મોક્ષને સ્વીકારે છે. મોક્ષ પ્રાપ્તિ માટે સાધન છે યોગ, યોગસાધના અને યોગઅભ્યાસ. ભારતીય ધર્મ દર્શનોમાં અવલોકન કરતાં સ્પષ્ટપણે જાણવા મળે છે કે યોગપ્રણાલી હજારો વર્ષોથી આપણાં જીવન વ્યવહાર સાથે વણાયેલી સાધના પદ્ધતિ રહી છે. યોગ સાધનામાં અનેક આચાર, ધ્યાન અને તપનો સમાવેશ કરવામાં આવ્યો છે પણ આ બધાનું મુળભૂત લક્ષ્ય તો આત્માનો પૂર્ણવિકાસ કરવાનો છે. આત્મવિકાસની યાત્રામાં કષાયો, મનોવિકારોને જડમૂળમાંથી દૂર કરવા જરૂરી છે.

યોગ શબ્દ સંસ્કૃત ધાતુ 'યુજ્' પરથી બન્યો છે. યોગ એટલે જોડાવું કે સંયોજિત કરવું. અને બીજો અર્થ થાય છે મનની સ્થિરતા, સમાધિ. મનની સ્થિરતા એટલે વિચાર વમળોમાંથી મુક્ત મનની અવસ્થા, મનની શાંત દશા. મન શાંત થતાં આત્મસ્વરૂપની ઓળખ થાય છે, આત્મસ્વરૂપની ઝાંખી થાય છે. આત્મસ્વરૂપનાં દર્શન કરતાં કરતાં પરમાત્મ સ્વરૂપના દર્શન સુધીની પરમાનંદની સફર એટલે યોગ!

ભારતીય ધર્મ દર્શનોમાં યોગનો સ્વીકાર કયા કયા ધ્યેયથી કરવામાં આવેલ છે તે જોઈએ તો, ગીતાજીમાં 'યોગઃ કર્મશુ કૌશલમ્' એટલે કે 'કર્મ કરવાની કુશળતાને યોગ' કહ્યો છે. પતંજલિના યોગદર્શનમાં ચિત્તવૃત્તિ નિરોધને, બૌધ્ધ દર્શનમાં બોધિસત્ત્વની પ્રાપ્તિને યોગ તરીકે ઓળખવામાં આવે છે.

યોગવિદ્યા દરેક ધર્મ અને દર્શન શાસ્ત્રોમાં સ્વીકારાઈ છે. યોગ આધ્યાત્મિક સાધના છે. યોગસાધના દરેક માણસ નાતજાતના ભેદભાવ વગર કરી શકે છે. યોગ કોઈ ધર્મ કે સંપ્રદાય નથી. યોગ તો જીવનધર્મ છે. યોગ તો જીવન જીવવાની સાચી કળા છે. યોગદર્શન લેખમાળાના પ્રારંભે આપણે ભારતીય દર્શન શાસ્ત્રોમાં યોગવિદ્યા લેખમાં વેદ, ઉપનિષદ, મહાભારત, શ્રીમદ્ ભગવદ્ ગીતામાં યોગ અને યોગવિદ્યા અંગેની વાત કરી. દર્શનશાસ્ત્રો જીવ, જગત અને ઈશ્વર સંબંધિત માર્ગદર્શન આપે છે. વિવિધ દર્શનશાસ્ત્રોની માર્ગદર્શન કરવાની પદ્ધતિ કે માર્ગ ભલે અલગ અલગ હોય પણ દરેકનું અંતિમ ધ્યેય, લક્ષ્ય તો પરમ શાંતિ, પરમાનંદની અનુભૂતિ અને મોક્ષ જ છે.

યોગને આત્માના ઉત્તરોત્તર ક્રમિક વિકાસ સાધવાના સાધન તરીકે સ્વીકારવામાં આવ્યો છે. ભારતીય દર્શનશાસ્ત્રોમાં યોગને જુદા જુદા નામ અપાયા છે. યોગદર્શન કૈવલ્ય કહે છે તો બૌધ્ધદર્શન તેને નિર્વાણની સંજ્ઞા આપે છે તો જૈન દર્શન એને મોક્ષ કહે છે. આ રીતે ધર્મ-દર્શનોના માર્ગ ભલે જુદા જુદા હોવા છતાં બધાના પહોંચવાનું ધ્યેય તો એક જ છે અને તે છે મોક્ષ, મુક્તિ...

હવે આપણે જૈન દર્શનમાં 'યોગ' અંગે વિસ્તૃત અપાયેલ સમજની વાત કરીએ...

જૈન દર્શનમાં તત્ત્વોનું વિભાજન નવ પદાર્થોમાં કરવામાં આવેલ છે. જેમાં જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. સંવર એટલે અટકાવવું. કર્મ બંધાતા અટકાવવા. જૈન ધર્મ દર્શનમાં મન, વચન અને કાયાની ક્રિયાઓના નિરોધને સંવર કહે છે. સંવર એ જ યોગ છે.

જૈન આગમ સાહિત્યમાં યોગ અને યોગ અભ્યાસ અંગે ખૂબ જ વિસ્તૃત છણાવટ કરવામાં આવી છે. વિક્રમની આઠમી સદીમાં આચાર્ય હરિભદ્રસૂરિજીએ ધર્મબિંદુ, યોગબિંદુ, યોગદૃષ્ટિ સમુચ્ચય, યોગશતક, યોગવિંશિકા અને ષોડશક ગ્રંથોમાં યોગનો પરિચય કરાવ્યો છે. યોગવિંશિકામાં આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીએ કહ્યું છે, "મોક્ખેણ જોયણાઓ જોગો." એટલે કે 'યોગ મોક્ષને મેળવી આપનાર છે – મોક્ષ સાથે આત્માને જોડનાર છે.'

'અભિધાન ચિંતામણિ'માં આચાર્યશ્રી હેમચંદ્રસૂરિજીએ યોગની પરિભાષા કરતાં કહ્યું છે, "મોક્ષેણ યો યોગો જ્ઞાનશ્રદ્ધાનચરણાત્મકઃ" અર્થાત્ "મોક્ષના ઉપાયરૂપ યોગ જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્ર સ્વરૂપ છે." 'યોગલક્ષણ દ્વાત્રિંશિકા'માં ઉપાધ્યાયશ્રી યશોવિજયજીએ કહ્યું છે, "મોક્ષેણ યોજનાદેવં હ્યત્ર નિરૂચ્યતે." એટલે કે "આત્માને મોક્ષ સાથે જોડનાર હોવાથી યોગ કહેવાય છે."

યોગબિંદુ ગ્રંથમાં યોગનું માહાત્મ્ય સમજાવતા આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી કહે છે :

***યોગઃ કલ્પતરુ શ્રેષ્ઠો યોગશ્ચિન્તામણિઃ પરઃ,***
***યોગઃ પ્રધાનં ધર્માણાં, યોગઃ સિદ્ધેઃ સ્વયંગ્રહઃ***

*(યોગબિંદુ, શ્લોક-૩૬)*

***અર્થાત્ :*** આ યોગ શ્રેષ્ઠ કલ્પવૃક્ષ છે. એટલે કે બીજાં

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૪ ઉપર)**

# દુલેરાય કારાણીજીએ કચ્છી સંસ્કૃતિ અને વિશિષ્ટતાનો જગતને પરિચય કરાવ્યો



નરેશ અંતાણી

*કચ્છી ભાષાના સિધ્ધહસ્ત કવિ, લેખક, કચ્છના ઈતિહાસની વાતો, વાર્તાઓ, લોકસાહિત્ય, કાવ્યો વગેરેનો અઢળક ખજાનો સાહિત્ય જગતને આપનારા કેળવણીકાર કારાણી માત્ર કચ્છના જ નહીં પણ સોનગઢ આશ્રમના પણ કારાણી બાપા હતા. કચ્છ રાજ્યના કેળવણી નિરીક્ષક તરીકે સમગ્ર કચ્છ ખૂંદી પાળિયાઓને બોલતા કર્યા હોય એમ કચ્છની ઈતિહાસ કથાઓનું આલેખન કર્યું. કચ્છના ગામડે ગામડે અને ઘેર ઘેર રહેલી લોકવાર્તાઓ એકઠી કરી, તેને શબ્દદેહ આપી ધરબાઈ રહેલાં કચ્છના લોકસાહિત્યને પણ તેમણે વાચા આપી.*

સોનગઢ રત્નાશ્રમે સમાજને અનેક આદર્શ વ્યક્તિત્વની ભેટ આપી છે. આદર્શ ગુરૂજનો, વ્યવસ્થાપક કે ગૃહપતિ – આવા કેટલાય વ્યક્તિઓએ આશ્રમનું નામ ઉજમાળ્યું છે. આવા અનેક પૈકી દુલેરાય કારાણી પણ એક હતા. કચ્છના લોકસાહિત્યકાર દુલેરાય કારાણીએ કચ્છ રાજ્યના કેળવણી નિરીક્ષક તરીકેની ફરજ પૂર્ણ કર્યા પછી અઢી દાયકા સુધી રત્નાશ્રમના અધિક્ષક તરીકે રહી અહીંના વિદ્યાર્થીઓમાં સારી ચાહના મેળવી હતી. એમનું કેટલુંય સાહિત્ય અહીં રહીને એમણે લખ્યું છે. કારાણી બાપા મુનિ કલ્યાણચંદ્રજીના ગાઢ સ્નેહી મિત્ર હતા. બેઉ જણા વચ્ચે રાતોની રાતો કચ્છના લોક સાહિત્યની વાતો થતી. ભારતની આઝાદી સાથે જ કારાણી કચ્છ રાજ્યના કેળવણી નિરીક્ષક તરીકે નિવૃત્ત થયા એ પછી ઈ.સ. ૧૯૪૯ના વર્ષમાં મુનિ કલ્યાણચંદ્રજીએ એમને સોનગઢ બોલાવી લીધા અને રત્નાશ્રમમાં અધિક્ષક તરીકે નિમણુંક આપી. કવિ, લેખક, કચ્છના ઈતિહાસની વાતો, વાર્તાઓ, લોકસાહિત્ય, કાવ્યો વગેરેનો અઢળક ખજાનો સાહિત્ય જગતને આપનારા કેળવણીકાર કારાણી માત્ર કચ્છના જ નહીં પણ સોનગઢ આશ્રમના પણ કારાણી બાપા હતા. એમના જીવનમાં ડોકિયું કરવાની સાથે આશ્રમ સાથેના એમના ગાઢ સંબંધો અને આશ્રમને એમણે આપેલા પ્રદાનની વાત કરવાનો ઉપક્રમ આવી રહેલા શિક્ષક દિનના પર્વે સર્જાયો છે.



દુલેરાય કારાણીજી

સ્વભાવે વિનોદી અને લોકસાહિત્યના વિદ્વાન સંશોધક કારાણી ૨૬મી ફેબ્રુઆરી, ૧૮૯૬માં કચ્છના મુંદ્રા નગરમાં જન્મ્યા. મુંદ્રાની દરબારી શાળામાં જ દસમા ધોરણ સુધી અભ્યાસ કરી નગરની જ પ્રાથમિક શાળામાં નેવું કોરીના પગારથી શિક્ષકની નોકરી સ્વીકારી. સાથે સાથે મનમાં સાહિત્યના જીવે સળવળાટ કરવાનું શરૂ કરતાં સાહિત્યના ગ્રંથોનું વાંચન શરૂ કર્યું. એ સમયે યોજાતી રાત્રિ શાળામાં જઈને ઉર્દુ, હિંદી, અંગ્રેજી, વ્રજ, ફારસી વગેરે ભાષાનો અભ્યાસ શરૂ કર્યો.

સતત અભ્યાસ અને વાંચને તેમનામાં રહેલા સાહિત્યના જીવને જાગૃત કર્યો અને એમની કલમ ચાલવા લાગી. કારાણીના અંતરમાંથી કાવ્ય ઝરણું કલકલ કરતું દોડવા લાગ્યું તો સર્જક પ્રતિભા પણ ઉજાગર થઈ અને કાવ્ય, નવલકથા, નવલિકા, નાટક, વિવેચન, ઈતિહાસ, અનુવાદ અને લોકસાહિત્યના વિવિધ ક્ષેત્રોના ખેડાણ શરૂ થયા અને 'કચ્છના રસ ઝરણા'માંથી આરંભાયેલી શબ્દયાત્રા અવિરત ચાલુ રહી.

કારાણીએ સાહિત્ય જગતને અઢળક કચ્છી-ગુજરાતી કાવ્યો, કચ્છી સંઘર, બાવનીઓ, નાટક, વ્યક્તિ વિશેષ પરિચય, લોકકથાઓ અને ઈતિહાસ લેખન એ પ્રકારનું અઢળક સાહિત્ય પીરસ્યું છે. એમના મુખ્ય ગ્રંથો કચ્છની રસધાર, કચ્છ કલાધર, કચ્છી સંતો અને કવિઓ, કચ્છી લોકસાહિત્ય ને ઈતિહાસ સૌથી વધુ વંચાયા છે.

કારાણીની સાહિત્ય જગતની સેવાની સુવાસ કચ્છના તત્કાલીન મહારાવ મદનસિંહજી સુધી પહોંચતા તેમણે કારાણીજીને સીધા ભુજ બોલાવી લીધા અને શિક્ષકમાંથી કચ્છ

રાજ્યના કેળવણી ખાતામાં મદદનીશ નિરીક્ષક તરીકે નિમણુંક આપી અને કચ્છના શિક્ષણ જગતની મોટી જવાબદારી સોંપી. આ નિમણુંકે તો કારાણીજીને 'દોડવું હતું અને ઢાળ મળ્યો' જેવો તાલ સર્જ્યો. આ વ્યવસાય અર્થે તેમણે કચ્છના ગામડે ગામડાં ખૂંદવા માંડ્યા. ઘોડા, ઊંટ, બળદગાડું તો ક્યારેક પગપાળા એમણે આખુંય કચ્છ ખૂંદી લીધું. આ પ્રવાસ દરમિયાન કચ્છના શિક્ષણના કામની સાથે સાથે એમણે પાળિયાઓનાં વાંચન કર્યું અને આ પાળિયાઓને જાણે બોલતા કર્યા હોય એમ કચ્છની ઈતિહાસ કથાઓનું આલેખન કર્યું. કચ્છના ગામડે ગામડે, ઘેરઘેર રહેલી લોકવાર્તાઓ એકઠી કરી તેને શબ્દદેહ આપી ધરબાઈ રહેલાં કચ્છના લોક સાહિત્યને પણ તેમણે વાચા આપી.

એ સમયગાળામાં પ્રો. એલ.એફ. રશબ્રુકે 'બ્લેક હિલ્સ ઑફ કચ્છ' નામક અંગ્રેજી ગ્રંથનું આલેખન કર્યું. આ ગ્રંથનું ગુજરાતી ભાષાંતર 'પટ્ટણી માસ્તર' તરીકે જાણીતા વસંતરાય પટ્ટણીએ કર્યું અને તેનું સંપાદન કારાણીજીએ કર્યું હતું. રશબ્રુક વિલિયમ્સ કારાણીને કર્નલ જેમ્સ ટોડ સાથે સરખાવતા કહેતા કે, 'જેમ ટોડે રાજસ્થાનના ઈતિહાસ અને પુરાણોનો વિશ્વને પરિચય કરાવ્યો તેમ કારાણીજીએ કચ્છી સંસ્કૃતિ અને વિશિષ્ટતાનો જગતને પરિચય કરાવી કચ્છી સંસ્કૃતિ અને પ્રણાલિકાનો ભારતીય જીવનશૈલીના વારસા સાથે સંબંધ પ્રસ્થાપિત કરી પોતાની વિદ્વતા અને કાવ્યશક્તિનો વિનિયોગ કર્યો છે.'

સાહિત્ય અને લોકસાહિત્યના મર્મી કારાણીજી અચ્છા બંસરીવાદક પણ હતા એની બહુ ઓછાને જાણ છે તો શતરંજના પણ જબરા શોખીન હતા.

સ્વભાવ રમુજી એવા કારાણીજી કોઈ એમને મળવામાં મોડું કરે તો રમુજમાં કહેતાય ખરા :

*'છોબંધ ભીંતજી છાંયમેં*
*સૌ કો વેંતાં;*
*પણ ડાયોમાડુ છણધલ,*
*ભીંતનું છેટે રેંતા.'*

(***અર્થાત્ :*** ઊભેલી દિવાલના છાંયે સૌ કોઈ બેસે છે પણ પડું પડું થતી દિવાલના છાંયે ડાહ્યા માણસો બેસતા નથી.)

- **ઋજુ હૃદયના કારાણી :**

ઈ.સ. ૧૯૪૦ના અરસામાં કચ્છમાં પડેલા ભીષણ દુષ્કાળે કારાણીજીના અંતરને વલોવી નાખ્યું અને ઋજુ હૃદયના કારાણી તથા તેમના પત્ની સોનલબાએ દુષ્કાળના એ વરસ દરમિયાન દૂધ, ઘી, દહીં અને માખણનો ત્યાગ કર્યો. એટલું જ નહીં એ વર્ષ દરમિયાન કારાણીએ કોઈ માન સન્માન પણ ન સ્વીકાર્યા.

માથે બાંધણી ભાતની કચ્છી પાઘડી, લાંબો કોટ અને મલમલનું ધોતીયું એ એમનો પહેરવેશ. એ લેબાશ પરિધાન કરીને તેઓ પહાડી અવાજે કચ્છી લોકવાર્તાઓ, કચ્છી હાસ્યકથાઓ અને સ્વરચિત કચ્છી અને ગુજરાતી કાવ્યો અને સંઘર લલકારતા હોય ત્યારે હજારોની મેદની એમને સાંભળ્યા જ કરતી.

- **કચ્છના કેળવણી નિરીક્ષક કારાણી સોનગઢ આશ્રમના અધિક્ષક બન્યા :**

કચ્છ રાજ્યના કેળવણી નિરીક્ષક તરીકે સમગ્ર કચ્છ ખૂંદી પાળિયાઓને બોલતા કર્યા હોય એમ કચ્છની ઈતિહાસ કથાઓનું આલેખન કરનારા, કચ્છના ગામડે ગામડે અને ઘેરઘેર રહેલી લોકવાર્તાઓ એકઠી કરી તેને શબ્દદેહ આપી ધરબાઈ રહેલા કચ્છના લોકસાહિત્યને પણ વાચા આપનારા કચ્છી ભાષાના સિધ્ધહસ્ત કવિ, લેખક, કચ્છના ઈતિહાસની વાતો, વાર્તાઓ, લોકસાહિત્ય, કાવ્યો વગેરેનો અઢળક ખજાનો સાહિત્ય જગતને આપનારા કેળવણીકાર દુલેરાય કારાણી માત્ર કચ્છના જ નહીં પણ સોનગઢ આશ્રમના પણ કારાણી બાપા હતા.

સોનગઢ રત્નાશ્રમે સમાજને અનેક આદર્શ વ્યક્તિત્વની ભેટ આપી છે. આદર્શ ગુરૂજનો, વ્યવસ્થાપક કે ગૃહપતિ — આવા કેટલાય વ્યક્તિઓએ આશ્રમનું નામ ઉજમાળ્યું છે. આવી અનેક વિભૂતિઓ પૈકીના દુલેરાય કારાણી સોનગઢને કઈ રીતે મળ્યા તેની વાત દુલેરાય કારાણીએ જાતે જ લખી છે એમ મુનિ કલ્યાણચંદ્રજીએ પણ પોતાના પુસ્તક 'મારા સાધુ જીવનના સંસ્મરણો'માં આલેખી છે.

ઈ.સ. ૧૯૨૦ની આસપાસ મુનિ કલ્યાણચંદ્રજી કચ્છમાં હતા. એ સમયે તેઓ મુંદ્રા હતા ત્યારે કારાણીજીના મિત્ર હાથીરામભાઈએ એક સાહિત્ય પ્રેમી જૈન મુનિ મુંદ્રા આવ્યા હોવાના સમાચાર તેમને આપ્યા. આથી એમના દર્શન કરવા સ્થાનકમાં ચાલવા જણાવતાં કારામી તરત તૈયાર થયા અને પોતાનું કેટલુંક સાહિત્ય ઝોળીમાં નાખી હાથીરામભાઈ સાથે સ્થાનકે પહોંચી ગયા. મહારાજશ્રીએ એમને આવકાર આપી આપસમાં પરિચય થયો. એ પછી કચ્છી સાહિત્યની વાતોમાં બંને ગુંથાઈ ગયા. આમ, પહેલીવારનો પરિચય પછી તો શાશ્વત બની ગયો. કારાણીએ પોતાની પહેલી જ કવિતા ઝારાનું મેદાન મુનિજી પાસે રજૂ કરી.

***ધમ ધમ! ધરણીનો પટ ધ્રુજે, કાળેકાળ ધ્રુજે વિકરાળ,***
***શેષનાગ પર સૃષ્ટિ ધ્રુજે, ધ્રુજે દિશા તણા દિકપાળ,***
***પચ્છમ ધરાનો પલટાયો રંગ!***
***ઝારાનું મયદાને જંગ!***

આમ, આખી કવિતા સાંભળીને મુનિ મહારાજ પોતાની જગ્યાએથી ઉભા થઈ ગયા અને કારાણીજીને રીતસર ભેટી પડ્યા.

કારાણીજી લખે છે કે, બસ, એ દિવસ પછી કલ્યાણચંદ્રજી મહારાજ મારા મનમાં વજ્રલેપ થઈ ગયા અને હું એમના મનમાં જડાઈ ગયો.

એ પ્રથમ મુલાકાત પછી એમના વચ્ચે અવારનવાર મિલન મુલાકાતો જામવા લાગી. મુનિ વિહાર કરે ત્યારે પણ કારાણી સાથે જ હોય અને વાટમાં સાહિત્યની વાતો ચાલતી રહેતી.

મુનિજીના ચાતુર્માસ જ્યાં પણ હોય ત્યાં કારાણીજી દર રવિવારે પહોંચી જતા. પોતાની સંઘર રચનાઓ રજૂ કરે, રાત્રિના ગામલોકોને એકઠા કરી ડાયરો જમાવે. આમ, મુંદ્રા તાલુકાના લુણી, લાખાપર, બેરાજા વગેરે ગામોમાં જ્યાં મુનિ મહારાજ હોય ત્યાં કારાણી હાજર હોય જ! કલ્યાણચંદ્રજી મુંદ્રા હોય ત્યારે કારાણી દિવસે શાળાએ જતા. તેથી રાત્રિના એમની પાસે જતા અને દરરોજ નવી બનેલી રચના કારાણીજી એમને સંભળાવતા. આમ એમની મિત્રતા અતિ ગાઢ બનતી ગઈ.

કારાણીજીનું પ્રથમ પુસ્તક 'કચ્છના રસઝરણા' છપાવી પ્રસિદ્ધ કરવામાં કલ્યાણચંદ્રજીની પ્રેરણાથી મુનિ દેવચંદ્રજીએ કરી હતી. મુનિ દેવચંદ્રજી અને મુનિ કલ્યાણચંદ્રજી સમવયસ્ક હતા. બંનેએ અભ્યાસ પણ સાથે જ કર્યો હતો અને તેમની બંનેની દીક્ષા વચ્ચે પણ માત્ર છ માસનો ગાળો હતો. બંને સાથે પણ લાંબો સમય રહ્યા હતા. મુનિ દેવચંદ્રજીનો કાળધર્મ પણ સોનગઢ આશ્રમમાં જ થયો હતો. આમ, બંને ગાઢ મિત્ર હોઈ મુનિ કલ્યાણચંદ્રજીએ તેમને પ્રેરણા આપી અને કારાણીજીને તેમણે મદદ કરી; એ પછી તો કારાણીના અનેક પ્રકાશનો છપાવવામાં આર્થિક સહિતનો અનેક સહયોગ મુનિ કલ્યાણચંદ્રજીએ કર્યો હોવાનું કારાણીજી લખે છે.

આ દરમિયાન મુનિ કલ્યાણચંદ્રજી અને મુનિ ચારિત્રવિજયજીનો મેળાપ થતાં કલ્યાણચંદ્રજી સોનગઢ ગયા અને સોનગઢ આશ્રમની સ્થાપનામાં પરોવાયા. આથી રૂબરૂ મુલાકાતો ઓછી થઈ પણ પત્ર વ્યવહાર ચાલુ રહ્યો.

ઇ.સ. ૧૯૪૯માં કારાણીજી કચ્છના કેળવણી નિરીક્ષક તરીકે નિવૃત્ત થઈ પુત્રોની નોકરી સબબ અમદાવાદ સ્થાયી થયા. એ દરમિયાન કારાણીજી એકવાર સોનગઢ આશ્રમ કલ્યાણચંદ્રજીને મળવા ગયા. એ સમયે આશ્રમમાં કોઈ ગૃહપતિ નહોતા. આથી કલ્યાણચંદ્રજીએ કારાણીને આગ્રહ કરી આશ્રમના સુપ્રિન્ટેન્ડન્ટના સ્થાને બેસાડી દીધા. બસ, આમ કારાણીજી અને સોનગઢનો સંબંધ શરૂ થયો, જે લગભગ અઢી દાયકા સુધી ચાલ્યો.

કારાણીજીના સોનગઢ આવ્યા પછી મુનિ ચારિત્રવિજયજીએ શરૂ કરેલું અને એ સમયે બંધ પડેલું 'સમયધર્મ' સામાયિક સંભાળવાની જવાબદારી પણ મુનિ કલ્યાણચંદ્રજીએ દુલેરાય કારાણીને સોંપી, જે એમણે ૧૯૪૯થી લગાતાર ૧૯૬૦ સુધી સંભાળી હતી.

- **એક નિજાનંદી કવિ સફળ ગૃહપતિ કેવી રીતે બની શક્યા?**

કચ્છ રાજ્યના કેળવણી નિરીક્ષકમાંથી સોનગઢ રત્નાશ્રમના અધિક્ષક તરીકે પહોંચેલા કારાણીજીનું મોટાભાગનું સાહિત્ય સોનગઢમાં જ રચાયું હતું. અહીં તેમણે પચીસ વર્ષ સુધી કાર્ય કરી સોનગઢવાસીઓ તથા આશ્રમના વિદ્યાર્થીઓના મન જીતી લીધા હતા.

મુનિ કલ્યાણચંદ્રજીના સાંનિધ્યમાં એમણે સાહિત્યની અનેરી સેવા કરી હતી. એમના ગાઢ સહવાસ અને જૈન ધર્મની ઉદાત્ત ભાવના અને મહાનતાથી પ્રેરાઈને એમણે જૈન ધર્મનો સ્વીકાર કર્યો હતો. આ અંગે ભાવનગર જૈન સાપ્તાહિક પત્રના તા. ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૬૪ના અંકમાં લખવામાં આવેલી વિગત મુજબ કારાણીજીએ લાગલગાટ બાર વર્ષ સુધી આશ્રમના સામાયિક 'સમય ધર્મ'નું સંપાદન કર્યું. પરિણામે જૈન ધર્મનો ગાઢ પરિચય થયો અને વળી પર્યુષણના દિવસોમાં શ્રી કલ્પસુત્રનું ભાષાંતર વાંચી અને સંભળાવવાની જવાબદારી પણ આવી હતી. ત્યારે તેમણે જૈન પરંપરાનો સ્વીકાર કરતાં મુનિ કલ્યાણચંદ્રજીને જણાવ્યું હતું કે, 'કલ્પસુત્ર જેવો પવિત્ર ગ્રંથ વાંચવાનો જ્યાં સુધી હું જૈન સંપ્રદાયનો સ્વીકાર ન કરું ત્યાં સુધી મને અધિકાર નથી.' 'હું જૈન ધર્મનો અભ્યાસી છું અને જૈન સિદ્ધાંતોને હું જાણી અને સમજી શક્યો છું. આથી મારી જાતને હું ધન્ય માનું છું.'

સરસ્વતીના સાચા ઉપાસક એવા કારાણીજીના સંપર્કમાં સોનગઢ આશ્રમના સહવાસ દરમિયાન અનેક લોકો આવ્યા હતા.

સોનગઢ આશ્રમમાં કારાણીજી સાથે લાંબો સમય રહેલા મનહર દેસાઈ લખે છે કે, 'સોનગઢમાં માત્ર કારાણીસાહેબ સાથે મળવાનો જ નહીં પણ વર્ષો સુધી એમના સૌરભભર્યા સાંનિધ્યમાં રહેવાનો પણ લહાવો મળ્યો છે. સામાન્ય રીતે 'ગૃહપતિ' શબ્દ સાથે વિદ્યાર્થીઓની કટુ સ્મૃતિઓ જ સંકળાયેલી હોય છે. ગૃહપતિ એ એક નીરસ, કઠોર, શુષ્ક યંત્ર જે શક્તિથી ઉછળતા યૌવનને ચારેબાજુથી પાશ બાંધી નિયમનમાં રાખવા નિત્ય પ્રયત્નશીલ હોય છે. પરંતુ શ્રી કારાણીજીના નામ સાથેનાં કેટલાય મધુર સ્મરણો સ્મૃતિપટ પર આવે છે ત્યારે આ બધી બાબતો ઓગળી જતી જોવા મળે છે. એક નિજાનંદી કવિ, ગૃહપતિ કેવી રીતે હોઈ શકે? તેમનો પ્રભાવ ફુલની સુવાસની જેમ સર્વત્ર પ્રસરી રહેતો. આશ્રમમાં નવા આવેલા બાળકથી માંડીને પીઢ વિદ્યાર્થી સહિત તમામને તેમનો મોહ, સ્વભાવ સ્પર્શતો. કવિ એ નીતિશાસ્ત્ર ભણાવનાર રૂઢીગત શિક્ષક થોડા હતા? તેઓ નાના

મોટા સૌની વાતો સમભાવથી, સ્નેહથી અને સહાનુભૂતિપૂર્વક સાંભળે. અરે એવા સમભાવથી કે સ્નેહથી સાંભળે કે આવનાર વિદ્યાર્થી કોઈ બીજાની રાવ લઈ આવ્યો હોય તો તે ભૂલી જતો. તેમની પાસે નિરંતર હાસ્ય, વિનોદ અને આનંદ જ આનંદ હોય. તો વળી મદે ચડેલા વિદ્યાર્થીને પણ પોતાની આગઝરતી તીખી વાણીનો પરિચય પણ કરાવતા વાર ન કરતા અને બીજી જ પળે એ વિદ્યાર્થી માહેના લોઢાને ગાળી નાખે અને ફરી એ જ મીઠાશ અને મોહકતામાં એને મઢી લેતા.

સોનગઢમાં કારાણી વિના કલ્યાણચંદ્રજીને એક પળ પણ ન પાલવે. કલ્યાણચંદ્રજીની આસપાસ સવાર-સાંજ અઢારે આલમનો દરબાર ભરેલો હોય. અલકમલકની વાતો થતી હોય, આનંદ વિનોદના ફુવારા ઉડતા હોય. આ દરબારનું કારાણી એક મોંઘેરું રત્ન બની ગયા હતા અને એ કારણોને લીધે જ કારાણીજીના સોનગઢવાસ દરમિયાન આશ્રમ માત્ર બોર્ડિંગ હાઉસ ન બની રહેતા, ગગન ગુંજવતા પંખીના માળા સમાન બની રહેતો.

ખીમજીભાઈ વીરા કારાણી બાપાને માતા સરસ્વતીના સાચા ઉપાસક લેખાવતા લખે છે કે, 'દિવસભર આશ્રમની જવાબદારીમાં વ્યસ્ત કારાણી સાહેબ મોડી રાત અને વહેલી પરોઢે પોતાની સાહિત્ય ઉપાસના ચાલુ રાખતા. એમના ઘરની બહારથી એમના બંધ ખંડની બારીમાંથી આવતો આછો પ્રકાશ મેં મોડી રાત્રે કે વહેલી પરોઢે પાંચ વાગે પણ જોયો છે.' 'સોનગઢ આશ્રમના અધિક્ષક તરીકે કામ કરતાં કરતાં એમની સાહિત્યની વણથંભી કૂચ નવા જ સોપાનો સર કરતી અમે જોઈ છે ત્યારે એમના પ્રતિ ગૌરવની લાગણી થાય છે.'

રત્નાશ્રમના અધિક્ષક તરીકે કામ કરતાં કરતાં પણ પોતાની સાહિત્ય સાધનામાં મસ્ત કારાણીબાપાની આસપાસ અત્રતત્ર પડેલી ૧૫-૨૦ ડાયરીઓ કે નોટબુકો જુઓ તો જ એમણે નિજાનંદ ખાતર ઉપાડેલી કલમનો ખ્યાલ આવી શકે. એમણે આટલું વિપુલ સાહિત્ય આપણને આપ્યું છે એનાથી અનેકઘણું આ ડાયરી કે નોટબુકમાં ધરબાયેલું હશે એ જોઈએ ત્યારે એમની સાચી ઉપાસનાનો ખ્યાલ આવે!

કારાણીજીએ પોતાના જીવન દરમિયાન અઢળક સાહિત્ય સર્જન કર્યું. આ પૈકી મોટાભાગનું સર્જન સોનગઢની ભૂમિમાં રહીને કર્યું છે. સોનગઢમાં રહીને કરેલાં એમના સર્જનની યાદી મેળવી શકાઈ છે. તેના પર નજર કરીએ તો ૧૯૫૦થી ૧૯૭૨ સુધી એમણે રત્નાશ્રમમાં સર્જન કર્યું છે જેમાં કચ્છ કળાધર ભાગ-૧ તથા તેની બીજી આવૃત્તિ, કચ્છ કળાધર ભાગ-૨ તથા તેની બીજી આવૃત્તિ, દયાનંદ બાવની, કચ્છના સંતો અને કવિઓ ભાગ-૧, મેકણદાદા, કારાડુંગર કચ્છજા (સંપાદન), કચ્છના સંતો અને કવિઓ ભાગ-૨, મેકણદાદા, કચ્છનું લોક સાહિત્ય, લોક બાવની, કારાણી કુંજ ભાગ-૧, જામ ચનેસર, જામ રાવળ, કચ્છ કળાધર ભાગ ૧-૨ ત્રીજી આવૃત્તિ, જાડેજા વીર ખેંગાર (કચ્છી નાટક), કારાણી કાવ્ય કુંજ ભાગ-૪, કચ્છ કથામૃત, જગડુ દાતાર, જામ અબડો, ઝારેજો યુદ્ધ તમામ નાટકો, કલ્યાણ બાવની, કચ્છ પ્રદેશનું લોક સાહિત્ય.

ઈ.સ. ૧૯૬૪ના વર્ષમાં કારાણીજીના જીવનમાં મોટો આઘાત સહન કરવાનો આવ્યો. એમના ધર્મપત્ની સોનલબાનું અવસાન થયું. આ કારમો ઘા એમના હૃદયને સહન કરવાનો વારો આવ્યો. એ વખતે પત્નીની યાદમાં સોનલ બાવની કાવ્યની રચના કરી.

*સંવત વી બ હજાર ને, ભાદરવો ભેંકાર,*
*અંચી કરે ને ઓચંધી, વિજ પઈ વિકરાળ.*
*સુદ જી સાઈ બીજ ને, મંગલવાર સવાર,*
*સોનલ સંકેલે હલઈ, સોનેરી સંસાર.*

પત્નીના અવસાન પછી એમના બહોળા પરિવારે એમને અમદાવાદ પરત આવવા સમજાવ્યા પણ મુનિ કલ્યાણચંદ્રજી બાપાને છોડવાનો એમનો જીવ ન ચાલ્યો અને બાપાના છેલ્લા શ્વાસ સુધી એમની પાસે રહ્યા.

ઈ.સ. ૧૯૭૧માં મુનિ કલ્યાણચંદ્રજીના અવસાનનો કારમો ઘા એમનાથી ન જીરવાયો. એમના અવસાન સમયે પણ બાપાને અંજલિ આપતું કાવ્ય કલ્યાણ બાવનીની રચના કરી.

*સંવત વી એકઈ અને, પો મેણેજી ગાલ*
*હુમલો તાં અરધાંગ જો, કાળ થેઓ વિકરાળ,*
*સાવજ સોરઠ ધરાજો, કચ્છ જો કેસરી સીં,*
*પિંજરે મેં પુરાઈ વ્યો, કારી લગી ન કીં.*

કલ્યાણચંદ્રજીના અવસાન પછી સોનગઢમાં એમનો જીવ રહ્યો નહીં. સોનગઢ એમના માટે કડવું બની ગયું. આમ છતાં બાપાના સ્મારક સમાન આશ્રમની સેવા એ પછી બે-એક વર્ષ ચાલુ રાખી અને ૧૯૭૩ના નવેમ્બર માસમાં તેઓએ આશ્રમને અલવિદા કરી પરિવાર સાથે અમદાવાદ રહેવા આવી ગયા.

આમ, લાગલગાટ પચીસ વર્ષ આશ્રમને એમણે આપ્યા અને એક મોટી સેવાની ધૂણી ધખાવી હતી. આ પછી અમદાવાદમાં પણ બીજા પંદરેક વર્ષ સાહિત્ય ઉપાસના કરી તા. ૨૬-૦૨-૧૯૮૯ના એમણે વિદાય લીધી.

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક,*
*નાના યક્ષ મંદિર પાસે, ભુજ - માધાપર રીંગ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૨૨૦.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨, મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*

# ગૌરક્ષક સ્વ. ગીતાબેન રાંભિયા



શ્રીમતી ફાલ્ગુની હિરેન

*'અહિંસા પરમો ધર્મઃ' – હિંદુ ધર્મમાં અહિંસાને સૌથી મોટો ધર્મ કહેવાયો છે. જૈન ધર્મમાં અહિંસાનો ઉપદેશ આપતા કહેવાયું છે : 'કોઈપણ જીવિત પ્રાણીને, કોઈ પણ જંતુને, કોઈ પણ વસ્તુ કે જેમાં આત્મા છે; એને ના મારો, અનુચિત વ્યવહાર ન કરો, ન અપમાનિત કરો, ન કષ્ટ આપો અને ના હેરાન કરો...' જિન શાસનની આવી વિચારસરણીને વરેલા જૈન શ્રાવકોની નગરી ગણાતા અમદાવાદ શહેરમાં, અધિક પુરુષોત્તમ માસના સેવા-પૂજા તપશ્ચર્યાના ધાર્મિક દિવસો દરમિયાન, જીવદયાનું કામ કરતાં એક સન્નારીની ધોળે દિવસે હત્યા થઈ...*

*અબોલ જીવોની ગેરકાયદે થતી કતલ સામે દંડો ઉગામનાર, હજારો ગાય-વાછરડાં અને બીજા પ્રાણીઓને કસાઈઓના હાથમાંથી છોડાવી, સલામત સ્થળે પહોંચાડી, જીવતદાન આપનાર પ્રાણી મિત્રની, જીવ રક્ષા કરતાં કરતાં, કસાઈઓના હાથે જ કરપીણ હત્યા થઈ. ૨૭મી ઓગસ્ટ, ૧૯૯૩ના એ ગોઝારા દિવસે, અમદાવાદના આંબાવાડી જેવા ભરચક વિસ્તારમાં સરેઆમ જેમનો જીવ લેવાયો, એ ગૌરક્ષક હતા – શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય શ્રીમતી ગીતાબેન બચુભાઈ રાંભિયા. સ્વ. ગીતાબેનની શહાદતને ૩૦ વર્ષોના વહાણા વાઈ ગયા છે, ત્યારે એમની પ્રેરક જીવની વિશે જાણીએ...*

ગૌરક્ષક ગીતાબેનનો જન્મ ૩૦મી જૂન, ૧૯૫૭ના રોજ મધ્યપ્રદેશના જબલપુરમાં થયો હતો. ત્રણ વર્ષની નાની ઉંમરમાં જ માતાની છત્રછાયા ગુમાવી. તેમના સારા ઉછેર અને અભ્યાસ અર્થે, તેમને મામાને ત્યાં મુંબઈ ખાતે લઈ ગયા. મુંબઈની સેન્ટ ઝેવિયર્સમાં અભ્યાસ કર્યો અને ત્યાંની જ કૉલેજમાં એમ.એ.નો અભ્યાસ પૂરો કર્યો.



ગૌરક્ષક
સ્વ. ગીતાબેન રાંભિયા



સ્વ. બચુભાઈ રાંભિયા

ગીતાબેનને નાનપણથી જ અબોલજીવો પ્રત્યે વધુ પ્રેમ હતો. આ પ્રેમ કૉલેજકાળમાં લગનીમાં ફેરવાઈ ગયો. ત્યારથી જ તેમણે એક સંકલ્પ કર્યો કે, અબોલજીવો માટે કંઈક કરવું જોઈએ.

M.A. પાસ થયેલા ગીતાબેને ૨૦ વર્ષની ઉંમરે ૧૯૭૭માં માત્ર ૯ ધોરણ પાસ કચ્છના રામાણિયાના વતની બચુભાઈ રાંભિયા સાથે પ્રેમ લગ્ન કરી લીધાં. એ સમયે ક.વી.ઓ. સમાજમાં આંતરજ્ઞાતિય લગ્ન એ અસ્વીકાર્ય એવી મોટી ઘટના હતી. ગુજરાતી પણ નહીં બોલી જાણનારા ગીતાબેને, રૂઢીચુસ્ત જૈન પરિવારની બધી જ પરંપરાઓને અપનાવી લીધી. લગ્નના પહેલા જ વર્ષે પર્યુષણ પર્વમાં ૧૧ ઉપવાસ કર્યા. ગુજરાતી અને કચ્છી ભાષા પણ કડકડાટ બોલતા શીખી ગયાં. સવાયા ગુજરાતી જૈન બની ગયાં.

લગ્ન બાદ કામકાજની શોધમાં આ દંપતિ દેશભરમાં ફરતું રહ્યું પરંતુ કોઈ મેળ ખાધો નહીં. અંતે ધોળકામાં કલીકુંડ ટ્રસ્ટની જૈન ધર્મશાળામાં પહોંચ્યા. ત્યાં તેમના જીવનને નવી દિશા મળી. ૧૯૮૪માં અમદાવાદમાં અખિલ ભારતીય હિંસા નિવારણ સંઘ સાથે કામ શરૂ કર્યું. અબોલજીવોને ગેરકાયદે કતલખાને જતાં બચાવવાનું કામ નીડર ગીતાબેનને સોંપાયું અને જીવરક્ષાની તેમની સફર શરૂ થઈ. પહેલા જ મિશનમાં પાનકોર નાકેથી ૧૨ ગાયોને બચાવી શુભારંભ કર્યો. ત્યારબાદ એમણે ક્યારેય પાછા વળીને જોયું નહીં. માહિતી મળે એટલે તરત છાપો મારીને તેઓ પશુઓને છોડાવે. આ કામ માટે તેમને માનદ્ ઈન્સ્પેક્ટરનો હોદ્દો અપાયો. સરકારી ગેઝેટમાં પણ ઈન્સ્પેક્ટર તરીકે તેમની નોંધણી થઈ. જીવરક્ષાના કામને વધુ બળ મળ્યું. સાથે કામ કરનારાઓની ટીમ પણ બની.

અડધી રાત્રે હાઈવે પર ઢોર ભરીને જતી ટ્રકનો પીછો કરી તેને ઝડપી પાડતા.



આ કામ માટે મહિનામાં દસ-બાર રાતો તો તેઓ હાઈ-વે પર ગુજારતાં. ચા-બિસ્કીટ ખાઈને ચલાવતાં. ગેરકાયદે કતલખાનાની વિગતો મેળવવા ઘણીવાર વેશપલટો પણ કરતાં. રબારણ, મુસ્લિમ બાનુ કે દાઢી મૂછવાળા સરદાર પણ બનતાં. લક્ષ્ય માત્ર એક જ — મૂંગા પ્રાણીઓનો જીવ બચાવવો. કતલખાનેથી પશુઓને છોડાવવા જતી વખતે તેઓ હંટર સાથે રાખતાં. એટલે લોકો તેમને **'હંટરવાલી બાઈ'**ના નામે ઓળખતા. જો કે પછીથી તો આવા જોખમી કામમાં સ્વ-રક્ષણ માટે તેમને થોડા સમય માટે પિસ્તોલનું લાઈસન્સ પણ મળ્યું હતું.

છરાના એક ઝાટકે પશુને મારવામાં માહેર ખાટકીઓ પણ ગીતાબેનના નામે ફફડતા. અબોલ ચોપાંને મોતના મોંમાંથી છોડાવવાના કામને કારણે, કસાઈઓની આંખમાં તેઓ કણાની માફક ખૂંચતા. તેમને અવારનવાર ધમકીઓ અપાતી. ગીતાબેન, બચુભાઈ, કુટુંબીજનો અને તેમના કાર્યકર્તાઓ પર અનેકવાર હુમલાઓ પણ થયા. એમની નાનકડી દીકરી તોરલનું અપહરણ કરવાની પણ ધમકી મળી હતી. પરંતુ 'મર્દ' મહિલા ગીતાબેન ડર્યા નહીં, ડગ્યા નહીં. તેમણે તો નિર્દોષ જનાવરોના જીવ બચાવવાનું મિશન પૂરી નિષ્ઠાથી ચાલુ જ રાખ્યું. આ કામમાં તેઓ પોતાની જાતને પણ કોરાણે મૂકી દેતાં. ગર્ભાવસ્થા દરમિયાન પણ તેઓ રેડ પાડવા દોડી જતાં.

૧૯૮૯માં અબોલ જીવોને બચાવવા "એનિમલ લિબરેશન ફ્રન્ટ"ના માનદ્ ઈન્સ્પેક્ટર તરીકે નિમણુંક થઈ. જીવદયા અને અહિંસાના પ્રચાર-પ્રસાર માટે ૧૯૯૦માં ઉત્તર ભારત અને નેપાળના સાઈકલ પ્રવાસનું આયોજન કર્યું. ૭મી જૂન, ૧૯૯૧ના પૂર્ણ ગર્ભાવસ્થામાં તેમણે બહેરામપુરામાંથી ૨૧ વાછરડાંઓને બચાવ્યા અને તરત જ દવાખાનામાં સ્વસ્થ દીકરા ચૈતન્યને જન્મ આપ્યો. ૧૯૯૧માં અમદાવાદના મેયરે તેમને **'ઝાંસી કી રાની'**નો ખિતાબ આપ્યો. ૧૯૯૨માં તેમણે ગુજરાત હાઈકોર્ટમાં કેસ કરીને રખડતાં કૂતરાંને મારી નાખવા પર પ્રતિબંધ મૂકાવ્યો. ૧૯૯૨ની ૨૭મી એપ્રિલે ગાયો અને વાછરડાં ભરેલી ગુડ્સ ટ્રેન પકડી. ૧૯૯૨માં જ તેમણે એક એફીડેવિટ કરીને અમદાવાદમાં ૪૧ જગ્યાઓએ ચાલતા ગેરકાયદે કતલખાનાઓની માહિતી-વિગતો આપી હતી.

ગેરકાયદે ચાલતા માંસના ધંધામાં તગડી કમાણી થતી હોવાથી આ કામને અટકાવવાનું કામ અઘરું અને જોખમી હતું. તેમ છતાં ગીતાબેનની નીડર કામગીરીથી કેટલાય કતલખાના બંધ થયા. એમની કામગીરી માત્ર અમદાવાદ કે આસપાસના વિસ્તારો સુધી સીમિત ન હતી. તેઓ સૌરાષ્ટ્ર - કચ્છ સુધી પણ પેટ્રોલિંગ માટે જતા. નિર્દોષ ચોપગાંના જીવ બચાવવાના કામથી તેમણે અનેક ઘાતકીઓની દુશ્મની વહોરી લીધી. પ્રાણીપ્રેમના પ્રચારક મેનકા ગાંધી સાથે પણ તેઓ સતત સંપર્કમાં હતા. મેનકા ગાંધીએ ૧૯૯૦માં ગુજરાતના મુખ્યમંત્રી અને પોલીસ કમિશનરને પત્ર લખીને, ગીતાબેનને રક્ષણ પૂરું પાડવાની અરજ કરી હતી. ખુદ ગીતાબેને તા. ૮ ઓગસ્ટ, ૧૯૯૩ના હિંસા નિવારણ સંઘના કો-ચેરમેન શ્રી ચૈતન્ય શંભુ મહારાજને પત્ર લખીને પોતાને જાનનું જોખમ હોવા અંગે જણાવ્યું હતું. આખરે જે વાતનો અંદેશો હતો, એ જ થયું.

૧૪મી ઓગસ્ટે ગીતાબેને પશુઓને છોડાવવા કસાઈઓ મોહમ્મદ સલીમ અને જાવેદ ભૂરિયાને હંટરથી ફટકાર્યા હતા. કસાઈઓએ તેમના કામમાં આડખીલી બની ગયેલા ગીતાબેનને હંમેશ માટે ખતમ કરવાનું નક્કી કર્યું.

અંતે ૨૭મી ઓગસ્ટ, ૧૯૯૩ના રોજ આસ્ટોડિયા વિસ્તારમાંથી છ વાછરડાંને છોડાવી તેમને આંબાવાડી પાંજરાપોળમાં મૂકી પરત ફરતા હતા ત્યારે સી.એન. વિદ્યાલયની સામે ભરબજારે તેમની હત્યા થઈ.

મૂંગા જાનવરોની દરરોજ બેરહેમીથી કતલ કરનારા કસાઈઓએ છરાથી ગીતાબેન પર ઘા કર્યા. ઘાયલ ગીતાબેન અને ભયભીત સાથી કર્મચારી પાસે સ્વ-બચાવ માટે હંટર અને હોકી સ્ટીક જ હતા. હુમલાખોરોથી ભાગી છુટવા તેમની પાસે પોતીકું વાહન પણ ન હતું. ૧૮-૨૦ ઘા થી લોહીલુહાણ થયેલા શરીર સાથે પણ ગીતાબેન લડતા રહ્યા. આખરે હાથની ધોરી નસ કપાતા, તેઓ ત્યાં જ ઢળી પડ્યા. ભરબજારે ધોળા દિવસે આવો ખૂની ખેલ ખેલાતો જોઈ લોકો ભેગા થઈ ગયા. એટલે હત્યારાઓ ભાગ્યા. લોકો અને પસાર થતી પોલીસે ગુનેગારોને ઝડપ્યા. તે દરમિયાન ગીતાબેનના સહકર્મી હિતેશભાઈ ગંભીર રીતે ઘવાયેલા ગીતાબેનને લઈ રીક્ષામાં વી.એસ. હોસ્પિટલ તરફ ભાગ્યા. ત્યારે પણ તેમને મારી નાંખવા બીજા કસાઈઓએ

રીક્ષાનો પીછો કર્યો. રીક્ષા ચાલકે ટ્રાફિક સિગ્નલ તોડીને રીક્ષા હંકારી દીધી. સહકર્મીનો જીવ બચી ગયો પરંતુ ગીતાબેનની જીવનલીલા સંકેલાઈ ગઈ. અબોલ - અસહાય પશુઓને કસાઈવાડે જતાં અટકાવી, છોડાવી લાવનાર હંટરવાલી બાઈ — માત્ર ૩૨ વર્ષની વયે કિન્નાખોર કસાઈઓના છરાથી ક્રૂરતાપૂર્વક રહેંસાઈ ગયા.

૮-૯ વર્ષોની કામગીરી દરમિયાન દોઢેક લાખ જીવોને અભયદાન આપનાર ગીતાબેનની કરપીણ હત્યાના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા. ધર્મપ્રેમી જૈનો ઉપરાંત સામાન્ય પ્રજાજનોનો રોષ પણ ભભૂકી ઉઠ્યો. જીવહિંસા વિરૂધ્ધ જંગે ચડેલ સંસ્થાઓ ઉપરાંત ધાર્મિક, સામાજિક સંસ્થાઓના અગ્રણીઓ તથા રાજકીય નેતાઓ ગીતાબેનના નિવાસસ્થાને તેમના પાર્થિવ દેહને પુષ્પાંજલી અર્પણ કરવા પહોંચી ગયા. સ્મશાનગૃહે અંજલી આપવા શહેરના મેયર ડૉ. મુકુલ શાહ, તત્કાલીન ધારાસભ્યો શ્રી અશોક ભટ્ટ, હરેન પંડ્યા, ભૂપેન્દ્ર ખત્રી, રામસેવક સમિતિના પ્રવીણ તોગડિયા, વિવિધ જૈન સમાજો અને સંઘોના આગેવાનો, બજરંગ દળ અને આર.એસ.એસ.ના આગેવાનો સહિત અનેક ગણમાન્ય વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યા. એક વીર શહીદને છાજે તે રીતે તેમની સ્મશાનયાત્રા માટે તેમના પાર્થિવ દેહને ફૂલ-હારથી શણગારેલી ટ્રકમાં મૂકાયો. માંડવીની પોળથી નીકળેલી સ્મશાનયાત્રા સપ્તર્ષિના આરે જવા નીકળી ત્યારે હજારો લોકોએ અશ્રુભીની આંખે, અહિંસાની દેવીને અંજલી આપી અને તેમનો પાર્થિવ દેહ પંચમહાભૂતમાં વીલિન થઈ ગયો.

જીવદયા પ્રેમીની નિર્મમ હત્યાએ અમદાવાદના નગરજનોમાં અને સમગ્ર રાજ્યના પ્રજાજનોમાં પુણ્ય પ્રકોપ પ્રગટી ઉઠ્યો. ઠેરઠેર પ્રાર્થના સભાઓ યોજાઈ, મૌન રેલીઓ નીકળી. ગૌવંશ હત્યા પર પ્રતિબંધનો કાયદો બનાવવાની જોરદાર માંગણી થઈ. તાત્કાલિક આ કામ ન થાય તો ઉગ્ર આંદોલનની, જૈન મુનિ મહારાજો, સંઘ-સમાજો અને રાજકીય કાર્યકર્તાઓએ ચીમકી આપી. બંધના એલાનો અપાયા અને રાજ્યભરમાંથી એને સમર્થન અપાયું.

સ્વયંસેવકોની ટીમ સાથે ઘાતકીઓ વિરૂધ્ધ શાંતિયુધ્ધ, અહિંસા યુધ્ધ છેડનાર જીવદયા પ્રેમીની ક્રૂર હત્યાના કારણે સર્વત્ર શોક અને રોષ મિશ્રિત એક જબરદસ્ત વાતાવરણ સર્જાયું. પૈસાના પૂજારી ગણાતા અમદાવાદવાસીઓએ કોઈનીય ઉશ્કેરણી કે ધાકધમકી વગર નિ:સ્વાર્થ લોકલાગણીના શુદ્ધ પ્રવાહમાં ભળીને બીજા દિવસે દરેક કામ-ધંધા બંધ રાખ્યા. નાની મોટી દુકાનો, લારી-ગલ્લા, અનાજ અને કાપડની બજારો, શોપિંગ સેન્ટરો, સ્કૂલ-કૉલેજો, બેંકો, થિયેટરો બધું બંધ રહ્યું. અરે, શેરબજાર અને અદાલતો પણ કામકાજથી અળગા રહ્યા. માત્ર કરફ્યુના સમયે જોવા મળે, એવું સજ્જડ બંધ અમદાવાદે પાળ્યું. હિચકારી હત્યાના પડઘા રાજ્યમાં અન્યત્ર પણ પડ્યા. અમદાવાદ ઉપરાંત મહેસાણા, વિસનગર, વીરમગામ, પારડી, દહેગામ, ડીસા, પાલનપુર, તલોદ ઉપરાંત સૌરાષ્ટ્રમાં લીંબડી, રાણપુર, ધ્રાંગધ્રા, સુરેન્દ્રનગર, વઢવાણ, બોટાદ તથા સાણંદ, નડિયાદ, હિંમતનગર વગેરે સ્થળોએ પણ બંધ પળાયો. અમરેલી, રાજકોટ, ભુજમાં વિરોધ રેલીઓ યોજાઈ. ગીતાબેનના પરિવારને સાંત્વના પાઠવવા ભાજપના અગ્રણી લાલકૃષ્ણ અડવાણી જેવા નેતાઓ પણ હાજર રહ્યા હતા. મહિનાઓ સુધી આ દોર ચાલ્યો.

ગીતાબેન રાંભિયાની શહાદતનો એવો પ્રભાવ પડ્યો કે સમગ્ર ગુજરાત રાજ્યએ ત્રણ દિવસ અને અમદાવાદ શહેરે સળંગ પાંચ દિવસનો સ્વૈચ્છિક બંધ પાળ્યો. મહિના સુધી મંદિરો, દેરાસરોમાં તેમની આત્માની શાંતિ માટે પૂજા અર્ચના કરાઈ.

ગીતાબેનની શહાદત બાદ તે વખતની ગુજરાત રાજ્ય સરકારે ૨૫મી સપ્ટેમ્બર ૧૯૯૩ના રોજ ગુજરાત વિધાનસભામાં સર્વાનુમતે સંપૂર્ણ ગૌવંશ હત્યા પર પ્રતિબંધ લાવવાનો ખરડો પસાર કર્યો. જેનો પડઘો પાડોશી રાજ્યો રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્રમાં પડ્યો અને સંપૂર્ણ ગૌવંશ હત્યા પર પ્રતિબંધ મૂકાયો.

ગૌરક્ષક ગીતાબેન રાંભિયાએ એમના જીવનકાળ દરમિયાન ૧,૬૫,૦૦૦થી વધુ અબોલજીવોને ગેરકાયદેસર કતલખાને જતાં બચાવી અભયદાન અપાવ્યું. ૨૫,૦૦૦થી વધુ બીમાર પશુ-પક્ષીઓને સારવાર અપાવી. જીવદયાની સાથે સાથે તેમણે મહિલા જાગૃતિ તેમજ મહિલા વિકાસના કાર્યો પણ કરેલા. જેથી તેમને "સમાજસેવિકા" પણ કહેવામાં આવતા હતા.

૨૬મી સપ્ટેમ્બર, ૧૯૯૩ના રોજ અમદાવાદ મ્યુનિ.કોર્પો. ટીમ દ્વારા ગીતાબેન રાંભિયાની શહીદી સ્થળ સી.એન. વિદ્યાલય આંબાવાડી અમદાવાદ મુકામે **"શહીદ સ્મારક"** બનાવવામાં આવ્યું.

૧૪મી ઓગસ્ટ ૧૯૯૪ના રોજ મુંબઈ મુકામે શ્રીમતી મેનકા ગાંધીના વરદ્ હસ્તે શહીદ ગીતાબેન રાંભિયાને "મરણોત્તર શૌર્યચંદ્રક" એનાયત કરવામાં આવ્યો.

૧૯૯૭માં મુંબઈના જૈન સમાજે ગૌરક્ષક ગીતાબેન રાંભિયાને **"અહિંસા રત્ન"** એનાયત કર્યો.

૧૯૯૯ની ૩૦મી ઓક્ટોબરના રોજ એનિમલ વેલફેર બોર્ડ ઓફ ઇન્ડિયા - ચેન્નાઈ દ્વારા ગવર્નર સુંદરસિંહજી ભંડારીના વરદ્ હસ્તે શહીદ ગીતાબેન રાંભિયાને **"પ્રાણી મિત્ર એવોર્ડ"** આપી રાંભિયા પરિવારનું સન્માન કરવામાં આવ્યું.

વર્ષ ૨૦૦૭માં કચ્છી નૂતન વર્ષ - અષાઢી બીજના દિવસે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા સ્વ. ગીતાબેનને **"કચ્છી રત્ન"**નું સન્માન અપાયું.

આ સિવાય પણ ઘણી સ્વૈચ્છિક સંસ્થાઓએ, જુદા જુદા સમાજે

પોતપોતાની રીતે ઍવોર્ડ તેમજ સન્માન પત્રો આપી ગૌરક્ષક ગીતાબેન રાંભિયાની શહાદતને બિરદાવી શ્રદ્ધાંજલી અર્પી હતી.

ગૌરક્ષક ગીતાબેન રાંભિયાનું સંપૂર્ણ જીવનકાળ સાદગીભર્યું હતું. તેઓની પાસે ફક્ત બે જોડ જ પહેરવા માટેના કપડા હતા. નજીકના કતલખાનામાં રેડ પાડવા જવાનું થાય ત્યારે ચાલતા જ જતા અને દૂર જવાનું થાય ત્યારે ભાડાની ઓટોરીક્ષા લઈને જતા. તેઓ સંપૂર્ણપણે ભગવાન મહાવીર સ્વામિના વિચારોને વરેલા હતા. 'અહિંસા પરમો ધર્મ' અને 'સાદગી એ જ જીવન'નું સૂત્ર તેમણે અપનાવેલ હતું.

અબોલ પશુઓના રક્ષક ગીતાબેન, જીવના જોખમે પશુધનને બચાવતાં રહ્યા. નિષ્ઠા સાથે એ કામ કરતાં તેમણે પોતાના પ્રાણોની આહૂતિ આપી દીધી. જન્મે જૈન ન હોવા છતાં ખરા અર્થમાં ચુસ્ત જૈન – સવાયા જૈન બની રહ્યા. જિન શાસનના મૂળમાં રહેલા અહિંસાના મંત્રને સાર્થક કરતાં પોતાના જીવનું બલિદાન આપ્યું. ગીતાબેનના મૃત્યુ બાદ તેમના જીવનસાથી બચુભાઈ રાંભિયાએ એમનું કામ સંભાળી લીધું.

ગૌરક્ષક ગીતાબેન રાંભિયાની શહાદત બાદ તેમના જીવનસાથી બચુભાઈ રાંભિયાએ તેમના અધૂરા સ્વપ્નો પૂરા કરવા ૧૯૯૩માં તેમની સ્મૃતિમાં **'શ્રી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ'**ની સ્થાપના કરી.

શ્રી બચુભાઈ રાંભિયાએ અબોલજીવોને કતલખાને જતાં બચાવવાનું કામ ચાલુ રાખી વલ્લભીપુર, ધંધુકા, વટામણ, તારાપુર, શામળાજી, ઈડર, ભીલોડા, કચ્છ, અમદાવાદ વગેરે સ્થળોએ પોતાની ટીમ સાથે દરોડા પાડી, તેમના જીવનકાળ દરમિયાન ૯૦,૦૦૦થી વધુ અબોલજીવોને બચાવી અભયદાન અપાવ્યું છે.

ગૌરક્ષક બચુભાઈ રાંભિયાએ જીવદયાની સાથે સાથે માનવસેવાના પણ ઘણા કાર્યો કર્યા છે. માદરે વતન કચ્છથી અમદાવાદ સારવાર અર્થે આવતા દર્દીઓને સારવારમાં મદદરૂપ બનવું, જરૂરિયાતમંદ દર્દીઓને લોહીની વ્યવસ્થા કરી આપવી તથા બહારગામથી સારવાર અર્થે આવતા દર્દીઓના સગાઓને રહેવા-જમવાની વ્યવસ્થા કરી આપવી, તેમજ મુસાફરી દરમિયાન મૃત્યુ પામનારના મૃતદેહોને, કાયદેસર કાર્યવાહી કરાવીને તેમના નિવાસ સ્થાન સુધી પહોંચાડવા જેવા કાર્યો પણ કર્યા છે. મુંબઈથી કચ્છ અને કચ્છથી મુંબઈ રેલવેની મુસાફરી દરમિયાન અચાનક તબિયત ખરાબ થવી, હાર્ટ ઍટેક આવવા જેવી ઘણી તકલીફોમાં બચુભાઈ રાંભિયાને ફોન આવતા જ તેઓ પોતાની ટીમ સાથે તાત્કાલિક સ્થળ ઉપર પહોંચી સારવાર અપાવવાના કાર્યો કરેલ છે.

બચુભાઈ રાંભિયાને જીવદયા તથા માનવસેવા ક્ષેત્રે કરેલા કામો માટે અનેક માન-અકરામ પ્રાપ્ત થયા છે.

૧. વિશ્વમંગલ ગૌ ગ્રામયાત્રા દ્વારા ૨૦૦૯માં **"ગૌ રત્ન એવોર્ડ"**
૨. માધાપર શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ દ્વારા ૨૦૦૯માં **"ગૌ પ્રેમી એવોર્ડ"**
૩. ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સ વેલફેર એસોસિએશન દ્વારા ૨૦૧૦માં સન્માનપત્ર.
૪. આચાર્ય હસ્તીમલજી જલગાંવ આર.સી. બાફના ફાઉન્ડેશન દ્વારા ૨૦૧૦માં **"અહિંસા રત્ન એવોર્ડ."**
૫. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા ૨૦૧૫માં **"ગૌ રત્ન એવોર્ડ."**
૬. બરોડા કચ્છી સમાજ દ્વારા ૨૦૧૫માં **"ગૌ રક્ષક એવોર્ડ."**
૭. શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ - અમદાવાદ દ્વારા ૨૦૧૫માં સન્માનપત્ર.
૮. ગુજરાત ગૌ સેવા આયોગ દ્વારા ૨૦૧૮માં **"બેસ્ટ ગૌરક્ષક એવોર્ડ."**
૯. શ્રી જીવદયા જન કલ્યાણ પરિવાર દ્વારા ૨૦૨૦માં **"પ્રાણીમિત્ર"**
૧૦. ગૌરક્ષક મિત્ર મંડળ - અમદાવાદ દ્વારા સ્મૃતિ ચિહ્ન.
૧૧. પ્રાણીમિત્ર જાગીરદાર મેમોરીયલ ટ્રસ્ટ - હૈદ્રાબાદ દ્વારા સ્મૃતિ ચિહ્ન વગેરે.

૧૪મી માર્ચ, ૨૦૨૩ના રોજ તેઓ સાળંગપુર હનુમાનના દર્શન કરવા નીકળ્યા. રસ્તામાં ધંધુકા પાંજરાપોળની મુલાકાત લેવા રોકાયા. ત્યાં જ તેમની પર હૃદયરોગનો જોરદાર હુમલો થયો અને તેમનું પ્રાણપંખેરું ઉડી ગયું.

જીવનસાથી ગીતાબહેને ગૌરક્ષા માટે જીવ ખોયો અને બચુભાઈએ ગૌ માતાઓના આશ્રયસ્થાન એવા પાંજરાપોળમાં જ અંતિમ શ્વાસ લીધા. મૂંગા જનાવરો માટે જીવતર ખર્ચી નાખનાર સદ્ગત યુગલના પ્રાણીપ્રેમની પુષ્ટિ કરતો આ એક અકલ્પનીય યોગાનુયોગ જ કહેવાય!!!

નાનપણથી માતા-પિતાને જે કામ કરતા જોઈને દીકરો ઉછર્યો છે, તે ચૈતન્યએ હવે માતા-પિતાના કામની મશાલ હાથમાં લઈ લીધી છે. નાનપણથી તે ઘાયલ પશુ-પક્ષીઓની સારવાર કરતો. ઉત્તરાયણ દરમિયાન વિશેષ સેવાઓ આપતો. હવે ચૈતન્યને તેની જીવનસંગીની કૃપાલીનો સાથ મળ્યો છે. પિતાના મૃત્યુ બાદ છ માસના સમયમાં ચૈતન્યએ ગીતા સેના સાથે મળીને ૩૫૦ જેટલા જીવોને બચાવી લીધા છે.

અહિંસાનો સંદેશ અને જીવદયાની શીખ લઈ નવી પેઢી અબોલજીવોની રક્ષા માટે કટીબધ્ધ છે. ■


'જ્ઞાનમાં ભગવાન'નું દર્શન કરાવનાર લોકસેવક સંત

# પૂજ્ય મોટા : સાચા સંસારી સાધુ



ભરત'કુમાર' પ્રા. ઠાકર

ગુજરાતની ઉજળી સંત પરંપરામાં એક એવા સિદ્ધસાધક થઇ ગયા, જે સંતોના બાહ્ય પરિવેશની દૃષ્ટિએ અને બહુવિધ સેવાલક્ષી પ્રવૃત્તિઓને કારણે નોખા-અનોખા તરી આવે. સંન્યાસ પછી એમનું હુલામણું નામ ચોફેર એટલું તો પ્રચલિત બન્યું કે આજે મૂળ નામની ઓછા લોકોને જાણ હશે. ગુર્જરભૂમિના આ 'સાચા સંસારી સાધુ' એટલે ચુનીલાલ આશારામ ભાવસાર ઉર્ફે પૂજ્ય શ્રી મોટા (૧૮૯૮-૧૯૭૬)!



પૂજ્ય શ્રી મોટા

'મારે સમાજને બેઠો કરવો છે' એવા દ્રઢ સંકલ્પ સાથે મોટાએ સમાજના સર્વાંગી વિકાસને પોતાનું જીવનધ્યેય બનાવ્યું હતું. વ્યક્તિ અને સમાજ માનસિક - શારીરિક રીતે સ્વસ્થ બને તે માટે જીવનપર્યંત કાર્યશીલ રહેનાર મોટાએ ભગવાં ધારણ કર્યા વિના કે પછી ઘરબાર છોડ્યા વિના આત્મકલ્યાણ સાથે સમસ્ત સમાજ માટે પણ લાંબાગાળાની અનેક હિતકારી પ્રવૃત્તિઓ શરૂ કરી હતી.

## • સ્વરાજ્યની લડતોમાં સામેલ :

પૂજ્ય મોટાનો જન્મ ૪થી સપ્ટેમ્બર, ૧૮૯૮ (તિથિ અનુસાર સંવત ૧૯૫૪ના ભાદરવા વદ ચોથ)ના સાવલી (જિ. વડોદરા) ખાતે મધ્યમ પરિવારમાં થયો હતો. પિતા રંગરેજનું કામ કરતા અને 'ભગત' તરીકે ઓળખાતા. બાળ ચુનીલાલનો ઉછેર સામાન્ય વાતાવરણમાં થયો હતો. પાછળથી ભાવસાર પરિવાર ધંધાર્થે કાલોલ (જિ. પંચમહાલ) આવી વસ્યો હતો. ચુનીલાલે માધ્યમિક ભણતર પેટલાદ (જિ. આણંદ) અને કૉલેજ શિક્ષણ વડોદરામાં લીધું હતું.

જલિયાંવાલા બાગના નરસંહાર (૧૯૧૯) પછી ગાંધીજીએ સ્વરાજ્યની લડત ઉપાડી. તેમની હાકલ પરથી બે વિદ્યાર્થીઓએ પણ સરકારી કૉલેજનો બહિષ્કાર કરી એપ્રિલ ૧૯૨૧માં ગુજરાત વિદ્યાપીઠ (અમદાવાદ)માં જોડાયા. આ બંને આગળ જતાં ગુજરાતના મહાન સંતો બન્યા. ચુનીલાલ ભાવસાર 'પૂજ્ય મોટા' તરીકે, જ્યારે પાંડુરંગ વિઠ્ઠલ વળામે 'રંગ અવધૂત' (૧૮૯૮-૧૯૬૮) તરીકે ખ્યાતિ પામ્યા!

વિદ્યાપીઠમાં તેઓ ગાંધીજી (૧૮૬૯-૧૯૪૮), કાલેલકર (૧૮૮૫-૧૯૮૧), કૃપલાણી (૧૮૮૮-૧૯૮૨) અને ગિદવાણી (૧૮૮૯-૧૯૫૭)ના હાથ નીચે રાષ્ટ્રીય ચળવળના રંગે રંગાયા. ગાંધીજીના આદેશથી અસહકારની લડત (૧૯૨૧-૨૨)માં ઝંપલાવ્યું અને અભ્યાસ છોડી લોકસેવા કરવા ભરૂચ જિલ્લાનાં ગામડાંઓ ખૂંદી વળ્યા. પછી નડિયાદ (જિ. ખેડા) આવી ઈન્દુચાચા (૧૮૯૨-૧૯૭૨)ના માર્ગદર્શન હેઠળ ચાલતા અંત્યજ સેવા મંડળમાં જોડાયા અને હરિજનશાળાની નોકરી સ્વીકારી.

## • સેવા અને સાધનાનો સંગમ

પરંતુ મોટું કુટુંબ, સીમિત પગાર, દેવાની ચિંતા, પરિવારજનોનો ઉપહાસ અને ઉપેક્ષા વગેરેથી તેમને વાઇ-મૂર્છાનો રોગ લાગુ પડ્યો. આથી હતાશ થયેલા ચુનીલાલે ચિંતાના ભાર તળે ૧૯૨૨માં ગરૂડેશ્વરની ભેખડ પરથી નર્મદામાં ઝંપલાવી દીધું. પરંતુ કોઇ દૈવયોગે બચાવ થયો. ત્યારે નર્મદાતટના સંત અવિનાશી મહારાજ (બાળયોગીજી)એ એમને ૨૨મી જાન્યુઆરી, ૧૯૨૩ (વસંત પંચમી)ના દીક્ષિત કરી 'હરિઃ ૐ' મંત્રજાપ કરવા કહ્યું.

આમાં કોઈ ઈશ્વરીય સંકેત માની એમણે 'હરિઃ ૐ'નો મંત્રજાપ આરંભ્યો. ચારેક માસમાં જ હિસ્ટીરિયા (ફેફરું) ગાયબ થઇ જતાં આત્મશ્રદ્ધા વધી. ૧૯૨૩માં જ સાંઇખેડા (જિ. નરસિંહપુર, મધ્યપ્રદેશ)ના અવધૂત સંત ધૂણીવાળા દાદા ઉર્ફે સ્વામી કેશવાનંદજી સુકીર્તિ મહારાજ (૧૮૪૨-૧૯૩૦)નાં દર્શન કરી આધ્યાત્મિક પ્રેરણા પામ્યા. તેઓ એના ગુરુ હતા.

તે પછી ૧૯૨૮માં સાકોરી (જિ. અહમદનગર, મહારાષ્ટ્ર)ના બાબા ઉપાસની મહારાજ ઉર્ફે કાશીનાથ ગોવિંદરાવ

શાસ્ત્રી (૧૮૭૦-૧૯૪૧) સહિત સંતો - મહાત્માઓનો પરિચય થતાં સેવા સાથે સાધના પણ આરંભી. મન મક્કમ અને ચિત્ત શાંત થયું. પરિણામે ૧૯૩૦માં મનની નીરવતાનો અનુભવ કર્યો.

૧૯૩૦-૩૨ દરમિયાન નમક સત્યાગ્રહની લડતોમાં ભાગ લીધો અને સાબરમતી, વીસાપુર, નાસીક, યરવડા જેલમાં પણ ગયા. ૧૯૩૨-૧૯૪૬ લગી હરિજન સેવક સંઘના સહમંત્રી રહ્યા. સમાંતરે વિકટ સાધનાઓ કરીને ઉચ્ચ આત્મિક વિકાસ સાધતા ગયા. ૧૯૩૪માં દ્વૈત (સગુણ બ્રહ્મ)નો અને આખરે ૨૯મી માર્ચ, ૧૯૩૯ અને રામનવમીની રાત્રે બનારસમાં એમને અદ્વૈત (નિર્ગુણ બ્રહ્મ)નો સાક્ષાત્કાર થયો.

## સમકાલીન સંતો વચ્ચે અનોખું સામ્ય!

*મહાત્મા ગાંધીએ જલિયાંવાલા હત્યાકાંડ (૧૯૧૯) પછી અસહકાર લડતનો આરંભ કરેલો. તેમની હાકલ પરથી વડોદરામાં ભણતા બે વિદ્યાર્થીઓએ સાથે જ કૉલેજ અને કારકિર્દી છોડી સ્વાતંત્ર્ય આંદોલનમાં ઝંપલાવીને ગુજરાત વિદ્યાપીઠમાં જોડાઈ ગયા હતા. આ બંનેએ આગળ જતાં ગુજરાતના મહાન સંતો તરીકે નામના મેળવી. સંન્યાસી તરીકેનું બંનેનું નવું નામ જ એટલું તો પ્રચલિત બન્યું કે આજે મૂળ નામની કદાચ થોડાને જ જાણ હશે.*

*આમાં ચુનીલાલ આશારામ ભાવસાર 'પૂજ્ય મોટા' તરીકે અને પાંડુરંગ વિઠ્ઠલપંત વળામે 'રંગ અવધૂત' તરીકે ખ્યાતિ પામ્યા! બંનેએ સાંઈખેડા (જિ. નરસિંહપુર, મધ્યપ્રદેશ)ના સંત ધૂણીવાળા દાદા ઉર્ફે સ્વામી કેશવાનંદજી સુકીર્તિ મહારાજ (૧૮૪૨-૧૯૩૦) પાસેથી આધ્યાત્મિક પ્રેરણા મેળવી હતી.*

*ગુર્જર ભૂમિના આ બે સમકાલીન સંતો વચ્ચે અનેક રીતે સરખાપણું પણ રહેલું છે. એક જ વર્ષ (૧૮૯૮)માં જન્મેલા રંગ અવધૂત અને પૂજ્ય મોટા બંનેના પૂર્વજો એક જ જિલ્લા (પંચમહાલ)માં સ્થાયી થયા હતા. તો, દક્ષિણ ગુજરાત બંનેની સેવા અને સાધનાભૂમિ બની રહી. બાળગોઠિયા રહેલા આ બંને પાછા સહપાઠી પણ બન્યા! (વડોદરા કૉલેજ અને ગુજરાત વિદ્યાપીઠમાં સાથે અભ્યાસ કરેલો). પૂર્વવસ્થામાં બંને શિક્ષક રહી ચૂક્યા હતા.*

*અસહકાર લડત (૧૯૨૧-૨૨) દ્વારા આઝાદી જંગમાં બંનેની ભાગીદારી રહી. કાકાસાહેબ કાલેલકર જેવા પ્રખર વિદ્વાનના હાથ નીચે બંને રાષ્ટ્રીય ચળવળના રંગે રંગાયા. આગળ ઉપર પણ બંનેએ પાછા પોતપોતાની રીતે એક જ ક્ષેત્ર (અધ્યાત્મ)માં વિકાસ સાધ્યો તથા અનુક્રમે નારેશ્વર આશ્રમ અને હરિઃ ૐ આશ્રમની સ્થાપના કરી. બંનેના આશ્રમોમાં પાછા મૌનમંદિરો (એકાંતિક સાધના કુટીરો)નું પણ નિર્માણ થયું છે. કોઈ બે સંતચરિત્રોમાં આવું અને આટલું સામ્ય ક્વચિત્ જ જોવા મળે!*

### ● 'મોટા' કેમ કહેવાયા?

ત્યારબાદ તેઓ દેશાટને નીકળ્યા. તે દરમિયાન તામિલનાડુના કુંભકોણમ્ અને તિરુચિરાપલ્લીમાં એન. ગોપાળદાસની પેઢીના ભાગીદાર (અને પછીથી અમદાવાદ હરિજન આશ્રમના કાર્યકર) નંદુભાઈ શાહ ઉર્ફે નંદલાલ ભોગીલાલ શાહ (૧૯૦૪-૨૦૦૪) સાથે તેઓ નિકટના પરિચયમાં આવ્યા, જેઓ પાછળથી એમના સાધક-અંતેવાસી બન્યા.

નંદુભાઈના માતા જેઠીબાએ ચુનીલાલને પોતાનો દીકરો માન્યો હતો. બીજા પુત્રો કરતાં તેઓ વયમાં મોટા હોવાથી તેમને 'મોટા' તરીકે સંબોધવાનું શરૂ કર્યું. જેઠીબાનો 'મોટો' વખત જતાં ચુનીલાલ મટી બધા માટે 'સંત મોટા' બની ગયા!

પોતે પ્રારંભમાં અનુભવેલી 'એકાંત' માટેની મુશ્કેલી બીજા સાધકોને ન પડે તે માટે દક્ષિણ ભારતના પ્રવાસ પછી ગુરુ પ્રેરણાથી એમણે કુંભકોણમ્, નડિયાદ, સુરત અને નરોડા ખાતે 'હરિઃ ૐ આશ્રમો' સ્થાપ્યા અને તેમાં આત્મિક શ્રેય માટે એકાંતિક વાતાવરણ પૂરું પાડતાં 'મૌનમંદિરો' (સાધના કુટીરો)ની પણ યોજના કરી.

### ● વૈજ્ઞાનિક અભિગમનું ધ્યેય

પૂજ્ય મોટા જે કોઈ વાત કરતા તે કોઈ શબ્દાડંબર વિના દિલની ભાષામાં વાત કરતા. એમના મતે આ કાળ વિજ્ઞાનનો છે. કુદરત પોતાની બક્ષીસો આપવા તત્પર છે. આપણામાં ગ્રહણશીલતા કે ભૂમિકા જાગેલી નથી. વિજ્ઞાનનાં આ રહસ્યો ખૂલે, એના સંશોધનો થાય એ જરૂરી છે. પાંડુરંગ શાસ્ત્રી (૧૯૨૦-૨૦૦૩)ના 'છોડમાં રણછોડ'ની જેમ દાયકાઓ પૂર્વે મોટાએ 'જ્ઞાનમાં ભગવાન'ની વાત કરી. એમની વિજ્ઞાનલક્ષીતા એમને અનન્ય સંત તરીકે સ્થાપે છે.

પૂ. મોટા વિશે ઘણું લખાયું છે. જીવન વિશેની ગહન ફિલસૂફીની ઘણી વાત એમણે ચર્ચી છે. રોજબરોજના વ્યવહાર પરત્વે પણ એમનું ચિંતન સૂક્ષ્મ છે. તેઓ નર્યા ભક્તિમાર્ગી નહોતા. એટલે તો એમના આશ્રમોમાં પૂજાપાઠ-ક્રિયાકાંડ, કથા-આખ્યાનો, યજ્ઞો-ભંડારા, પાટોત્સવો-મહોત્સવો, સમારંભો-પ્રવચનો, સપ્તાહો-પારાયણો, યાત્રા-રેલી... જેવા કોઈ ક્રિયા કલાપોની ધમાલ નથી!

પણ, વૈજ્ઞાનિક અભિગમના વિકાસ પરત્વે જે ધ્યાન અપાયું છે તે તેને આવાં અન્ય સ્થાનોથી નોખા પાડે છે. આજે પણ એમના આશ્રમોમાં માત્ર ચાર ઉત્સવો (ભાદરવા વદ ચોથ - પ્રાગટ્ય દિન, વસંત પંચમી - દીક્ષા દિન, રામનવમી - સાક્ષાત્કાર દિન અને ગુરૂ પૂર્ણિમા) સાદાઈથી ઉજવવામાં આવે છે.

### ● વિવિધ ક્ષેત્રે પ્રદાન :

પૂજ્ય મોટાએ જાહેર જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં દાનગંગા

## મોટાનું અનેરું સર્જન : 'મૌન મંદિરો'
### (આત્મિક સાધનાની એકાંતિક કુટીરો)

*પૂજ્ય મોટાને પ્રારંભિક સાધનાકાળ દરમિયાન 'એકાંત. માટે મુશ્કેલી પડતી હતી. એવી સમસ્યા કોઈ શ્રેયાર્થીને ન નડે એટલા માટે એમણે 'મૌન મંદિર'ની યોજના કરી. તેનો આરંભ અમદાવાદ હરિજન આશ્રમની મીરા કુટીરમાં મૌન એકાંત (૧૯૬૪)થી કર્યો. પરંતુ દક્ષિણ ભારતના પરિભ્રમણ પછી સ્વજનો - ભાવિકો તરફથી યોગદાન મળતાં પ્રથમ કાવેરીને કાંઠે કુંભકોણમ (૧૯૫૦) અને પછી શેઢીને કાંઠે નડિયાદ (૧૯૫૫), તાપીને કાંઠે સુરત (૧૯૫૬) અને સાબરમતીને કાંઠે નરોડામાં 'હરિઃ ૐ આશ્રમો' સ્થાપ્યા.*

*આશ્રમ જેવા નામ પરથી સ્વાભાવિક રીતે બંધાતા ખ્યાલની વિરુદ્ધ અહીં મંદિર-મૂર્તિ, પૂજા-અર્ચના, ટીલા-ટપકા, ધૂન-ભજન, ધ્યાન-આરાધના, મંજીરા-ઘંટારવ એવું કશું જોવા ન મળે! પરંતુ સાદગી, મૌન અને નીરવતાનો પૂરો મહિમા રખાયો છે.*

*આ આશ્રમોના ઉપક્રમે બહુવિધ સેવાલક્ષી પ્રવૃત્તિઓ ઉપરાંત તેમાં 'મૌન મંદિરો' પણ રચવામાં આવ્યા. આત્મિક સાધના માટેની આ એકાંતિક કુટીરો સંત મોટાની દૃષ્ટિએ જીવાત્માને પરમાત્મા પ્રતિ અભિમુખ કરવા માટેની એક 'આધ્યાત્મિક પ્રયોગશાળા' સમાન છે.*

*આંખ અને કાન કરતાંય જોરાવર માધ્યમ આપણું મન છે. આંખ-કાન તો બંધ કરી દઈ શકાય, પણ ચંચળ મનને કઈ રીતે સ્થિર કરવું? તેમાં મદદરૂપ થનાર અને સરળ બનાવનાર વ્યવસ્થા તે આ મૌનમંદિર! મૌન સાધના કરનારને અહીં પૂરી પ્રાથમિક સગવડો અપાય છે, પણ સગવડના પડછાયે ચાલી આવતી જંજાળ એકેય નહીં. કોઈ પણ સાધક પોતાની કક્ષા અને સમય મર્યાદા મુજબ મૌન મંદિરમાં બેસી શકે છે.*

*અહીં મનને સાંસારીક બાબતો કે વ્યવહારીક જગત સાથે સંકળાવા માટેનો ખોરાક જેટલો ઓછો મળે તેટલી બહિર્મુખતા ઘટે છે અને અંતર્મુખતા માટેની અનુકૂળતા વધે છે. એટલે જ રોજબરોજના દુન્વયી સંપર્કોથી તદ્દન અલિપ્ત રહીને ઈષ્ટભજન કે આત્મચિંતન કરવા ઈચ્છતી વ્યક્તિઓને યોગ્ય અનુકૂળતા પૂરી પાડવાના હેતુથી જ આવા વૈજ્ઞાનિક દૃષ્ટિકોણવાળા અને અદ્યતન ગુફા સમાન 'મૌન મંદિરો'ની વ્યવસ્થા કરવામાં આવી છે.*

વહાવી છે. સાઈકલિંગ, તરણ સ્પર્ધા, સ્નાનાગરોનું નિર્માણ, કિશોરો માટે 'બાલભારતી' અને વયસ્કો માટે 'જ્ઞાનગંગોત્રી' ગ્રંથશ્રેણી રૂપે પ્રથમ ગુજરાતી વિશ્વકોશ (વીસ ભાગો)નું પ્રકાશન તેમજ સાહસ, શૌર્ય, પરોપકાર, વિજ્ઞાન, તબીબી અને કૃષિ સંશોધનો તથા લલિત અને લલિતેતર કળાઓને પોષવા અને પ્રેરવામાં મોટાજીએ ગુજરાતમાં કરોડો રૂપિયા ખર્ચ્યા છે.

તેમના ટ્રસ્ટે પચીસ જિલ્લામાં લગભગ તેર કરોડ રૂપિયાના ખર્ચે પ્રાથમિક શાળાઓના પોણા નવ હજાર ઓરડાઓ બાંધવામાં સહાય કરી છે. છાત્રાવાસો કે વિદ્યાલયોનાં મકાન બાંધવા કે અન્ય શૈક્ષણિક સુવિધાઓ વધારવા તેમજ દુષ્કાળ રાહતની પ્રવૃત્તિમાં પણ હરિઃ ૐ આશ્રમ ટ્રસ્ટ અગ્રેસર રહ્યું છે.

દેવા અને દવાથી કંટાળીને આપઘાત કરવા નીકળનાર મોટાએ એકલે હાથે ભક્તોના દાનથી શિક્ષણ, જ્ઞાનવિજ્ઞાન, વ્યસન મુક્તિ, શારીરિક તંદુરસ્તી, આત્મિક સાધના જેવી અનેકાનેક સત્પ્રવૃત્તિઓ વિકસાવી બતાવી. શ્રીમોટા અધ્યાત્મ માર્ગના યાત્રી અને સગુણ-નિર્ગુણ બ્રહ્મના સાક્ષાત્કારી સિદ્ધપુરુષ હતા. પરંતુ નાણાંના વહેવારમાં ભારે કાળજીવાળા. સમાજ પાસેથી જ એક હાથે લીધું ને બીજા હાથે સમાજોપયોગી કામમાં આપી દીધું.

● **સમાજસેવાની આદર્શ પ્રતિભા**

પૂ. મોટાએ જીવનને ઉત્કૃષ્ટ બનાવે એવા પ્રેરણાત્મક સાહિત્યનું વિપુલ પ્રમાણમાં સર્જન કર્યું હતું. એમનાં લખાણોમાંથી ૮૩ જેટલાં પુસ્તકો સંપાદિત, તેમાંથી ફરી પંદર સંકલિત અને ત્રણ અંગ્રેજીમાં અનુવાદિત થયા છે. એમના કેટલાક નોંધપાત્ર પુસ્તકોમાં મનને, જિજ્ઞાસા, તુજ ચરણે, સાધનામર્મ, સંતહૃદય, ભાવરેણુ, હરિજન સંતો, જીવનસંગ્રામ, જીવનસૌરભ, જીવનગીતા, જીવનપરાગ, મૌન મંદિરનો મર્મ, મૌન એકાંતની કેડીએ, શેષવિશેષ, ગુણવિમર્શ, શ્રીસદ્‌ગુરુ, આર્તપોકાર, આત્મચરિત્રનો સમાવેશ થાય છે.

'મારા અવસાન પછી ઈંટ-ચૂનાનું કોઈ સ્મારક ન કરતાં, જે કાંઈ દાન આવે તેનો ઉપયોગ ગુજરાતમાં શાળાના ઓરડા બાંધવા માટે કરજો' એવી વસિયત સાથે પૂ. મોટાએ સ્વૈચ્છિક રીતે દેહલીલા સંકેલી લીધી. મહી નદી તટે ફાઝલપુર (જિ. વડોદરા) ગામે એલેમ્બિકના માલીક રમણભાઈ ભાઈલાલભાઈ અમીન (૧૯૧૩-૨૦૦૦)ના ફાર્મ હાઉસમાં ૨૩મી જુલાઈ, ૧૯૭૬ના રોજ એમણે અંતિમ શ્વાસ લીધા.

મદ્રાસી રીતની સફેદ ખાદીની લુંગી, ખભા ઉપર ઉપવસ્ત્ર અને માથે કાઠિયાવાડી ઢબનું ફાળિયું... આ એમનો કાયમી પરીચિત બાહ્ય પહેરવેશ રહ્યો હતો. પોતે એક મુક્તાત્મા અને સિદ્ધયોગી છતાં કદી કોઈ ચમત્કારોમાં પડ્યા નહોતા. આનંદ, સાદગી અને નમ્રતાની મૂર્તિ હતા. ગુજરાતના આધ્યાત્મિક-ભૌતિક વિકાસમાં મહત્ત્વનું પ્રદાન આપનાર અને સમાજસેવાનાં અનેક કાર્યો સાથે સંકળાયેલા રહેનાર મુઠ્ઠીઊંચેરા લોકસેવક સંત પૂજ્ય મોટાનું જીવન સમાજ માટે એક આદર્શ છે.

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

# વિચારો દ્વારા સમાજને ઢંઢોળનાર : યોગેશ ભટ્ટ



ચંદ્રકાંત પટેલ 'સરલ'

માનવીની જિંદગી ઘડવામાં વિચારો મહત્ત્વનો ભાગ ભજવતા હોય છે. કારણ કે વિચારોને મનની સાથે સંબંધ છે. સારા વિચારો ગ્રહણ થઇ જાય તો માણસ એ વિચારોની સીડી બનાવી, એ વિચારોનુસાર પોતાની પ્રકૃતિપ્રદત કાર્યોત્પાદક શક્તિને વધારી જીવનના ચોક્કસ ધ્યેય સુધી પહોંચે છે. માણસની શક્તિ, પ્રગતિ, કીર્તિ, બળ અને ઉત્સાહ-હર્ષ-આનંદ વગેરેના મૂળમાં સદ્‌વિચારો જ છે.



**યોગેશ એન. ભટ્ટ**
**અમરેલી**

ભાગવત, રામાયણ, મહાભારત, બાઈબલ, કુરાન વાંચી કથા કહેનારા સમાજને બદલાવી શક્યા નથી પરંતુ જાહેર બોર્ડ પર લખેલ સુંદર સુવિચારે ઘણાની જિંદગી બદલી નાખી છે.

આવા એક વિચારક છે : શ્રી યોગેશ એન. ભટ્ટ. અમરેલી તેમનું વતન. કઠોર પરિશ્રમ અને ઈશ્વરની કૃપાથી સમાજમાં નામ રોશન કરનાર યોગેશભાઈએ જિંદગીમાં ઘણી લીલી-સૂકી છાંયડી જોઈ છે. તેમની શરૂઆતની જિંદગી ઘરે ઘરે છાયા પહોંચાડવાની હતી. બાલ્યકાળમાં ફુટપાથ ઉપર બેસીને બિસ્કીટ, પીપરમેન્ટ વેચવાથી માંડીને ન્યુઝ પેપરમાં કૉલમિસ્ટ અને ઉત્તમ લેખો લખવાની સાથે સમાજની સેવામાં રત બની તેઓએ 'વર્લ્ડ બુક ઑફ રેકોર્ડ'માં સ્થાન મેળવ્યું છે.

મોરના ઇંડાંને ચીતરવાં ન પડે. એમ યોગેશભાઈનો પરિવાર સુસંસ્કૃત. એટલે સંસ્કારની અસર તેમનામાં ન પડે તો જ નવાઈ કહેવાય! તેમના પિતાજી લાઠીના મતિરાળા ગામની હાઈસ્કુલના શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો ઍવોર્ડ મેળવનાર શિક્ષક હતા. પિતાજીએ યોગેશભાઈને બાળપણથી જ કૃતિ ભક્તિના અને માતાએ અડગતાના પાઠ ભણાવેલા છે. દાદીમાએ ધર્મ અને ભાવજગત વિસ્તારેલું. પિતાજીના ફૈબાએ સેવા-સમર્પણ, ત્યાગ, નિષ્ઠા, ખુમારી અને ખંતનું આરોપણ કરેલું. આમ પરિવારના સંસ્કારોએ તેમનું જીવન ઘડતર સુયોગ્ય રીતે કરતાં તેઓનું જીવન તપ, સેવા, સાધના અને પરોપકારી બન્યું છે.

*યોગેશભાઈ કહે છે :*

***બે રંગ થાઉં એવું નથી પોત, ઓ સમય;***
***નીરખી લે ગર્વથી કે પટોળાની ભાત છું.***

બૌદ્ધિક સ્તરે વિકસેલ આ બ્રાહ્મણ યુવાન યોગેશભાઈ જ્યારે બાળવયના હતા ત્યારે તેમને ચેકઅપ માટે લઇ જતાં તબીબોએ રીપોર્ટ આપેલો કે આ બાળકનું મગજ ક્ષતિગ્રસ્ત, અવિકસિત છે. પરંતુ આજે તેનાથી સાવ વિપરીત થયું છે. સૌથી વધારે પાવરફુલ માઇન્ડના તે સ્વામી છે.

તેમને બાળપણથી જ સાહિત્ય તરફ લગાવ રહ્યો છે. શાળામાં યોજાતી વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ - નાટક, રાસગરબા, વક્તૃત્વ, નિબંધલેખન, કાવ્ય, રમતગમત આદિ પ્રવૃત્તિઓમાં ભાગ લઇને સારા દેખાવો કર્યા છે.

યોગેશભાઈ નાના હતા ત્યારે તેમને ફિલ્મ લાઇનમાં લઇ જવા એક ફિલ્મ નિર્માતાએ ઑફર કરી, ગુજરાતી ફિલ્મમાં બાળ કલાકાર તરીકે લેવા માટે પ્રસ્તાવ મૂકેલો. પણ પરિવારે ના પાડી હતી.

યોગેશભાઈ આર્થિક રીતે સાધારણ પરિવારના છે. પણ તેમનામાં બાલ્યકાળથી જ સમાજસેવાના બીજ રોપાયેલા હતા, તે કુમાર અને તરુણ અવસ્થામાં વિકસી મોટું વટવૃક્ષ બન્યા છે. યુવાવસ્થા સુધીમાં તો જનસેવાના અનેક ક્ષેત્રોમાં તેમણે સેવા આપેલ છે. જેમાં રાહત રસોડામાં સેવા, યુક્તાહાર વિતરણ સેવા, ઉનાળામાં છાશ સેવા તથા અન્ય ઘણાં સેવાકીય કાર્યો તેમણે કર્યા છે ને હજી પણ કરી રહ્યા છે. વિશેષ તો સેવાભાવી સંસ્થાઓ દ્વારા અને સરકારના સહયોગથી મધ્યમવર્ગના લોકોને પૌષ્ટીક આહાર શીરો, બ્રેડ, મમરીનું વિતરણ કરે છે.

પરંતુ તેમની વિશિષ્ટ સેવા તો સમાજમાં ઉત્કૃષ્ટ સદ્‌વિચાર દ્વારા સમાજમાં આદર્શોનું સ્થાપન કરવાની રહી છે અને આ માટે તેઓ જીવન જીવવાના સારા વિચારોનું લેખન નાગનાથ નામના શિવ મંદિરના બોર્ડ ઉપર છેલ્લા સત્તર વર્ષથી નિયમિતપણે લખી રહ્યા છે. પોતાના, જીવન ઘડતરના સદ્‌વિચારો અમરેલી તથા આસપાસના ગામડાંઓમાંથી આવતા લોકો દર્શન સમયે વાંચે જ છે. તદુપરાંત આ વિચારો વોટ્સએપના માધ્યમથી દેશ વિદેશમાં પણ મોકલે છે. સને ૨૦૧૯થી તેમણે અહીંના પ્રસિદ્ધ રામજી મંદિરે પણ સુવિચારો લખવાનું શરૂ કર્યું છે. તેમના આ જનહિતનાં કાર્યોએ ઘણાની જિંદગીને નવી દિશા આપી છે. સને ૨૦૧૪થી

અમરેલીના દૈનિકપત્ર 'અમરેલી એક્સપ્રેસ'માં 'સમજણ એ જ નારાયણ' નામની નાની કોલમ ચલાવે છે. અખબારના ડિજીટલ માધ્યમથી આ વિચારો દેશ-પરદેશમાં ફરી રહ્યા છે.

***વિચારમાં કેવી શક્તિ છે તેનું એક સત્ય ઉદાહરણ જુઓ :***

એક બાળકે નિશાળના બ્લેક બોર્ડ પર શિક્ષકે લખેલો વિચાર વાંચ્યો : "તમે જેવા વિચાર કરશો તેવા બનશો..." આ બાળક પોતે દેશનો વડાપ્રધાન બનશે એવો વિચાર કરવા લાગ્યો. અને તેણે વિચાર શક્તિ, ઈચ્છાશક્તિ અને ક્રિયા શક્તિને એ દિશામાં વાળી. અને તેના વિચારો પરિણામમાં સાકાર થયા અને તે બાળક ભારતનો વડાપ્રધાન બન્યો. બાળકનું નામ હતું : જવાહરલાલ નહેરૂ.

યોગેશભાઈ કહે છે કે, હું સત્તર વર્ષથી મારા વિચારો લોકો સુધી એટલા માટે પહોંચાડું છું કે, માણસ એ વિચારો પોતાના જીવનમાં ઉતારી એક આદર્શ તૈયાર કરે, એક આચાર ને કર્તવ્ય તૈયાર કરે, નિષ્ઠા તૈયાર કરે અને પોતાનું જીવન સંસ્કારમય બનાવી ઊર્ધ્વદિશા પ્રાપ્ત કરે.

અહીંની મંગલદાસ બી. શાહ એન્ડ કંપનીમાં (કરવેરા સલાહકાર) તેઓ ફરજ બજાવે છે અને મંગળદાસભાઈ શાહ, ઈન્દુભાઈ ઝીંઝુવાડિયા, જીતુભાઈ ઝીંઝુવાડિયા વગેરેની સાથે કામ કરવાથી તેમને ગતિ મળી હોવાનું સ્વીકારે છે.

તેમણે ૨૦૧૦માં પીસ ઑફ માઈન્ડ ફાઉન્ડેશન - રાજકોટ આયોજિત ઓપન બુક એક્ઝામમાં ૫૦૦ સ્પર્ધકોમાં પોતે પ્રથમ સ્થાન મેળવી ઍવોર્ડ મેળવ્યો છે. આ સિવાય 'બ્રહ્મ ગૌરવ ઍવોર્ડ' તથા રાજ્યકક્ષા - સમસ્ત બ્રહ્મસમાજ ગુજરાત દ્વારા 'બ્રહ્મ ગૌરવ ઍવોર્ડ' યોગેશભાઈને મળેલ છે. આ સન્માનને ગિનીસ બુકમાં સ્થાન મળેલ છે.

સમાજ ઘડતરની પ્રવૃત્તિઓને ધ્યાનમાં લઈને માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૦મા જન્મ દિવસે 'કર્મયોગી વ્યક્તિ' તરીકે યોગેશભાઈનું જાહેર સન્માન થયું છે. યોગેશભાઈ કહે છે કે, જ્યાં તમને પ્રસ્થાપિત કરે ત્યાં તમે ઉગી નીકળો. દરેક કાર્ય સવાયાભાવથી કરો. લોકોને સદ્‌વિચારો વહેંચો.

*C/o. "સંસ્કૃતિ દર્શન" કાર્યાલય,*
*રતનપરા શેરી નં.-૧, નીલકંઠ બંગલાની સામે,*
*બાગ દરવાજા, માણાવદર-૩૬૨ ૬૩.૦ (જિ. જુનાગઢ)*
*મો. ૮૭૩૫ ૯૦ ૨૪૨૪*

## જૈન દર્શન શાસ્ત્રમાં યોગ

**(અનુસંધાન : પાના નં. – ૨૧ ઉપરથી ચાલુ)**

કલ્પવૃક્ષોથી ચઢિયાતું છે. યોગચિંતામણિ છે. એ પણ બીજા ચિંતામણિ રત્નો કરતાં વધારે પ્રભાવશાળી છે. યોગ તમામ ધર્મોના અંગોમાં શ્રેષ્ઠ અંગ છે. યોગ સિદ્ધિનો, મુક્તિનો સ્વયંગ્રહ છે.

***તથા ચ જન્મબીજાગ્નિર્જરસોઅપિ જરા પરા,***
***દુઃખાના રાજ્યક્ષ્માયં મૃત્યોર્મૃત્યુઢ દાહતઃ***

*(યોગબિંદુ, શ્લોક-૩૮)*

***એટલે કે :*** યોગ, જન્મરૂપી બીજને બાળી નાખવા માટે અગ્નિ છે. પુનર્જન્મ માટે કારણભૂત જે કર્મ છે એ કર્મની શક્તિને આ યોગ બાળી ઝાળીને ખાક કરી દે છે. વળી આ યોગ જરા માટે શ્રેષ્ઠ છે. જરા એટલે ઘડપણ, વૃદ્ધાવસ્થા. યોગ સ્વયં જ ઘડપણ માટે ઘડપણ બની જાય છે. અર્થાત્ યોગથી યુવાવસ્થા, યૌવન કાયમ રહે છે. શારીરિક અને માનસિક તમામ દુઃખો માટે યોગ રાજયોગ જેવો છે. તમામ દુઃખોને મટાડનારો છે આ યોગ! અને મૃત્યુ માટે મૃત્યુ જેવો છે આ યોગ! મૃત્યુને નાબૂદ કરવા માટે મૃત્યુરૂપ છે આ યોગ!

આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીએ યોગશતક ગ્રંથમાં યોગ શબ્દનો અર્થ અને સમજ આ પ્રમાણે આપી છે : "નિશ્ચયયોગ અને વ્યવહારયોગ એમ બે પ્રકારનો છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર વગેરે આત્માના ગુણોની સાથે જોડાણ થાય તે નિશ્ચયયોગ અને આવા પ્રકારના નિશ્ચયયોગને પ્રાપ્ત કરવામાં સાધનભૂત, કારણભૂત, ગુરુવિનય, વૈયાવચ્ચ, નમસ્કાર જપ વગેરે આરાધના તે વ્યવહાર યોગ છે. ટૂંકમાં ગુણોની પ્રાપ્તિ તે નિશ્ચયયોગ અને ગુણોની પ્રાપ્તિ કરવાના જે જે ઉપાયો છે તે સઘળો વ્યવહારયોગ છે."

ધ્યાન અંગે જૈન દર્શનમાં ખૂબ જ વિસ્તૃત રીતે સમજ આપવામાં આવી છે. શુભ અને અશુભ ધ્યાન, આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન વિશે હવે પછી વાત કરીશું.... ઓમ...

***૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર સોસાયટી, સૈજપુર બોઘા,***
***અમદાવાદ-૩૮૨ ૩૪૬. મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮***

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

# સકારાત્મક વિચારસરણી

શહેરમાં એક વ્યક્તિ નોકરી કરતો હતો. એ શહેરમાં જ તેમનું ઘર હતું. પોતાના પરિવાર સાથે તે રહેતો હતો. આ માણસ કાયમ પોતાના વિચારોથી પરેશાન રહેતો. તેને લાગતું કે ઘરનો બધો ખર્ચ મારે જ ઉઠાવવો પડે છે, આખા પરિવારને મારે જ નભાવવો પડે છે. બધાનું પેટ ભરવાની પણ મારી જ જવાબદારી અને કાયમ મહેમાનો આવે તો તેમને પણ સાચવવાના!

આવા વિચારોથી તે બહુ દુઃખી રહેતો. તેનો સ્વભાવ પણ ચીડિયો થઈ ગયો હતો. ઘરમાં બાળકો ઉપર તે વારેવારે ખીજાતો. તેની પત્ની સાથે પણ તે ઘણીવાર ઝઘડી પડતો. તેને આ જીવન જ જાણે ભારરૂપ લાગવા માંડ્યું હતું.

એક દિવસ તે કામધંધેથી ઘરે આવીને, જમી પરવારીને બેઠો હતો. એવામાં તેનો નાનકડો પુત્ર હાથમાં નોટબુક અને પેન લઈને આવ્યો. તેણે કહ્યું, 'પપ્પા, હોમવર્ક કરી આપોને!' પુત્રની આ માંગણીથી એ માણસ બરોબર ખીજાયો. તેણે છોકરાને ધમકાવી નાખ્યો. છોકરો જતો રહ્યો.

થોડીવાર પછી તેનો ગુસ્સો શાંત થયો. એ અંદરના રૂમમાં ગયો. જોયું તો પથારીમાં એની પત્ની પાસે છોકરો સૂઈ ગયો હતો. એના માથે ઉઘાડી નોટબુક પડી હતી. તેણે નોટબુક ઉઠાવીને જોઈ.

અંદર પ્રશ્ન હતો : 'એવું શું છે જે શરૂઆતમાં તો તમને કડવું લાગે છે પણ જે ખરેખર મીઠું હોય છે?'

આ પ્રશ્નના જવાબમાં છોકરાએ શું લખ્યું છે તે જોવાનું તે માણસને કુતુહલ જાગ્યું.

પ્રશ્નના જવાબમાં તેના છોકરાએ લખ્યું હતું કે : 'બીમારી વખતે પીવાની દવાઓ મને ગમતી નથી કેમકે તે કડવી હોય છે. છતાં હું પી જાઉં છું કારણકે તે બીમારી દૂર કરે છે.'

'પરીક્ષા મને પસંદ નથી કારણકે ત્યારે ઘણું બધું વાંચવું પડે છે પણ હું મહેનત કરી લઉં છું કેમકે તે પછી તો લાંબુ વેકેશન મળવાનું છે!'

'સવારના પહોરમાં વાગતા એલાર્મનો અવાજ મને પસંદ નથી પણ તેના લીધે જ હું સ્કૂલ સમયસર પહોંચી શકું છું.'

'મારા પપ્પા મારા પર ખીજાય છે. શરૂઆતમાં તો મને ખરાબ લાગે છે પણ બાદમાં તેઓ જ મને રમકડાં લાવી આપે છે, મારા માટે સ્વાદિષ્ટ જમવાનું લાવે છે અને મને ફરવા પણ લઈ જાય છે. હું ઈશ્વરનો ખૂબ ખૂબ આભાર માનું છું કે મને પપ્પા આપ્યા, મારા મિત્ર રાકેશને તો પપ્પા જ નથી!'

એ વ્યક્તિએ પોતાના દીકરાનું આ હોમવર્ક વાંચ્યું. એના હૃદયમાં આ લખાણે ઊંડી અસર પહોંચાડી. છેલ્લા ફકરાએ તો એની આંખો ખોલી નાખી. તે મનમાં ગણગણ્યો : 'મારા કરતા તો મારો દીકરો વધારે સમજદાર છે.'

પછી નવેસરથી તેણે વિચાર્યું : 'હું આખું ઘર સંભાળું છું. ઘરની બધી જવાબદારી મારા માથે છે. આનો મતલબ મારે ઘર છે!'

'મારા પરિવારનું હું ભરણપોષણ કરું છું. હું ખુશનસીબ છું કે મારે પરિવાર છે!'

'મારા ઘરે મહેમાન આવે છે. એનો મતલબ એ થયો કે સમાજમાં મારી પ્રતિષ્ઠા છે, ઈજ્જત છે.'

હે પ્રભુ! તારો ખૂબ ખૂબ આભાર મને જવાબદારીભર્યું સુખી જીવન આપવા માટે. જે બીચારા પાસે કશું જ નથી તેઓ કરતા તો મારી જિંદગી ક્યાંય સારી છે.

હવે તેના વિચારો સકારાત્મક હતા. એ માણસ ખુશ હતો. પહેલા તે દુઃખી હતો પણ બહાર તો બધું હતું એમ જ હતું. હવે તે સુખી હતો પણ બહાર તો બધું હતું એમ જ હતું. ખોબા જેવડા મગજમાં ઊંધે પાટે ફરી રહેલી એની વિચારધારાએ ખાલી ટ્રેક બદલ્યો અને એનું જીવન બદલાઈ ગયું. ■

શુભેચ્છા સહ...
કમલેશ મનુભાઈ શાહ - અમદાવાદ
મો. ૯૮૨૫૦ ૧૮૧૮૦

# સામાજિક સમસ્યાઓ



વસંત 'કચ્છ કેસરી' – મુંબઈ

કચ્છ, વાગડ અને હાલારમાં વસતા આપણે સૌ જૈન કચ્છીઓ, આપણા ઈતિહાસ પ્રમાણે, માનીએ છીએ કે સદીઓ પહેલાં આપણા પૂર્વજો ક્ષત્રિય હતા અને આપણે રાજસ્થાનમાંથી હિજરત કરીને કચ્છ, વાગડ કે હાલારમાં જુદી જુદી રાજકીય પરિસ્થિતિ અનુસાર વસવાટ માટે સ્થિર થયા.

સદીઓ પૂર્વે આપણા સૌના રાજસ્થાનના વસવાટ દરમિયાન ક્ષત્રિયોમાં વર્ણ પ્રથા હશે. પણ એ ક્ષત્રિયોમાંથી જેમણે જૈન ધર્મ અપનાવ્યો તેથી સૌ જૈનો સાધર્મિક થયા.

વિધર્મી દ્વારા થતા હુમલાથી બચવા અમુક જૈનો હિજરત કરી કચ્છ તરફ આવ્યા અને રાજકીય શરણ મળ્યું તે પ્રમાણે કચ્છમાં વસી ગયા.

કચ્છની રાજાશાહીના કૌટુંબિક મતભેદોને લીધે રાજ્યના ભાગલા પડ્યા. જેથી વાગડ અને હાલાર જેવા પ્રદેશો, કચ્છ રાજ્યથી જુદા થઇ પ્રાદેશિક શાસકોના વહીવટ તળે આવ્યા ત્યારે જૈન વાણિયા જ્ઞાતિમાંથી અમુક કુટુંબો સાગમટે, આ નવા શાસકોના પ્રલોભનોને લીધે, એમની સાથે નવસ્થાપિત રાજ્યના પ્રદેશોમાં આવી વસ્યા.

રાજકીય વૈમનસ્ય, પ્રદેશો વચ્ચે લાંબા અંતર, નવી કર્મભૂમિ બનાવવાની વ્યસ્તતા વગેરે કારણો થકી, કચ્છના સાધર્મિક બંધુઓ સાથેનું સંકલન ઘટી ગયું. તેમજ એ નવા પ્રદેશોમાં વસતા અન્ય સ્થાનિક જૈન-જૈનેતર જ્ઞાતિઓ સાથે સમન્વય સાધી જીવનશૈલી અપનાવવી, જુદા જુદા સંપ્રદાયના જૈન ધર્મગુરૂઓના ઉપદેશ અને આદેશ મુજબ ધર્મની આરાધના કરવી, પ્રાદેશિક ભાષા, સ્થાનિક રીવાજો અપનાવી લીધા બાદ ઉદ્ભવેલ કચ્છી સમુદાય સાથેની વૈચારિક ભિન્નતાને લીધે, જૈન ધર્મે એક હોવા છતાં જુદાઇના ભાવ અનાયાસે રોપાઈ ગયા!

સામાજિક અને વ્યાપારીક સ્તરે દોસ્તી બિરાદરી, ધાર્મિક પ્રસંગે ઐક્ય, જમણવારમાં એક જ પંગતે બેસીને જમવાનો રોટી વ્યવહાર તથા ભાષા બોલીમાં પણ ખૂબ સામ્ય. અરે, નામ અને અમુક નુખો (અટકો) પણ એક સરખી! રામજીભાઈ નંદુ, શામજીભાઈ ગડા, કાંતિલાલ માલદે જેવા નામ અને અટક તેમજ કેસરબેન, પ્રીતિબેન, પ્રભાબેન વગેરે જેવા બહેનોના નામ પણ બધા પ્રદેશોમાં સરખા! કુળદેવી માતાજી તથા કુળ દેવતાઓના ઘણા સ્થાનો પણ નુખો અનુસાર એક જ સ્થળે!

આટલું બધું સામ્ય છતાં એક બાબતમાં અંતર શા માટે??

આપસમાં લગ્ન વહેવાર કેમ નહીં? કયું બંધન નડે છે? કોને સ્વીકાર્ય નથી? કચ્છ, વાગડ કે હાલાર – આ ત્રણેય પ્રદેશોમાં વસતા કચ્છી જૈનોમાંથી કોઈ તર્કબદ્ધ ખુલાસો આ વિષયે આપી શકશે?

આપણે સૌ સાધર્મિક, જૈન શાસનના અનુયાયીઓ છીએ. શું આજની આપણી સર્વાંગી સમાજની વ્યાપારીક પ્રગતિ, શૈક્ષણિક ઉન્નતિ અને વૈચારીક બુદ્ધિમત્તા વગેરેને લક્ષમાં રાખી, આપણો સાધર્મિક સમાજ એક જ છે એ દૃષ્ટિથી આપસમાં લગ્ન વ્યવહાર, સહજભાવથી સ્વીકારી લઈ, એકતા સાધી, એક બહોળા સમાજની સ્થાપના ન કરી શકીએ?

આજના યુવાવર્ગને વિનંતી કે તેઓ વડીલો સાથે આ વિષય અંગે શાંતિ અને સમજણપૂર્વક ચર્ચા કરે. રૂઢીચુસ્ત વડીલો કોઈ અસમંજસમાં હોય તો તેનું તાર્કિક રીતે નિવારણ કરે. યોગ્ય જીવનસાથીની તલાશ તથા પસંદગી માટે સર્વ પક્ષે મોટું ફલક ઉપલબ્ધ થાય, આંતરજ્ઞાતિય લગ્ન અટકે. જેથી જૈન ધર્મ સચવાય અને વર્ષોથી પડેલા પ્રાદેશિક અંતર પણ ટૂંકા થાય.

દેશ આજે પ્રગતિના પંથે છે! ચંદ્ર પર પહોંચી ગયા છીએ ત્યારે આપણે ક્યાં સુધી સામાજિક રૂઢીઓના અંધારામાં અટવાતા રહીશું? મારા સૌ કચ્છી જૈન સ્નેહી બંધુઓ આ વિષય પર ગંભીર વિચાર કરી પહેલ કરો!!

સૌનું મંગલ થાય એ ભાવના સાથે...

*મો. ૮૪૫૧૦ ૯૮૬૭૮*

## લાઈબ્રેરી

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સમૃધ્ધ લાઈબ્રેરીનો લાભ લેવા સમાજના તમામ સભ્યોને વિનંતી.*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના વાચકોને જણાવવાનું કે આપની પસંદગીના પુસ્તકો ઉપલબ્ધ થઈ શકે તે માટે આપની પસંદગીના પુસ્તકોના નામ જણાવવા વિનંતી.*

# શ્રદ્ધાથી કરેલું સ્મરણ – શ્રાદ્ધ



જાગૃતિ આર. વકીલ

**'ભાદરવા પૂનમથી અમાસ'**

આજે માનવી આકાશમાં અને સમુદ્રના તળીયે મુક્ત સંચાર કરી શકે છે પણ ભૂમિ પર શાંતિથી કેમ રહેવું તે જાણતો નથી. ત્યારે માનવીની સામાજિક અને વૈયક્તિક ઉન્નતિ થાય તે માટે આપણા વડીલોએ અથાક મહેનત કરી એક આગવી સંસ્કૃતિ ઊભી કરી છે. પણ તેમાં શ્રદ્ધા ન હોવાને લીધે આપણે શાંતિ, સમાધાન અને સ્વાસ્થ્ય ગુમાવ્યું છે. શ્રાદ્ધ એટલે શ્રદ્ધાથી કરેલું સ્મરણ, તર્પણ. શ્રાદ્ધ એટલે વડીલો પ્રત્યે આદર, કૃતજ્ઞતા દ્વારા તેમનું સ્મરણ કરવાનો સમય.

ભારતીય સંસ્કૃતિના અનેક પાસાઓમાંથી સૌથી વધુ જાણીતું સબળ પાસું ધર્મભાવના અને બીજું પરિવાર ભાવના કહી શકાય. ભાદરવા સુદ પૂનમથી અમાસ સુધીના દિવસો એટલે શ્રાદ્ધના દિવસો. જે દરમિયાન જીવનપથ પર આપણને ચાલતા શીખવનાર અને જેમના ત્યાગ, સ્નેહ અને આશીર્વાદથી આપણે આગળ વધીએ છીએ એવા પૂર્વજો અને વડીલોનું ઋણ અદા કરવાનો સમય. આપણા પૂર્વજો ઋષિમુનિઓ તથા મૃત્યુ પામેલા વડીલોનું આપણા પર બહુ મોટું ઋણ છે. તેમને તૃપ્તિ મળે, તેમણે આપેલ સાંસ્કૃતિક વારસાને જાળવી, તેમની યાદો અમર બને તે હેતુ માટે શ્રાદ્ધ પર્વ છે. તે ઉપરાંત આ પર્વ જિંદગીની એક કડવી વાસ્તવિક્તા પણ બતાવે છે કે આપણે પણ આ જ રસ્તે જવાનું છે. તો જીવતા જીવ પણ વડીલોનું ધ્યાન રાખીએ, તેમની પ્રત્યેની ફરજો અદા કરીએ, તેમની સેવા કરીએ તથા તેમના મૃત્યુ બાદ તેમને ગમતા રસ્તા પર ચાલી તેમના આત્માને શાંતિ આપીએ એ જ શ્રાદ્ધનું સાચું સામર્થ્ય.

આજના ઝડપી યુગમાં જતું કરવાની ભાવના બહુ ઓછી થતી જાય છે. કોઈને કોઈ કારણસર જનરેશન ગેપ વધતું જાય છે ત્યારે યુવાવર્ગ ચડતા લોહીના જુસ્સા અને ગુસ્સામાં વડીલોને અન્યાય કરી બેસે છે. વૃદ્ધાશ્રમોની જરૂરિયાત અને સંખ્યા વધતી જાય છે તે આપણી સંસ્કૃતિ માટે બહુ મોટી શરમજનક બાબત છે. અને એ જ યુવાન પોતે વૃદ્ધ થાય ત્યારે પાકટ બનતા પોતે વડીલો પ્રત્યે કરેલી ભૂલોનું જ્ઞાન થતાં પશ્ચાતાપ થાય ત્યારે બહુ મોડું થઈ ગયું હોય છે. કેમકે એ વખતે માફી માંગવા કે આપવા વડીલો હાજર નથી હોતા. ત્યારે પછી જેમના જીવતા શાંતિ ન આપી શક્યા એમના મૃત્યુ પછી ગમે તે ધાર્મિક ક્રિયાકર્મો કરાવે એનો કંઈ જ અર્થ નથી રહેતો. એ વાત આજની પેઢીએ ખાસ સમજવી જરૂરી છે અને વડીલોને માટે સમય ફાળવી તેમની સાથે પ્રેમપૂર્વક વ્યવહાર દ્વારા તેમને સાચવે તે ખૂબ જરૂરી છે.

શ્રાદ્ધ પર્વનું ધાર્મિક મહત્ત્વ તો જાણીએ જ છીએ તે સાથે વૈજ્ઞાનિક મહત્ત્વ પણ સમજવા જેવું છે. આ દિવસોમાં કાગડાને ખીર અને પીપળાને પાણી આપવામાં આવે છે. ભાદરવા માસમાં સૂર્યદેવતાના પ્રકોપથી શરીરમાં પિત્તપ્રકોપ વધે છે. જેનું ખીર ખાવાથી શમન થાય છે. તો વૃક્ષોમાં પીપળો ખૂબ ઉપયોગી અને પવિત્ર ઝાડ છે. વૃક્ષોનું જીવનમાં મહત્ત્વ અને તેના ગુણોનું મહત્ત્વ સમજી, વૃક્ષ ઉછેર દ્વારા પર્યાવરણ બચાવોની ભાવના સમજાવવામાં આવે છે.

આમ, શ્રાદ્ધના દિવસોનું આધ્યાત્મિક સાથે સામાજિક અને વૈજ્ઞાનિક મહત્ત્વ સમજી શ્રાદ્ધ કરીએ તો જરૂર માનવજીવન સાર્થક થયું ગણાય...

*સી/૬૬, મુંદ્રા રીલોકેશન સાઈટ, ભુજ, કચ્છ.*
*મો. ૯૫૮૬૬ ૮૫૪૬૩*

## સૂનકાર છે

ક્યાં હવે સરતા સમયને વાર છે,
તોય મારે શબ્દ સાથે પ્યાર છે.

રાહ જોતો મલકતો એ ઉંબરો,
લ્યો, વધાવો સ્મૃતિઓનું દ્વાર છે.

એષણાનો શોભતો મંડપ અહીં,
વેલડામાં આંસુઓની ધાર છે.

ફૂલ ખીલ્યું ડાળખી પર સાંજના,
થાય કે, આ સ્પર્શનો વિસ્તાર છે.

સત્ય, શ્રદ્ધાથી ભરી છે બાથ મેં,
થંભ ફાટ્યો ને છતાં સૂનકાર છે.

*ઉમેશ જોશી - અમરેલી*
*મો. ૯૮૭૯૫ ૬૬૫૯૦*

# ઓબ્સેસીવ કમ્પલસીવ ડીસઓર્ડર (OCD)

## સારવાર : ભાગ-૭




ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

વિશ્વ આરોગ્ય સંસ્થા (World Health Organization – WHO) ના આંતરરાષ્ટ્રીય વૈદ્યકીય વર્ગીકરણના (International Classification of Diseases ICD-10) પુસ્તકમાં ઓ.સી.ડી. લક્ષણો વિશે ઉંડાણમાં વર્ણન કર્યું છે.

આગળના લેખમાં ઓ.સી.ડી.ના સામાન્ય રીતે વારંવાર જોવા મળતા લક્ષણો વિશે જાણકારી મેળવી.

૧. ગંદકી (Dirt) અને/અથવા જીવજંતુ (Germs) વિશેના વિચારો તથા એને વારંવાર સાફ કરવું.
૨. ફરી ફરીથી ચકાસવું (Checking and Rechecking).
૩. એકની એક ક્રિયા વારંવાર કરવી (Same action repeating again and again)
૪. અનિશ્ચિત દબાણપૂર્વકના વિચારો (Obsessive thoughts).
૫. અપેક્ષિત કાર્યોના ક્રમમાં ફેરફાર ન સ્વીકારવો (Changes in routine unacceptable).
૬. ધાર્મિક વિધિઓ કરતી વખતે જાતીયતાના (Sexual thoughts) વિચારો આવવા.
૭. જૂની બિનઉપયોગી વસ્તુઓનો સંગ્રહ (Old, non-useful things to store).

આજના લેખમાં નિદાન તથા સારવાર વિશે જાણકારી મેળવીએ.

- **નિદાન :**

ઉપર જણાવેલ લક્ષણો ઉપરાંત નીચેના મુદ્દાઓ ઓ.સી.ડી.ની બીમારીનું નિદાન કરતી વખતે લક્ષમાં લેવામાં આવે છે.

૧. દર્દીને સમજ હોય છે કે જે પોતે કરી રહ્યા છે (વારંવાર હાથ ધોવા, ફરી ફરીથી ચકાસણી કરવી, એકનું એક કાર્ય વારંવાર કરવું, અનિશ્ચિત વિચારો વગેરે) તે યોગ્ય નથી. આથી મનમાં ચિંતિત રહે છે, મનોવ્યથા અનુભવે છે.
૨. આ વિચારો, વર્તણુંક, વ્યવહાર વગેરે દર્દીના કાબૂમાં નથી હોતા. એ પ્રમાણે ન કરે તો બેચેની વધી જાય છે (Mental distress).
૩. દર્દીના મનમાં હંમેશાં ડર તથા ભય રહે છે કે એ પ્રમાણે (ત્રણ કે પાંચ કે એનાથી વધારે વખત) નહીં કરે તો કાંઈક નુકસાન થશે, અશુભ થશે. પ્રિય પાત્રને અકસ્માત નડશે. આ અશુભ ન થાય તે માટે દર્દી ઉપરોક્ત વર્તણુંક, વિચારો ચાલુ રાખે છે.
૪. વિચારો / કાર્યોમાં રોજનો કિંમતી સમય વેડફાય છે (Precious time is lost).
૫. આથી રોજિંદા કાર્યોમાં તથા રોજિંદી જવાબદારીઓમાં ખલેલ પહોંચે છે. (કામ પર મોડું પહોંચવું, ઘરનું કામ મોડું થાય, વ્યવહાર / સામાજિક પ્રસંગોમાં મોડું પહોંચાય કે ગેરહાજર રહેવાય) (Interference with normal life & routine).

- **બ્રેઇનના અવયવોમાં શારીરિક ફેરફારો :**

ઓ.સી.ડી.ની બીમારીમાં બ્રેઇનમાં આવેલા મનના અવયવોમાં કદ, રચના, ન્યુરોટ્રાન્સમિટર્સના પ્રમાણમાં ફેરફારો થાય છે.

લિમ્બિક સિસ્ટમના અવયવો બેઝલ ગેન્ગલિયાના (Basal Ganglion), કોડેટ ન્યુક્લિયસ (Candate Nucleus), થેલામસ (Thalamus), ઓરબીટો ફ્રન્ટલ કોરટેક્ષ (Orbito Frontal cortex) વચ્ચેના સંદેશાઓની આપ-લે માં અવરોધ થાય છે. જેથી ઓ.સી.ડી.ના લક્ષણો દેખાય છે. ન્યુરોટ્રાન્સમિટર સીરોટોનીનની માત્રામાં ફેરફારો થાય છે.

- **સારવાર :**

ઓ.સી.ડી.ની સારવાર નીચેની પદ્ધતિઓથી કરવામાં આવે છે : (૧) દવાઓ, (૨) કોગ્નિટીવ બિહેવિયર થેરાપી (સી.બી.ટી.), (૩) કાઉન્સેલિંગ, (૪) હકારાત્મક જીવનશૈલી.

**(૧) દવાઓ :**

શારીરિક બીમારીઓ જેવી કે ડાયાબિટીસના નિદાન બાદ ડૉક્ટરો ઇન્સ્યુલીનની માત્રા શરીરમાં વધે એ પ્રકારની દવાઓ આપે છે. દવા કઇ અને કેટલી માત્રામાં આપવી

એ દરેક દર્દીની જરૂરત પ્રમાણે ડૉક્ટર નક્કી કરે છે.

એવી જ રીતે મનની બીમારી ઓ.સી.ડી.માં બ્રેઇનમાં આવેલા મનના અવયવોમાં ન્યુરોટ્રાન્સમિટર સીરોટોનીનની માત્રા ઓછી થાય છે. સીરોટોનીનની માત્રા વધારવા માટે એસ.એસ.આર.આઈ. (SSRI) ગ્રુપની દવાઓ આપવામાં આવે છે. ફ્લુઓક્ષેતીન (Fluoxetine), ક્લોમીપ્રામીન (Clomipramine), ફ્લુવેક્ષામીન (Fluvoxamine) વગેરે ઓ.સી.ડી.ની બીમારી માટે મહત્ત્વની દવાઓ છે. કઈ દવા કેટલી માત્રામાં આપવી એ દરેક દર્દી માટે મનોચિકિત્સક નક્કી કરે છે.

**(૨) કોગ્નિટીવ બિહેવિયર થેરાપી – સી.બી.ટી. (Cognitive Behaviour Therapy)**

ઓ.સી.ડી. બીમારીની સારવારમાં સી.બી.ટી.ની સારવાર પદ્ધતિ દવાઓ સાથે અપાય છે. જેથી સારવારના પરિણામો વધારે સારા મળે છે. ઓ.સી.ડી.ની સારવાર માટે સી.બી.ટી.ની અલગ અલગ પદ્ધતિઓ છે. જેવી કે –

અ) જેકોબસન પ્રોગ્રેસીવ મસ્ક્યુલર રીલેક્ષન થેરાપી (Jacobsons Progressive Muscular Relaxation Therapy)

બ) સિસ્ટમિક ડીસેન્સેટાઇઝેશન (Systemic Desensitization)

ક) થોટ સ્ટોપિંગ (Thought Stopping)

ડ) રીસ્પોન્સ પ્રિવેન્શન (Response Prevention)

ઈ) ફ્લડિંગ (Flooding)

ફ) ઈમ્પલોઝન થેરાપી (Implosion Therapy)

દર્દીના લક્ષણો તથા વ્યક્તિત્વ, પરિવારજનોનો પ્રતિભાવ વગેરે પરિબળોને લક્ષમાં લઇ સારવારની પદ્ધતિ નક્કી કરાય છે. એકથી વધારે પદ્ધતિઓ એક જ દર્દીમાં જરૂરત પ્રમાણે આપી શકાય.

દર્દી તથા કુટુંબીજનોનો સાથ અને સહકાર મળે તો અપેક્ષિત પરિણામો જલ્દી મળે છે.

**(૩) કાઉન્સેલિંગ : અભિગમમાં ફેરફાર**

પ્રસંગ કે ઘટના પ્રત્યેનો નકારાત્મક અભિગમ બદલી તટસ્થ કે હકારાત્મક અભિગમ અપનાવવા માટે કાઉન્સેલિંગ જરૂરી છે.

પોતાની જાતનો, સમયનો, શક્તિનો, સંજોગોનો, પ્રવૃત્તિઓનો, ક્ષમતાનો તથા સીમાનો ખ્યાલ રાખ્યા પછી જ નિર્ણયો કરવા અગત્યના છે. જેથી એ લીધેલા નિર્ણયોને લીધે વ્યક્તિને સ્ટ્રેસ ન થાય.

**(૪) હકારાત્મક જીવનશૈલી**

નિયમિત મોર્નિંગ વોક, નિયમિત યોગ, મેડિટેશન, યોગ્ય પ્રમાણમાં સમયસરની ઊંઘ, યોગ્ય પૌષ્ટીક આહાર, પોતાના માટે વ્યવસાય સિવાયની મનોરંજનની પ્રવૃત્તિ, મિત્રો જોડે ગુણવત્તાભર્યો સમય ગાળવો વગેરે હકારાત્મક જીવનશૈલી અપનાવવી જરૂરી છે. જેથી ઓ.સી.ડી.ની બીમારીનો ઉથલો થતો અટકાવી શકાય.

• **સારાંશ :**

૧. ઓબ્સેસિવ કમ્પલસીવ ડીસઓર્ડર - ઓ.સી.ડી. એક મનની (માનસિક) બીમારી છે.

૨. આ બીમારીમાં બ્રેઇનમાં આવેલા મનના અવયવોમાં કદ, રચનામાં ફેરફારો થાય છે.

૩. વારંવાર હાથ ધોવા, નહાવામાં વધારે સમય લાગવો, ફરી ફરીથી ચકાસવું, એકની એક ક્રિયા વારંવાર કરવી, અનિચ્છિત વિચારો, ધાર્મિક વિધિ કરતી વખતે જાતીયતાના વિચારો આવવા, કાર્ય તથા સમયના ભોગે વધારે પડતી ચોકસાઈ કરવી, બિનજરૂરી વસ્તુઓનો સંગ્રહ કરવો વગેરે ઓ.સી.ડી.ની બીમારીના લક્ષણો છે.

૪. દવાઓ, કોગ્નિટીવ બિહેવિયર થેરાપી, કાઉન્સેલિંગ, હકારાત્મક જીવનશૈલી સારવારના ઘટકો છે.

૫. સારવારના પરિણામો અન્ય શારીરિક બીમારી પ્રમાણેના મળે છે. સારવાર બાદ દર્દી નોર્મલ જીવન જીવી શકે છે.

***(સંપૂર્ણ)***

*દરેક વ્યક્તિનું ચોક્કસ બ્લડગ્રૂપ હોય છે*
*તેથી તમે ઈચ્છો તેને કદાચ રક્તદાન ન પણ કરી શકો.*
*પરંતુ આંસુનું કોઈ ગ્રૂપ નથી હોતું,*
*તેથી તમે આંસુ તો કોઈના પણ લૂછી શકો.*

શુભેચ્છા સહ...

**પૃથ્વી શાહ – ગાંધીનગર**

**મો. ૯૮૨૪૬ ૬૬૧૦૮ / ૮૭૮૦૩ ૯૬૩૩૪**

# પિત્તાશય પણ બોલે છે... તેને સમજો તો...!



ડૉ. તપન શાહ
MS, FMAS, FICS (USA)

હમણાં જ એક આર્ટીકલ વાંચ્યો, જર્મની તથા ચીનની અમુક હોસ્પિટલનો...!!

ના, આપણે અહીં કોઈ મેડિકલના કોઈ રીસર્ચની નહીં, પરંતુ એક દર્દીની આખી timelineની વાત કરી છીએ.

આર્ટીકલમાં કહ્યું હતું કે પથરી અને ચેપના કારણે પિત્તાશયના ઑપરેશન કરવામાં આવે છે પરંતુ તેના કારણે લાંબાગાળે લીવરમાં ફેટી લીવર ડિસીઝ / પ્રાઈમરી લીવર કેન્સરની શક્યતા (moderate risk) થાય છે. પણ જો ઈમરજન્સી થાય તો શું કરવાનું?

હવે આપણે અમારી પાસે આવેલા એક દર્દીની સ્ટોરી / time line જોઈએ... રાતે ઈમરજન્સીમાં પેટમાં ૨-૩ દિવસથી થતા દુઃખાવાથી પરેશાન દર્દી આવ્યા Emergency Room (ER) માં. સોનોગ્રાફી કરાવેલી હતી અને એમાં આવતું હતું પિત્તાશયમાં પથરી અને તેમાં ચેપ. સામાન્ય રીતે આવા ચેપના કિસ્સામાં દર્દીને દાખલ કરીને અમુક રીપોર્ટ કરાવીને ભૂખ્યા (NBM) રાખીને Antibiotics આપવામાં આવે છે. ચેપ ઓછો થાય એ પછી ૪ અઠવાડિયા પછી (interval cholecystectomy) પિત્તાશયનું ઑપરેશન કરવામાં આવે છે. આપણા આ દર્દીને પણ દાખલ કરી, રીપોર્ટ કરાવીને પ્રોટોકોલ પ્રમાણે સારવાર ચાલુ કરવામાં આવી. બધી જ જાતના દુઃખાવાના ઈન્જેક્શન આપવા છતાં દુઃખાવો પાછો આવી જાય. પેટમાં જમણી બાજુ ઉપરના ભાગમાં જ્યાં લીવર આવેલું હોય. દોઢ દિવસ પછી ફરી સોનોગ્રાફી, લોહીના રીપોર્ટ (લીવરના) અને જરૂર પ્રમાણે સીટી સ્કેન કરાવ્યો. જેમાં લોહીના રીપોર્ટમાં પિત્તનો રીપોર્ટ વધ્યો તથા પિત્તાશયમાં સોજો એટલો જ હતો, ઘટ્યો હતો નહીં. દર્દીનો દુઃખાવો પણ ઘટવાનું નામ નહોતો લેતો.

તેથી અમે નિર્ણય લીધો ઑપરેશન કરવાનો અને દર્દી તથા તેમના relatives ને સમજાવ્યું, ફાયદા અને ગેરફાયદા ઑપરેશનના. Critical સ્ટેપ હતું હવે. કોઈપણ વ્યક્તિ ઑપરેશનના નામથી જ ડરી જાય અને એકદમ કોઈ પણ ડૉક્ટર પર વિશ્વાસ મૂકવો થોડું અઘરું હોય છે. દર્દી અને તેમના સગાવહાલાએ એમના એક ફેમિલી ડૉક્ટરનો opinion લેવાનું કહ્યું. સામાન્ય રીતે કોઈ ડૉક્ટરને ગમતું નથી પરંતુ જો opinion પણ આપણા પક્ષમાં આવે તો દર્દીનો વિશ્વાસ ડબલ થઈ જાય છે.

એમના ફેમિલી ડૉક્ટર હતા ડૉ. સી.બી. કથીરીયા સાહેબ. ખૂબ જ સિનિયર ફિઝીશિયન. મારા MBBS ના પ્રોફેસર અને સર્જન તરીકેના મારા શરૂઆતના સમયમાં તેમની સાથે થોડો સમય કામ કરેલું અને તે પણ મારા કામને જાણે. મેં તેમને ફોન કર્યો. દર્દીની પ્રાઈમરી હિસ્ટ્રી કહી, રીપોર્ટ્સ મોકલ્યા. અત્યારે વાઈરલ ઈન્ફેક્શન (ડેન્ગ્યુ, મેલેરીયા, influenza) ખૂબ જ ચાલે છે અને તેમાં પણ પિત્તાશયમાં ચેપ જોવા મળે છે. એટલે કથીરીયા સાહેબના કહેવાથી ડેન્ગ્યુનો રીપોર્ટ પણ કરાવ્યો અને એ દરમિયાન દર્દીનો પુત્ર સાહેબને મળવા પણ પહોંચ્યા હતા. ડેન્ગ્યુ નેગેટીવ આવ્યો અને સાહેબે લીલી ઝંડી આપી દીધી અને અમે ઑપરેશનનો સમય નક્કી કરી દીધો અને તૈયારી પણ.

આમાં એક ઉત્કૃષ્ટ ઉદાહરણ જોવા મળે છે — ડૉક્ટર અને દર્દી વચ્ચેના સંબંધનું! તથા એક ડૉક્ટરના બીજા ડૉક્ટર પરના વિશ્વાસનું.

ઑપરેશન દૂરબીનથી (Laproscopic) કરવાનું નક્કી કર્યું હતું. આવા કિસ્સામાં ઘણીવાર ટાંકાવાળું ઑપરેશન કરવાની જરૂર પડી શકે છે. દર્દીને એનેસ્થેશિયા આપીને ઑપરેશન ચાલુ કર્યું. જેવું પેટમાં દૂરબીન (Scope) નાખ્યો અને જોયું એ જ્વાળામુખી જેવું હતું. પિત્તાશયની આજુબાજુ આંતરડા અને તેની ચરબી (Omentum) ચોંટેલા હતા. અને જેવું હટાયું પરુ / પસ જોવા મળ્યા અને પિત્તાશયમાં જોવા મળ્યું કાણું (Perforated and gangrenous). પિત્તાશયની એવી કન્ડિશન કે જે જીવલેણ સાબિત થઈ શકે. પરંતુ સમયસર નિર્ણય અને સ્કીલ્સથી ઑપરેશન લેપ્રોસ્કોપીક / દૂરબીનથી સફળ થયું અને ઑપરેશન પછી દર્દીને દુઃખાવો નહિવત થઈ ગયો અને ત્રીજા દિવસે અત્યંત ખુશ થઈને ડિસ્ચાર્જ થયા.

વિશ્વાસ, સ્કીલ્સ તથા સંબંધ (પરસ્પર) કેટલો કિંમતી સાબિત થાય છે તેનું આ જીવંત ઉદાહરણ છે.

ઑપરેશન ડૉ. તપન શાહ, ડૉ. જૈમિન શાહ, ડૉ. ઐશ્વર્ય તથા ડૉ. હાર્દિક મોદી (Anaesthetist) અને ઓ.ટી. સ્ટાફના સહયોગથી સફળતાપૂર્વક પાર પડ્યું હતું. ■

# તંદુરસ્તી : પપૈયાના પાંદડા

ડૉ. ધનેશ

પપૈયાના પાંદડાની ચા – કોઈપણ સ્ટેજ ઉપરના કેન્સરને માત્ર ૬૦થી ૯૦ દિવસમાં મૂળમાંથી દૂર કરે છે.

પપૈયાના પાંદડા – 3rd અને 4th સ્ટેજના કેન્સરને માત્ર ૩૫થી ૯૦ દિવસમાં સારું કરી શકે છે.

અત્યાર સુધી આપણે લોકોએ માત્ર પપૈયાના પાંદડાનો ખૂબ જ મર્યાદિત રીતે જ ઉપયોગ કર્યો હશે... (ખાસ કરીને પ્લેટલેટ્સના ઓછા થવા ઉપર કે ચામડી સંબંધી કે બીજા કોઈ નાના મોટા પ્રયોગ માટે)

પરંતુ, આજે અમે તમને જે જણાવવા જઈ રહ્યા છીએ તે ખરેખર તમને આશ્ચર્યચકિત કરી દેશે.

તમે માત્ર પાંચ અઠવાડિયામાં કેન્સર જેવા ગંભીર રોગને મૂળમાંથી દૂર કરી શકો છો. તે કુદરતની શક્તિ છે.

ઘણી બધી જાણકારી ઘણા પ્રકારની વૈજ્ઞાનિક શોધોથી મળી કે – પપૈયાના દરેક ભાગ જેમ કે ફળ, થડ, બીજ, પાંદડા, મૂળ બધાની અંદર કેન્સરની કોશિકાઓનો નાશ કરવાની અને તેની વૃદ્ધિને અટકાવવાની શક્તિશાળી દવા મળી આવે છે. ખાસ કરીને પપૈયાના પાંદડાની અંદર કેન્સરની કોશિકાઓને નાશ કરવાની અને તેની વૃદ્ધિ અટકાવવાના ગુણ વધુ પ્રમાણમાં મળી આવે છે.

### *તો આવો જાણીએ...*

University of Florida (2010) અને International Doctors and Researchers from US and Japan માં થયેલ શોધથી જાણવા મળ્યું છે કે – પપૈયાના પાંદડામાં કેન્સરની કોશિકાઓનો નાશ કરવાની દવા મળી આવે છે.

Mr. Nam Dang – MD, Ph.D. જેઓ એક શોધક છે, તેમના મુજબ – પપૈયાના પાંદડા સીધા કેન્સરને દૂર કરી શકે છે. તેમના મુજબ પપૈયાના પાંદડા લગભગ ૧૦ પ્રકારના કેન્સરનો નાશ કરી શકે છે. જેમાં મુખ્ય છે : Breast Cancer, Lung Cancer, Liver Cancer, Pancreatic Cancer, Cervix Cancer.

તેમાં જેટલું વધુ પ્રમાણ પપૈયાના પાંદડાનું વધારવામાં આવે છે, તેટલું જ સારું પરિણામ મળે છે.

પપૈયાના પાંદડા કેન્સરને દૂર કરી શકે છે અને કેન્સરના વિકાસને જરૂર રોકી દે છે.

તો આવો જાણીએ, પપૈયાના પાંદડા કેન્સરને કેવી રીતે દૂર કરે છે?

૧. પપૈયું કેન્સર વિરોધી અણું Th 1 Cytoknes ના ઉત્પાદનને વધારે છે. જે ઇમ્યુન સિસ્ટમ (રોગ પ્રતિકારક) શક્તિ પ્રદાન કરે છે. જેનાથી કેન્સર કોશિકાઓનો નાશ કરવામાં આવે છે.

૨. પપૈયાના પાંદડાંમાનું PAPIN SALT (મીઠું) એ પ્રોટીનને તોડવા (Proteolytic)વાળા એન્ઝાઈમ્સ મળી આવે છે. જે કેન્સર કોશિકાઓ ઉપર રહેલા પ્રોટીનના આવરણને તોડી નાખે છે. જેનાથી કેન્સર કોશિકાઓને શરીરમાં બચવાનું મુશ્કેલ થઈ જાય છે.

આમ, પપૈયાના પાંદડાની ચા દર્દીના લોહીમાં ભળી જઈને Macrophages ને ઉત્તેજીત કરે છે... જે રોગપ્રતિકારક શક્તિને ઉત્તેજીત કરીને, કેન્સર કોશિકાનો નાશ કરવાનું શરૂ કરે છે.

કેમોથેરાપી / રેડિયોથેરાપી અને પપૈયાના પાંદડા દ્વારા સારવારમાં મુખ્યત્વે ફરક એ છે કે – કેમોથેરાપીમાં ઇમ્યુન સિસ્ટમ (રોગ પ્રતિકારક શક્તિ)ને દબાવવામાં આવે છે. જ્યારે પપૈયાના પાંદડા ઇમ્યુન સિસ્ટમ (રોગ પ્રતિકારક શક્તિ)ને ઉત્તેજીત કરે છે.

કેમોથેરાપી અને રેડિયોથેરાપીમાં સામાન્ય કોશિકા પણ પ્રભાવિત થાય છે. પપૈયા ફક્ત કેન્સરની કોશિકાઓનો જ નાશ કરે છે.

સૌથી મોટી વાત કે – કેન્સરના ઇલાજમાં પપૈયાના પાંદડાઓની કોઈ 'આડ અસર' પણ નથી.

**કેન્સમાં પપૈયાના સેવનની વિધિ :**

**કેન્સરમાં સૌથી ઉત્તમ પપૈયાની ચા**

દિવસમાં ૩થી ૪ વખત પપૈયાની ચા બનાવો. તે તમારા માટે ખૂબ ફાયદાકારક રહે છે.

*હવે આવો જાણી લઈએ, પપૈયાના પાંદડાની ચા બનાવવાની રીત :*

(૧) ૫ થી ૭ પપૈયાના પાંદડાને પહેલા તડકામાં સારી રીતે સૂકવી લો. પછી તેને નાના નાના ટુકડામાં તોડી લો. તમે ૫૦૦ મિલિ પાણીમાં થોડા પપૈયાના સૂકાયેલા પાંદડા નાખીને સારી રીતે ઉકાળો. એટલા ઉકાળો કે તે અડધા રહી જાય. તેને તમે ૧૨૫ મિલિ કરીને દિવસમાં ૨ વખત પીવો અને જો વધુ બનાવ્યા હોય તો તમે તેને દિવસમાં ૩થી ૪ વખત પીવો. બીજું વધેલું પ્રવાહીને ફ્રીજમાં રાખી દો. જરૂર પડે ત્યારે ઉપયોગ કરો.

ધ્યાન રાખશો કે તેને બીજી વખત ગરમ ન કરશો.

(૨) પપૈયાના ૭ તાજા પાંદડા લો. તેને સારી રીતે હાથથી મસળી લો. હવે તેને ૧ લીટર પાણીમાં નાખીને ઉકાળો. જ્યારે તે ૨૫૦ મિલિ વધે એટલે તેને ગાળીને ૧૨૫ મિલિ કરીને ૨ વખતમાં એટલે કે સવાર-સાંજ પી લો.

આ પ્રયોગ તમે દિવસમાં ૩ થી ૪ વખત પણ કરી શકો છો.

પપૈયાના પાંદડાનો જેટલો વધુ ઉપયોગ તમે કરશો... એટલો જ જલ્દી તમને ફાયદો મળશે.

***નોંધ*** : આ ચા પીવાના અડધાથી એક કલાક સુધી તમારે કંઈ જ ખાવા પીવાનું નથી.

**ક્યાં સુધી કરવો આ પ્રયોગ?**

આમ તો આ પ્રયોગ તમને ૫ અઠવાડિયામાં પોતાનું પરિણામ દેખાડી આપશે. છતાં અમે તમને ૩ મહિના સુધી ઉપયોગ કરવાનો આગ્રહ કરીએ છીએ.

અને આ જે લોકોએ અનુભૂતિ કરી છે, તે લોકોએ તે લોકોને પણ સારા કર્યા છે જેમના કેન્સરમાં ત્રીજો કે ચોથો સ્ટેજ હતો.

***(સુરત, કેનેડા)***
**મો. ૯૯૭૯૬ ૧૮૯૯૯**
***25 Year experience in Cancer***

*મંગધલેં કે*
*'અંગુઠો' વતાઈ ડીંધલ આંઉ*
*ઉપાડી અચાંતો,*
*બેંક મ્યાનું,*
*રૂપિયા–*
*જિતરા ખપેં ઈતરા*
*'અંગુઠો' લગાઈને!!*

***– અરવિંદ સોમૈયા***

## પત્ની ચાલી પીયર!

**(અનુસંધાન : પાના નં. – ૪૪ ઉપરથી ચાલુ)**

*'વાહ કેવું સુંદર છે મારું ઘર! હશે, હવે કદાચ થશે મારું ઘર એમ મન મનાવી બાળકોને મોટા કર્યા. ત્યાં તો વર્ષો પછી પુત્ર કહે, મમ્મી આજે મધર્સ ડે છે, તું મારે ઘેર આવીશ?? આ થયું પુત્રનું ઘર!! ચાર અવસ્થામાં મેં વસાવ્યા ચાર ઘર અને છતાં ક્યું હશે મારું ઘર?!"*

આ મેસેજના જવાબમાં પતિએ પણ 'પતિ હઠ' છોડીને મેસેજ મોકલ્યો કે, "આવી જાવ હવે રસોઈના મહારાણી! આ ઘર તમારું જ છે." અને બે દિવસ પછી પત્ની એ જ 'વંદે ભારત' ટ્રેઈન દ્વારા રીટર્ન થયા.

જો બાળવાર્તા હોય તો આ લેખને અંતે લખાત કે – 'ત્યારબાદ પતિ-પત્નીએ ખાધું, પીધું ને રાજ કીધું!' પરંતુ અહીં આપણે લખશું કે 'ત્યારબાદ પતિ-પત્નીએ ખાધું પીધું ને પિક્ચર જોયું!' પિક્ચરનું નામ હતું – 'રીટર્ન ઓફ પત્ની!' ■

***હોળીમાં પણ આગ છે અને દિવાળીમાં પણ આગ છે,***
***એકના ભડકાથી લોકો દૂર રહે છે***
***જ્યારે બીજીથી લોકો ખુશીથી જ્યોત જલાવીને પ્રકાશ પાથરે છે.***

## ગઝલ : ભૂલી ગયા

દોડવાની રેસમાં સૌ, ચાલવું ભૂલી ગયા
પામવાની ઝંખનામાં આપવું ભૂલી ગયા.

હિમશિખરના આંગણામાં આવી ઊભા'તા છતાં,
પાડવા ફોટા સરસ, શું માણવું, ભૂલી ગયા!

કોણે, ક્યારે શું કહ્યું, હે નાથ! એ તો યાદ છે,
શું તે કહ્યું, શું તે કર્યું, જાણવું ભૂલી ગયા.

અંત વેળા પણ સ્વજનને, ના સમય આપી શક્યા,
અગ્નિદાહે લાકડામાં બાળવું ભૂલી ગયા.

ઘર બનાવે ચાંદ પર, સપના જુએ છે માનવી,
જે મળ્યું એ ચાંદ જેવું, માનવું ભૂલી ગયા.

હું જ સાચો, હું જ સાચો, ધૂન લાગી ચોતરફ,
હોય બીજા પણ ખરા, એ ધારવું ભૂલી ગયા.

જાણે 'જીનલ' સ્વર્ગમાં, સુખનો ઘણો વરસાદ છે,
એટલે ઈશ્વર તમે, અહીં આવવું ભૂલી ગયા!

***– અંકિતા મારૂ 'જીનલ'***

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૩૮

### શ્રી ભોયણી તીર્થ
### (શ્રી મલ્લીનાથ ભગવાન)



કલોલ અને બહુચરાજીની વચ્ચે કડી ગામથી ૮ કિ.મી. દૂર આવેલા ભોયણી ગામની પાસે આ તીર્થ આવેલું છે. અહીં મૂળનાયક શ્રી મલ્લીનાથ ભગવાનની શ્વેત વર્ણની ૧૦૪ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા છે. એક સમયે આ સ્થળ પદ્માવતી નગરને નામે પ્રસિદ્ધ હતું. એની આસપાસમાં મળી આવતા ખંડિત અવશેષો અને મૂર્તિઓ પરથી આ સ્થળ પ્રાચીન હોવાનું અને તે સમયે અનેક જિનમંદિરો હોવાનું પ્રતીત થાય છે. મૂળનાયક ભગવાન મલ્લીનાથની અલૌકિક મૂર્તિ વિ.સં. ૧૯૩૦માં અહીંના એક ખેતરમાં કૂવો ખોદતાં જમીનમાંથી પ્રગટી હતી. વિ.સં. ૧૯૪૩ના મહા સુદ દસમના દિવસે એક સુંદર અને ભવ્ય જિનાલય નિર્મિત કરીને ઉત્સવપૂર્વક એની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ભગવાન મલ્લીનાથની પ્રતિમાની કલા ખૂબ જ મનોહર અને આકર્ષક છે. તેમજ સંસારના સંતપ્ત જીવોને શાંતિ પ્રદાન કરે છે. આ મંદિર ત્રણ શિખરબંધી, વિશાળ અને રમણીય છે. મૂળ ગભારો અને રંગમંડપ વિસ્તારવાળા છે. ત્રણે તરફના દરવાજાઓની શૃંગાર ચોકીઓ એની ભવ્યતામાં ઉમેરો કરે છે. દર વર્ષે મહા સુદ દસમના દિવસે અને ભગવાન મલ્લીનાથના જન્મ કલ્યાણક દિન શ્રાવણી પૂનમે અહીં મેળો ભરાય છે ત્યારે હજારો ભક્તજનો ઉમંગભેર પ્રભુભક્તિ કરે છે. આ સ્થળે બીજા કેટલાય અવશેષો હજી પડેલા છે. દર્શનીય શિલ્પવિધાન ધરાવતી આશરે સાડા ત્રણ ફુટ ઊંચી એક પ્રાચીન પ્રતિમા મળેલ છે. એમના ખભા આલેખેલા કેશગુચ્છથી આ મૂર્તિ ઋષભદેવ ભગવાનની હોવાનું જણાય છે. આ સિવાય પણ બીજી મૂર્તિઓ મળે છે.

## તીર્થ દર્શન-૩૯

### શ્રી સેરીસા તીર્થ
### (શ્રી પાર્શ્વનાથ ભગવાન)



અમદાવાદ - મહેસાણા માર્ગ પર આવેલું અને કલોલથી ૮ કિ.મી. દૂર સેરીસા ગામની પૂર્વ દિશામાં શ્રી સેરીસા તીર્થ આવેલું છે. અહીં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનની શ્યામ વર્ણની ૧૬૫ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા છે. એમ કહેવાય છે કે સેરીસા એક સમયે સોનપુર નગરીનો એક ભાગ હતું. આજે એ સોનપુરી નગરીનું અસ્તિત્વ જડતું નથી, પણ સેરીસા એક ભવ્ય અને મનોરમ તીર્થસ્થળ તરીકે આજેય ખ્યાતનામ છે. અહીં જોવા મળતા ખંડેરો, અવશેષો અને સ્તંભો વગેરે પ્રાચીન હોવાનું લાગે છે. વીર નિર્વાણની ૧૮મી સદીમાં શ્રી દેવેન્દ્રસૂરિજી દ્વારા શ્રી પાર્શ્વનાથ મંદિરની પ્રતિષ્ઠા કર્યાનો ઉલ્લેખ મળે છે. અહિંયા મળતા એક લેખ પરથી એમ જણાય છે કે વિક્રમની તેરમી સદીમાં ગુજરાતના તેજસ્વી મંત્રી વસ્તુપાળ - તેજપાળે પોતાના ભાઈ માલદેવ તથા તેમના પુત્ર પૂનમસિંહના શ્રેયાર્થે સેરીસા મહાતીર્થમાં શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિમાને પ્રતિષ્ઠિત કરાવી હતી. કવિવર શ્રી લાવણ્યસમયે વિ.સં. ૧૫૬૨માં અત્યંત ભક્તિપૂર્વક સેરીસા તીર્થ સ્તવનની રચના કરી હતી. મુસ્લિમ આક્રમણોને કારણે ખંડિત બનેલા આ તીર્થનો વખતોવખત જીર્ણોધ્ધાર થતો રહ્યો. અમદાવાદના શ્રેષ્ઠી સારાભાઈ ડાહ્યાભાઈ નિર્મિત નૂતન જિનાલયમાં વિ.સં. ૨૦૦૨માં તીર્થોદ્ધારક શાસનસમ્રાટ શ્રી વિજયનેમિસૂરિશ્વરજી મ.ના સુહસ્તે વૈશાખ સુદ દસમના દિવસે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી આ મંદિરની પ્રતિષ્ઠા કરવામાં આવી. આનો મૂળ ગભારો જોધપુરી લાલ પથ્થરનો અને રંગમંડપ મકરાણાના પથ્થરથી બનેલો છે. અહીં ભોંયરામાં બિરાજેલી ભગવાન પાર્શ્વનાથની પ્રતિમા સુંદર છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

*હાલત એવી ના હોય કે આપણા હોંસલા બદલાઈ જાય, પરંતુ હોંસલા એવા હોય કે હાલત બદલાઈ જાય.*

# પત્ની ચાલી પિયર!



ચિત્રસેન શાહ

'પત્ની ચાલી પિયર!' એ હું નથી કહેતો પરંતુ જોલી સ્વભાવના અમારા એક મિત્ર કહે છે!

આખા વિશ્વમાં જાતજાતના ને ભાતભાતના 'ડે' ઉજવાઈ રહ્યા છે. તેથી ૩૬૫ દિવસ ઓછા પડે છે. તેથી પરિસ્થિતિ હવે એવી ઊભી થઈ છે કે એક જ દિવસમાં બબ્બે 'ડે' ઉજવવા પડે! 'પતિ-પત્ની ડે' હોય તો સવારમાં 'પતિ ડે' (કારણકે પત્ની સવારમાં કામમાં હોય!) અને સાંજે 'પત્ની ડે!'

હવે આગળ લખ્યું છે તે મિત્ર અમારે ત્યાં આવ્યો ત્યારે ખુશમિજાજમાં હતો. આમ તો તે કાયમ ખુશમિજાજમાં જ હોય પરંતુ આજે તેના મુખ પરથી ખુશી છલકાઈ રહી હતી. અમે તેને આ ખુશીનું કારણ પૂછ્યું તો તેણે હસતા હસતા જવાબ આપ્યો કે 'આજે પત્ની પિયર ગઈ છે ને એટલે!'

અમે કહ્યું, અરે ભલા માણસ આજે 'પતિ-પત્ની ડે'ના દિવસે તેં પત્નીને પિયર મોકલી દીધી? તેણે કહ્યું, વાત જાણે એમ છે કે આજે સવારે ચા બની રહી હતી ત્યારે હું મોબાઈલમાં મેસેજ વાંચી રહ્યો હતો. ત્યારે મોઢા પર અણગમાના ભાવ સાથે પત્નીએ કહ્યું, 'સવાર સવારમાં મોબાઈલ લઈને બેઠા છો તો મને પિયર મોકલી દો!' એક બાજુ ચા ઉકળી રહી હતી અને બીજી બાજુ પત્ની ઉકળી રહી હતી! ચા અને પત્નીમાં એક સામ્યતા છે કે બંને પડ્યા પડ્યા ઉકળ્યા કરે. પત્નીના કથન 'તો મને પિયર મોકલી દો!'ને મેં સહર્ષ વધાવી લીધું અને પત્નીને 'વંદે ભારત' ટ્રેનમાં મુંબઈ તેમના પિયર જવા વિદાય આપી.

આ 'વંદે ભારત' ટ્રેઈન એ આપણા લોકપ્રિય વડાપ્રધાન મોદી સાહેબની જ ભેટ છે. આપણને આવા 'ન ભૂતો ન ભવિષ્યતિ' વડાપ્રધાન મળ્યા છે તે આપણી સદનસીબી છે. તેમના અસંખ્ય અદ્‌ભુત, અકલ્પનીય અને અવિશ્વસનીય પ્રોજેક્ટ્સ મળ્યા છે તે તેમના જ વિઝનનું પરિણામ છે.

ભારતના મહાન ક્રાંતિકારી પંડિત શ્યામજી કૃષ્ણવર્મા બીજા ક્રાંતિકારીઓ સાથે રહી લંડનના 'ઇન્ડિયા હાઉસ'માંથી દેશને આઝાદ કરવાની પ્રવૃત્તિ કરતા હતા. તે 'ઇન્ડિયા હાઉસ'ની પ્રતિકૃતિ એટલે શ્રી શ્યામજી વર્માની જન્મભૂમિ કચ્છ માંડવીનું અદ્‌ભુત 'ક્રાંતિતીર્થ!' (આ લખનાર પણ તે જ શહેરના હોઈ ગૌરવ અનુભવે છે. ગૌરવ અનુભવવા સિવાય બીજું કોઈ યોગદાન નથી!) સ્વ. વર્માએ કહેલું કે, 'મારી અંતિમ ઈચ્છા છે કે ભારત આઝાદ થાય ત્યારે મારા અસ્થિ માતૃભૂમિમાં હોય.' અને તેમની આ ઈચ્છા ગુજરાતના તે સમયના ચીફ મિનિસ્ટર મોદી સાહેબે પૂર્ણ કરી. જીનિવાથી સ્વ. વર્માના અસ્થિ કળશને ભારત - ગુજરાતમાં લાવ્યા. કળશ લાવીને તેમણે કહ્યું, 'આ કળશને કાન લગાડીને સાંભળશો તો અસ્થિમાંથી એક જ નાદ ગુંજતો સંભળાશે – ભારત માતાકી જય!'

હવે આ વાત અહીં એટલા માટે લખી છે કે જો અયોધ્યામાં બની રહેલ દિવ્ય અને ભવ્ય રામમંદિરની પ્રતિકૃતિ પણ જો ગાંધીનગરમાં બને તો સોનામાં સુગંધ ભળે!

મહાત્મા ગાંધીના પણ અંતિમ શબ્દો હતા : 'હે રામ!' એવા મહાત્મા મંદિરમાં G-૨૦ના કાર્યક્રમો પૈકીના એક કાર્યક્રમ વિમેન એમ્પાવરમેન્ટ અંગેના કાર્યક્રમમાં ગીરના એક આત્મનિર્ભર મહિલા રસીલાબેન કે જે લાયન ક્વિન ઑફ ઇન્ડિયા "શેરદિલ મહિલા" તરીકે જાણીતા છે તેમણે તેમની કામગીરી અંગેનો એક વીડિયો પ્રસ્તુત કરી વિશ્વ પ્રતિનિધિઓના દિલ જીતી લીધા હતા. મહાત્મા મંદિર તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યું હતું!

આત્મનિર્ભર થવાની ઘણી દિશાઓ હવે ખૂલી ગઈ છે. તેમાંથી એક આર્ટીફિસીયલ ઇન્ટેલીજન્સ અને મશીન લર્નિંગ (AIML) છે. આ ફિલ્ડમાં એટલા સ્કોપ છે કે Sky is the only Limit! યુ-ટર્ન લઈ હવે પાછા જઈએ એ જગ્યાએ કે જ્યાંથી આ લેખની શરૂઆત કરી હતી.

મિત્ર પત્નીના પિયર ગયા પછી બે દિવસમાં તો પતિને પત્નીની અને પત્નીને પતિની ગેરહાજરી સાલવા લાગી. પત્નીએ સ્ત્રી હઠ છોડીને વોટ્સએપ પર મળેલ એક મેસેજ ફોરવર્ડ કર્યો.

**તમે પણ વાંચો એ મેસેજ :**

***"ક્યું હશે મારું ઘર?!***

*જન્મતાની સાથે જ હાસ્યના કિલકિલાટથી ભર્યું મેં ઘર તે હતું માતા-પિતાનું ઘર. કંકુ પગલે ચાલી, હાથ અને જાત ઘસી દીપાવ્યું ઘર એ હતું સાસુજીનું ઘર! ઉમંગ અને અરમાનોથી બાળકોની કાલીઘેલી બોલીથી ભરી દીધું ઘર ત્યાં તો પતિ બોલ્યા*

(અનુસંધાન : જુઓ પાના નં. – ૪૨ ઉપર)

# અન્ય સંસ્થાઓના સમાચાર

## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
## 'ધૂમકેતુ નવલિકા પુરસ્કાર' માટે વાર્તાસંગ્રહો મોકલો

ધૂમકેતુ પરિવાર અને ગૂર્જર પરિવારના સંયુક્ત ઉપક્રમે ૧૯૯૦થી દર વર્ષે વિવિધ લેખકોના પ્રકાશિત નવલિકા સંગ્રહોમાંથી શ્રેષ્ઠ નવલિકા સંગ્રહ માટે લેખકને 'ધૂમકેતુ નવલિકા પુરસ્કાર' એનાયત કરવામાં આવે છે. આ પુરસ્કાર માટે પસંદગીના હેતુસર ૨૧૦૭થી ૨૦૨૨ના ૬ વર્ષ દરમિયાન પ્રથમ વખત પ્રકાશિત પ્રથમ આવૃત્તિના નવલિકા સંગ્રહની ૧-૧ નકલ વિના મૂલ્યે ગૂર્જર પ્રકાશન, ૨૦૨, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૬ના સરનામે તા. ૨૦-૧૦-૨૦૨૩ સુધી મોકલી આપવા તમામ લેખકો-પ્રકાશકોને ભલામણ છે. દર ત્રણ વર્ષના બ્લોકમાંથી નિર્ણાયક કમિટી દ્વારા પુરસ્કાર માટે વાર્તા સંગ્રહની પસંદગી કરવામાં આવે છે, જે તમામ લેખકો-પ્રકાશકોએ માન્ય રાખવાની રહેશે.

## ભુજ ક.વી.ઓ. જૈન સંઘ મધ્યે પર્યુષણ પર્વની ક્ષમાપના તપ, જપ અને ધાર્મિક ક્રિયાના ભક્તિસભર વાતાવરણમાં પૂરી થઈ

અનશન વ્રતધારી, જૈન સમાજરત્ન શ્રી તારાચંદભાઈ જગશીભાઈ છેડાની પ્રેરણાથી શ્રી ભુજ ક.વી.ઓ. જૈન સંઘના ચેરમેન શ્રી જીગર તારાચંદભાઈ છેડાના માર્ગદર્શન હેઠળ શ્રી ભુજ ક.વી.ઓ. જૈન સંઘ સંચાલિત ભગવાન મુનિસુવ્રત સ્વામી જિનાલય - નવનીત નગર/કોવઈ નગર - ભુજના આંગણે શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની દિવ્ય કૃપાએ તપસ્વીરત્ન પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા., સાહિત્ય દિવાકર, રાજસ્થાન-દીપક અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા., વર્ષીતપ આરાધક પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા., પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આશિર્વાદી પ્રવર્તિની મુખ્યા સાધ્વી શ્રી પ.પૂ. વસંતપ્રભાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ.માતૃહૃદયા ચારૂધર્માશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ. વાત્સલ્યવારિધી રત્નત્રયાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ. જગતત્રયાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૧ની નિશ્રામાં તપ-જપ-ધાર્મિક ક્રિયાના સમન્વયથી પર્યુષણ પર્વનું ભક્તિસભર વાતાવરણમાં સમાપન થયું હતું. આ પ્રસંગે શ્રી સંઘ દ્વારા નવનીત નગર ઉપાશ્રય મધ્યે સામૂહિક ક્ષમાપનાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ.પૂ. સાધ્વી જગતત્રયાશ્રીજી મ.સા.એ જણાવ્યું હતું કે, ક્ષમા, કરૂણા અને જીવદયાના ભગવાન મહાવીરના સિદ્ધાંતોને આત્મસાત્ કરનારું આ પર્યુષણ મહાપર્વ છે. જૈન ધર્મમાં સમગ્ર જીવને ક્ષમા આપવી અને ક્ષમાં માંગવી એના જેવો બીજો કોઈ ધર્મ નથી એમ જણાવ્યું હતું. ક્ષમાપના અંગેની ઉંડાણપૂર્વક સમજણ આપી હતી. તપસ્યા કરનાર તપસ્વીઓના પારણાની સગવડ નવનીત નગર ભોજનશાળા મધ્યે શ્રી સંઘ દ્વારા કરવામાં આવી હતી.

આ પ્રસંગે સંઘના અધ્યક્ષ શ્રી જીગર તારાચંદભાઈ છેડાએ જણાવ્યું હતું કે પર્યુષણ પર્વ દરમિયાન તથા ગત વરસે કોઈનું પણ જાણતા - અજાણતા મન દુભાવ્યું હોય તો શ્રી સંઘ તથા મહાજન વતી ઉપસ્થિત સૌને મિચ્છામિ દુક્કડમ્ કર્યું હતું. વધુ માહિતી આપતા તેમણે જણાવ્યું હતું કે, મારા પૂજ્ય પિતાશ્રીની પ્રેરણાથી શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - ભુજ અને શ્રી ભુજ ક.વી.ઓ. જૈન સંઘ દ્વારા નાતજાતના ભેદભાવ વિના કરવામાં આવતી સેવાકીય પ્રવૃત્તિએ આજરોજ વિશાળ વટવૃક્ષ બનીને તેની સુગંધ કચ્છ અને કચ્છ બહાર ફેલાઈ રહી છે. તેનો તમામ શ્રેય સમાજના લોકોના સાથ સહકારને આપ્યો હતો. આવનારા સમયમાં નવનીત નગર - ભુજ મધ્યે સમાજના વડીલો માટે વડીલ વંદના બનાવવાની જાહેરાત કરી હતી. પ.પૂ. સાધ્વી ભગવંત દ્વારા કરવામાં આવતા ધાર્મિક કાર્યો બદલ આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

પર્યુષણ પુર્ણાહૂતિ પ્રસંગે આયોજિત વરઘોડામાં ભગવાનને લઇ રથમાં બેસવાનો લાભ માતુશ્રી લક્ષ્મીબેન જગશી છેડા હ. શ્રીમતી જયોતિબેન ગિરીશભાઈ છેડા પરિવાર, ભગવાનના સારથી બનવાનો લાભ શ્રી ડિંકેશભાઈ જયંતીલાલ દેઢિયા પરિવાર અને લુણગીરીનો લાભ કુ. આરના દેઢિયા, કુ. હેત્વી દેઢિયા, ભગવાનને પોંખવાનો અને ભગવાનને છત્ર પકડવાનો લાભ માતુશ્રી લક્ષ્મીબેન જગશી છેડા હ. શ્રીમતી શિલાબેન લહેરીભાઈ છેડા પરિવારે લીધો હતો. ભગવાનનું પારણું ઘરે પધરાવવાનો લાભ માતુશ્રી લક્ષ્મીબેન જગશી છેડા હ. શ્રીમતી જીનલ કિરણ જયેશભાઈ છેડા પરિવારે લીધો હતો. શાલીભદ્રની પેટી ઘરે પધરાવવાનો લાભ માતુશ્રી સુશીલાબેન જગશીભાઈ મોતા હ. શ્રી પીંકેશભાઈ જગશીભાઈ મોતા પરિવારે લીધો હતો. અષ્ટપ્રકારી પૂજાના થાળનો ચડાવો સંઘમાતા તારાબેન કિશોરભાઈ જીવરાજ સાંયા પરિવારે લીધો હતો.

પર્યુષણ મહાપર્વ દરમિયાન ૧૬ ઉપવાસની તપસ્યા કરનાર શ્રીમતી જીનલબેન નિમેશભાઈ નાગડા, ૯ ઉપવાસ કરનાર રૂષભ નીલેશભાઈ નાગડા, ૮ ઉપવાસની તપસ્યા કરનાર ગિરીભાઈ સુંદરજીભાઈ સાવલા, શ્રીમતી નિરાલીબેન પ્રતીકભાઈ હરિયા, કુ. વાણી પ્રતીકભાઈ હરિયા, કુ. નેહા હરખચંદભાઈ ગાલા અને ત્રણ ઉપવાસ, બે ઉપવાસ, આયંબીલ, બ્યાસણા વગેરે તપસ્યા કરનાર

તપસ્વીઓનું શાલ, માળા, શ્રીફળ, રોકડ પુરસ્કાર આપી તેમના તપની અનુમોદના કરવામાં આવી હતી. પર્યુષણ મહાપર્વ દરમિયાન દરરોજ બંને જિનાલય મધ્યે પ્રભુજીની ભવ્યાતિભવ્ય આંગી કરનાર તમામ લોકોનું, પર્યુષણ મહાપર્વ દરમિયાન મહેનત કરનાર કર્મચારીઓનું શ્રી સંઘ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ચાલુ વરસે પર્યુષણ મહાપર્વ દરમિયાન ભોજન વ્યવસ્થા સ્વતંત્ર રીતે સંભાળનાર શ્રી મુનિસુવ્રત સ્વામી યુવા ગ્રુપના સભ્યોનું મોમેન્ટો આપી વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું.

પર્યુષણ મહાપર્વના ક્ષમાપના પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં સંઘના અધ્યક્ષ શ્રી જીગર તારાચંદભાઈ છેડા, ટ્રસ્ટી શ્રી સુરેન્દ્રભાઈ સાવલા, શ્રી લહેરીભાઈ છેડા, શ્રી કિરણભાઈ કક્કા, શ્રી ધીરેનભાઈ પાસડ, મહાજનના ટ્રસ્ટી શ્રી ગિરીશભાઈ છેડા, શ્રી કેશવજીભાઈ હરિયા, યુવા પાંખના સભ્યો, સખીવૃંદના બહેનો અને સામાજિક અગ્રણી કિશોરભાઈ સાંયા, મૌલીકભાઈ શાહ, શ્રી વિમલભાઈ મહેતા અને સમાજના લોકો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. સંચાલન તથા આભાર દર્શન ટ્રસ્ટના ખજાનચી શ્રી હરેશભાઈ ગોગરીએ કર્યું હતું.

## રક્ષાબંધન પર્વે ભાઈ-બહેનોનું વર્ષો પછી થયું મિલન વર્ષો પછી બહેનો - ભાઈઓના કાંડે રાખડી બાંધશે

બિહારની ૪ યુવાન મહિલાઓ જે લાંબા સમયથી ગૂમ હતી. પરિવારજનો તેમની શોધ ચલાવી રહ્યા હતા પણ તેમના પરિવારજનોની આર્થિક સ્થિતિ એકદમ નબળી હોતાં માનવજ્યોત સંસ્થા - ભુજ દ્વારા આ ચારે મહિલાઓને બિહારના જુદા જુદા જિલ્લાઓમાં તેમના ઘર સુધી પહોંચી જઈ હાથોહાથ પરિવારજનોને સુપ્રત કરવામાં આવેલ. પરિવારજનો પાસે તેમને ભુજથી તેડી જવા માટે ટિકિટભાડા માટેના પણ પૈસા ન હતા. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સિનિયર પેરાલીગલ વોલન્ટીયર શ્રી પ્રબોધ મુનવરના માર્ગદર્શન હેઠળ માનવ જ્યોતની ટીમ સંસ્થાના રીતુબેન વર્માની આગેવાની હેઠળ બિહાર પહોંચી હતી અને ચારે મહિલાઓને તેમનાં ગામ અને ઘર સુધી પહોંચતી કરેલ.

માનવ જ્યોત દ્વારા ૩ મહિલાઓને બાયડના જય અંબે મંદબુદ્ધિ મહિલા સમાજ સેવા ટ્રસ્ટમાંથી ભુજ લઈ આવવામાં આવેલ. જ્યારે ૧ મહિલા તેની પાંચ વર્ષની બાળા સાથે રસ્તે રઝળતી હાલતમાં મળી આવેલ.

પટના જિલ્લાની સુષ્મા શર્મિલા (ઉં.વ. ૪૨) દસ વર્ષે, મુંગેર જિલ્લાની ગીતાદેવી (ઉં.વ. ૫૫) પાંચ વર્ષે, કટીહાર જિલ્લાની પૂનમ (ઉં.વ. ૪૩) ચાર વર્ષે, હુસેનગંજ જિલ્લાની રંજનીકુમારી (ઉં.વ. ૩૦) ત્રણ વર્ષે માનવ જ્યોતનાં પ્રયત્નોથી ઘર સુધી પહોંચી છે. દરેકનો કબજો બિહારનાં ચારે જિલ્લાનાં પોલીસ સ્ટેશનો મારફતે અપાયો હતો. માનવતાના આ કાર્યમાં બિહાર પોલીસ ખૂબ જ મદદરૂપ બની હતી. ચારે પોલીસ સ્ટેશન મથકે ગામવાસીઓ ચારે મહિલાઓને આવકારવા વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સુષ્મા શર્મિલા અને રંજનીકુમારીનાં પતિઓએ બીજા લગ્ન કરી લીધા હોવાથી તેમના પીયરે કબજો લીધેલ જ્યારે પૂનમ અને ગીતાદેવીનાં પતિઓએ પત્નીઓનો કબજો લીધેલ.

આ ચારે મહિલાઓ માનવ જ્યોત સંસ્થા - ભુજ સંચાલિત શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છ મધ્યે ૧ મહિનાની સારવાર મેળવેલ. ત્યારબાદ સંસ્થાના સામાજિક કાર્યકર રીતુબેન વર્માએ બિહાર પોલીસનો સંપર્ક કરી આ ચારે મહિલાઓનાં ઘર-પરિવાર શોધી કાઢ્યા હતા. પણ પરિવારજનોની એકદમ નબળી સ્થિતિ જાણી માનવજ્યોતે આ ચારે મહિલાઓને બિહાર તેમનાં ઘર સુધી મૂકી આવવાનું નક્કી કરેલ.

માનવતાના આ કાર્યમાં પૃથ્વીરાજસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા, આનંદ રાયસોની, દિપેશ શાહ, રફીક બાવા, કનૈયાલાલ અબોટી, પંકજ કુરૂવા સહભાગી બન્યા હતા.

## મહારાષ્ટ્રનો અનવર પઠાણ ૯ વર્ષ પછી ઘરે પહોંચ્યો માતા-પુત્રનું થયું મિલન

મહારાષ્ટ્રનાં કલ્યાણ શહેરનો અનવર પઠાણ (ઉં.વ. ૨૦) અચાનક ગૂમ થતાં પરિવારજનોએ તેની ખૂબ શોધ ચલાવી હતી. આખરે તે રખડતો - ભટકતો સૌરાષ્ટ્રના મહુવા શહેરનાં પોપટભાઈ ફાઉન્ડેશન આશ્રમ મધ્યે પહોંચ્યો હતો. અહીં તેને આશ્રય સ્થાન મળ્યું હતું. સંસ્થાના સંચાલકોએ તેની ખૂબ જ સેવા કરી.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ - ભુજના સિનિયર પેરાલીગલ વોલન્ટીયર પ્રબોધ મુનવરના માર્ગદર્શન હેઠળ માનવ જ્યોત સંસ્થા - ભુજના સામાજિક કાર્યકર રીતુબેન વર્મા મહુવા આશ્રમની મુલાકાતે ગયેલા ત્યારે અનવરને સાથે લઈ ભુજ આવ્યા. ભુજની માનસિક આરોગ્યની હોસ્પિટલમાં તેની સારવાર કરાવતાં તે જલ્દી સ્વસ્થ બન્યો હતો. તેની પાસેથી મળેલી માહિતીનાં આધારે મહારાષ્ટ્ર પોલીસની મદદ લઇ તેનું ગામ અને પરિવાર શોધી કઢાયા હતા. તેના માતા સમીમબાનુ તથા ભાઈ અફઝલ તેને તેડવા ભુજ આવી પહોંચ્યા. ૯ વર્ષ પછી માતા-પુત્ર અને ભંને ભાઈઓનું મિલન થતાં ભાવુક દશ્યો સર્જાયા હતા. નવ-નવ વર્ષ પછી આજે અનવર ૨૯ વર્ષનો થઈ પોતાનાં ઘર અને પરિવાર સુધી પહોંચ્યો છે. નવ વર્ષ પછી ઘર અને પરિવાર મળ્યાનો અનવરને પણ આનંદ હતો.

માનવતાના આ કાર્યમાં આનંદ રાયસોની, રફીક બાવા, દિપેશ શાહ, પંકજ કુરૂવા, જયેશ લાલન, વાલજી કોલી, દિલીપ લોડાયા, રાજુ જોગી સહભાગી બન્યા હતા. ■

# સવાલ અમારો...
# જવાબ તમારો.....

મણકો ૬

**સંકલન - સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી (ગાંધીધામ - અમદાવાદ)**
(સમાજના ભૂતપૂર્વ મંત્રી તથા 'મંગલ મંદિર'ના ભૂતપૂર્વ તંત્રી)

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. જેના સાચા જવાબો આપનાર તમામના નામ 'મંગલ મંદિર'ના આગામી અંકમાં પ્રકાશિત કરવામાં આવશે.*

*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

**★ આપે આટલું કરવાનું છે :**

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચસ્પી વધશે.*

તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...

## ● આ અંકના સવાલો ●

૧. કચ્છમાં દર વર્ષે સરેરાશ __________ ઈંચ વરસાદ પડે છે. (૧૨, ૧૪, ૮)

૨. સમાજની ગૃહ ઉદ્યોગ સમિતિના વર્ષ ૨૦૨૩-૨૪ના કન્વીનર __________ છે.
(શ્રી રોહિતભાઈ સંઘવી, શ્રીમતી ભાવનાબેન દેઢિયા, શ્રી સંદીપભાઈ મહેતા)

૩. શ્રી ઉપરીયાળા તીર્થના આદિશ્વર દાદાની પ્રતિમા __________ નામના ખેડૂતના ખેતરમાંથી પ્રગટ થયા હતા.

૪. 'હું પહેલા શિક્ષક છું અને પછી રાષ્ટ્રપ્રમુખ છું' : __________ – એક રાષ્ટ્રપતિ

૫. રેલવે સ્ટેશનના નામ પાછળ ટર્મિનલ, સેન્ટ્રલ અને જંકશન લખવામાં આવે છે. એક ટર્મિનલ : __________, સેન્ટ્રલ : __________, જંકશન : __________નું નામ
('મંગલ મંદિર'ના સપ્ટેમ્બર માસના અંક મુજબ)

૬. 'પરિવર્તન પ્રવૃત્તિમાં નહીં, વૃત્તિમાં!' લેખના લેખક : __________

૭. સૂર્ય પ્રકાશનું માપ શાનાથી મપાય? : __________
(બેરોમીટર, થર્મોમીટર, પાયરેનોમીટર)

૮. બોપલ મેડિકલ સેન્ટરમાં મોતિયાના બે ઑપરેશનો શ્રી __________ ડૉક્ટર દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યા.
(ડૉ. હેમાન્શુ શાહ, ડૉ. મીત પટેલ, ડૉ. ધીરેન શાહ)

૯. નવું ઈ.સી.જી. મશીન સંસ્થાના __________ મેડિકલ સેન્ટર ખાતે કાર્યરત થયેલ છે.
(પાલડી, બોપલ, શાહીબાગ)

૧૦. "સિધ્ધહેમ" નામના વ્યાકરણ ગ્રંથના રચયિતા કોણ હતા? __________
(શ્રી હેમચંદ્રાચાર્ય, શ્રી ચંદ્રશેખર વિજયજી, શ્રી આચાર્ય રત્નસુંદરસૂરિજી)

★ **નોંધ :** (૧) આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે. (૨) સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે.

## • મણકા–૫ ના સવાલોના સાચા જવાબો •

૧. 'ભારત છોડો' ક્રાંતિકારી સૂત્ર ***યુસુફ મહેરઅલી***ના દિમાગની પેદાશ હતી.

૨. શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ - સોનગઢની સ્થાપના મુનિશ્રી ***ચારિત્ર વિજયજી*** અને મુનિશ્રી ***કલ્યાણચંદ્રવિજયજી***એ કરી હતી.

૩. વૃધ્ધાવસ્થા એટલે ***આત્મશક્તિ***ની હોડીમાં બેસીને સામે કાંઠે પહોંચવાની કળા.

૪. કચ્છની મોટી પંચતીર્થીનું એક તીર્થ : ***તેરા***

૫. જૈન મુનિ ***શ્રી વિરાગવિજય***એ ૧૭૧ દિવસના ઉપવાસ કર્યા.

૬. અંગદાન સમિતિના કન્વીનર છે : ***કમલેશભાઈ***

૭. ★ ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર - ગીતા મંદિરમાં ડાયાલિસિસનો *૯૪* વ્યક્તિએ લાભ લીધો.
   ★ ડૉ. ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર - શાહીબાગમાં ***૪૬૫*** વ્યક્તિએ ડાયાલિસિસનો લાભ લીધો.
   ★ નવનીત ડાયાલિસિસ સેન્ટર - બોપલમાં ***૧૪૪*** વ્યક્તિએ ડાયાલિસિસનો લાભ લીધો.

૮. સમાજના ***ડૉ. હિમાંશુભાઈ શાહે*** માઉથ ઑર્ગન વગાડી સૌને મનોરંજન પીરસેલ હતું.

૯. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું બેંક એકાઉન્ટ ખાતું ***કેનેરા બેંકમાં*** છે.

૧૦. બીદડા અને ભોજાય સર્વોદય ટ્રસ્ટને પોતાની જન્મ અને કર્મભૂમિ બનાવનાર ભેખધારી – ***લીલાધરભાઈ ગડા.***

## મણકા-૫ (મંગલ મંદિર સપ્ટેમ્બર-૨૦૨૩ અંકમાં પૂછાયેલા પ્રશ્નોના) સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ

૧. રોનકબેન શેખ – અમદાવાદ

૨. હસમુખ દામજી દેઢિયા – અડાલજ

૩. અંજુ અનિલ મહેતા – અમદાવાદ

***સાચા જવાબ આપનાર દરેક ભાગ્યશાળીઓના નામ જે તે અંકમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે.***

## મંગલ મંદિરનું લવાજમ

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સ્થાનિકે વસવાટ કરતા તથા બહારગામના સભ્યોને વિનંતી સહ જણાવવાનું કે અનેક સભ્યોએ હજુ સુધી 'મંગલ મંદિર'ના લવાજમ ભર્યા નથી. તેઓને વિનંતી કે તેઓ પોતાના લવાજમની રકમ તાત્કાલિક સંસ્થાની ઓફિસ પર મોકલી આપે.*

### • મંગલ મંદિરના લવાજમના દર નીચે મુજબ છે •

- *૧ વર્ષનું લવાજમ : રૂા. ૧૫૦/-*
- *૨ વર્ષનું લવાજમ : રૂા. ૩૦૦/-*
- *૩ વર્ષનું લવાજમ : રૂા. ૪૦૦/-*
- *૫ વર્ષનું લવાજમ : રૂા. ૬૦૦/-*
- *૧૫ વર્ષનું લવાજમ : રૂા. ૧,૫૦૦/-*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક એકાઉન્ટની વિગત નીચે મુજબ છે :*

- *સંસ્થાનું નામ :* શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ [Shree Kutchhi Jain Seva Samaj - Ahmedabad]
- *બેંક :* કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ [Canara Bank, Paldi Branch - Ahmedabad]
- *એકાઉન્ટ નંબર :* ૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ [70072010016032] ■ ***IFSC*** *કોડ :* CNRB0017007

***રજનીકાંત પારેખ,*** *માનદ્ મંત્રીશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

## NanoNine® શબ્દ રમત-૧૯૯

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | | ૫ | ૬ | ૭ | | ૮ | |
| ૯ | | | ૧૦ | | | ૧૧ | | ૧૨ | | | |
| | | | | | ૧૩ | | | ૧૪ | | | ૧૫ |
| ૧૬ | ૧૭ | | | ૧૮ | | ૧૯ | ૨૦ | | | ૨૧ | |
| | | | ૨૨ | | ૨૩ | | | | ૨૪ | | ૨૫ |
| ૨૬ | | ૨૭ | | | ૨૮ | ૨૯ | | ૩૦ | | ૩૧ | |
| ૩૨ | ૩૩ | | ૩૪ | ૩૫ | | | | | | | |
| | ૩૬ | ૩૭ | | | | | | ૩૮ | ૩૯ | | ૪૦ |
| | ૪૧ | | ૪૨ | | ૪૩ | | | | | | ૪૪ |
| ૪૫ | | | | | ૪૬ | | | ૪૭ | | ૪૮ | |
| ૪૯ | ૫૦ | | ૫૧ | | | | ૫૨ | | ૫૩ | | |
| ૫૪ | | | | | ૫૫ | | | ૫૬ | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૧૦-૨૦૨૩ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૨. ચીજ, સંખ્યા (૩)
૫. નારાયણ નારાયણ બોલનાર (૩)
૮. પપ્પાના ભાઈ (૨)
૯. ઝાડનો મુખ્ય જાડો ભાગ (૨)
૧૦. પાણીમાં રહેતું એક સફેદ પક્ષી (૩)
૧૧. પ્રજાનું શાસન કરનારી સત્તા (૪)
૧૨. મોટરગાડી (અં.), કાર્ય, નિશ્ચય (૨)
૧૩. થાકવું તે, શ્રમ (૨)
૧૪. ઘોડો (૨)
૧૬. લખેલું ભૂંસવા માટેનો પદાર્થ (૩)
૧૯. તપવું તે, તાપ, ગરમી, સૂર્ય (૩)
૨૧. ન્યાયાધીશ (અં.) (૨)
૨૨. સોનો સમુદાય, સેંકડો (૩)
૨૭. પરાજય (૨)
૨૮. નવલું, નવું, તરતનું, તાજું (૨)
૩૦. કાગળ, કાપડ કાપતાં નીચે પડેલો કચરો (૪)
૩૨. દીકરી એ તો પારકું _____ કહેવાય (૨)
૩૪. પ્રપંચ, કાવતરું (૪)
૩૬. બુધ્ધિ, અભિપ્રાય (૨)
૩૮. લાઈસન્સ, પતંગિયું, રજાનો લેખી હુકમ (૪)
૪૧. નીમક, મીઠું, લૂણ (૩)
૪૩. કાવ્ય (૩)
૪૬. દેનારી, દાતા સ્ત્રી (૨)
૪૭. કાંતિ, તેજ, વડીલો માટે સંબોધન (૧)
૪૮. તંતુ, દોરો, રેસો (૨)
૪૯. ગુફા (૨)
૫૧. ઈન્દ્ર (૩)
૫૨. પવન, વાયુ (૧)
૫૪. જીવન દરમિયાન _____, જીવન પછી દેહદાન (૪)
૫૫. દોરી, દોરડું (૨)
૫૬. ભપકાદાર, ભવ્ય ઈમારત (૪)

### ઊભી ચાવીઓ

૧. અક્કલનો _____ છે (૪)
૩. કબ્ર, ઘોર (૩)
૪. મતિ (૨)
૬. સાર, પારો (૨)
૭. દ્વારપાળ (૪)
૮. કાર્ય, નિશ્ચય, ગજુ (૨)
૧૦. પનો, જાત, માલ (૨)
૧૨. કાઝી, ઈસ્લામી ન્યાયાધીશ (૨)
૧૪. શરીરનો વર્ણ (૨)
૧૫. ધૂળનો કણ, અણુ (૪)
૧૭. જાત, પનો (૨)
૧૮. પિતા, બાપ (૨)
૨૦. તહેવાર, પવિત્ર દિવસ (૨)
૨૨. કરાર, બોલી (૩)
૨૩. સોનું (૩)
૨૪. જ્ઞાતિ, જાત (૨)
૨૫. દાણો, ઘણો નાનો ભાગ (૨)
૨૬. _____ને દહીં બંનેમાં પગ રાખવો તે (૨)
૨૯. જેઠ પૂર્ણિમામાં વડની નીચે જેની પૂજા કરાય છે તે દેવતા (૫)
૩૦. હાક, ધાપ, કરપ (૩)
૩૧. રક્તવાત (૩)
૩૩. નમસ્કાર, વંદન (૩)
૩૫. લગની, હઠ (૨)
૩૬. અંતઃકરણ, દિલ, ઈચ્છા (૨)
૩૭. અંધારું (૨)
૩૯. કિંમતી પથ્થર (૨)
૪૦. ચાકર, સેવક (૩)
૪૨. કળા જાણનારું, ચંદ્ર (૪)
૪૩. મોટા કદવાળું, મજબૂત (૪)
૪૪. હાથ, વેરો (૨)
૪૫. ભાગોળ, ગામ આગળનું મેદાન (૩)
૪૯. ભાવ, કિંમત (૨)
૫૦. ખાલી, શૂન્ય (૨)
૫૧. વર્ણ (૨)
૫૩. ઠાલું, માત્ર, ફક્ત (૨)

*કાલે અરીસો હતો*
*તો બધા જોઈ જોઈને જતા હતા.*
*આજે તૂટી ગયો*
*તો બધા બચી બચીને જાય છે.*
*સમય સમયની વાત છે!*
*લોકો તમારી સાથે નહીં પણ*
*તમારી સ્થિતિ સાથે હાથ મિલાવે છે.*

## NanoNine® શબ્દ રમત-૧૯૮નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ | વ | સ | ર | | ચિ | | ક | મ | જો | ર | |
| હ | | જા | મ | | ત | મ | સ | | સ | | હ |
| મ | ત | | ત | ક | | ગ | મ | ન | | ક | ઠ |
| | ન | ન | | | સ | રી | | ટ | પા | લ | |
| મ | | ફ | | આ | પ્ત | | ર | | | મ | સ |
| રા | જ | ર | મ | ત | | આ | સ | મા | ન | | મ |
| લ | | ત | લ | પ | | | ક | ર | ક | સ | ર |
| | આ | | | ત્ર | પા | | સ | | લં | | થ |
| ચ | બ | રા | ક | | વ | ગ | | | ક | | |
| ણ | | ત | લ | | ક | મ | જો | ર | | અ | દા |
| ત | ન | | ર | જ | | ગી | | મૂ | ક | | લ |
| ર | સ | મ | | ન | મ | ન | | જ | ર | ઠ | |

*ઓગસ્ટ-૨૦૨૩ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૧૯૭ના*
*બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. રજનીકાંત દરવાન – અમદાવાદ
૩. કંચનબેન સંઘવી – અમદાવાદ
૪. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૫. મીનાબેન ખરીદીયા – અમદાવાદ
૬. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૭. જ્યોતિ ગડા – અમદાવાદ
૮. મહેન્દ્ર પુજ – અમદાવાદ
૯. વિશાલ શાહ – અમદાવાદ
૧૦. ચંદ્રા શાહ – અમદાવાદ
૧૧. કામિની શેઠ – અમદાવાદ
૧૨. લક્ષ્મી ખત્રી – અમદાવાદ
૧૩. શાંતિલાલ શાહ – અમદાવાદ
૧૪. દમયંતી દંડ – અમદાવાદ
૧૫. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૧૬. અંજુ મહેતા – અમદાવાદ
૧૭. હસમુખ દેઢિયા – અડાલજ
૧૮. કંચનબેન મોરબીયા – ભુજ
૧૯. પ્રભાબેન શેઢિયા – વલસાડ
૨૦. મણિલાલ રૂઘાણી – રાણાવાવ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રૉ કરતાં એક વિજેતાનું નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાનું ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

અંજુ મહેતા – અમદાવાદ

# આંજો કાગર

### નવનીત મેડિકલ સેન્ટર - બોપલ

હું ગોપાલભાઈ ઠક્કર.

તા. ૭-૯-૨૦૨૩ના રોજ બપોરે ૩ વાગે મોતિયાનું ઑપરેશન ખૂબ જ શાંતિથી અને ડૉ. મિત સાહેબ તથા મેડિકલ ઓફિસર ડો. રીધ્ધિ વગેરે સ્ટાફ હાજર રહી અને ખૂબ જ શાંતિથી મારું ઑપરેશન કર્યું છે.

ડોક્ટર તથા સ્ટાફ ખૂબ જ શાંતિથી જવાબ આપે છે અને દર્દીનું બહુ જ ધ્યાન રાખે છે.

અમોને અમારી આંખ માટે આજે આનંદ છે. નવનીત મેડિકલ સેન્ટરમાં ખૂબ સારી રીતે મોતિયાનું ઑપરેશન થયેલ છે.

ભગવાન ડૉક્ટર તથા અન્ય સ્ટાફને ખૂબ જ શક્તિ આપે એવી મારી પ્રભુ પાસે પ્રાર્થના છે.

*ઠક્કર ગોપાલભાઈ નારણદાસ*
*મો. ૯૮૨૫૭ ૪૪૪૧૯*

## મહેફિલ

વો દેખને આયે ઐસી કોઈ બાત બન જાય
ખુદા કરે દોસ્તો! થોડી બીમારી આ જાય.

હમ આતે હૈં તો વો ચલે જાતે હૈં
આફતાબ - માહતાબ જૈસા રીશ્તા હૈ.

ન મહોબ્બત રહી ન ઉનકા કોઈ નિશાન રહા
બસ બયાં કરને કે લીયે સિર્ફ ફસાના રહા.

ન મિલે રોશની તો અંધેરે મેં ચલેંગે
ઠોકરે તો દોસ્તો! ઉજાલેમેં ભી લગતી હૈ.

શિકવા કરે તો હમ કિસીસે કરે
હમ બહેરે લોગોં કી બસ્તીમેં રહતે હૈં.

ગર ઈશ્ક કિયા હોતા તો ક્યા હોતા,
દિલકી તમન્નાઓને હી બરબાદ કર દિયા.

કબૂલ હૈ અય દોસ્ત! હમને બેવફાઈ કી
દિલ પર હાથ રખકર સોચો શરૂઆત કિસને કી.

ઈક ઈશ્કની તમન્નાઓમેં દોસ્તો!
બાકી થી જો આરઝુ ખતમ હો ગઈ.

*મણિલાલ ડી. રૂઘાણી - રાણાવાવ*
*મો. ૮૧૪૦૨ ૭૧૯૯૪*

## NanoNine® Sudoku

**ઓગસ્ટ-૨૦૨૩ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૫૫ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

૧. નયના કારાણી – અમદાવાદ
૨. રજનીકાંત દરવાન – અમદાવાદ
૩. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૪. જ્યોતિ ગડા – અમદાવાદ
૫. મીનાબેન ખરીદીયા – અમદાવાદ
૬. અજય રાણા – અમદાવાદ
૭. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૮. મહેન્દ્ર પુજ – અમદાવાદ
૯. સ્મિતા શાહ – અમદાવાદ
૧૦. ચંદ્રા શાહ – અમદાવાદ
૧૧. કામિની શેઠ – અમદાવાદ
૧૨. દિનેશ વોરા – અમદાવાદ
૧૩. અવંતી દંડ – અમદાવાદ
૧૪. શાંતિલાલ શાહ – અમદાવાદ
૧૫. સનત મહેતા – અમદાવાદ
૧૬. હેનીલ ગોગરી – અમદાવાદ
૧૭. અરીહા કોઠારી – અમદાવાદ
૧૮. નયના ગોગરી – અમદાવાદ
૧૯. યેશા મહેતા – અમદાવાદ
૨૦. પ્રભા શેઠિયા – વલસાડ
૨૧. હેમલતા દેઢિયા – અડાલજ
૨૨. કુસુમબેન નાગડા – મુંબઈ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર એક વિજેતાનું નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**અરીહા કોઠારી – અમદાવાદ**

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૫૭ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૧૦-૨૦૨૩ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

**ક્રમાંક - ૧૧૫૭**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | 5 | | 7 |
| | | | | | 7 | 8 | | |
| | 8 | 2 | 3 | | 9 | | | |
| 2 | | 7 | | 9 | | | 4 | |
| 4 | | | | 7 | | | | 1 |
| | 6 | | | 4 | | 7 | | 3 |
| | | | 5 | | 8 | 9 | 7 | |
| | | 6 | 7 | | | | | |
| 5 | | 1 | | | | | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | | | | | | | | |
| 9 | | | 5 | | | 1 | 2 | |
| 8 | | 1 | | 7 | | | 3 | |
| 1 | | | 8 | 2 | | 5 | | |
| | 5 | | | | | | 6 | |
| | | 8 | | 5 | 9 | | | 3 |
| | 1 | | | 4 | | 6 | | 2 |
| | 8 | 3 | | | 5 | | | 7 |
| | | | | | | | | 1 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 2 | 3 | | | | 7 | | 9 |
| 4 | | | 6 | | | | 5 | |
| | | | 2 | 9 | | | 4 | |
| | | 8 | 7 | | | | 1 | 5 |
| | | | | 6 | | | | |
| 3 | 7 | | | | 2 | 9 | | |
| | 3 | | | 5 | 6 | | | |
| | 4 | | | | 1 | | | 6 |
| 8 | | 6 | | | | 1 | 2 | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 6 | | | 5 | | 3 | |
| | 8 | 3 | | | 6 | | 5 | |
| 9 | | | | | | | | 6 |
| | 4 | 2 | | | 3 | 7 | | |
| 5 | | | 4 | | 2 | | | 1 |
| | | 1 | 8 | | | 5 | 4 | |
| 8 | | | | | | | | 3 |
| | 1 | | 6 | | | 9 | 2 | |
| | 6 | | 9 | | | 4 | | |

**ઉકેલ : ક્રમાંક - ૧૧૫૬**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 6 | 8 | 4 | 1 | 5 | 3 | 9 | 2 |
| 3 | 5 | 4 | 9 | 8 | 2 | 1 | 6 | 7 |
| 9 | 2 | 1 | 6 | 3 | 7 | 5 | 4 | 8 |
| 8 | 4 | 7 | 3 | 2 | 6 | 9 | 5 | 1 |
| 6 | 1 | 2 | 8 | 5 | 9 | 7 | 3 | 4 |
| 5 | 3 | 9 | 7 | 4 | 1 | 2 | 8 | 6 |
| 2 | 8 | 5 | 1 | 9 | 4 | 6 | 7 | 3 |
| 1 | 7 | 3 | 5 | 6 | 8 | 4 | 2 | 9 |
| 4 | 9 | 6 | 2 | 7 | 3 | 8 | 1 | 5 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 9 | 5 | 4 | 3 | 6 | 2 | 7 | 8 |
| 4 | 8 | 3 | 2 | 7 | 5 | 1 | 6 | 9 |
| 7 | 2 | 6 | 8 | 1 | 9 | 4 | 5 | 3 |
| 8 | 7 | 1 | 5 | 6 | 3 | 9 | 2 | 4 |
| 5 | 6 | 2 | 9 | 8 | 4 | 7 | 3 | 1 |
| 9 | 3 | 4 | 7 | 2 | 1 | 6 | 8 | 5 |
| 6 | 1 | 7 | 3 | 9 | 8 | 5 | 4 | 2 |
| 3 | 5 | 9 | 6 | 4 | 2 | 8 | 1 | 7 |
| 2 | 4 | 8 | 1 | 5 | 7 | 3 | 9 | 6 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 8 | 3 | 6 | 2 | 5 | 1 | 4 | 7 |
| 1 | 6 | 5 | 7 | 9 | 4 | 8 | 3 | 2 |
| 2 | 7 | 4 | 1 | 8 | 3 | 5 | 9 | 6 |
| 5 | 1 | 6 | 4 | 7 | 2 | 9 | 8 | 3 |
| 7 | 3 | 9 | 8 | 1 | 6 | 2 | 5 | 4 |
| 8 | 4 | 2 | 3 | 5 | 9 | 7 | 6 | 1 |
| 6 | 2 | 8 | 9 | 3 | 1 | 4 | 7 | 5 |
| 4 | 9 | 1 | 5 | 6 | 7 | 3 | 2 | 8 |
| 3 | 5 | 7 | 2 | 4 | 8 | 6 | 1 | 9 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 8 | 7 | 6 | 3 | 5 | 2 | 4 | 9 |
| 9 | 2 | 6 | 8 | 7 | 4 | 1 | 5 | 3 |
| 5 | 3 | 4 | 1 | 2 | 9 | 7 | 6 | 8 |
| 8 | 4 | 2 | 3 | 6 | 7 | 9 | 1 | 5 |
| 6 | 9 | 1 | 5 | 8 | 2 | 3 | 7 | 4 |
| 3 | 7 | 5 | 9 | 4 | 1 | 8 | 2 | 6 |
| 2 | 6 | 9 | 7 | 5 | 8 | 4 | 3 | 1 |
| 7 | 1 | 3 | 4 | 9 | 6 | 5 | 8 | 2 |
| 4 | 5 | 8 | 2 | 1 | 3 | 6 | 9 | 7 |

Nano 9 kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
(+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

## કૃષ્ણએ મને પૂછ્યું

પૂછ્યું કૃષ્ણએ મને
મંદ મુસ્કાન સાથે
બોલને શું વાત છે
આજે કેમ ઉદાસ છે?
મેં કહ્યું,
મારા જીવનમાં
સંઘર્ષ કેમ?
ઉદ્દેશ્ય શું
મારા જીવનનો?
મારી સામે જોઈ
હસી પડ્યા મુરલીધર
બોલ્યા
જાણે છે તું?
હું જનમ્યો એ પહેલા જ
મને મૃત્યુ આપવા
તૈયાર હતા
મારા જ મામા.
હું જનમ્યો જેલમાં
જીવન આખું
સંઘર્ષમાં
દરેક ડગલે પડકાર
જન્મતા સાથે જ માંથી
થયો અલગ.
બાર વર્ષે ગોકુળથી અલગ.
જેણે પ્રેમ આપ્યો
એ મા યશોદા...
જેને પ્રેમ આપ્યો
એ રાધા...
ગોપીઓ અને ગોવાળો
ને પણ છોડ્યા.
મથુરા છોડ્યું
અને
દ્વારકા પણ વસાવ્યું.
જીવનમાં આટલો
સંઘર્ષ
તો પણ કોઈનેય
જન્મકુંડળી નથી બતાવી.
ના કોઈ ઉપવાસ કર્યા
ના ખુલ્લા પગે
ચાલવાની
બાધાયે માની.
ના ઘરની બહાર
લીંબુ મરચા બાંધ્યા.
મેં તો યજ્ઞ કર્યો
ફક્ત અને ફક્ત કર્મનો.
યુદ્ધના મેદાનમાં
જ્યારે અર્જુને
ધનુષ્ય બાણ નીચે નાંખ્યા.
ના અર્જુનના જન્માક્ષર જોયા
ના કોઈ મુહૂર્ત જોયું
ના તો કોઈ દોરો
કે તાવિજ આપ્યા.
બસ એને
એટલું જ કહ્યું :
આ તારું યુદ્ધ છે
તારે જ કરવાનું છે.
હું માત્ર તારો સારથી
કર્મ માત્ર તું કર
માર્ગ હું બતાવીશ.
મારું સુદર્શન ચક્ર ચલાવી
સંહાર કરી શકત
આખી કૌરવ સેનાનો.
પણ તારું ધનુષ્ય તું ઉપાડ
તારા તીર તું ચલાવ.
હું આવીને ઉભો રહીશ
કોઈ ને કોઈ સ્વરૂપમાં
તારા પડખે તારી સાથે
તારો સારથી બનીને.
દુનિયાની તકલીફોમાં
તું જાતે લડ.
હું હમેશાં તારી આગળ
ઉભો હોઈશ.
તું સારા કર્મ કર
તારી તકલીફોને હું
હળવી કરીશ.
બસ, હું આવું ત્યારે
ઓળખજે મને તું.
મારી ગીતાનો
સંક્ષિપ્ત સાર
નથી જોઈતા તારા
કોઈ ઉપવાસ, કોઈ માનતા
કે નથી બાધા જોઈતી...
માત્ર શુદ્ધ કર્મ કર
ખુલ્લા મનથી જીવન
ને આવકાર...
પ્રત્યેક ક્ષણને ભરપૂર માણ...
હું આવતો રહીશ
બસ... ઓળખજે તું મને...

*– કમલેશ મનુભાઈ શાહ*

## સ્ટેપલરનો રસપ્રદ ઇતિહાસ

સાણસી, ચિપિયા, પક્કડ, કાતર જેવા રોજિંદા વપરાશના સાદા સાધનો ઘણી શક્તિ બચાવી કામને સરળ બનાવે છે. આ તમામ સાધનો સાદા મશીનો કહેવાય છે. કાગળમાં પીન મારવાનું સ્ટેપલર પણ આવું જ સાધન છે. લીવરના સિધ્ધાંત પર કામ કરતું સ્ટેપલર ઉપયોગી શોધ છે. તેનો ઈતિહાસ પણ રસપ્રદ છે.

ફ્રાંસમાં ૧૮મી સદીમાં શાહી કોર્ટમાં કાગળને પીન મારવા સૌપ્રથમ સ્ટેપલર બનેલું. જેમ જેમ કાગળનો વપરાશ વધ્યો તેમ તેમ પીન મારવાની જરૂર પણ વધી. ઈ.સ. ૧૮૬૬માં જ્યોર્જ મેકગીલ નામના મિકેનિકે પ્રથમવાર સ્ટેપલર બનાવ્યું. તે સ્ટેપલર સિલાઈ મશીન જેટલું મોટું અને ભારે હતું. તેમાં કાગળની થપ્પીમાં પીન ખોસાતી અને હાથ વડે વાળવી પડતી. ઈ.સ. ૧૮૭૭માં હેન્રી હેઈલ નામના મિકેનિકે કાગળમાં પીન ખોસીને આપોઆપ વળી જાય તેવું સ્ટેપલર બનાવ્યું. આ સ્ટેપલર વજનદાર હતું. તેમાં છુટ્ટી પીનો નહીં પરંતુ સ્ટીલના તારનું રીલ વપરાતું. સ્ટેપલર દબાય ત્યારે તાર સરકીને આગળ આવે તે કપાઈને બંને છેડા કાગળમાં ખૂંપી જાય અને વળી જાય. આ મશીનને 'પેપર ફાસ્ટનર' કહેતા. આ મશીન ઘણાં મોટાં અને વજનદાર હતા. ૧૯૦૧માં સ્ટેપલર નામ પ્રચલિત બન્યું. આજે વપરાય છે તે સ્ટેપલર એક છેડેથી જોડાયેલા બે લીવરનું બનેલું છે. જેના છેડે વળ આપતાં તે દબાય છે. પીનની થપ્પી આગળ વધે અને તેમાંથી એક પીન કપાઈને કાગળમાં ખોસાઈ જાય. આજે સ્ટેપલર સામાન્ય વપરાશની ચીજ છે. તેનો ઉપયોગ કરતી વખતે તેના વિકાસ પાછળ અનેક મિકેનિકોએ કરેલા પરિશ્રમની કલ્પના પણ ન આવે.

આજે કાપડ કે બીજી સપાટી પર પીન મારવા માટે સ્ટેપલ ગન પણ વિકસી છે. ડૉક્ટરો ઉપયોગમાં લઈ શકે તેવા સર્જિકલ સ્ટેપલર પણ વિકસ્યા છે.

# દેશ-વિદેશ....



ચૌલા કુરૂવા

## દેશના સમાચાર

### દિલ્હીની વસ્તી

વર્ષ ૨૦૨૮ સુધીમાં દેશની રાજધાની દિલ્હી વિશ્વનું સૌથી વધુ વસ્તી ધરાવતું શહેર બની જશે. દિલ્હી ભારતનો માત્ર ૦.૦૪% વિસ્તાર કવરે કરે છે પરંતુ દેશની ૨% વસ્તી આ શહેરમાં રહે છે.

*(તા. ૨૯-૦૮-૨૦૨૩)*

### ઇન્ડિયન સ્માર્ટ સિટી એવોર્ડ કોમ્પિટીશન-૨૦૨૨

ભારત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા ઇન્ડિયન સ્માર્ટ સિટી ઍવોર્ડ કોમ્પિટીશન-૨૦૨૨ અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાને વોટર કેટેગરી (વોટર બોડી રીસ્ટોરેશન, રેઇન વોટર હાર્વેસ્ટીંગ તેમજ ટેકનોલોજીથી સજ્જ આધુનિકરણ)માં સમગ્ર ભારતમાં ત્રીજો ક્રમ પ્રાપ્ત થયો છે. આ ઍવોર્ડ સ્માર્ટ સિટી એરીયામાં ડેવલપ કરવામાં આવેલ ''અટલ સરોવર'' પ્રોજેક્ટ માટે મળેલ છે. આગામી તારીખ ૨૭-૨૮ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ ઇંદોર ખાતે યોજાનાર સમારોહમાં ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે ઍવોર્ડ સુપ્રત થનાર છે.

***અટલ સરોવર પ્રોજેક્ટની વિગત :***

અટલ સરોવર પ્રોજેક્ટ ખર્ચ રૂા. ૧૩૬ કરોડ છે. ૧,૦૦,૦૦૦ ચો.મી. વિસ્તારમાં વોટર બોડીનો વિકાસ તેમજ ૨,૦૦,૦૦૦ ચોરસ મીટર જમીનમાં પેરીફેરલ ડેવલપમેન્ટ કરવામાં આવેલ છે. જેમાં આર્કિટેક્ચરલ ફીચર્સ જેમકે પ્રોમેનેડ, ચિલ્ડ્રન પ્લે એરીયા, ટ્રાફિક ગાર્ડન, સિનિયર સિટીઝન ગાર્ડન, ઓપન જીમ, ગઝેબો, ૪૨ ગ્રામ હટ, ફ્લાવર બેડ, બોટનિકલ ગાર્ડન, સોલાર ક્લોક, સુપર ટ્રી, એન્ટ્રન્સ પ્લાઝા, વ્યુઇંગ ડેક, ભૂલભૂલામણી ગાર્ડન, સી.આઈ. આધારીત ગ્રીલ કમ્પાઉન્ડ વોલ, ટ્રેલીઝ, ટેન્સાઇલ કેનોપી, એમ્ફી થિયેટર, પાર્ટી પ્લોટ વગેરેનો સમાવેશ થાય છે. અટલ સરોવર ખાતે મનોરંજન સુવિધાઓમાં ફેરીઝ વ્હીલ, ટોય ટ્રેન, ફ્લોટીંગ જેટી, બોટીંગ, ફાઉન્ટેન આધારીત લાઈટ એન્ડ સાઉન્ડ શો, ૭૦ મીટર અને ૪૦ મીટર ઊંચાઈનો ફ્લેગમાસ્ટ વગેરેનો સમાવેશ થાય છે. *(તા. ૦૧-૦૯-૨૦૨૩)*

### ચંદ્રયાન-૩ ની સફળતા

ઇસરોની મોટી સફળતા દેશને મળી છે. જે ચંદ્રયાન-૩ ની કહી શકાય. આ મિશન ઘણા સંશોધનોમાં મદદરૂપ થયેલ છે. હવે આદિત્યની સફળતાની રાહ વૈજ્ઞાનિકો જોઈ રહ્યા છે.

*(તા. ૦૨-૦૯-૨૦૨૩)*

### સ્વામિનારાયણ વિવાદ

**મૂળ ગ્રંથ સ્કંદપુરાણ છે, જે હજારો વર્ષ પહેલા લખાયો**

છેલ્લા દસેક દિવસથી સાળંગપુર મંદિર ખાતે હનુમાનજીની મૂર્તિ નીચે દોરવામાં આવેલ ભીંતચિત્રોને લઇને વિવાદ ચાલી રહ્યો હતો. વિવાદ ઉગ્ર બનતાં અંતે સરકારે પણ મધ્યસ્થી થવાની જરૂર પડી હતી. આ બધા વચ્ચે સ્વામિનારાયણ સંપ્રદાયના કેટલાક સ્વામીઓના જુદા જુદા હિંદુ સંસ્કૃતિની લાગણીને ઠેસ પહોંચે તેવા વિવાદિત નિવેદનો સોશિયલ મીડિયામાં વાઈરલ થયા હતા અને સામે આવ્યા હતા. જેને લઈને આખરે દ્વારકા શારદાપીઠના શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીએ મૌન તોડી નિવેદન આપતાં જણાવ્યું હતું કે, સ્વામિનારાયણ સંપ્રદાય ૨૫૦ વર્ષનો છે અને આપણો મૂળ ગ્રંથ સ્કંદપુરાણ છે, જે હજારો વર્ષો પહેલા લખાયેલો છે. આ સ્કંદપુરાણમાં સ્વામિનારાયણનો કોઈ ઉલ્લેખ કરવામાં નથી આવ્યો.

'નારાયણ' શબ્દનો ઉપયોગ ભગવાન કૃષ્ણ માટે થયો

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સ્વામિનારાયણ સંપ્રદાયની પરંપરા ૨૫૦ વર્ષની છે અને સ્કંદપુરાણ હજારો વર્ષ પહેલાં લખાયેલ છે. આની અંદર ૧૮ પુરાણ છે, શાસ્ત્ર છે, કલ્પ, વ્યાકરણ, જ્યોતિષ, છંદ સહિત તમામ ઉલ્લેખ કરવામાં આવ્યા છે. સ્કંદપુરાણમાં જે જગ્યાએ નારાયણ શબ્દનો ઉપયોગ થયો છે એ ભગવાન કૃષ્ણ માટે છે. નારાયણ મતલબ સ્વામિનારાયણ નથી. કોઈ પણ વિદ્વાન આવી અને પુરાણ વાંચી શકે છે. કોઈ જગ્યાએ સ્વામિનારાયણ ઉલ્લેખ જોવા નહીં મળે.

*(તા. ૦૪-૦૯-૨૦૨૩)*

## જન્માષ્ટમી

જન્માષ્ટમીના પ્રથમ દિવસે દેશભરમાં ઉજવણી થઈ રહી છે. કૃષ્ણ જન્મભૂમિ નિમિત્તે મથુરા શહેરને શણગારવામાં આવ્યું છે. સાથે જ દેશના અન્ય કૃષ્ણ મંદિરોમાં પણ કૃષ્ણ જન્મોત્સવની તૈયારીઓ કરવામાં આવી છે.

આ વર્ષે જન્માષ્ટમી ૬ અને ૭ સપ્ટેમ્બરે ઉજવવામાં આવશે. જ્યોતિષીઓનું માનવું છે કે કૃષ્ણની જન્મજયંતી ૬ઠ્ઠી રાત્રે જ ઉજવવી જોઈએ કારણકે આ રાત્રે તિથિ અને નક્ષત્રનો સમાન સંયોજન રચાય છે, જે દ્વાપરયુગમાં રચાયો હતો. આ સાથે જ વૈષ્ણવ સંપ્રદાય મુજબ દ્વારકા, વૃંદાવન અને મથુરા સહિતના મોટા કૃષ્ણ મંદિરોમાં આ ઉત્સવ ૭મીએ ઉજવવામાં આવશે. ૭ થી ૮ દરમિયાન મધ્યરાત્રિ ૧૨ કલાકે શ્રીકૃષ્ણ જન્મોત્સવ યોજાશે. શાસ્ત્રો અનુસાર, આ ભગવાન કૃષ્ણની ૫૨૫૦મી જન્મજયંતી છે.

*(તા. ૦૬-૦૯-૨૦૨૩)*

## આદિત્ય...

**આદિત્ય ૪ મહિનામાં L1 પોઇન્ટ પર પહોંચી જશે**

આદિત્યને ૨ સપ્ટેમ્બરે સવારે ૧૧.૫૦ વાગે શ્રી હરિકોટાના સતીષ ધવન સ્પેસ સેન્ટરથી PSLV-C57 ના XL વર્ઝન રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું. પ્રક્ષેપણની ૬૩ મિનિટ ૧૯ સેકન્ડ પછી, અવકાશયાન પૃથ્વીની ૨૩૫ કિમી X ૧૯૫૦૦ કિમીની ભ્રમણકક્ષામાં મૂકવામાં આવ્યું હતું.

લગભગ ૪ મહિના પછી, તે ૧૫ લાખ કિ.મી. દૂર લેગ્રાંગિયન પોઈન્ટ-૧ પર પહોંચશે. આ સમયે ગ્રહણની કોઈ અસર નથી, જેના કારણે અહીંથી સૂર્ય પર સંશોધન સરળતાથી થઈ શકે છે.

*(તા. ૦૭-૦૯-૨૦૨૩)*

## ગાઝીયાબાદ-નોઈડામાં કૂતરા કરડવાના બનાવો

**ગાઝીયાબાદ-નોઇડામાં કૂતરા કરડવાના દરરોજ ૪૦૦ કેસ**
**નિવૃત્ત IASને કૂતરો કરડ્યો.**
**રસ્તા પર સવા લાખ રખડતા કૂતરાઓનો આતંક**

ગાઝીયાબાદ-નોઈડા યુપીના સૌથી ઝડપી વિકસી રહેલા શહેરો છે. પરંતુ હવે આ શહેર કૂતરાઓના હુમલાની ઘટનાઓને કારણે હેડલાઈન્સમાં રહ્યા છે. અહીં દરરોજ લગભગ ૪૦૦ લોકોને કૂતરા કરડવાના કેસ સામે આવી રહ્યા છે. એટલું જ નહીં, આ શહેરોમાં સવા લાખથી વધુ કૂતરા રસ્તા પર રખડીને લોકોને કરડે છે તેમજ પજવે છે.

*(તા. ૦૭-૦૯-૨૦૨૩)*

## G-૨૦ માટે ભારત આવેલા બ્રિટીશ PMએ કહ્યું : હિંદુ હોવાનો ગર્વ

**વડાપ્રધાન મોદી ૧૫ દેશ સાથે દ્વિપક્ષીય મંત્રણા કરશે.**
**૩ મંત્રણા PM આવાસમાં થશે.**

નવી દિલ્હીમાં ૯થી ૧૦ સપ્ટેમ્બર દરમિયાન યોજાનારી G-20 સમિટની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. G20 સભ્યોના મહેમાનોના આગમનની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ઇટાલીના વડાપ્રધાન જ્યોર્જીયા મેલોની બાદ હવે બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનક પોતાની પત્ની અક્ષતા મૂર્તિ સાથે નવી દિલ્હી પહોંચી ગયા છે.

*(તા. ૦૭-૦૯-૨૦૨૩)*

## મસ્કત-ઢાકા ફ્લાઇટમાં એર હોસ્ટેસ સાથે છેડતી

**આરોપીએ પહેલા ગળે લગાવ્યા.**
**પછી KISS કરવાની કોશિશ કરી. મુંબઈમાં ધરપકડ**

મસ્કત-ઢાકા વાયા મુંબઈ ફ્લાઈટમાં મહિલા ફ્લાઈટ એટેન્ડન્ટની છેડતીનો મામલો સામે આવ્યો છે. આ ઘટના ગુરૂવારે સવારે બની હતી.

*(તા. ૦૭-૦૯-૨૦૨૩)*

## આદિત્ય L1

**ઇસરોએ ત્રીજીવાર આદિત્ય L1 ની ભ્રમણકક્ષા વધારી.**
**મોડી રાતે થ્રસ્ટર્સને ફાયર કરવામાં આવ્યું.**
**હવે પૃથ્વીથી તે ૭૧,૭૬૭ કિલોમીટર દૂર.**

ઈસરોએ રવિવાર ૧૦ સપ્ટેમ્બરના રોજ લગભગ ૨.૩૦ કલાકે આદિત્ય L1 ની ભ્રમણકક્ષા ત્રીજીવાર વધારી છે. આ માટે થ્રસ્ટરને થોડા સમય માટે ફાયર કરવામાં આવ્યું હતું. આદિત્ય L1 હવે ૨૯૬ કિમી X ૭૧,૭૬૭ કિ.મી.ની પૃથ્વીની ભ્રમણકક્ષામાં છે. એટલે કે હવે તે પૃથ્વીથી ૭૧,૭૬૭ કિ.મી. દૂર છે.

*(તા. ૦૯-૦૯-૨૦૨૩)*

## G-20

બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનક તેમની પત્ની અક્ષતા મૂર્તિ સાથે ૧૦ સપ્ટેમ્બરના રોજ દિલ્હીના અક્ષરધામ મંદિરે પહોંચ્યા હતા. સ્વામિનારાયણ મંદિરના મુખ્ય પૂજારીએ બંનેનું સ્વાગત કર્યું અને પછી મુખ્ય મંદિરમાં લઈ જઈ પૂજા અર્ચના કરી હતી. તેઓ જી-૨૦માં ભાગ લેવા આવ્યા છે.

*(તા. ૧૦-૦૯-૨૦૨૩)*

## કેનેડા-બ્રિટન-પાકિસ્તાન સહિત ૨૦ દેશના ૨૫૫ કેદી ગુજરાતની જેલમાં બંધ

**દેશભરમાં ડ્રગ્સનું પ્રમાણ વધતું જાય છે. તેમાં ખાસ કરીને ગુજરાતની વાત કરીએ તો ગુજરાતમાં પણ ડ્રગ્સનું ચલણ વધતું જઈ રહ્યું છે**

ગુજરાતની જેલમાં સબડી રહેલા ૨૫૫માંથી સૌથી વધુ ૧૩૬ કેદી તો પાકિસ્તાનના છે. આ કેદીઓ સામે દેશની કોર્ટોમાં કેસો ચાલતા હોવાથી હાલ તેઓ વિવિધ જેલમાં છે. જેમાં પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, કેમરૂન, ઇરાન, કેનેડા, નાગલેરા, કેન્યા, મલેશિયા, મ્યાનમાર, નેપાળ, યુગાન્ડા, ઝીમ્બાબ્વે, બ્રાઝીલ, બ્રિટન, સાઉથ આફ્રિકા, તાન્ઝાનિયા, કોંગો, ઝાંબિયા, ઉઝબેકિસ્તાન વગેરે દેશના કેદીઓનો સમાવેશ થાય છે.

*(તા. ૧૦-૦૯-૨૦૨૩)*

## જી-૨૦ સમિટ

જી-૨૦ સમિટના છેલ્લા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બ્રાઝીલના રાષ્ટ્રપતિ લુલા ડા સિલ્વાને G20ની અધ્યક્ષતા સોંપીને સમિટનું સમાપન કર્યું હતું. આગામી વર્ષે બ્રાઝીલમાં G20 સમિટ યોજાશે. PM મોદીએ લુલા ડા સિલ્વાને પણ અભિનંદન પાઠવ્યા હતા. આ પછી લુલા ડા સિલ્વાએ કહ્યું કે ગરીબ દેશોની દેવાની સમસ્યા પર ધ્યાન આપવું પડશે. વૈશ્વિક ભૂખમરાને ખતમ કરવાના પ્રયાસો વધારવા પડશે.

*(તા. ૧૦-૦૯-૨૦૨૩)*

## ભારત નામ...

ઇન્ડિયા Vs ભારત નામને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે G20 ગેસ્ટ મેગેઝીનમાં 'ભારત'ને દેશનું સત્તાવાર નામ ગણાવ્યું છે. G20 મેગેઝીનના બીજા પાના પર લખ્યું છે, 'ભારત દેશનું સત્તાવાર નામ છે. તેનો ઉલ્લેખ બંધારણમાં અને ૧૯૪૬-૪૮ દરમિયાન બંધારણ સભાની ચર્ચાઓમાં પણ છે.'

*(તા. ૧૦-૦૯-૨૦૨૩)*

## રાષ્ટ્રપતિ... વિધાનસભામાં

ગુજરાત વિધાનસભાનું ચોમાસા સત્રનો આજથી પ્રારંભ થયો છે. પહેલા દિવસે દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ હાજર રહ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સાડી ભેટ કરી રાષ્ટ્રપતિનું સન્માન કર્યું હતું. તેમજ દ્રૌપદી મુર્મુના હસ્તે ઇ-વિધાનસભા ઍપ લોન્ચ કરવામાં આવી હતી. ગુજરાતમાં આવવું મારું સૌભાગ્ય છે. આજે ભૂપેન્દ્ર પટેલની સરકારને બે વર્ષ પૂર્ણ થયા છે એટલે તેમને શુભેચ્છા પાઠવું છું. ગુજરાતે ભારતના ભવિષ્યને જોયું છે. મોરારજી દેસાઈએ દેશના વડાપ્રધાન તરીકે ભૂમિકા ભજવી છે. આપણો દેશ કુશળ નેતૃત્વમાં આગળ વધી રહ્યો છે. જો કે, વિધાનસભા સત્રના પહેલા દિવસે જ વિવાદ થયો હતો અને અમિત ચાવડા, ચૈતર વસાવા, શૈલેષ પરમારે મુખ્યમંત્રી અને મંત્રીઓના સન્માન કરવાની ના પાડી હતી.

## પ્લેન ક્રેશ

ગુરૂવાર, તા. ૧૪ સપ્ટેમ્બરના રોજ મુંબઈ ઍરપોર્ટ પર લેન્ડિંગ દરમિયાન એક ચાર્ટર્ડ પ્લેન રન-વે પરથી સરકી ગયું અને ક્રેશ થયું. દુર્ઘટનાની સાથે જ પ્લેન બે ભાગમાં તૂટી ગયું અને આગ લાગી ગઈ. વિમાનમાં ૬ મુસાફર અને ૨ ક્રૂ-મેમ્બર સવાર હતા. આ તમામ લોકો ઘાયલ થયા છે. બધાને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. વિમાને વિશાખાપટ્ટનમમાંથી ઉડાન ભરી હતી.

*(તા. ૧૫-૦૯-૨૦૨૩)*

## દિલ્હી કન્વેન્શન સેન્ટર

કન્વેન્શન સેન્ટર ૮.૯ લાખ ચો.મીટરથી વધુ વિસ્તારમાં ફેલાયેલું છે અને તે વિશ્વના સૌથી મોટા MICE સ્થળો પૈકીનું એક હશે. યશોભૂમિમાં વૈભવી સંમેલન કેન્દ્ર, અનેક પ્રદર્શન હોલ અને અન્ય સુવિધાઓ છે. તે ૫૪૦૦ કરોડના ખર્ચથી બનેલ છે. મોદી ૧૭ સપ્ટેમ્બરના રોજ તેનું ઉદ્‌ઘાટન કરશે. કન્વેન્શન સેન્ટરમાં ૧૧૦૦૦થી વધુ લોકોની બેઠક ક્ષમતા છે.

*(તા. ૧૬-૦૯-૨૦૨૩)*

## અમદાવાદ સાયન્સ સિટી

સાયન્સ સિટી દ્વારા વિશ્વ ઓઝોન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ત્યારે ઓઝોન દિવસની ઉજવણીના ભાગરૂપે દિવ્યાંગ

બાળકો માટે સાયન્સ સિટીમાં ઓઝોન, ઓઝોન વાયુની અસરો, ઓઝોન વાયુને નુકસાનકર્તા પરિબળો અને ઓઝોન વાયુના રક્ષણ માટેના ઉપાયો વિશેની માહિતી આપતો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગુજરાત ઇકોલોજી કમિશનના પ્રોગ્રામ ઓફિસર દેવેન મહેતાએ દિવ્યાંગ બાળકોને ઓઝોન લેયરની મહત્ત્વતા વિશે માહિતી આપી હતી.

હાલ આ સ્થાન સારી માવજત માંગી લે છે.

*(તા. ૧૬-૦૯-૨૦૨૩)*

## આજથી નવી સંસદમાં...

**ગણેશ ચતુર્થીના પાવન અવસરે તા. ૧૯ સપ્ટેમ્બર મંગળવારથી નવી સંસદ ભવનમાં કામગીરી શરૂ થશે. તમામ સાંસદો જૂના બિલ્ડિંગમાંથી નવા બિલ્ડિંગમાં જશે ૬૪,૫૦૦ ચોરસ મીટરમાં બનેલું નવું સંસદ ભવન ચાર માળનું છે**

સંસદ ભવનની નવી ઇમારત સંપૂર્ણ રીતે હાઈટેક હશે. ચહેરો પ્રવેશ માટે તેમનું ઓળખપત્ર હશે. નવા બિલ્ડિંગમાં પ્રવેશ માટે સાંસદોને બાયોમેટ્રીક આધારીત સ્માર્ટ કાર્ડ આપવામાં આવ્યા છે. સંસદમાં ભાષણ ગમે તે ભાષામાં આપવામાં આવે, સભ્યો તેને પોતાની ભાષામાં સાંભળી શકશે. આ સુવિધા બંધારણની યાદીમાં તમામ ૨૨ ભાષાઓ માટે ઉપલબ્ધ હશે.

સંસદ સંપૂર્ણ રીતે પેપરલેસ હશે. તમામ સાંસદોના ટેબલ પર એક ટેબ્લેટ કોમ્પ્યુટર છે, જેમાં દરેક મંત્રી અને સાંસદ સાથે સંબંધિત દરેક દસ્તાવેજ અને માહિતી ઉપલબ્ધ હશે. આ દસ્તાવેજો ૨૨ ભાષાઓમાંથી સાંસદની પસંદગીની ભાષામાં પણ ઉપલબ્ધ રહેશે. સાંસદની હાજરી અને મતદાન ટેબ્લેટ દ્વારા કરવામાં આવશે. સાંસદોની હાજરી માટે મેન્યુઅલ ગણતરી હવે બંધ થઈ જશે.

*(તા. ૧૯-૦૯-૨૦૨૩)*

## ડેવતા

સિગડી જી
અંઇ
સિરધા ત ન્યારો,
ઇ,
કોલસેં કે ૫ ભનાયતી
ડેવતા!!!

*– અરવિંદ સોમૈયા*

# વિદેશના સમાચાર

## લોકગાયક અરવિંદભાઈ જોશીનું નિધન...

**સાત સમંદર પાર લોકકલાના વારસાને જીવંત રાખનારા લોકગાયકે અમેરિકામાં ૮૮ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા**

મૂળ સુરેન્દ્રનગરના વતની અને વર્ષોથી અમેરિકાના લોસ એન્જલસમાં સ્થાયી થઈને ગુજરાતના લોકસંગીત તેમજ લોકકલાના વારસાને સાત સમંદર પાર જીવંત રાખનાર લોકગાયક અરવિંદભાઈ મુગટલાલ જોશીનું તા. ૬-૯-૨૦૨૩ બુધવાર શીતળા સાતમની સાંજે ૮૮ વરસની ઉંમરે અવસાન થયેલ છે.

*(તા. ૦૭-૦૯-૨૦૨૩)*

## અમેરિકા-સાઉદી સાથે રેલ-પોર્ટ ડીલમાં ભારત જોડાશે

**મધ્ય પૂર્વમાં ચીનનો સામનો કરવા માટે ઘડવામાં આવી રણનીતિ. જી-૨૦ દરમિયાન ચર્ચાની શક્યતા**

ભારત, અમેરિકા અને સાઉદી અરેબિયા વચ્ચે ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડીલ ફાઈનલ થઈ શકે છે. આ અંતર્ગત ગલ્ફ દેશોને આરબ દેશો સાથે જોડવા માટે રેલવે પ્રોજેક્ટ પર ચર્ચા થઈ હતી. આ રેલવે નેટવર્ક પોર્ટ અને શિપિંગ લેન દ્વારા પણ ભારત સાથે જોડવામાં આવશે. આ ડીલ માટે ત્રણેય દેશ સહી કરશે. *(તા. ૦૭-૦૯-૨૦૨૩)*

## વિશ્વમાં કોરોનાના કારણે મૃત્યુઆંક વધી રહ્યો છે એશિયા અને મધ્યપૂર્વના દેશો મોખરે

**WHOએ દેશો પાસેથી ડેટા માંગ્યા**

WHO એ વિશ્વભરમાં કોરોના કેસ અને વાઇરસના મૃત્યુઆંકમાં વધારાની પુષ્ટિ કરી છે. આ માટે વિશ્વ આરોગ્ય સંસ્થાએ તમામ દેશોને કોવિડ-૧૯ સંબંધિત સંપૂર્ણ ડેટા શેર કરવાની અપીલ કરી છે. WHO ના ડાયરેક્ટર જનરલ ટેડ્રોસે કહ્યું - યુરોપમાં કોરોનાને કારણે દાખલ દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. જ્યારે એશિયા અને મધ્યપૂર્વમાં મૃત્યુઆંક વધ્યો છે.

WHO અનુસાર માત્ર ૪૩ દેશો જ કોવિડના કારણે મૃત્યુનો ડેટા શેર કરી રહ્યા છે. તે જ સમયે ફક્ત ૨૦ દેશો એવા છે જે દાખલ દર્દીઓને લગતી માહિતી આપી રહ્યા છે.

WHO ના અધ્યક્ષ ટેડ્રોસે કહ્યું : દાખલ દર્દીઓ અને મૃત્યુની સંખ્યા એ વાતનો પુરાવો છે કે કોરોના હવે આપણી વચ્ચે જ રહેવાનો છે અને આપણે તેની સામે લડવા માટે તૈયાર રહેવું પડશે.

ઉત્તરીય ગોળાર્ધમાં ઠંડી આવી રહી છે. આવી સ્થિતિમાં કોરોનાના કેસ વધી શકે છે. આ કારણોસર હોસ્પિટલોમાં કોવિડ દર્દીઓની સંખ્યા વધી રહી છે.

આ વર્ષે મે મહિનામાં WHO દ્વારા કોરોનાને વૈશ્વિક ઈમરજન્સીમાંથી દૂર કરવામાં આવ્યો હતો. જો કે, WHO ના ગવર્નર જનરલે કહ્યું કે ભલે કોરોના હવે વૈશ્વિક કટોકટી નથી પરંતુ એનો અર્થ એ નથી કે તે હવે કોઈ ખતરો નથી. આગામી રોગચાળો વિશ્વમાં ચોક્કસપણે આવશે અને કોવિડ-૧૯ કરતાં પણ વધુ ખતરનાક બની શકે છે. આવી સ્થિતિમાં આપણે અત્યારથી તૈયારી કરવી પડશે.

કોવિડને કારણે વિશ્વભરમાં લગભગ ૭૦ લાખ લોકોના મોત થયા છે. તેને ૩૦ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ વૈશ્વિક કટોકટી જાહેર કરવામાં આવી હતી. *(તા. ૦૭-૦૯-૨૦૨૩)*

## ઇસ્લામિક દેશોએ કહ્યું : અફઘાન સરકારે મહિલાઓને શિક્ષણ આપવું જોઈએ...

**તાલિબાનનો જવાબ : આ બાબતે ધીરજ રાખો. ૩ દિવસની મંત્રણા પરિણામ વિનાની રહી.**

ઈસ્લામિક દેશોની સંસ્થા ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કો-ઓપરેશન (ઓ.આઈ.સી.)નું એક પ્રતિનિધિમંડળ હાલમાં કાબુલમાં છે. ઓ.આઈ.સી.ના સભ્યો અફઘાનિસ્તાનની તાલિબાન સરકાર પર મહિલા શિક્ષણ શરૂ કરવા દબાણ કરી રહ્યા છે. *(તા. ૦૭-૦૯-૨૦૨૩)*

## મોરોક્કોમાં ભૂકંપમાં ૨ હજારથી વધુ લોકોના મોત

**૩ લાખ અસરગ્રસ્ત. ઘણા પરિવારો હજુ પણ કાટમાળ નીચે દટાયા. ૩ દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરવામાં આવી**

બી.બી.સી.ના જણાવ્યા અનુસાર ૧૪૦૦થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. કિંગ મોહમ્મદ VI એ ૩ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો છે. તેમણે પીડિતોને ભોજન, આશ્રય અને અન્ય મદદ આપવાનો આદેશ આપ્યો છે.

મોરોક્કન જિયોલોજિકલ સેન્ટરના જણાવ્યા અનુસાર ભૂકંપની તીવ્રતા ૭.૨ હતી. જો કે, યુ.એસ. જીઓલોજિકલ સર્વેએ તેની તીવ્રતા ૬.૮ જણાવી છે. એમ પણ કહ્યું કે ૧૨૦ વર્ષમાં આ વિસ્તારમાં આવેલો આ સૌથી વિનાશક ભૂકંપ છે.

મોરક્કન ટેલિવિઝનના અહેવાલ મુજબ ભૂકંપના કારણે ઘણી ઈમારતો ધરાશાયી થઈ ગઈ છે. ધરતીકંપનું કેન્દ્ર એટલાસ પર્વતની નજીકનું ઈઘિલ ગામ હોવાનું જાણવા મળ્યું છે. ભૂકંપની ઊંડાઈ જમીનથી ૧૮.૫ કિ.મી. નીચે હતી. ભૂકંપના આંચકા છેક પોર્ટુગલ અને અલ્જીરીયા સુધી અનુભવાયા હતા.

અલ જઝીરાના જણાવ્યા અનુસાર તાફેઘાઘેટ વિસ્તારમાં એવી કોઈ ઈમારત નથી કે જે ભૂકંપના કારણે ધરાશાયી ના થઈ હોય. ઈમારતો ધરાશાયી થતાં લોકો ભયભીત થઈને ભાગતા જોવા મળ્યા હતા. ભારત, બ્રિટન, અમેરિકાએ મદદ કરવાની જાહેરાત કરી. *(તા. ૧૦-૦૯-૨૦૨૩)*

## ગ્રીનકાર્ડ મેળવતા પહેલા જ ૪ લાખ ભારતીયોના મોત થશે

**૧૩૪ વર્ષ વેઇટીંગ ટાઈમ. ૧૧ લાખ લોકો યુ.એસ.ના પરમેનન્ટ રેસિડેન્ટ કાર્ડની રાહ જોઈ રહ્યા છે**

અમેરિકામાં રહેતા ૧૧ લાખ ભારતીયો ગ્રીન કાર્ડ મેળવવાની રાહ જોઈ રહ્યા છે. અમેરિકન થીન્ક ટેંક કેટો ઈન્સ્ટીટ્યુટના રીપોર્ટમાં આ દાવો કરવામાં આવ્યો છે. આ મુજબ અમેરિકામાં રોજગાર માટે ગ્રીન કાર્ડ માટે અરજી કરનારા ભારતીયોની સંખ્યા ૧૧ લાખ સુધી છે. તેમાંથી ૪ લાખ લોકો એવા છે જેમને ગ્રીન કાર્ડ મળે ત્યાં સુધીમાં તેમના મૃત્યુ થઈ ચૂક્યા હશે. *(તા. ૦૮-૦૯-૨૦૨૩)*

## ચીનમાં બેરોજગારી રેકોર્ડ સ્તરે છતાં યુવાવર્ગમાં મોજ-મસ્તી પાછળ ધૂમ ખર્ચ કરવાનો ટ્રેન્ડ

ચીનમાં યુવા બેરોજગારી રેકોર્ડ સ્તર પર છે. અર્થતંત્રની ગતિ જાણે કે થંભી ગઈ છે. પરંતુ જેન ઝેડ (૧૯૯૫ બાદ જન્મેલા યુવા)નો લેઝર ટ્રાવેલ અને મોજમસ્તી પાછળનો ખર્ચ ઘટવાને બદલે વધ્યો છે. કન્સલ્ટન્સી મિન્ટેલ ગ્રુપ અનુસાર, આ વર્ષની શરૂઆતથી જ ચીનની જેન ઝેટ ગ્રાહકોણ મુવી ટિકીટ, બ્યુટી સર્વિસ, બાર-રેસ્ટોરન્ટ્સ અને સ્પોર્ટસ ઈવેન્ટમાં જવાનો ખર્ચ સતત વધાર્યો છે. એક સર્વેમાં સામેલ ૪૦% લોકોએ જણાવ્યું કે તેઓએ ઓગસ્ટમાં મોજમસ્તી પર જુલાઈથી વધુ ખર્ચ કર્યો હતો.

તદુપરાંત જુલાઈની તુલનાએ ઓગસ્ટમાં મોંઘા કપડા પર પણ જનરેશન ઝેડનો ખર્ચ ખૂબ જ વધી ગયો છે. વાસ્તવમાં ચીનની યુવા પેઢીને વિશાળ કન્ઝ્યુમર માર્કેટની ગતિ માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. પરંતુ કોવિડ બાદથી ચીનનું અર્થતંત્ર સંકટનો સામનો કરી રહ્યું છે. આ કંપનીઓમાં ભરતી ઘટી છે. જૂનમાં ૧૬-૨૪ વર્ષની ઉંમરના લોકોની વચ્ચે બેરોજગારી સર્વાધિક ૨૨% હતી. ત્યારબાદ અધિકારીઓએ ડેટા જાહેર કરવાનું બંધ કર્યું હતું. *(તા. ૧૨-૦૯-૨૦૨૩)*

# જ્ઞાન – વિજ્ઞાન

● સંકલન : રસીક ખીમજી મહેતા ●

*ઉંમરનો ગમે તે પડાવ હોય, જીવનમાં જ્ઞાનની મહત્તા તો બની જ રહેવાની. 'મંગલ મંદિર'માં આપણે આ વિભાગમાં જ્ઞાન જગતની, વન્ય કે જીવ જગતની, બ્રહ્માંડ અને ગ્રહમાળાની વિગતોની કે મહાન વૈજ્ઞાનિકો અને તેમની શોધની વિગતોને સરળ ભાષામાં, સંક્ષિપ્તમાં જોઈએ છીએ. આ વિભાગને વધુને વધુ માહિતીજન્ય બનાવવા કૃતનિશ્ચયી થઈ રજૂ કરી રહ્યો છું બ્રહ્માંડ અને અંતરીક્ષની અમુક જાણકારીઓ અને એક મહાન વૈજ્ઞાનિકની માહિતી.*

*– રસીક ખીમજી મહેતા*

## સેલ્યુલોઇડ પ્લાસ્ટીકનો શોધક : જોહન વેઝલી હયાટ

વિશ્વમાં ઉદ્યોગ ક્ષેત્રમાં પ્લાસ્ટીકનો ફાળો બહુ મહત્ત્વનો છે. રોજિંદા વપરાશની સાથે ઉપરાંત ઉદ્યોગોમાં વપરાતી સાધન સામગ્રી બનાવવામાં પ્લાસ્ટીકનો વ્યાપક ઉપયોગ થાય છે. પ્લાસ્ટીકે લાકડાં અને ધાતુનું સ્થાન લઇ લીધું છે. ફર્નીચરથી માંડીને રમકડાં સુધીની વસ્તુઓ વિવિધ પ્રકારના પ્લાસ્ટીકમાંથી બને છે. સેલ્યુલોઇડ પ્લાસ્ટીક સખત અને ટકાઉ હોય છે. તેમાંથી ફર્નીચર, રમતગમતના સાધનો ઉપરાંત અનેક ગૃહ ઉપયોગી ચીજો બને છે. તેની શોધ જોહન વેઝલી હયાટે કરી હતી. હયાટે બોલ બેરીંગ, પાણી ગાળવાનું સાધન હેપા ફિલ્ટર વગેરે ૨૦૦ જેટલી શોધો કરી છે.

જોહન વેઝલીનો જન્મ ન્યુયોર્કના સ્ટારકી ખાતે ૨૮ નવેમ્બર, ૧૮૩૭ના રોજ થયો હતો. તે ઝાઝુ નહોતો ભણ્યો. ૧૫ વર્ષે તે ઇલિનોયના રમકડાં બનાવતી કંપનીમાં કામે લાગ્યો. આ કંપનીનું મુખ્ય કામ શતરંજના બોર્ડ અને પ્યાદા બનાવવાનું હતું. આ ચીજો હાથીદાંતથી બનતી. હયાટે હાથીદાંતના બદલે સસ્તો અને સખત પદાર્થ બનાવવાનો વિચાર કરી સેલ્યુલોઝની શોધ કરી.

ઇંગ્લેન્ડના એલેકઝાન્ડર પર્કિન્સે શોધેલા નરમ પ્લાસ્ટીક ઉપર સંશોધનો કરીને તેમણે સખત સેલ્યુલોઇડ શોધી કાઢ્યું જે ગરમી મળતાં પીગળે અને યોગ્ય ઘાટ આપ્યા પછી ઠરીને સખત થઇ જાય. સેલ્યુલોઇડ પ્લાસ્ટીકમાંથી રમતગમત માટે દડા તેમજ શતરંજના મહોરા બનાવવાનું સરળ બન્યું.

ઇ.સ. ૧૮૬૯માં તેણે પોતે કરેલા પદાર્થને સેલ્યુલોઇડ નામ આપ્યું, જે આજે પણ પ્રચલિત છે. સેલ્યુલોઇડની શોધ પછી તેણે તેના ઉત્પાદન માટે કંપની સ્થાપી. સેલ્યુલોઇડમાંથી કાંસકા, સંગીત અને રમતગમતના સાધનો અને હાથીદાંતમાંથી બનતી તમામ ચીજો બનવા લાગી.

હયાટને તેની આ શોધ બદલ ઇ.સ. ૧૯૧૪માં પર્કિન મેડલ એનાયત થયો હતો. ૧૦ મે, ૧૯૨૦ના રોજ આ મહાન વૈજ્ઞાનિકનું અવસાન થયું હતું. આ શોધની અસરથી હાથીદાંતનો વિકલ્પ મળી જવાના કારણે હાથીદાંત માટે થતો હાથીનો સંહાર અમુક અંશે ઘટ્યો હતો તથા સસ્તી સામગ્રી મળતા સામાન્ય લોકો સુધી શતરંજની રમત પહોંચી શકી હતી.

## બ્રહ્માંડ : પૃથ્વીની આસપાસ

પૃથ્વીની ઉંમર ૪.૬ અબજ વર્ષ હોવાનું અનુમાન છે. ખગોળશાસ્ત્રીઓ પ્રાચીનકાળથી બ્રહ્માંડનો તાગ મેળવવાના પ્રયાસ કરે છે. આધુનિક વિજ્ઞાને વિવિધ પ્રકારના ટેલિસ્કોપ શોધ્યા છે. તેનાથી બ્રહ્માંડનો અભ્યાસ શક્ય બન્યો છે. અનંત આકાશને કિલોમીટરનું માપ ટૂંકુ પડે એટલે અવકાશમાં અંતર પ્રકાશવર્ષથી મપાય છે. પ્રકાશનું કિરણ એક વર્ષમાં જેટલા કિલોમીટર કાપે તેટલા અંતરને ૧ પ્રકાશ વર્ષ કહેવાય. આ હિસાબે ૧ પ્રકાશ વર્ષ એટલે ૯૪૬૦૮૦૦૦૦૦૦૦૦ કિ.મી. થાય. પૃથ્વી દૂધગંગા નામની ગેલેક્સીમાં છે. ગેલેક્સી એટલે આકાશગંગા. આકાશગંગા આકાર પ્રમાણે ચાર પ્રકારની છે : સ્પાઇરલ કે વલયાકાર, બાર્ડ સ્પાઇરલ કે સ્વસ્તિક વલયાકાર, લંબગોળ અને અનિયમિત. આપણી દૂધગંગા વલયાકાર છે. તેના તારાઓ કેન્દ્રની આસપાસ વલયાકાર પાંખિયા સ્વરૂપે રહે છે. બધી આકાશગંગાઓ ગતિમાન છે અને તે એકબીજાથી દૂર થતી જાય છે. આમ બ્રહ્માંડ સતત વિકસી રહ્યું છે. એન્ડોમેંડા ગેલેક્સી આપણી દૂધગંગાથી સૌથી નજીક છે કે જે આપણાથી બે કરોડ પ્રકાશ વર્ષના અંતરે છે.

## સૂર્યનું જીવનચક્ર

સૂર્યના કેન્દ્રમાં લગભગ ૧,૫૦,૦૦,૦૦૦ સેલ્સિયસ ડિગ્રી તાપમાન હોય છે. જેનાથી પ્રચંડ ગરમી અને પ્રકાશ ઉત્પન્ન થાય છે. સૂર્યમાંથી સતત ઉર્જા વછુટે છે. સમય જતાં તે ખલાસ થઇ જશે. વિજ્ઞાનીઓ માને છે કે સુપરનોવા પ્રલયકારી વિસ્ફોટ થઇને સૂર્ય નાશ પામશે. આ ઘટના લગભગ પાંચ અબજ વર્ષ પછી થશે. સૂર્યના કેન્દ્રમાં રહેલો હાઇડ્રોજન ખલાસ થશે ત્યારે

હિલીયમનો વપરાશ શરૂ થશે. તે ખલાસ થશે એટલે સૂર્ય ઠંડો પડી જશે અને લાલ રંગનો ગોળો બની જશે. તે કદમાં વિસ્તાર પામશે ત્યારે કેન્દ્રમાં રહેલા કાર્બનના કણો સખત ધાતુ બનશે. તે ઉર્જાનું શોષણ કરશે અને ગોળાનું કદ નાનું થતું જશે. આ બધું ગણતરીની મિનિટોમાં જ થશે અને પ્રચંડ વિસ્ફોટ થશે. આ વિસ્ફોટને સુપરનોવા કહે છે. બ્રહ્માંડના તારાઓ સુપર નોવાના વિસ્ફોટમાં નાશ પામે છે. સૂર્ય પણ તારો છે. એ પણ આવા જ વિસ્ફોટમાં નાશ પામશે.

## અંતરીક્ષની અજાયબી

- વિજ્ઞાનીઓ પૃથ્વી જેવો ગ્રહ શોધીને ત્યાં માણસને રહેવા મોકલવાના પ્રયાસ કરે છે. હજી સુધી માણસ વસી શકે તેવો ગ્રહ મળ્યો નથી. વિજ્ઞાનીઓ અન્ય ગ્રહ પર ઉપયોગી થાય તેવી સાધન સામગ્રી બનાવી રહ્યા છે. આ સંશોધન ક્ષેત્રને 'ટેરાફોર્મિંગ' કહે છે.
- અવકાશયાત્રીઓને ઝીરો ગ્રેવિટીમાં રહેવા માટેની ટ્રેનિંગ આપવાના ગોળાને 'વોમિટ કોમેટ' કહે છે. વોમિટ કોમેટનો ઉપયોગ સંશોધનોમાં તો થાય જ છે પરંતુ ઘણી ફિલ્મોમાં દશ્ય લેવા માટે પણ થાય છે.
- સૂર્યના ચુંબકીય ધ્રુવ દર ૧૧ વર્ષે સ્થાન બદલે છે. એટલે પૃથ્વીના હવામાનની પેટર્ન પણ દર ૧૧ વર્ષે થોડી ઘણી બદલાય છે.
- હેલીનો ધૂમકેતુ સૂર્ય ફરતે ઘડિયાળના કાંટાની દિશામાં પ્રદક્ષિણા કરતો નથી. તેનો પ્રદક્ષિણા માર્ગ છેલ્લા ગ્રહ નેપચ્યુનથી શરૂ થઈ પ્રથમ ગ્રહ બુધની ભ્રમણકક્ષા સુધી વિસ્તરેલો છે.

## સૂર્ય ગ્રહણ કેવી રીતે થાય છે?

પૃથ્વી સૂર્યની આસપાસ પ્રદક્ષિણા કરે છે અને ચંદ્ર પૃથ્વીની આસપાસ. આ પરિભ્રમણમાં ચંદ્ર ક્યારેય પૃથ્વી અને સૂર્યની વચ્ચે આવી જાય ત્યારે સૂર્ય પ્રકાશ પૃથ્વી સુધી પહોંચી શકતો નથી અથવા તો ચંદ્રનો પડછાયો પૃથ્વી પર પડે છે. પૃથ્વી પર આ પડછાયો જેટલા વિસ્તારમાં પડે ત્યાં સૂર્ય દેખાતો બંધ થઈ જાય છે. તેને ખગ્રાસ ગ્રહણ કહે છે. ક્યારેક ચંદ્ર પૃથ્વીથી વધુ અંતરે હોય તો સૂર્ય પૂરો ઢંકાતો નથી પણ ચંદ્રની આસપાસ સૂર્યની કિનારી જોવા મળે છે. આ સ્થિતિને કંકણાકૃતિ ગ્રહણ કહે છે. આ ગ્રહણ અમાસના દિવસે જ થાય છે અને તે પૃથ્વી પરના થોડા વિસ્તારોમાં જ જોઈ શકાય છે. પૃથ્વી અને ચંદ્ર સતત ગતિ કરે છે એટલે સૂર્ય ગ્રહણ શરૂ થાય ત્યારે ધીમે ધીમે સૂર્ય દેખાતો બંધ થાય છે અને પૂરેપૂરો ઢંકાઈ જાય તે સ્થિતિ પાંચ કે સાત મિનિટ જ રહે છે. પછી ચંદ્ર ખસે તેમ સૂર્ય બહાર આવતો જાય છે. સૂર્યગ્રહણ નરી આંખે જોવાથી આંખોને નુકસાન થઈ શકે છે.

## અલ્ટ્રા વાયોલેટ કિરણો શું છે? તે ક્યાંથી આવે?

સૂર્યપ્રકાશ સાત રંગોનો બનેલો છે તે જાણીતી વાત છે. આ સાત રંગને માણસ જોઈ શકે છે. આ સિવાય પણ સૂર્યપ્રકાશના કિરણમાં રંગો હોય છે. રંગ એટલે કિરણની તરંગ લંબાઈ કે વેવલેન્થ. દરેક રંગ પોતપોતાની અલગ વેવલેન્થ ધરાવે છે. આપણે જોઈ શકીએ તે પ્રથમ રંગ જાંબલી કે વાયોલેટ છે. તેની પહેલાનો અલ્ટ્રાવાયોલેટ રંગ આપણને દેખાતો નથી. મધમાખી જેવા કેટલાક જંતુઓ અને પશુ-પક્ષીઓને આ રંગ દેખાય છે.

અલ્ટ્રા વાયોલેટના આ કિરણો ચામડીને દઝાડે અને આંખોને નુકસાન કરે તેટલા તીવ્ર હોય છે. જો કે સૂર્યમાળામાં આવતા બધા જ અલ્ટ્રા વાયોલેટ કિરણો પૃથ્વી સુધી પહોંચતા નથી. પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે ત્યારે તે ઓક્સિજન સાથે પ્રક્રિયા કરી નવો ઓઝોન વાયુ બનાવે છે અને તેનું સ્તર બને છે. ઓઝોન સ્તર અલ્ટ્રા વાયોલેટ કિરણો સામે આપણું રક્ષણ કરે છે.

આપણા શરીરને થોડા અલ્ટ્રાવાયોલેટ કિરણોની જરૂર છે. તે ચામડીમાં વિટામિન ડી બનાવવામાં ઉપયોગી છે. તે તીવ્ર હોવાથી રોગજનક બેક્ટેરીયાનો નાશ કરે છે. વિજ્ઞાનીઓએ અલ્ટ્રા વાયોલેટ કિરણો પેદા કરવાના લેમ્પ બનાવ્યા છે. તે ઘણા રોગોની સારવારમાં ઉપયોગી થાય છે. ■

## ફળી જાય

લાગણીનું ઝરણું જો અવિરત વહી જાય,
પથ્થર જેવો પથ્થર પણ એક દી' પીગળી જાય.

મુગ્ધાવસ્થા વસે છે કલ્પનાના શહેરમાં,
મળે જો કોઈ રંગીન સહારો તો તુર્ત ઢળી જાય.

પાંપણ પાળ બનીને જો અશ્રુઓને ન રોકે,
દિલમાં છે છાનું છપનું શું, જમાનો કળી જાય.

અંગત બનાવીને કરી દો ક્ષણમાં પારકા,
દિલની લાગણીઓ અંતરે મરીને બળી જાય.

એક તરફી પ્રેમ હોય, તો હોય ભલે 'નેહ',
મળે ફક્ત એક મોરપીંછ તો કૃષ્ણભક્તિ ફળી જાય.

*– નેહા શાહ 'નેહ'*

## ઉડતી નજરે.... *માસ ઓગસ્ટ-૨૦૨૩ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ*

| ક્રમ | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|
| ૧. | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ........ ૬૫૦<br>● સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........ ૩૯<br>● બોડી ચેક-અપ ........ ૩૦૬<br>● સોનોગ્રાફી ........ ૧,૩૦૭<br>● ટી.એમ.ટી. ........ ૩૭<br>● ઑપરેશન ........ –<br>● અન્ય ........ ૯,૧૨૬ | ૧૧,૪૬૫ |
| ૨. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી –* ● પુરુષો ........ ૩૭૩<br>● સ્ત્રીઓ ........ ૧૫૮<br>● બાળકો ........ ૨૩<br>● કેન્ટીન ........ ૪,૨૦૦ | ૪,૭૫૪ |
| ૩. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી –* ● પુરુષો ........ ૧૩૮<br>● સ્ત્રીઓ ........ ૩૬<br>● બાળકો ........ ૧ | ૧૭૫ |
| ૪. | **ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | ૮૬ |
| ૫. | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - પેસેન્જર ........ ૧,૮૮૨<br>● મ્યુઝીયમ ........ ૧,૨૨૦<br>● કેન્ટીન ........ ૩,૯૮૦<br>● જલારામ અન્નક્ષેત્ર ........ ૩૮૫<br>● ડિસ્પેન્સરી ........ ૧૦૩ | ૭,૫૭૦ |
| ૫. | **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | ૪૮૦ |
| ૭. | **નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર,<br>દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી –* ● તબીબી ચેક- અપ ........ ૧૭૩<br>● સોનોગ્રાફી ........ ૨૮૦<br>● અન્ય ........ ૬,૬૧૦ | ૭,૦૬૩ |
| ૮. | **નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | ૧૬૯ |
| ૯. | **પરમકૃપા મેડિકલ સેન્ટર, ચાંગોદર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી –* ● એક્સ-રે ........ ૧૬<br>● સોનોગ્રાફી ........ ૩૬<br>● બોડી ચેક-અપ ........ ૨૯<br>● કેમ્પ ........ –<br>● અન્ય ........ ૪૦૫ | ૪૮૬ |
| | *માસ ઓગસ્ટ- ૨૦૨૩ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ........* | ૩૨,૨૪૮ |

# અતીતના ઓવારેથી.... : મણકો-૬

– અશોક મહેતા

*'મંગલ મંદિર'ની અતીતના ઓવારેથી કોલમના મણકા નં.-૬ માં આપણે વર્ષ ૧૯૭૬થી વર્ષ ૧૯૭૯ સુધીમાં સમાજની સામાન્ય સભાએ નક્કી કરેલ હોદ્દેદારો અને કારોબારી સમિતિના અન્ય સભ્યોના નામ વાંચી તેઓની નોંધ લેશું. એ દરમિયાનના કેટલાક અગત્યના મુદ્દાઓની પણ નોંધ લેશું.*

| ક્રમ | હોદ્દો | વર્ષ ૧૯૭૬ | વર્ષ ૧૯૭૭ | વર્ષ ૧૯૭૮ | વર્ષ ૧૯૭૯ (તા. ૧૮-૨-૭૯ની મીટિંગ પ્રમાણે) | વર્ષ ૧૯૭૯ – રીવાઇઝ્ડ કારો. સમિતિ (તા. ૧૧-૩-૭૯ની મીટિંગ પ્રમાણે) |
|---|---|---|---|---|---|---|
| ૧. | પ્રમુખ | શ્રી બાબુભાઈ વીરમ શાહ | શ્રી બાબુભાઈ વીરમ શાહ | શ્રી માવજીભાઈ ધારશી ફુરિયા | શ્રી માવજીભાઈ ધારશી ફુરિયા | શ્રી મુળજી નરશી લોડાયા |
| ૨. | ઉપપ્રમુખ | શ્રી મુળજીભાઈ નરશી લોડાયા | શ્રી મુળજીભાઈ નરશી લોડાયા | શ્રી ખીમજી આણંદજી લોડાયા | શ્રી મુળજીભાઈ નરશી લોડાયા | શ્રી પ્રતાપ નારાણજી દંડ |
| ૩. | મંત્રી | શ્રી પ્રભુલાલ કે. સંઘવી | શ્રી પ્રભુલાલ કે. સંઘવી | શ્રી પ્રભુલાલ કે. સંઘવી | શ્રી ઉમરશીભાઈ જે. કુરુવા | શ્રી પ્રભુલાલ કે. સંઘવી |
| ૪. | સહમંત્રી | શ્રી ધારશીભાઈ યુ. સંઘવી | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | | શ્રી ઝુમખલાલ ચુનીલાલ શાહ |
| ૫. | ખજાનચી | શ્રી ડાહ્યાભાઈ મોથારીયા | શ્રી હીરજીભાઈ લાલજી ગડા | શ્રી ભોગીલાલ કાંતિલાલ શાહ | શ્રી આણંદજી વેલજી વીરા | શ્રી અશોકભાઈ સાકરચંદ મહેતા |
| ૬. | કારોબારી સભ્ય | શ્રી પોપટલાલ નેણશી ધરોડ | શ્રી હીરજીભાઈ પાસુભાઈ શાહ | શ્રી પોપટલાલ નેણશી ધરોડ | શ્રી પ્રભુલાલ કે. સંઘવી | શ્રી ઉમરશી જેઠાભાઈ કુરુવા |
| ૭. | કારોબારી સભ્ય | શ્રી હીરજીભાઈ પાસુભાઈ શાહ | શ્રી પોપટલાલ નેણશી ધરોડ | શ્રી હીરજીભાઈ પાસુભાઈ શાહ | શ્રી અશોકભાઈ મહેતા | શ્રી પોપટલાલ નેણશી ધરોડ |
| ૮. | કારોબારી સભ્ય | શ્રી મગનભાઈ મોતીચંદ સંઘવી | શ્રી ધારશીભાઈ યુ. સંઘવી | શ્રી બાબુભાઈ વીરમ શાહ | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી | શ્રી ખીમજી આણંદજી લોડાયા |
| ૯. | કારોબારી સભ્ય | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી | શ્રી મુળજીભાઈ નરશી લોડાયા | શ્રી બાબુભાઈ વીરમ શાહ | શ્રી બાબુભાઈ વીરમ શાહ |
| ૧૦. | કારોબારી સભ્ય | શ્રી કાંતિભાઈ ગોવિંદજી શાહ | શ્રી ભોગીલાલ કાંતિલાલ શાહ | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી | શ્રી પોપટલાલ નેણશી ધરોડ | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી |
| ૧૧. | કારોબારી સભ્ય | શ્રી વાડીભાઈ શાહ | શ્રી કાંતિલાલ ગોવિંદજી શાહ | શ્રી કાંતિલાલ કુંવરજી લોડાયા | શ્રી શાંતિલાલ છગનલાલ શાહ | શ્રી માવજી ધારશી ફુરિયા |
| ૧૨. | કારોબારી સભ્ય | શ્રી આણંદજી વેલજી વીરા | શ્રી રતિલાલ કુંવરજી શાહ | શ્રી સોમચંદ ખીંયશી છેડા | શ્રી હીરજીભાઈ પાસુભાઈ શાહ | શ્રી વિરેન્દ્ર આસારીયા શાહ |
| ૧૩. | કારોબારી સભ્ય | શ્રી ભોગીલાલ કે. શાહ | શ્રીમતી પ્રેમીલાબેન યુ. કુરૂવા | શ્રી ઉમરશીભાઈ જે. કુરૂવા | શ્રી વિરેન્દ્રભાઈ આસારીયા શાહ | શ્રી હીરજી પાસુભાઈ શાહ |
| | ઓડિટર | શ્રી મગનભાઈ ભવાનજી દેઢિયા | શ્રી જયંતીલાલ વેલજી મહેતા | શ્રી જયંતીલાલ વેલજી મહેતા | શ્રી જયંતીલાલ વેલજી મહેતા | શ્રી મગનલાલ ભવાનજી દેઢિયા |

***અગત્યની નોંધ :***

*૧. તા. ૨૯-૨-૧૯૭૬ની શ્રી કચ્છી જૈન સમાજની સામાન્ય સભામાં શ્રી પ્રભુભાઈ કે. સંઘવી તથા શ્રી હીરજીભાઈ શાહને અમદાવાદમાં કચ્છી ભુવન જલ્દીથી બંધાય તે માટે અનુરોધ કરવામાં આવ્યો હતો.*

*૨. શ્રી કચ્છી જૈન સમાજનો જાન્યુઆરી-૧૯૭૭નો અંક (વર્ષ બીજું : અંક પહેલો : સળંગ અંક ૧૨મો) 'મંગલ મંદિર' તરીકે પ્રકાશિત કરવામાં આવેલ હતો. પોસ્ટલ ડિપાર્ટમેન્ટમાં 'પ્રેરણા' નામ રજીસ્ટર ન થતાં તેના ૧૧ અંક બાદ ૧૨મો અંક 'મંગલ મંદિર' તરીકે પ્રકાશિત કરવામાં આવેલ હતો. એ સમયે તેના સંપાદક પ્રભુલાલ કે. સંઘવી અને ધારશીભાઈ યુ. સંઘવી હતા.*

*૩. તા. ૨૫-૩-૧૯૭૮ની શ્રી કચ્છી જૈન સમાજની વાર્ષિક સામાન્ય સભામાં 'મંગલ મંદિર'ના સંપાદિકા તરીકે શ્રીમતી પ્રેમીલાબેન ઉમરશી કુરૂવાનું નામ નક્કી કરવામાં આવેલ હતું.*

*૪. આ સમય દરમિયાન 'મંગલ મંદિર'નો માસિક ખર્ચ રૂા. ૩૦૦/- જેટલો થવા પામતો હતો કે જેના દર મહિનાના સૌજન્ય અલગ અલગ મહાનુભાવો પાસેથી મેળવવામાં આવતા હતા.*

# આપણા ડૉક્ટર્સને પહેચાનો

(મણકો : ૫)

## ડૉ. કૌશલ શાહ

M.S. (E.N.T.)



અશોક મહેતા

'મંગલ મંદિર'ની 'આપણા ડૉક્ટર્સને પહેચાનો'ની કોલમના મણકા-૫માં આજે આપણે ઓળખ કરીશું ENT સર્જન ડૉ. કૌશલ શાહની કે જેઓ છેક જાન્યુઆરી-૨૦૦૪થી આ સમાજના પાલડી ખાતેના મેડિકલ સેન્ટર સાથે જોડાયેલ છે અને તેઓ નિયમિતપણે અઠવાડિયામાં ૩ દિવસ સવાર અને સાંજ – એમ બંને ટાઈમ વિઝીટીંગ ડૉક્ટર તરીકે પોતાની સેવા આપી રહ્યા છે. સવારના ભાગે સરાસરી ૮ થી ૧૦ પેશન્ટ અને એજ રીતે સાંજના ભાગે પણ સરાસરી ૮થી ૧૦ પેશન્ટને તેઓ નિયમિતપણે ચકાસે છે. દરરોજના અંદાજિત ૨૦ પેશન્ટના હિસાબે અઠવાડિયામાં ૬૦ પેશન્ટ, મહિનામાં લગભગ ૨૪૦ પેશન્ટ અને વર્ષમાં અંદાજિત ૨૮૦૦ પેશન્ટના કાન, નાક, ગળાના રોગ નાબૂદ કરવા તેઓશ્રી ક્રિયાશીલ રહે છે. આ હિસાબે પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં તેઓશ્રીએ વર્ષ ૨૦૦૪થી વર્ષ ૨૦૨૩ – એમ ૧૯ વર્ષના ગાળામાં લગભગ ૫૦,૦૦૦થી પણ વધુ પેશન્ટની સારવાર કરેલ છે.



ડૉ. કૌશલ શાહ
E.N.T. સર્જન

એજ રીતે તેઓશ્રીએ વર્ષ ૧૯૯૮થી પાલડીમાં એક અન્ય સ્થળે પોતાની પ્રાઈવેટ પ્રેક્ટીસ શરૂ કરેલ છે. જ્યાં તેઓ દરરોજના લગભગ ૩૦થી ૩૫ પેશન્ટની સારવાર કરે છે. વર્ષ ૧૯૯૮થી વર્ષ ૨૦૨૩ – એમ ૨૫ વર્ષના ગાળામાં તેઓશ્રીએ ૨ લાખથી પણ વધુ પેશન્ટની સારવાર અહીંથી કરેલ છે.

આ પ્રકારના અનુભવી, સેવાભાવી અને નિરાભિમાની ડૉક્ટરોથી શ્રી કચ્છી જૈન સેવા સમાજનું પાલડી ખાતેનું મેડિકલ સેન્ટર ધમધમી રહેલ છે કે જે આ સમાજની એક ઉજ્જવળ પ્રતિભાના દર્શન કરાવે છે.

આ લેખ લખવા માટે જ્યારે ડૉ. કૌશલ શાહની મુલાકાત લેવામાં આવી ત્યારે કેટલીક ઔપચારીક વાતો બાદ તેઓશ્રીએ નીચે મુજબ પોતાના દિલની વાત રજૂ કરી.

તેઓશ્રીએ જણાવ્યું કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ખાતેના મેડિકલ સેન્ટરની વ્યવસ્થાની કામગીરીથી હું ખૂબ જ અભિભૂત થયેલ છું અને તેના કારણે જ લાંબા સમયથી હું આ સંસ્થા સાથે જોડાઈ રહેવામાં આનંદ અનુભવું છું. ઉપરોક્ત હકીકતના અનુસંધાને તેઓશ્રીએ નીચે મુજબના પોતાના અનુભવો પણ વર્ણવ્યા.

વર્ષ ૨૦૦૭ના ઓક્ટોબર મહિનામાં મને સ્કુટર પર એક્સિડન્ટ થયેલ હતો. એક પગમાં મેજર ફ્રેક્ચર થયું અને પગમાં પ્લેટો નંખાવવી પડેલ હતી. ચાર મહિના સુધી મારે સંપૂર્ણપણે પથારીમાં રહી આરામ કરવો પડેલ હતો. એ દરમિયાન મારી તબિયતના સમાચાર પૂછવા પાલડી પરના મેડિકલ સેન્ટરમાંથી મેડિકલ ઓફિસર અને અન્યોના અવાર-નવાર ફોન આવતા રહેતા, પરંતુ મને ક્યારેય સમાજ તરફથી એવું પૂછવામાં આવેલ ન હતું કે તમે ક્યારથી ડ્યુટી પર આવી શકશો? એ સમયના મેડિકલ સમિતિના કન્વીનરશ્રી અને મેડિકલ ઓફિસરે મારી જગ્યાએ ઓલ્ટરનેટ વ્યવસ્થા સંભાળી લીધેલ હતી. ત્યારબાદ ફેબ્રુઆરી-૨૦૦૮માં જ્યારે મેં ફોન કર્યો કે હું હવે સાજો-નરવો થઈ ગયેલ છું અને ડ્યુટી પર આવી શકું તેમ છું, ત્યારે મને પ્રેમપૂર્વક કહેવામાં આવ્યું કે આવતીકાલથી જ આપશ્રીની ડ્યુટી સંભાળી લો. આ કથન પારીવારીક સંબંધની અનુભૂતિ કરાવે છે કે જેનાથી હું ખૂબ જ અભિભૂત થઈ ગયેલ. આ સમાજના પાલડી ખાતેના મેડિકલ સેન્ટર તરફથી એ સમયે ડૉક્ટરો સાથે જે પ્રકારનો અભિગમ રાખવામાં આવતો હતો, તે મને તે સમયે ખૂબ જ સ્પર્શી ગયેલ અને તેને જીવનભર એક સંભારણા તરીકે હું તેને યાદ રાખીશ.

ત્યારબાદ તેઓશ્રીએ આ સેન્ટર સાથેના પોતાના અનુભવનો બીજો દાખલો આપ્યો.

એક પેશન્ટને કાનમાં મેલ ભરાઈ ગયેલ હતું. તે માટે મારે કેટલીક પ્રોસીજર કરવી જરૂરી હતી. મેં પેશન્ટને કહ્યું કે આ માટે તમારે પૂરેપૂરો સહકાર આપવો પડશે અને આ પ્રોસીજર પ્રક્રિયા દરમિયાન એકદમ સ્થિર રહેવું પડશે. પ્રોસીજર દરમિયાન જો સ્થિર નહીં રહેવાય તો અન્ય નુકસાની થવાની સંભાવના રહે છે. પેશન્ટે સ્થિર રહી શકવાની ના પાડતાં મેં જણાવ્યું કે

તો પછી મેલ કાઢવાની પ્રોસીજર થઈ શકશે નહીં. પેશન્ટે ત્યાંથી નીકળી જઈને મેનેજમેન્ટને લેખિતમાં ફરીયાદ કરી કે ડૉક્ટર મારી ટ્રીટમેન્ટ કરવાની ના પાડે છે. ત્યારબાદ મેનેજમેન્ટે આ બાબત મારી સાથે કોઈ ચર્ચા જ ના કરી કેમકે તેમણે દરેક ડૉક્ટર પ્રત્યે સંપૂર્ણ વિશ્વાસ રાખેલ હતો. આ હકીકત પણ મારા હૃદયને એકદમ સ્પર્શી ગયેલ અને તેને આજ દિવસ સુધી હું ભૂલ્યો નથી.

ઉપરોક્ત અનુભવો ટાંક્યા બાદ તેઓશ્રીએ જણાવેલ કે અહીં ડૉક્ટરોના સૂચન પર એકદમ ધ્યાન આપવામાં આવે છે અને તેઓના દરેક મુદ્દાનો ઉકેલ અહીંનો સ્ટાફ ત્વરીતપણે લાવી આપે છે.

ડૉ. કૌશલ શાહનું ઉપરોક્ત નિવેદન સાંભળ્યા બાદ આપણે તેઓ વિશે કેટલીક વધુ વાતો જાણીએ.

ડૉ. કૌશલ મહેન્દ્ર શાહનો જન્મ તા. ૨૪-૭-૧૯૬૮ના રોજ અમદાવાદ ખાતે થયેલ હતો. તેઓશ્રી જ્ઞાતિએ વીસા શ્રીમાળી દેરાવાસી જૈન પરિવારના સભ્ય છે. તેમનું બાળપણ નવી પોળ, પતાસા પોળ, ગાંધી રોડ ખાતે વિતેલ હતું. તેમનો પ્રાથમિક અભ્યાસ ખાડિયાની ઉન્નતિ શાળામાંથી થયેલ હતો. તેઓશ્રીનો માધ્યમિક ધોરણ-૧૧ સુધીનો અભ્યાસ સાધના વિનય મંદિર - પાલડી ખાતેથી થયેલ હતો. તેઓશ્રીએ ૧૨મું ધોરણ ગુજરાત કૉલેજમાંથી ૮૨ ટકા માર્કસ સાથે વર્ષ ૧૯૮૫માં ઉત્તીર્ણ કરેલ હતું. એ વર્ષના સારાયે ગુજરાતના મેડિકલ ફિલ્ડના પ્રવેશમાં તેમનો રેન્ક ૧૬૯મો હતો કે જે તેની અભ્યાસ સમયની ઝળહળતી કારકિર્દીના દર્શન કરાવે છે.

તેઓશ્રીએ વર્ષ ૧૯૯૧માં એન.એચ.એલ. મ્યુનિસિપલ કોલેજ (વી.એસ. હોસ્પિટલ)માંથી ફર્સ્ટ ક્લાસ સાથે M.B.B.S. ની પદવી મેળવેલ હતી. એ જ કૉલેજમાંથી વર્ષ ૧૯૯૪માં તેઓશ્રીએ સમગ્ર યુનિવર્સિટીમાંથી પ્રથમ ક્રમાંકે રહી M.S. (E.N.T.) ની પદવી પ્રાપ્ત કરેલ હતી.

આ પ્રકારની તેજસ્વી કારકિર્દી ધરાવતા ડૉ. કૌશલ શાહે વર્ષ ૧૯૯૪થી વર્ષ ૧૯૯૫ – એમ એક વર્ષ 'લોઢાવાલા ટ્રસ્ટ હોસ્પિટલ - ભાવનગર' ખાતે પ્રેક્ટીસ કરેલ હતી. ત્યારબાદ વર્ષ ૧૯૯૫થી ૧૯૯૮ – એમ ૩ વર્ષ દરમિયાન અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં પોતાની પ્રાઈવેટ પ્રેક્ટીસ કરેલ હતી. તેઓશ્રીએ વર્ષ ૧૯૯૮થી પાલડી વિસ્તારમાં પોતાનું ડે-કેર પ્રાઈવેટ ક્લિનિક શરૂ કરેલ છે અને આજ દિન સુધી ત્યાંથી જ પોતાની દૈનિક પ્રેક્ટીસ જારી રાખેલ છે અને ત્યાંથી તેઓ દરરોજના ૩૦થી ૩૫ પેશન્ટને પોતાની સેવા આપી તેઓને ENT વિભાગના ક્ષેત્રે નિરોગી રાખવા પ્રયાસ કરી રહેલ છે.

તેઓશ્રી જ્ઞાતિએ જૈન હોવાથી જૈન સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબોની સારી એવી વૈયાવચ્ચ કરતા આવેલ છે. સામાન્ય જનતા માટેના ફ્રી નિદાન કેમ્પમાં ભાગ લઈ તેઓએ સારા એવા પ્રમાણમાં જનસમુદાયની પણ સેવા કરેલ છે.

તેઓશ્રીના લગ્ન બાલાસિનોરના રહેવાસી એવા હોમિયોપેથ ડૉક્ટર પારૂલ શાહ સાથે વર્ષ ૧૯૯૫માં થયેલ હતા. તેમના થકી તેમને એક પુત્ર કૈવન પ્રાપ્ત થયેલ છે કે જે હાલ ૨૭ વર્ષની ઉંમર ધરાવે છે અને સોલા ખાતેની સિવિલ હોસ્પિટલમાં M.S. (E.N.T.) ના ૩ વર્ષના કોર્સમાં હાલે બીજા વર્ષમાં અભ્યાસ કરી રહેલ છે.

ડૉ. કૌશલ શાહને તેમની યશસ્વી જીવન કારકિર્દી માટે આપણે તેમને ખૂબ ખૂબ અભિનંદન આપીએ.

આ પ્રકારની લાંબી અને યશસ્વી કારકિર્દી ધરાવતા અનુભવી ડૉક્ટરોનો સહકાર શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને પ્રાપ્ત થતો રહે છે કે જે સમાજની પ્રતિષ્ઠાને સારી એવી ઊંચાઈએ પહોંચાડતો રહે છે. ■

## લઘુ કાવ્યો

ફૂલ
રજૂ કરે છે 'કવિતા'
ઝાકળ વિશે
શ્રોતા છે : સુગંધ
અને પતંગિયાઓ!!

ઝાકળમાં
ન્હાતા ફૂલને જોવા
નભથી
વાદળા નીચે આવ્યા!

પ્રેમપત્રો
વાંચતા વાંચતા
ટહુંકી ઉઠ્યું
હૃદય-પંખી!

બારીના સળીયે
બેઠી ચકલી,
ઘર બની ગયું : માળો!

બગાસા ખાતી
સાંજ
ઊંઘી ગઈ ક્ષિતિજની-
રંગીન ચાદર ઓઢી
ઘસઘસાટ!

વૃક્ષો વિનાના
રસ્તે જુઓ-
શ્વાસ લેવા તરફડે છે
ટહુકો!

***કિશોર આર. ટંડેલ - નવસારી***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

**મંગળવાર, તા. ૧૫-૮-૨૦૨૩**

- આજથી ડર્મેટોલોજિસ્ટ ડૉ. તિથિ શાહને દર સોમવારે સાંજે ૫.૦૦થી ૬.૩૦ બોપલ મેડિકલ સેન્ટર ખાતે એપોઈન્ટ કરવામાં આવેલ છે.

**બુધવાર, તા. ૧૬-૮-૨૦૨૩**

- બોપલ મેડિકલ સેન્ટર માટે કાઉન્ટર ક્લાર્ક, ઓ.પી.ડી. સ્ટાફ તથા ANM / GNM માટે શુક્રવાર, તા. ૧૮-૮-૨૦૨૩ના રોજ છપાય એ રીતે સીટી લાઈન - બોપલ લોકલ ન્યુઝ પેપરમાં જાહેરાત આપવામાં આવી.

**ગુરૂવાર, તા. ૧૭-૮-૨૦૨૩**

- બોપલ મેડિકલ સેન્ટર ખાતે ડૉ. મીત પટેલ, ડૉ. ચાંદની મોદી તથા ડૉ. પ્રકૃતિ ખેતાન દ્વારા આજ રોજ મોતિયાના ચાર ઑપરેશન તથા એક ટેરીઝીયમ પ્રોસીજર કરવામાં આવી.

**શનિવાર, તા. ૧૯-૮-૨૦૨૩**

- બોપલ મેડિકલ સેન્ટર ખાતે ઇન્ટરવ્યુ લઈ ડૉ. હિતેન્દ્ર શાહે એક કાઉન્ટર ક્લાર્ક અને એક ઓ.પી.ડી. સ્ટાફને એપોઈન્ટ કરેલ હતા.

**સોમવાર, તા. ૨૧-૮-૨૦૨૩**

- ગૃહ ઉદ્યોગના અનુસંધાને આજ રોજ આરોગ્ય ભવન જઈ જરૂરી રજિસ્ટ્રેશન મેળવવા માટે રજિસ્ટ્રેશન ફી ભરી જરૂરી પ્રોસીજર કરવામાં આવી.
- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર ગૃહ ઉદ્યોગ સમિતિની એક મીટિંગ મળેલ હતી કે જેમાં ૬ સભ્યો ઉપસ્થિત રહેલ હતા. દિવાળીના દિવસોમાં મીઠાઈ, ડ્રાયફ્રુટ, રંગોળી વગેરેનું સેલ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

**મંગળવાર, તા. ૨૨-૮-૨૦૨૩**

- બોપલ મેડિકલ સેન્ટર ખાતે આજ રોજ મોતિયાના ૩ ઑપરેશન કરવામાં આવેલ હતા.

**બુધવાર, તા. ૨૩-૮-૨૦૨૩**

- ભારતના ચંદ્રયાન-૩ આજ રોજ સાંજના ૬.૦૪ કલાકે ચંદ્ર પર ઉતરાણ કર્યું હતું.

**શુક્રવાર, તા. ૨૫-૮-૨૦૨૩**

- સદ્વિચાર પરિવાર ખાતે આજ રોજ મેગેઝીન ક્લબની એક મીટિંગ શ્રી પી.કે. લહેરીના અધ્યક્ષ સ્થાને મળેલ હતી.આ મીટિંગમાં શ્રી અશોક મહેતા તથા શ્રી દિનેશ મહેતા ઉપસ્થિત રહેલ હતા.
- સંસ્થાના માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખે ચાંગોદર મેડિકલ સેન્ટરની મુલાકાત લીધેલ હતી અને પરમકૃપા મેડિકલ સેન્ટરના વધુ વિકાસ માટે શ્રી જયેશભાઈ મજમુદારની કંપનીના પી.આર.ઓ. સાથે મળીને ચાંગોદરના વિવિધ ઉદ્યોગગૃહોની મુલાકાત લેવાનું નક્કી કરેલ હતું.

**શનિવાર, તા. ૨૬-૮-૨૦૨૩**

- શ્રી કચ્છી જૈન ભવન ખાતે આજ રોજ યુવા વિકાસ સમિતિ તરફથી એક કચ્છી મેળાનું આયોજન કરવામાં આવેલ હતું કે જેમાં ૩૫થી પણ વધુ સ્ટોલો રાખવામાં આવેલ હતા. સમાજની વ્યક્તિઓની સારી એવી ઉપસ્થિતિના કારણે આ કચ્છી મેળો સારી એવી સફળતા પામેલ હતો.

**સોમવાર, તા. ૨૮-૮-૨૦૨૩**

- શ્રી કચ્છી જૈન ભવનની બહાર મ્યુનિસિપાલિટી દ્વારા અંડરબ્રિજ બનાવાતો હોવાથી અને તેનું કાર્ય લગભગ પૂર્ણતા તરફ ધપતું હોવાથી આજરોજ અંડરબ્રિજ અને શ્રી કચ્છી જૈન ભવનની વચ્ચેના રસ્તાને ભરણી કરી, તેના પર રોલર ફેરવી, આગળની કાર્યવાહી ચાલુ રાખવામાં આવેલ હતી.

**મંગળવાર, તા. ૨૯-૮-૨૦૨૩**

- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર લીગલ સમિતિની એક મીટિંગ મળેલ હતી કે જેમાં શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી શાંતિલાલભાઈ સાવલા અને શ્રી નરેન્દ્ર કોઠારી ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં તા. ૩૦-૩-૨૦૨૩ની કારોબારી સમિતિની મીટિંગની મિનિટ્સનો જરૂરી ભાગ અને ગૃહ ઉદ્યોગ સમિતિના કન્વીનરશ્રીનો આવેલ પત્ર વાંચી સંભળાવવામાં આવેલ હતો. ઉપરોક્ત હકીકતના અનુસંધાને જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી અને ગૃહ ઉદ્યોગ સમિતિના કન્વીનરશ્રીને આ મીટિંગમાં બોલાવી સર્વસંમતિથી જરૂરી યોગ્ય નિર્ણયો લેવામાં આવેલ હતા.

**ગુરૂવાર, તા. ૩૧-૮-૨૦૨૩**

- HR ડિપાર્ટમેન્ટ તરફથી ચીફ મેડિકલ ઓફિસર (CMO)ની જરૂરિયાત માટે અમદાવાદ મેડિકલ એસોસિએશન (AMA)ના મેગેઝીનમાં જરૂરી જાહેરાત આપવામાં આવેલ હતી.

**શુક્રવાર, તા. ૧-૯-૨૦૨૩**

- બોપલ મેડિકલ સેન્ટર ખાતે ઓગસ્ટ-૨૦૨૩ દરમિયાન ટોટલ ૭૦૬૩ દર્દીઓએ સારવાર મેળવેલ હતી કે જેમાં ૧૭૩ હેલ્થ ચેક-અપ માટે, ૧૬૯ ડાયાલિસિસ માટે, ૧૦ મોતિયાના ઑપરેશન માટે, ૨૮૦ સોનોગ્રાફી માટે અને ૧૩૭૪ ફિઝીયોથેરાપી માટે ઉપસ્થિત રહેલ હતા.
- અમદાવાદના પૂર્વ વિભાગમાં સમાજના નવા મેડિકલ સેન્ટરની સ્થાપનાના અનુસંધાને આજ રોજ શ્રી અશોક મહેતા, શ્રી લક્ષ્મીચંદ વીરા, ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી અશ્વિન સાવલા, ડૉ. વિશાલ બહુવા, ડૉ. નેહા જોબનપુત્રા, ડૉ. કેતન શાહ તથા શ્રી મુકેશ સાવલાએ વિવિધ સાઈટોની મુલાકાત લીધેલ હતી કે જેમાં બાપુનગરમાં ૧, નિકોલમાં ૨ અને મણિનગરમાં ૪ સાઈટોની મુલાકાત લીધેલ હતી. ઉપરોક્ત વિવિધ સ્થળોમાંથી બાપુનગરની જગ્યાને સર્વસંમતિથી અગ્રતાક્રમ આપવામાં આવેલ હતો.

**શનિવાર, તા. ૨-૯-૨૦૨૩**

- આજ રોજ HR ડિપાર્ટમેન્ટ દ્વારા ચાંગોદર મેડિકલ સેન્ટર માટે માર્કેટીંગ સ્ટાફ અંગેની 'ગુજરાત સમાચાર'માં જાહેરાત આપવામાં આવેલ હતી.
- ઓગસ્ટ-૨૦૨૩ દરમિયાન પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર ખાતે કુલ ૪૮૬ દર્દીઓએ સારવાર લીધેલ હતી કે જેમાં એક્સ-રે માટે ૧૬, સોનોગ્રાફી માટે ૩૬, હેલ્થ ચેક-અપ માટે ૨૯, લેબોરેટરી ટેસ્ટ માટે ૧૧૦ અને અન્ય OPD માટે ૨૯૫ દર્દીઓએ સારવાર લીધેલ હતી.

**રવિવાર, તા. ૩-૯-૨૦૨૩**

- આજ રોજ પ્રથમ ટ્રસ્ટ મંડળની મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન ખાતે મળેલ હતી કે જેમાં એજન્ડા અનુસાર ચર્ચા કરવામાં આવેલ હતી. શ્રી અશોક મહેતાએ નવા મેડિકલ સેન્ટર સ્થાપવાની કાર્યવાહી અંગે જે વિવિધ સાઈટોની મુલાકાત લેવામાં આવી, તેની વિગતો આ સભામાં રજૂ કરેલ હતી.
- ત્યારબાદ ભવન પર કારોબારી સમિતિની મીટિંગ મળેલ હતી અને એજન્ડા અનુસારના નિર્ણયો લેવામાં આવેલ હતા.
- ઉપરોક્ત બંને મીટિંગ બાદ કેટલાક હોદ્દેદારશ્રીઓએ ગૃહઉદ્યોગ સમિતિના કન્વીનરશ્રી સાથે ગૃહ ઉદ્યોગની કાર્યવાહી અંગે કેટલીક જરૂરી ચર્ચા કરેલ હતી.

**સોમવાર, તા. ૪-૯-૨૦૨૩**

- હાલના ૪ માળના શ્રી કચ્છી જૈન ભવનના સ્થાને નવું ૭ માળનું મકાન બનાવવાના અનુસંધાને આર્કિટેક્ટ શ્રી મયંક ગજ્જર વતી ઉપસ્થિત રહેલ શ્રી હિમાંશુ નાણાવટી સાથે શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રી હિરેન કે. શાહ તથા શ્રી રાજેન્દ્ર દોશીએ ચર્ચા કરેલ હતી. શ્રી હિમાંશુ નાણાવટીએ અત્યારનું ભવન જેમનું તેમ રાખી, બાકીના ઓપન પાર્કિંગ પ્લોટમાં અંદાજિત ૨૧,૦૦૦ ચો.ફુટનું બાંધકામ મળી શકે તેવી વિગતો રજૂ કરેલ હતી.

**મંગળવાર, તા. ૫-૯-૨૦૨૩**

- શ્રી કચ્છી જૈન ભવન પર આજરોજ વયસ્ક સમિતિ દ્વારા સિનિયર સિટીઝનનો એક કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.
- આજ રોજ બોપલ મેડિકલ સેન્ટર ખાતે ડૉ. હિતેન્દ્ર શાહે મુલાકાત લઇ ડાયાબિટીસ વિભાગ માટે PMJAY માટે જરૂરી ઈન્ટરવ્યુ લીધેલ હતા. ત્યારબાદ પ્રથમ, બીજા અને ત્રીજા માળ પર ચાલતા કાર્યોનું નિરીક્ષણ કરી ડૉ. રિદ્ધિ સાથે ફિઝીયોથેરાપી વિભાગ માટે વધુ જગ્યા ફાળવવા, હેલ્થ ચેક-અપના પેશન્ટ માટે વધુ વેઈટીંગ એરીયા ફાળવવા અને બ્રેકફાસ્ટની સુવિધા ચાલુ કરવા અંગે કેટલાક નિર્ણયો લીધેલ હતા.

**રવિવાર, તા. ૧૦-૯-૨૦૨૩**

- ડેન્ટલ વિભાગ – જે અત્યાર સુધી શ્રી કચ્છી જૈન ભવનના બેઝમેન્ટમાં કાર્યશીલ હતો, તેને ત્રીજા માળે શીફ્ટ કરી અગાઉની માફક રૂમ નં. ૩૦૬માં કાર્યરત કરવા જરૂરી ગોઠવણ કરવામાં આવેલ હતી.

**ગુરૂવાર, તા. ૧૪-૯-૨૦૨૩**

- 'મંગલ મંદિર'ની ''આપણા ડૉક્ટર્સને પહેચાનો''ની કોલમ માટે આજ રોજ ENT સર્જન ડૉ. કૌશલ શાહનો ઈન્ટરવ્યુ લેવામાં આવેલ હતો.

**રવિવાર, તા. ૧૭-૯-૨૦૨૩**

- શ્રી કચ્છી જૈન ભવનના બેઝમેન્ટના ફિઝીયોથેરાપી વિભાગમાં ચોમાસાના અતિ વરસાદના સમયે પાણી ભરાઈ જતા, તેની દીવાલોનું કલરકામ ખરાબ થઈ ગયેલ હોતાં આજથી ત્યાં નવેસરથી કલરકામ શરૂ કરવામાં આવેલ હતું.

**મંગળવાર, તા. ૧૯-૯-૨૦૨૩**

- પરમકૃપા મેડિકલ સેન્ટરના વિકાસ માટે આજ રોજ ચાંગોદર ખાતે શ્રી જયેશભાઈ મજમુદાર, શ્રી ધવલભાઈ મજમુદાર, ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી હિરેન શાહ, શ્રી અશોક મહેતા અને શ્રી ગિરીશ પોલડિયા એકત્રિત થયેલ હતા અને વિવિધ વિકલ્પોની ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી. હવે પછી દર મંગળ કે બુધવારે શ્રી કચ્છી જૈન ભવન પરથી શ્રી હિરેન કે. શાહ અથવા શ્રી રજનીકાંત પારેખ અને હેમલોન સિન્થેટીક્સમાંથી શ્રી

જયેશભાઈ ચાંગોદર ખાતેના વિવિધ ઉદ્યોગગૃહોની મુલાકાત લઈ ત્યાંના કામદારોને સારવાર કરાવવા અહીં આવે તે પ્રકારના પ્રયાસો કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

**બુધવાર, તા. ૨૦-૯-૨૦૨૩**

- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર ગૃહ ઉદ્યોગ સમિતિની એક મીટિંગ મળેલ હતી કે જેમાં ૪ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સ્વામિવાત્સલ્ય જમણવારના દિવસે સ્ટોલ રાખવા અંગે તથા દિપાવલીના સમયે કાજુ કતરી વગેરે મીઠાઈ અને પાપડપુરી વગેરે ફરસાણના તેમજ ડ્રાયફ્રુટ, રંગોળી અને કેન્ડલ વિતરણ અંગે ચર્ચા કરી, જરૂરી નિર્ણયો લેવાયા હતા. શ્રી કચ્છી જૈન ભવન પર નવરાત્રી ઉજવણી પ્રસંગે પણ શક્ય હશે તો સ્ટોલ રાખી મીઠાઈ, ફરસાણ વગેરેનું વિતરણ કરવાની પણ ચર્ચા કરવામાં આવેલ હતી.

**શુક્રવાર, તા. ૨૨-૯-૨૦૨૩**

- આજ રોજ સાંજના ૭.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન પર પાલડી મેડિકલ સમિતિની એક મીટિંગ મળેલ હતી કે જેમાં શ્રી અશ્વિનભાઈ સાવલા, ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી અશોક મહેતા, શ્રી કે.ડી. શાહ, શ્રી મૂકેશ સાવલા, શ્રી દેવેશ દંડ, શ્રીમતી હાસ્યલતાબેન મહેતા, શ્રીમતી દક્ષાબેન રામાવત તથા શ્રી પીન્ટુ પટેલ ઉપસ્થિત રહેલ હતા. સૌ પ્રથમ ગત સભાની મીટિંગની મિનિટ્સ વાંચવામાં આવી. ત્યારબાદ તેનું વિહંગાવલોકન કરવામાં આવ્યું. પાલડી મેડિકલ સેન્ટરને લગતા કેટલાક પ્રશ્નોની ચર્ચા કરી, તે બાબતે જરૂરી નિર્ણયો લેવામાં આવ્યા.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### ટ્રસ્ટ મંડળની મીટિંગનો અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ટ્રસ્ટ મંડળની એક મીટિંગ તા. ૩-૯-૨૦૨૩ના રોજ મળેલ હતી. તેમાં ચૌદ ટ્રસ્ટીશ્રીઓ હાજર રહ્યા હતા.

આ મીટિંગમાં ટ્રસ્ટ મંડળ હેઠળ આવતી વિવિધ સમિતિઓની નિમણુંક કરવામાં આવી હતી. સભ્યપદ સમિતિ તરફથી આવેલ નવા સભ્યોના સભ્યપદ સ્વીકારવામાં આવેલ હતા.

એકાઉન્ટ અને બંધારણના પ્રશ્નો અંગે એક અલાયદી મીટિંગ બોલાવવાનું નક્કી કરવામાં આવેલ હતું.

શ્રી અશોકભાઈ મહેતાએ મેડિકલ સેન્ટરના નવા પ્રોજેક્ટ માટે માહિતી આપી હતી.

અંતમાં રાષ્ટ્રગીત ગાઈને મીટિંગ પૂર્ણ જાહેર કરવામાં આવી હતી.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### કારોબારી સમિતિની મીટિંગનો અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કારોબારી અને સમિતિઓના કન્વીનરોની એક સંયુક્ત મીટિંગ તા. ૩-૯-૨૦૨૩ના રોજ બોલાવવામાં આવેલ હતી. આ મીટિંગમાં કુલ ૨૬ સભ્યો હાજર રહ્યા હતા.

આ મીટિંગમાં વિવિધ સમિતિઓના કન્વીનરોને જણાવવામાં આવેલ હતું કે, આપની સમિતિના સભ્યોના નામ ફાઈનલ કરી પંદર દિવસમાં મંત્રીશ્રીને સુપ્રત કરી દેવાનું કહેવામાં આવેલ હતું.

આ ઉપરાંત (૧) યુવા વિકાસ સમિતિ તરફથી યોજવામાં આવેલ કચ્છી મેળા અંગે માહિતી અને ખર્ચની મંજૂરી આપવામાં આવી હતી. (૨) વયસ્ક સમિતિ તરફથી આગામી કાર્યક્રમ માટે મૂકેલ ખર્ચની દરખાસ્તને (૩) મેરેજ બ્યુરો સમિતિ તરફથી આવેલ આગામી કાર્યક્રમના ખર્ચની દરખાસ્તને સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ હતી.

દવા વિતરણ સમિતિ તરફથી છેલ્લા આઠ મહિનાથી ચાલતી પ્રવૃત્તિ અંગે માહિતી આપેલ હતી અને આ સમિતિના કાર્યનો ગ્રાફ ઉત્તરોત્તર વધતો જાય છે, તે જાણીને તેમની પ્રવૃત્તિઓને બિરદાવવામાં આવેલ હતી.

અંતમાં રાષ્ટ્રગીત ગાઈને મીટિંગ પૂર્ણ જાહેર કરવામાં આવી હતી.

# શ્રીમતી પુષ્પાબેન કે.આર. શાહને બેસ્ટ આર્ટીસ્ટનો એવોર્ડ

ભારત દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લખેલ કવિતા સંગ્રહ ''આંખ આ ધન્ય છે'' પરથી પ્રેરીત થઈને ગુજરાતના ચિત્રકારોએ વિવિધ કાવ્યો પરથી ચિત્રો સર્જેલા હતા. શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૩મા જન્મ દિવસને ઉજવવા ભારતીય જનતા પાર્ટીના ગુજરાત સાંસ્કૃતિક સેલ દ્વારા ''શબ્દ રંગ'' ચિત્ર પ્રદર્શનનું આયોજન ICAC આર્ટ ગેલેરી ખાતે યોજવામાં આવેલ હતું. શ્રી નરેન્દ્ર મોદીના ૭૩મા જન્મ દિવસ માટે ૩૦૦ જેટલા ચિત્રકારોએ ૧૧૦૦ ચિત્રો બનાવીને મોકલી આપેલ હતા કે જેમાંથી ૭૩ ચિત્રોને પસંદ કરવામાં આવ્યા હતા. શ્રી કચ્છી જૈન સેવા સમાજના એક સમયના માનદ્ મંત્રી શ્રી કે.આર. શાહના ધર્મપત્ની શ્રીમતી પુષ્પાબેન ચિત્રકળાના આર્ટીસ્ટ હોઈ, તેમણે પણ આ હરીફાઈમાં ભાગ લીધેલ હતો અને તેમને શ્રી નરેન્દ્ર મોદી રચિત કવિતા 'પ્રેમ' પર ચિત્ર દોરવાનું જણાવવામાં આવેલ હતું. આ ૭૩ ચિત્રોમાંથી શ્રીમતી પુષ્પાબેનના ચિત્રને સર્વશ્રેષ્ઠ ચિત્ર તરીકે જાહેર કરવામાં આવેલ હતું અને તેમને 'બેસ્ટ આર્ટીસ્ટ' તરીકેનો એવોર્ડ આપવામાં આવેલ હતો.

***શ્રીમતી પુષ્પાબેનને આ પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને તેનું મુખપત્ર 'મંગલ મંદિર' ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.***

*શ્રી નરેન્દ્ર મોદી રચિત કાવ્ય 'પ્રેમ' નીચે મુજબ છે.*


### પ્રેમ

જળની જંજીર જેવો મારો આ પ્રેમ
કદી બાંધ્યો બંધાય નહીં.
કોઈ સોગંદ આપે એ મને ગમતું નથી
પછી સંબંધમાં મન મારું રમતું નથી

રાતભર ઝાકળ જેમ ઠરતો આ પ્રેમ
કદી ઝાલ્યો ઝલાય નહીં.
તડકો તો કોઈ દિવસ મુઠ્ઠીમાં આવે નહીં,
વહેતા પવનને કદી પિંજરમાં ફાવે નહીં,

બહુરૂપી વાદળ જેમ ફરતો આ પ્રેમ
કદી ઝીલ્યો ઝીલાય નહીં.
ધુમ્મસ તો આવે ને ધુમ્મસ તો જાય
એનાથી સૂરજને કંઈ પણ નહીં થાય

રાજહંસ જેવો મારો તરતો આ પ્રેમ
મોતીની માળામાં ઠાલો ગૂંથાય નહીં.








# દવા વિતરણ સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે ઘરે ઘરે દવા પહોંચાડવાનું અભિયાન ડિસેમ્બર-૨૦૨૨થી શરૂ કરેલ હતું. આ દવા તેના MRP કરતા ૨૨ ટકા ઓછા દરથી અને ફ્રી ડિલીવરીના ધોરણે સભ્યોના ઘેર ઘેર પહોંચાડવામાં આવી રહેલ છે.

ડિસેમ્બર-૨૦૨૨થી ઓગસ્ટ-૨૦૨૩ સુધીના ૯ મહિનાના ગાળામાં તેનો ૫૯૩ સભ્યોએ લાભ લીધેલ હતો.

ટોટલ રૂા. ૧૩,૪૫,૯૮૦/-ના MRP ભાવની દવાના રૂા. ૧૧,૦૨,૭૮૦/- ચૂકવી દવાની MRP કિંમતમાં રૂા. ૨,૪૩,૨૦૦/-નો ફાયદો સભ્યોને મળેલ હતો.

ડિસેમ્બર-૨૦૨૨થી ઓગસ્ટ-૨૦૨૩ની વિગતવાર માહિતી નીચે મુજબ છે

| ક્રમ | મહિનો | સભ્યોની સંખ્યા | સભ્યોએ મંગાવેલ દવાના MRP ભાવ | ડિસ્કાઉન્ટ | નેટ ચૂકવેલ પેમેન્ટ |
|---|---|---|---|---|---|
| ૧. | ડિસેમ્બર-૨૦૨૨ | ૩૯ | રૂા. ૮૦,૩૦૪ | રૂા. ૧૪,૫૦૦ | રૂા. ૬૫,૮૦૪ |
| ૨. | જાન્યુઆરી-૨૦૨૩ | ૮૦ | રૂા. ૧,૩૩,૬૭૮ | રૂા. ૨૪,૦૦૦ | રૂા. ૧,૦૯,૬૭૮ |
| ૩. | ફેબ્રુઆરી-૨૦૨૩ | ૫૬ | રૂા. ૧,૩૨,૭૮૯ | રૂા. ૨૪,૦૦૦ | રૂા. ૧,૦૮,૭૮૯ |
| ૪. | માર્ચ-૨૦૨૩ | ૬૭ | રૂા. ૧,૧૭,૬૦૬ | રૂા. ૨૧,૫૦૦ | રૂા. ૯૬,૧૦૬ |
| ૫. | એપ્રિલ-૨૦૨૩ | ૫૩ | રૂા. ૧,૨૦,૬૨૯ | રૂા. ૨૨,૦૦૦ | રૂા. ૯૮,૬૨૯ |
| ૬. | મે-૨૦૨૩ | ૬૩ | રૂા. ૧,૪૯,૯૨૬ | રૂા. ૨૭,૦૦૦ | રૂા. ૧,૨૨,૯૨૬ |
| ૭. | જૂન-૨૦૨૩ | ૭૫ | રૂા. ૧,૯૦,૫૫૧ | રૂા. ૩૪,૫૦૦ | રૂા. ૧,૫૬,૦૫૧ |
| ૮. | જુલાઈ-૨૦૨૩ | ૬૯ | રૂા. ૧,૫૦,૫૨૮ | રૂા. ૨૭,૦૦૦ | રૂા. ૧,૨૩,૫૨૮ |
| ૯. | ઓગસ્ટ-૨૦૨૩ | ૯૧ | રૂા. ૨,૬૯,૯૬૯ | રૂા. ૪૮,૭૦૦ | રૂા. ૨,૨૧,૨૬૯ |
| | | **૫૯૩** | **રૂા. ૧૩,૪૫,૯૮૦** | **રૂા. ૨,૪૩,૨૦૦** | **રૂા. ૧૧,૦૨,૭૮૦** |

***કન્વીનર - દવા વિતરણ સમિતિ***

# ગૃહ ઉદ્યોગ સમિતિ

તા. ૨૦-૯-૨૦૨૩ના રોજ રાત્રે ૯ કલાકે ગૃહ ઉદ્યોગ સમિતિની એક મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળેલ હતી. તેમાં શ્રી સંદીપભાઈ મહેતા, શ્રી જયંતીભાઈ નીસર, શ્રીમતી ભાવનાબેન દેઢિયા અને શ્રીમતી કૃપાલીબેન રાંભિયા ઉપસ્થિત રહેલ હતા.

આ મીટિંગમાં ગૃહઉદ્યોગ સમિતિએ દિવાળી પર્વ નિમિત્તે મીઠાઈ, ફરસાણ, ડ્રાયફ્રુટ્સ, રંગોળી વગેરેનું વિતરણ સમાજના સભ્યો પાસે કેવી રીતે કરવું તે બાબતે ચર્ચા થયેલ અને સર્વાનુમતે બધી વસ્તુઓના ભાવ લઈ તેનું લીસ્ટ બનાવી, 'મંગલ મંદિર'માં પ્રિન્ટ કરાવવું. આ માટે શ્રી ભરતભાઈ રાંભિયાને મીટિંગમાં બોલાવેલ હતા. જેમની પાસે મીઠાઈ બાબતે તેઓનું કાર્ય સમજ્યા હતા અને તેમના ભાવની પણ ચર્ચા કરેલ હતી.

તા. ૧-૧૦-૨૦૨૩ના યોજાનાર સ્વામિવાત્સલ્યના કાર્યક્રમમાં એક કાઉન્ટર મૂકવાની પરવાનગી મેનેજમેન્ટ સમિતિ તરફથી મળી ગયેલ હોવાથી તેનું આયોજન કેવી રીતે કરવું તે બાબતે ચર્ચા થયેલ. તેમાં તેના વિતરણ માટેના ફોર્મ, રીસીપ્ટ બુક વગેરે જરૂરી સ્ટેશનરી તૈયાર કરવાનું નક્કી થયેલ હતું. આ સિવાય જો નવરાત્રીના કાર્યક્રમમાં પણ સ્ટોલ રાખવાની પરવાનગી મળે તો તે બાબતે આયોજન કરવાનું નક્કી થયેલ હતું. આ બધા જ કાર્ય ''રતનવીર ગૃહ ઉદ્યોગ''ના નામથી ગૃહ ઉદ્યોગ સમિતિ કરશે તેવું નક્કી કરેલ હતું.

અંતે ભવિષ્યમાં ગૃહ ઉદ્યોગને લગતા સેમિનાર, વર્કશોપ અને મેળાનું પણ આયોજન કરવું તેમ નક્કી કરી સૌ કોઈ છૂટા પડેલ હતા.

***સંદીપ એ. મહેતા - કન્વીનર, ગૃહ ઉદ્યોગ સમિતિ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## જાહેર આમંત્રણ

## નૂતન વર્ષ મિલન સમારંભ

વિક્રમ સંવત ૨૦૭૯ના અંતિમ ચરણમાં આપણે પ્રવેશી ચૂક્યા છીએ. વિક્રમ સંવત ૨૦૭૯ની આસો વદ અમાસ એટલે કે રવિવાર, તા. ૧૨-૧૧-૨૦૨૩ના રોજ આપણે ઉજવીશું દીપોત્સવી તહેવાર. એ દિવસે આપણે વર્ષ ૨૦૭૯ને વિદાય કરી, મંગળવાર, તા. ૧૪-૧૧-૨૦૨૩ એટલે કે કારતક સુદ-એકમના દિવસે વિક્રમ સંવત ૨૦૮૦ના વર્ષમાં પ્રવેશ કરીશું.

તે નિમિત્તે મંગળવાર, તા. ૧૪-૧૧-૨૦૨૩ના સાંજે ૫.૦૦ થી ૭.૦૦ દરમિયાન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે નૂતન વર્ષ મિલન સમારંભ યોજવામાં આવનાર છે.

નૂતન વર્ષ મિલન સમારંભમાં શ્રી કચ્છી જૈન પરિવારોની સાથે અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી પરિવારો, નિયાણી બહેનોને પણ પરિવાર સાથે આમંત્રિત કરવામાં આવે છે.

આ કાર્યક્રમમાં સાંસ્કૃતિક કાર્યક્રમના કલાકારો અને સ્નેહ મિલનમાં સેવા આપનાર વોલન્ટિયર્સ અને અન્ય મદદગાર વ્યક્તિઓનું બહુમાન કરવામાં આવશે અને અંતે સ્વરૂચિ ભોજન લઈને છૂટા પડીશું.

એ દિવસે આપણે એકબીજાને હળીમળીને પરસ્પર નૂતન વર્ષના અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવીશું.

**રજનીકાંત ધરમશી પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**


# વયસ્ક સમિતિ

*વયસ્ક સમિતિ દ્વારા મંગળવાર, તા. ૫-૯-૨૦૨૩ના રોજ યોજાયેલા કાર્યક્રમની તસવીરી ઝલક*


















# શ્રી બિપીનચંદ્ર કાનજી જૈન કૌશલ્ય વિકાસ કેન્દ્ર - ગીતા મંદિર

શ્રી બિપીનચંદ્ર કાનજી જૈન કૌશલ્ય વિકાસ કેન્દ્ર – ગીતા મંદિર ખાતે બુધવાર, તા. ૧૩-૯-૨૦૨૩ના રોજ સવારે ૧૧.૩૦ કલાકે જનરલ ડ્યુટી આસિસ્ટન્ટ કોર્સની ચોથી બેચની Opening Ceremony કરવામાં આવી. આ બેચ ૩૦ વિદ્યાર્થીઓ દ્વારા શરૂ કરવામાં આવી. જેમાં બધા જ વિદ્યાર્થીઓ ૩ મહિના સુધી થીયરી અને પ્રેક્ટીકલની તાલીમ લેશે અને ૧ મહિનો OJT કરાવવામાં આવશે. જેમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી અને મંત્રીશ્રી ઉપસ્થિત રહ્યા હતા. અદાણી સક્ષમ વતી શ્રી જીજ્ઞેશ જોશીએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરેલ હતું.











# દિવાળી અને બેસતા વર્ષનો અપૂર્વ મહિમા



ડૉ. કુમારપાળ દેસાઇ

જૈન ધર્મમાં દિવાળી અને બેસતા વર્ષનો એક આગવો મહિમા છે. દિવાળીની મધરાતે શ્રમણ ભગવાન મહાવીર આજના બિહાર રાજ્યના પાવાપુરી ગામમાં નિર્વાણ પામ્યા. ભગવાન મહાવીરનું બેંતાલીસમું ચોમાસુ પાવાપુરીમાં હતું. ત્રણ મહિના પૂરા થયા અને ચોથો મહિનો પણ અડધો વીતી ગયો. ત્યારે ભગવાન મહાવીરે પોતાના નિર્વાણ સમયનો સંકેત આપ્યો. ભગવાન મહાવીરના ઉપદેશોની સોળ-સોળ પ્રહર સુધી અખંડ વર્ષા ચાલી અને પછી ભગવાને વાણીયોગ અને મનયોગ પછી સૂક્ષ્મ કાય યોગને પણ વિંધ્યો અને દિવાળીની રાત એમના નિર્વાણના અલૌકિક પ્રકાશથી ઝળહળી ઊઠી. સંસારને પ્રકાશ આપનારો મહાદીપક જનસમુદાયના આંતરચક્ષુને ઉજમાળ કરીને નજર સામેથી બુઝાઈ ગયો અને ભગવાનની નિર્વાણની આ ઘડીએ દેવરાજ ઇંદ્રએ કહ્યું, 'દીપક પેટાવો, દીપાવલી રચો, પ્રભુ મહાવીર નિર્વાણ પામ્યા છે.'

આમ દિવાળીની એ રાત અનેક દીપકોથી ઝળહળી ઊઠી. ભગવાનનો નિર્વાણ ઉત્સવ રચાઈ ગયો. નિર્વાણના આગલા દિવસે એટલે કે કાળી ચૌદસે ભગવાન મહાવીરે આખો દિવસ ધર્મોપદેશ આપ્યો હતો. એમનો આ અંતિમ ઉપદેશ 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર' નામના આગમગ્રંથમાં મળે છે. આજે પણ જૈન સમુદાયમાં કાળી ચૌદસ અને દિવાળીના બે દિવસો દરમ્યાન 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર'નું વાંચન અને શ્રવણ કરવામાં આવે છે.

આ ઉપરાંત દિવાળીની રાત્રે ધાર્મિકજનો ભગવાન મહાવીર સ્વામીનો જાપ અને એમનું ધ્યાન ધરે છે. દિવાળીની મધ્યરાત્રીએ દેવવંદન (વિશેષ પ્રાર્થના) કરવામાં આવે છે.

આમ વિ.સં. પૂર્વે ૪૭૦ વર્ષે દિવાળીની પાછલી રાત્રે ભગવાન મહાવીરનું પરિનિર્વાણ થયું. 'જ્યોતમાંથી જ્યોત પ્રગટે' તેમ ભગવાન મહાવીરનું નિર્વાણ ગુરુ ગૌતમ સ્વામીના કેવળજ્ઞાનનું નિમિત્ત બની ગયું.

બાર અંગસૂત્રો (દ્વાદશાંગી) અને ચૌદ પૂર્વના ધારક એવા ગૌતમ સ્વામીને પોતાના નિર્વાણ સમયની જાણ હોવા છતાં ભગવાન મહાવીરે દેવશર્માને ઉપદેશ આપવા મોકલ્યા હતા. રસ્તામાં પાછા ફરતાં ગૌતમ સ્વામીને ભગવાન મહાવીરના નિર્વાણની જાણ થઈ અને ભગવાન મહાવીરના આ પરમ શિષ્યના અણુ અણુમાંથી પ્રભુના વિરહની વેદનાનું આક્રંદ જાગી ઉઠ્યું. પોતાની જાતને ગૌતમ સ્વામી વીસરી ગયા અને પ્રભુ મહાવીરને યાદ કરીને નિઃસાસા નાંખવા લાગ્યા.

આવા મહાજ્ઞાની અને મહાધ્યાની ગૌતમ સ્વામીને કોણ આશ્વાસન આપી શકે? ગૌતમસ્વામી વિલાપ કરવા લાગ્યા અને વિચાર્યું કે દીનબંધુ, કરુણાસિંધુ અને જગત ઉધ્ધારક એવા મારા ગુરુએ એમના નિર્વાણની વેળાએ જ મને શા માટે બહાર મોકલ્યો? પરંતુ એ પછી ગૌતમ સ્વામીનું ચિંતન વધુ ઊંડું થતાં એમને થયું કે ભગવાને તો એમની મારા પ્રત્યેની રાગદૃષ્ટિ દૂર કરવા માટે મને નિર્વાણ સમયે એમનાથી અળગો કર્યો અને મને જાતે જ મારા જીવનને અજવાળવાનો માર્ગ બતાવી દીધો. આવા પશ્ચાત્તાપને પરિણામે ગૌતમ સ્વામીના મોહ, માયા, મમતાનાં સઘળાં બંધન પળવારમાં તૂટી ગયા. એમનો આત્મા નિર્મળ બની ગયો અને કેવળજ્ઞાનનો દિવ્ય પ્રકાશ વ્યાપી રહ્યો.

દિવાળીની રાત્રીના એ પુણ્ય પર્વનો છેલ્લો પહોર ગૌતમ સ્વામીના કેવળજ્ઞાનથી પ્રકાશિત થયો. ગુરુ ગૌતમ સ્વામી એ દિવસે સર્વજ્ઞ અને સર્વદર્શી બન્યા. આમ, દિવાળીની રાત પ્રભુ મહાવીરના મહાનિર્વાણનું સ્મરણ કરાવે છે, તો નવા વર્ષની સવાર ગુરુ ગૌતમ સ્વામીના કેવળજ્ઞાનના દિવ્ય પ્રકાશનું સ્મરણ કરાવે છે.

દિવાળીની રાતના પાછલા પહોરે ગૌતમ સ્વામીના કેવળજ્ઞાનની આ ઘટના બની હોવાથી બેસતા વર્ષે ગૌતમ સ્વામીનો જાપ અને દેવવંદન કરવામાં આવે છે. આમ કાળી ચૌદસ, દિવાળી અને બેસતું વર્ષ – એમ ત્રણેય દિવસો આ પરમ પાવન ઘટનાને કારણે ભાવિકજનો આ સમયે ત્રણ દિવસના ઉપવાસ સહિત આરાધના કરે છે અને નૂતનવર્ષના પ્રથમ દિવસે લોકો કારતક સુદ એકમના દિવસે જ્યાં સાધુ મહારાજનો યોગ હોય, ત્યાં ધાર્મિકજનો માંગલિક સ્તોત્રો અને શ્રી ગૌતમ સ્વામીના રાસનું ગાન કરે છે. ■

***કમાવા જઈએ ત્યારે ૧ કરતા ૨ મોટો ગણાય***
***અને સ્પર્ધામાં હોઈએ ત્યારે ૨ કરતાં ૧ મોટો!***
***પરિસ્થિતિ પ્રમાણે નિર્ણય લેવા જોઈએ.***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદ : પુરસ્કાર સમિતિ

## વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં ઉત્તીર્ણ થયેલ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ધોરણ / % |
|---|---|---|
| | **Std.-10** | |
| ૧. | શ્રુતિ સુરેખા-સંજય મહાસુખલાલ દત્રાણીયા | ૯૨.૦૦% |
| ૨. | સિધ્ધ દીપ્તિ-નીલેશ ધનસુખલાલ દોશી | ૮૯.૦૦% |
| ૩. | ધ્રુવી હેતલ-મેહુલભાઈ ભોગીલાલ મહેતા | ૮૭.૦૦% |
| ૪. | દિયા હેતલ-પારસ કલ્યાણજી રાંભિયા | ૮૭.૦૦% |
| | **Std.-12** | |
| ૧. | નિશિકા નિશા-મનીષ પ્રભુલાલ કાકરેચા | ૯૪.૮૦% |
| ૨. | તિયા વૈશાલી-મુકેશભાઈ ઝુમખભાઈ શાહ | ૮૮.૦૦% |
| ૩. | પરમ ચેતના-કલ્પેશભાઈ ઉગરચંદ ગઢેચા | ૮૭.૪૩% |
| ૪. | શ્રેયા જીજ્ઞા-જયેશ શામજી છેડા | ૮૪.૮૦% |
| ૫. | દર્શિત વર્ષા-સંજીવ સૂર્યકાંત શાહ | ૮૦.૬૦% |
| ૬. | રાજ હેતલ-અનિલભાઈ નારાણભાઈ શાહ (લોડાયા) | ૭૭.૨૯% |
| | **Graduate** | |
| ૧. | હર્ષ દીપા-કેતન મનહરલાલ શાહ (દેઢિયા) | B.E. (Civil) |
| ૨. | પ્રક્ષાલ નેહા-ભાવેશભાઈ રજનીકાંત પારેખ | B.Sc. (Hon.) |
| ૩. | વિધિ નીલા-નીલેશ કાંતિલાલ શેઠિયા | B.Sc. (Food Nutrition & Dietetics) |
| ૪. | વિશુ અલ્પા-મેહુલભાઈ દિનેશભાઈ શાહ | B.Tech. (Computer Engg.) |
| ૫. | યશ વૈઋત્ય નકુલભાઈ દંડ | B.E. (Computer Engg.) |

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ધોરણ / % |
|---|---|---|
| | **Masters** | |
| ૧. | આયુષી જયશ્રી-અજયભાઈ શાંતિલાલ સંઘવી | Architecture |
| ૨. | ડૉ. શૈલી રશ્મિ-ખુશાલ ખેરાજ ગાલા | Physitherapy |
| ૩. | હિલીક વર્ષા-વિજયભાઈ ભાઈલાલ દોશી | Architecture |
| ૪. | જયતી ચેતનભાઈ આણંદજી લાલકા | Arts |
| ૫. | ખુશી અલ્કા-દિનેશભાઈ મોહનલાલ વોરા | Physiotherapy |
| ૬. | નિશાંત નેહા-વિજયભાઈ સ્વરૂપચંદ કોરડિયા | M.Sc. (DS) |
| ૭. | રાજવી જયશ્રી-અજયભાઈ શાંતિલાલ સંઘવી | Engineering Environment (Canada) |
| ૮. | ઋત્વિક માધવી-રાકેશ ધીરજલાલ સંઘવી | M.Sc. (Zoology) |
| | **M.B.B.S.** | |
| ૧. | ડૉ. દેવાંશી અલ્પા-મૂલચંદ નાનજી મારૂ | MBBS |
| ૨. | ડૉ. સ્નેહ પાયલ-મેહુલભાઈ શાહ | MBBS |
| | **M.B.A.** | |
| ૧. | દિવ્ય નીતા-નવીનભાઈ વાડીલાલ વોરા | MBA (Finance) |
| ૨. | ખુશી નીપા-નીલેશભાઈ શાહ | MBA (Finance) |
| | **Patent, CWA, PG** | |
| ૧. | પારમિતા જાગૃતિ-અનિકેત શાંતિલાલ સંઘવી | PG Diploma International Business |
| ૨. | ડૉ. સોનલ મીના-પ્રબોધ ગોગરી | Ph.D. |
| ૩. | કશિશ મનીષા-પરેશ રવિલાલ સંઘવી | CMA (US) |
| ૪. | તીર્થ રાજેશભાઈ મોરબીયા | CMA (ICWA) |

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : તેજસ્વી તારલાઓ ● વર્ષ ૨૦૨૨-૨૦૨૩


શ્રુતિ
સંજય દત્રાણીયા
**Std.-10 : 92.00%**


સિધ્ધ
નીલેશ દોશી
**Std.-10 : 89.00%**


ધ્રુવી
મેહુલભાઈ મહેતા
**Std.-10 : 87.00%**


દિયા
પારસ રાંભિયા
**Std.-10 : 87.00%**


નિશિકા
મનીષ કાકરેચા
**Std.-12 (Science) 94.80%**


દર્શિત
સંજીવ શાહ
**Std.-12 (Science) 80.60%**


રાજ
અનિલભાઈ શાહ
**Std.-12 (Science) 77.29%**


ટીયા
મુકેશભાઈ શાહ
**Std.-12 (Commerce) 88.00%**


પરમ
કલ્પેશભાઈ ગઢેચા
**Std.-12 (Commerce) 87.43%**


શ્રેયા
જયેશ છેડા
**Std.-12 (Commerce) 84.80%**


હર્ષ
કેતન શાહ (દેઢિયા)
**B.E. (Civil)**


પ્રક્ષાલ
ભાવેશભાઈ પારેખ
**B.Sc. (Honour)**


વિધિ
નીલેશ શેઠિયા
**B.Sc. (Food Nutrition & Dietetics)**


વિશુ
મેહુલભાઈ શાહ
**B.Tech. (Gomputer Engineering)**


યશ
નકુલ દંડ
**B.E. (Gomputer Engineering)**


આયુષી
અજયભાઈ સંઘવી
**Masters in Architecture (USA)**


**AR.** હિલીક
વિજયભાઈ દોશી
**Masters in Architecture**


રાજવી
અજયભાઈ સંઘવી
**Engineering Environment (Canada)**


નિશાંત
વિજયભાઈ કોરડિયા
**M.Sc. (DS)**


ઋત્વિક
રાકેશ સંઘવી
**M.Sc. (Zoology)**



જયતી
ચેતનભાઈ લાલકા
**Masters in Arts**



ડૉ. શૈલી
ખુશાલ ગાલા
**Masters in Physiotherapy**



ડૉ. ખુશી
દિનેશભાઈ વોરા
**Masters in Physiotherapy**



ડૉ. દેવાંશી
મૂલચંદ મારૂ
**MBBS**



ડૉ. સ્નેહ
મેહુલભાઈ શાહ
**MBBS**



ડૉ. સોનલ
પ્રબોધ ગોગરી
**Ph.D.**



દિવ્ય
નવીનભાઈ વોરા
**MBA (Finance)**



ખુશી
નીલેશભાઈ શાહ
**MBA (Finance)**



પારમિતા
અનિકેત સંઘવી
**PG Diploma International Business**



કશિશ
પરેશ સંઘવી
**CMA (US)**



તીર્થ
રાજેશભાઈ મોરબીયા
**CMA (ICWA)**

## વયસ્ક સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વયસ્ક સમિતિ દ્વારા તા. ૫-૯-૨૦૨૩ના રોજ એક કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં વડીલોને આંકડા આધારીત પિક્ચરના નામ, ઘડિયાળના તૂટવાની રમત ઉપરાંત જૈન ધર્મને લગતા પ્રશ્નો પૂછવામાં આવેલ હતા. ત્યારબાદ જૈન સ્તવનો ઉપર આધારીત હાઉસી રમાડવામાં આવેલ હતી. આ નવીનતમ હાઉસીમાં દરેક વડીલોને ખૂબ મજા પડી હતી.

અંતમાં ભોજન લઈને સૌ વડીલો છુટા પડ્યા હતા.

***દિલીપ દંડ, કન્વીનર - વયસ્ક સમિતિ***

***વખાણોના પૂલ પરથી સાવચેતીથી પસાર થવું કારણ કે નીચે લગભગ મતલબની નદીઓ જ વહેતી હોય છે.***

## શ્રી કે.ડી. શાહની સેવાઓ રાબેતા મુજબ ચાલુ રહે છે

શ્રી કે.ડી. શાહ (શ્રી ચંદ્રકાંત દામજી શાહ) શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંસ્થામાં છેલ્લા ૨૩ વર્ષથી ખજાનચી તરીકેનો પદ સંભાળતા હતા. આ વર્ષે તેઓએ સ્વૈચ્છિક ખજાનચી પદ છોડી ટ્રસ્ટી તરીકે કાર્યરત રહેલ છે. તેઓની ટ્રસ્ટી તરીકેની માનદ્ સેવાનો લાભ સવારના ૮.૦૦ વાગ્યાથી ૧૧.૩૦ વાગ્યા સુધી વિવિધ સમિતિઓમાં મળે છે. તેઓની ભવન સમિતિમાં સહ કન્વીનર તરીકે નિમણુંક કરવામાં આવેલ છે. તેથી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે એમની સેવાઓ રાબેતા મુજબ ચાલુ છે. તેઓનો સંપર્ક પહેલાની જેમ સવારે ઉપરોક્ત સમયે થઈ શકશે.

**પ્રમુખ શ્રી / માનદ્ મંત્રીશ્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## અંગદાન સમિતિ

### અંગદાન માટે ભરાઈને આવેલા ફોર્મ

વર્ષોથી આપણી હિંદુ - જૈન સંસ્કૃતિમાં મર્યા પછી આપણા મૃત શરીરની અંતિમક્રિયા બાળવાની છે. એટલે છેલ્લે રાખ થાય અને પ્રદૂષણમાં વધારો – આ હકીકત છે. વર્ષો પહેલા જ્યારે વિજ્ઞાન અને ટેકનોલોજી એટલા વિકસિત ન હતા, તે સમયે આ ઉચિત હતું.

આજના આધુનિક યુગમાં ટેકનોલોજી એટલી બધી આગળ વધી ગઈ છે કે એક વ્યક્તિનું હૃદય બીજી વ્યક્તિમાં ટ્રાન્સપ્લાન્ટ કરી શકાય છે. એવી રીતે બીજા સ્પેરપાર્ટસ - શરીરના બધા અંગો પણ... શરીરના અમુક અંગો બ્રેઈન ડેડ થાય ત્યારે અને અમુક અંગો તો જીવતેજીવ પણ ટ્રાન્સપ્લાન્ટ કરી શકાય છે.

તાજેતરમાં મુળ ભુજપુરના વતની હાલ કાંદિવલીમાં રહેતા **શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ મોતા**એ (સાસુમાએ) ૭૦ વર્ષની ઉંમરે જીવતે જીવ અંગદાન કરી આપણા સમાજ માટે અને અન્યો સર્વે માટે જ્વલંત દૃષ્ટાંત પૂરું પાડ્યું છે.

વાત એમ છે કે એમની જ પુત્રવધૂ અમિષાને ક્રોનીક કિડની ડિસીઝનું નિદાન થયેલ. આ રોગ પાંચમા તબક્કામાં આવતા, કિડની ફેઈલ થઈ જાય છે અને દર્દીને અનિશ્ચિત મુદત સુધી ડાયાલિસીસ કરાવવું પડે છે. ડૉક્ટરે આ વાતની જાણ કરતાં કુટુંબ પર આફતનું આભ તૂટી પડ્યું હતું. આ પરિવારે આ બાબતે તેમના માતુશ્રી પ્રભાબેનને જાણ કરી બોલાવી લીધા. પ્રભાબેને આવીને તરત જ કહી દીધું કે, 'ડૉક્ટરને ફોન કરીને કહી દો. હું મારી એક કિડની આપવા તૈયાર છું.' કુટુંબના સભ્યો પણ અવઢવમાં હતા. આ ઉંમરે આ કાર્ય કરવું કે નહીં?

